Vol. 40, No.12
April 2020
ISSN 2455 - 4162

Rs: 30

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું સામયિક



અનહદ બાની

❑ સુભાષ ભટ્ટ

આ જગતના દરેક માનવીના જીવનમાં એક ઝેન-મોમેન્ટ આવે છે જ્યારે તેણે સમગ્રતાથી જીવવાનું હોય છે. એક અનિવાર્ય પળ જેમાં બાકીનું બધું નિવાર્ય હોય છે. એક અવિભાજ્ય પળ જેમાં સંસાર અને નિર્વાણ અખંડ હોય છે. આવો, સ્વયં તથાગત બુદ્ધે કહેલી એક કથા જાણીએ, જેને ઝેન ધારા અનેક રીતે પ્રયોજે છે.

એક માણસને યાત્રા દરમિયાન એક વાઘનો ભેટો થઈ ગયો. અને પછી તો ભયભીત માણસ આગળ અને ડરામણો વાઘ તેની પાછળ. આખરે, એક ભેખડની ધાર પાસે તે આવી પહોંચ્યો. નછૂટકે તે કાંટાળા છોડને પકડીને લટકી ગયો. વાઘ ભેખડે આવી ઊભો. પેલો હાંફથી-ભયથી ધ્રૂજતો હતો. તેણે ભેખડની નીચે જોયું ત્યારે ખ્યાલ આવ્યો કે નીચે પણ તેના પડવાની રાહમાં એક વાઘ તેને ટાંપીને બેઠો છે. હવે તેના બચવાનો એકમાત્ર આધાર પેલો કાંટાળો છોડ હતો. પણ તેની કમનસીબી જુઓ કે તે છોડનાં મૂળ બે ઉંદરો કાતરી રહ્યા હતા, એક શ્વેત અને એક શ્યામ! આ કટોકટીની પળે તેને ખ્યાલ આવ્યો કે તેણે કચકચાવીને પકડેલ બોરડીમાં લાલ ચટ્ટાક પાકેલાં રસાળ બોર હતાં. તેણે એક હાથે છોડ પકડી રાખીને બીજા હાથેથી એક પાકેલ બોર ચૂંટી ખાધું. તેનાથી બોલી જવાયું.

'ઓહ, અદ્ભુત મધુરાં બોર છે!'

આપણા જીવન-છોડને ગઈ કાલ અને આવતી કાલ જેવા બે, શ્યામ અને શ્વેત ઉંદરો કાતરી રહ્યા હોય છે. ત્યારે રસાળ, પોષક, મધુર પળને સ્વાદી લેવાની હોય છે. જીવન આપણને એકસાથે નથી મળતું પણ પળ પળના હપ્તામાં મળે છે. બધા રવિવાર એકસાથે ન મળે તેમ.

જીવન ક્યારે પણ રિયાજનો સમય નથી આપતું. દરેક પળ આપણું એકમાત્ર અને અંતિમ પર્ફોર્મન્સ હોય છે...

❑❑❑

૧૦૪

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः।
દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ - ઋગ્વેદ ૧-૮૯-૧

નવનીત સમર્પણ

જીવન, સાહિત્ય અને સંસ્કારનું માસિક

વર્ષ : ૪૦ અંકઃ ૧૨, એપ્રિલ ૨૦૨૦

સંસ્થાપકો :
કનૈયાલાલ મુનશી
શ્રીગોપાલ નેવટિયા
સમર્પણ : સ્થા. ૧૯૫૯
નવનીત : સ્થા. ૧૯૬૨

સંપાદકઃ
દીપક દોશી

વરિષ્ઠ ઉપ-સંપાદક
અનસૂયા સિંધાત્રા

પૃષ્ઠસજ્જા : યોગેશ પટેલ

પ્રકાશક :
પી. વી. શંકરનકુટ્ટી

કાર્યાલય : ભારતીય વિદ્યા ભવન,
કુલપતિ મુનશી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૭.
E-mail : deepsamarpan@yahoo.com
website : www.bhavans.info
રવાનગી વિભાગ :
૨૩૫૩૦૯૧૬, ૨૩૫૧૪૪૬૬

લવાજમના દરો : એક વર્ષ : રૂ. ૩૦૦, બે વર્ષ : રૂ. ૫૮૦, ત્રણ વર્ષ : રૂ. ૮૫૦, પાંચ વર્ષ : રૂ. ૧,૪૦૦, દસ વર્ષ : રૂ. ૨,૮૦૦ ❑ વિદેશમાં એક વર્ષના : દરિયાઈ માર્ગ : રૂ. ૧,૫૦૦ હવાઈ માર્ગે : દરેક દેશમાં : રૂ. ૨,૬૦૦ ❑ ચેક/ડ્રાફ્ટ 'ભારતીય વિદ્યા ભવન'ના નામે મોકલવો.

ભા. વિ. ભ અમૃતમહોત્સવ

ક. મા. મુનશી ૧૨૫ વર્ષ



મુનશીવાણી

ભારતનું રાજ્યબંધારણ અને રાષ્ટ્રપતિ

મારા નવયુવાન મિત્ર,

આખરે એક વચલો માર્ગ જ ગ્રહણ કરવામાં આવ્યો. પાર્લામેન્ટની જોગવાઈ કરતી સરકારના કારોબારી તંત્રને અસ્તિત્વમાં લાવવામાં આવ્યું. બંધારણમાં આ માટે ચોક્કસ સ્પષ્ટ સત્તાઓ અને કર્તવ્યોનું આલેખન કરાયું. તે સાથે જ, સત્તાધારી પક્ષને જ રજૂ ન કરતા પણ સમગ્ર રાષ્ટ્રના એક પ્રતિનિધિ એવા રાષ્ટ્રપતિની નિમણૂક કરવામાં આવી. આ રાષ્ટ્રપતિની સત્તાઓ સ્પષ્ટ રીતે જાહેર થઈ. લોકશાહીના ઘડતરને અને મૂળભૂત હક્કોને સાચવવાની જવાબદારી રાષ્ટ્રપતિને સોંપી.

* * *

બંધારણીય 53 (1) કલમ મુજબ રાષ્ટ્રપતિ બંધારણ પ્રમાણે વર્તવાને બંધાયેલા છે. આમ હોવાથી બીજા કોઈ કાયદા કે બંધારણ મુજબ આપણા બંધારણની જોગવાઈઓનો અર્થ ઘટાડી શકાય નહીં. તેમ જ કોઈ અમુક જ પરિસ્થિતિ માટે ઘડાયેલી પ્રણાલિકાનો પણ આધાર લઈ શકાય નહીં. ઊંડી રાષ્ટ્રીય લાગણી અને ઐતિહાસિક પરંપરાથી ઘડાયેલા અને બંધારણવિહોણા ઇંગ્લેન્ડમાં શહેનશાહને જે માન આપવાની-તેમના દરજ્જાની અદબ જાળવવાની પ્રથા છે તેનો આશરો લઈ આપણી બંધારણની સ્પષ્ટ જોગવાઈઓની અવજ્ઞાને વાજબી કહી શકાય નહીં.

પંડિત નેહરુ અને ડો. આંબેડકરે બંધારણસભામાં કહેલું કે મતદાર ઘટકો દ્વારા થતી (રાષ્ટ્રપતિની) ચૂંટણી પુખ્ત મતાધિકાર દ્વારા જ થયેલી ચૂંટણી સમાન છે. એક સૂચન એવું થયેલું કે સંસદના સભ્યોનું જ ઘટક ચૂંટણી માટે હોવું જોઈએ. રાષ્ટ્રપતિ કેવળ કેન્દ્રીય પક્ષના પ્રતિનિધિ ના બની જાય એ હેતુથી આ સૂચન નકારી કાઢવામાં આવ્યું.

સૌ પ્રથમ આ એમ બતાવી આપે છે કે રાષ્ટ્રપતિ માત્ર નામની જ વ્યક્તિ નથી. બીજું એ કે કેન્દ્રના જે પ્રધાનો છે તે પાર્લામેન્ટના બહુમતી ધરાવતા પક્ષના જ પ્રતિનિધિઓ છે, જ્યારે રાષ્ટ્રપતિ સારીયે ભારતીય જનતાના પ્રતિનિધિ છે. આથી પ્રમુખ કેવળ કેન્દ્રના વડા જ નહીં પણ સમગ્ર રાષ્ટ્રના રાષ્ટ્રપતિ કહી શકાય.

[ક્રમશઃ]

|| શબ્દમૂળની શોધ ||

છાપરું

☐ હેમન્ત દવે

બહુમાળી મકાનોની દુનિયામાં હજુ છાપરાં ટક્યાં છે. 'છાપરે ચડવું' અને 'માથે છાપરું હોવું' જેવા શબ્દપ્રયોગો આજે પણ પ્રચારમાં છે (પાછલો શબ્દપ્રયોગ *સાર્થ જોડણીકોશ*માં નથી). 'છાપરું' શબ્દની સમજૂતી સાર્થ જોડણીકોશમાં 'મકાન ઉપર કરેલું ઢાંકણ, છાજ, ઝૂંપડું' એમ આપી છે. કોશે એની વ્યુત્પત્તિ માટે છપ્પરનો નિર્દેશ આપ્યો છે જ્યારે 'છપ્પર'માં પુનઃ 'છપર' જોવા લખ્યું છે. 'છપ(પ્પ)ર'ની વ્યુત્પત્તિમાં મરાઠી અને હિન્દી શબ્દો સમાંતરે સૂચવીને દેશ્ય છિપ્પિર = ઘાસ (છાપરે ઢાંકવાનું) ઉપરથી એમ લખી પ્રશ્નાર્થ મૂક્યો છે.

જૂના વખતમાં ગારા-માટીની ચાર દીવાલોની ઉપર લાકડાની વળીઓની રચના કરવામાં આવતી હતી. આ રચના ઉપર સૂકું ઘાસ મૂકવામાં આવતું. આ સૂકા ઘાસ માટેનો એક શબ્દ छिप्पिर છે, જેનો સમાનાર્થી શબ્દ ધનપાલે એમના કોશમાં 'पलाल' નોંધ્યો છે, જે આપણા ગુજરાતી 'પરાળ'નો જનક છે. તો छाद શબ્દ સંસ્કૃત ધાતુ छद् ઉપરથી ઊતરી આવ્યો છે જેનો અર્થ ઢાંકવું, સંતાડવું, એમ છે. સંસ્કૃત छादનો એક અર્થ 'છાપરું' પણ છે. આ રીતે સાર્થ જોડાણીકોશે જે અટકળ કરી છે તે બિલકુલ સાચી દિશાની છે.

દ્રાવિડી ભાષાઓમાં તમિળ ચારપુનો અર્થ જગ્યા, મદદ, આશ્રય, શરણ એમ છે, જ્યારે ચારપ્પુનો અર્થ ઢળતું છાપરું એમ છે (દ્રા૰ વ્યુ૰ કોશ 2460) એ અહીં નોંધીએ.


❑❑❑

પ્રાર્થના કરતી વખતે તમારો ભાવ સાચો હશે તો તમારી અંદર નવી લાગણીનો જન્મ થશે જેનો અર્થ પણ મૌલિક હશે. એ તમારામાં નવું સાહસ જન્માવશે અને તમને સમજાશે કે પ્રાર્થના એ પણ એક કેળવણી છે.

- ફ્યોદોર દોસ્તોવ્સ્કી

પ્રમુખના પત્રો

વિચાર-પ્રવાહ અને લાગણીતંત્ર



વિચારોમાંથી જ લાગણી ઉદ્‌ભવે છે. આપણા મગજમાંથી અનેક વિચારો પસાર થાય છે. એમાંથી કેટલાક હકારાત્મક હોય છે તો કેટલાક નકારાત્મક. જો કે આપણા મગજમાંથી પસાર થતા આ વિચાર-પ્રવાહને નિયંત્રિત કરવાનું આપણે માટે ભાગ્યે જ શક્ય છે. આ વિચારો લાગણીઓને જન્મ આપે છે. આ વિચારોની અસર અને વિચારોના પ્રભાવ લાગણીઓ જન્મવા માટે નિમિત્ત બને છે. મગજને વિચારશૂન્ય કરવું ખૂબ અઘરું છે. આપણને સૌને મનગમતા વિચારોને યાદ રાખવામાં આનંદ આવે છે પણ કોઈને નકારાત્મક વિચારો ગમતા નથી. અહીં આપણી લાગણીઓ ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. વિચારો અને લાગણીઓ વચ્ચેનો સંબંધ અવિભાજ્ય છે. વિચારો અથવા વિચારોના પ્રવાહ દ્વારા ખુશી, ક્રોધ, ઉદાસી, ભય, નિઃસહાયતા, નિરાશા, સંતોષ જેવી વિવિધ સ્તરની લાગણીઓ જન્મે છે.

આપણી લાગણીઓ આપણા વ્યક્તિત્વને પ્રભાવિત કરે છે. એટલે લાગણીઓ ઉપર આપણો સંયમ અનિવાર્ય છે, ભલે તે આંતરિક હોય કે બહિર્મુખ. એક રુગ્ણ વ્યક્તિ માટે નિયત પરિસ્થિતિમાં સમતા રાખવી આવશ્યક છે. એને માટે યોગ્ય મનોબળ અથવા પરિસ્થિતિનો સામનો કરવાનું સાહસ કેળવવું રહ્યું. પરિસ્થિતિમાં સકારાત્મક અભિગમ એને સાજો થવામાં ઉપકારક નીવડે છે. આ રીતે લાગણીઓ આપણા અભિગમ-નિર્માણનો એક અંશ બની રહે છે. ભયના સમયગાળામાં આપણો પ્રતિભાવ આપણે

આનંદમાં હોઈએ ત્યારના પ્રતિભાવ કરતાં જુદો હોવાનો. એ રીતે વિચારો આપણા અભિગમને આડકતરી રીતે પ્રભાવિત કરે છે.

એ જ રીતે આપણી ઇન્દ્રિયો પણ લાગણીતંત્રને સહાયક બને છે. આનું ઉત્તમ ઉદાહરણ મા અને સંતાન વચ્ચેના સંબંધનું છે. સ્પર્શ, સ્વાદ અને શ્રવણ પણ લાગણીતંત્રમાં પ્રદાન આપે છે. જો આપણે જાણી શકીએ અને જાગૃત રહી શકીએ કે કઈ રીતે આપણા વિચારો આપણા મનને પ્રભાવિત કરે છે તો આપણે આપણા કાર્યને શ્રેષ્ઠ સુધી પહોંચાડી શકીએ. ખાસ તો આપણા નકારાત્મક વિચારો કાર્યમાં વિક્ષેપરૂપ ન બનવા જોઈએ. સકારાત્મક વિચારો આપણા કાર્યને હંમેશાં સાચી દિશામાં લઈ જાય છે.

રમણ મહર્ષિએ શરીર અને મનના ઐક્યની વાત કરી છે. વિવેકપૂર્ણ વ્યક્તિ જાગૃતિ દ્વારા વિચારશૂન્ય થઈને પોતાના સ્વમાં ઊંડી ઊતરી શકે છે.

વિચારો સુખ અને દુઃખમાંથી ઉદ્ભવતા હોય છે પણ લાગણીનું એવું નથી. એ સાપેક્ષ છે. મગજમાંથી એક પછી એક વિચારોને સહજ પસાર થવા દઈએ અને એ રીતે આપણા લાગણીતંત્ર ઉપર પ્રભુત્વ મેળવીએ.

સુરેન્દ્રલાલ ગિ. મહેતા

'નવનીત સમર્પણ' લવાજમના દર

છૂટક અંક	-	રૂ. 30	વિશેષ અંક	-	રૂ. 40
એક વર્ષ	-	રૂ. 300	વિદેશમાં દરિયાઈ માર્ગે	-	રૂ. 1500
બે વર્ષ	-	રૂ. 580	હવાઈ માર્ગે	-	રૂ. 2600
ત્રણ વર્ષ	-	રૂ. 850			
પાંચ વર્ષ	-	રૂ. 1400			
દસ વર્ષ	-	રૂ. 2800			

ઓનલાઈન લવાજમ ભરવાની એકદમ આસાન સેવાનો લાભ લેવા...
http://www.bhavans.info/periodical/pay_online.asp

બે કાવ્યો

☐ **પ્રવીણ દરજી**

વિસર્જન

આશ્ચર્યમ્
માણસે એની સમાપ્તિની
પૂર્ણ તૈયારીઓ કરી દીધી જણાય છે
રાહ જોવાય છે કેવળ ઘોષણાની!
બહુ થયું હવે...

સંભવ છે કે સાત સૂર્ય
એક સાથે ચંડ-પ્રચંડ રૂપે ધગધગી રહે-
ડારતા, દમતા, દઝાડતા

ઊછળતા સમુદ્રો એક સાથે શોષાઈ રહે
અથવા ઊલટું પણ થઈ શકે
સમુદ્રોનું રૌદ્ર જળ
છાકોટા-હાકોટા સાથે ધસમસી રહે ચોગરદમ
શેષ અગ્નિ અને જળ બધે જ, બધે જ
બહુ થયું હવે...

એવું પણ બને
અર્જુનને પ્રબોધી રહેલ કૃષ્ણ
અસમંજસ ક્ષણે
કુરુક્ષેત્રના યુદ્ધને બદલે
પોતાના જ વિકરાળ રૂપને વિસ્તારી
તીણી, રાક્ષસી દાઢો વડે
વિશ્વને જ કોળિયો બનાવી રહે
ખેલ ખતમ!
અગિયારમા અધ્યાયે જ અચ્યુતમ્!
બહુ થયું હવે...

એવું પણ બને
પોતાની સમાપ્તિનું માણસે ખુદે જ
પોતાના ગર્ભમાં યુગોથી ઉછેર્યા કર્યું હોય
કોઈ અજીબ પુરાકલ્પન
એ પણ કારણ બની શકે એના અંતનું
કદાચ વધારે સાચું કારણ
બસ, બહુ થયું હવે...

સર્જન

વળી એક તરોતાજ સૂરજ
મુશ્કરાતો ચંદ્ર
ખળખળ વહેતાં અમૃતશાં જળ
રમ્ય, મનભાવન સ્થળ-સ્થળો
સંભવતઃ નવોનકોર, જુદી માટીનો
માનવ-ઈશ્વરનો જોડિયો!

પેલું કુક્નુસ કે હુમા
મુખમાંથી આગ ઓકતાં ઓકતાં
મંદ-સુમંદ-મધુર ગીત ગાશે
ગ્રીકો અને સૌ કોઈ એ ગીતોથી
ઝૂમી ઊઠશે...
નૃત્યમાં જોડાશે...
હુમા જગતગુરુ બનશે
વિસર્જન અને સર્જનની પાઠશાળા ચાલશે
ઋગ્વેદના પરમ પુરુષના મુખમાંથી
અગ્નિ ભિન્ન રીતે પ્રકટી રહેશે
કબીરનું 'અગ્નિપાખી' ઊડાઊડ કરી રહેશે
સર્વત્ર

નવો જન્મ, જન્મોત્સવ!
નવો લય,
નવું બ્રહ્માંડ
ચાલો, વિનાશ વહોરી લઈએ,
ચાલો, પુનઃ જન્મી રહીએ...

હા,
એવું બને કે
ચંદ્ર સૂરજ બની જાય,
સૂરજ ચંદ્ર થઈ રહે
દિવસે અંધકાર થઈ રહે
રાત્રે પ્રકાશ,
સુદ વદ બની જાય ને વદ સુદ
પશુ માણસમાં રૂપાંતરિત થઈ જાય
માણસ પશુમાં...!
આ સર્જનમાં આ અથવા આવી તેવી
ભરી ભરી સંભાવનાઓ છે!



ભરતી

□ ભરત મહેતા

નાનકા છોકરાએ પકડેલી
લાકડીનો એક છેડો ઝાલીને
પહોંચી ગ્યો'તો બુઢ્ઢો છે...ક દાંડી!

દાંડી પિટાઈ હોય એમ
જંગે ચઢ્યો'તો મહેરામણ,
ભરતી જ ભરતી!
ફીણ ફીણ થઈને વીખરાવાનો
એનેય હરખ થાતો'તો!

એ
નાનકો છોકરો
હજુય ક્યારેક ક્યારેક
જઈ ચઢે છે દાંડી ભણી...

સમદરકાંઠે પડ્યાં હોય છે ખરચાઈ ચૂકેલાં
લીલાં નારિયેળ!
એની બગલમાં ચપ્પટ થઈને લપાઈ ગઈ છે
બિયરની બોટલ!
ઊડતાં હોય છે ટેણિયાંઓ
કુરકુરેનાં કાગળિયાંની જેમ!
ભરતી તો ક્યાંય દૂર દૂર ચાલી ગઈ છે
નજરેય ન પડે એટલી દૂર!

ગીત

☐ ભરત ખેની

કળતરિયા શ્વાસ બધા હેલે ચડે' ને પછી સમણાંઓ ઊંઘ લઈ ભાગે.
હવે તારો અભાવ મને લાગે.

ચૂડાગર છેલ મૂઓ ભારે ભારાડી
રોજ રંગ પૂરે ચૂડિયુંમાં રાતો,
હૈયે ઊભરતા મારા ઓરતાઓ જાણીને
રૂડી મીનાકારીની પાડે ભાતો.
તરભાણે પાડેલી મેશ મારી આંખોમાં અણિયાળો ઝોંકો થઈ વાગે
કળતરિયા શ્વાસ બધા હેલે ચડે' ને પછી સમણાંઓ ઊંઘ લઈ ભાગે.
હવે તારો અભાવ મને લાગે.

ગુજરી બઝારે મારો રોજનો વે'વાર
એની હાટડીએ રોજનું હટાણું,
ઊભો રહી જાય રોયો વાંગડની જેમ
જરી જાળવે નૈ ટાણું કટાણું.
જળ રે જાણી'ને મેં તો ઝાંઝવાં ઝીલ્યાં, જેનો ભાર મારી કમ્મરને લાગે.
કળતરિયા શ્વાસ બધા હેલે ચડે' ને પછી સમણાંઓ ઊંઘ લઈ ભાગે.
હવે તારો અભાવ મને લાગે.



ચિત્રઃ વૃંદાવન સોલંકી

જ્યારે હું નથી હોતી

□ પ્રતિષ્ઠા પંડ્યા

મનના કયા અંધારિયા, સૂના ખૂણે
સંતાડી રાખે છે તું મને
જ્યારે હું નથી હોતી?
કયા ચીંદરડાંઓમાં લપેટીને રાખે છે
તું મને
કેટલા ખરબચડા
કેટલા રંગરંગીન
શું એમાંથી આવે છે મારી સુગંધ
જ્યારે હું નથી હોતી?
કેટલી વાર કાઢીને બહાર ચૂપકીથી
રાતના એકાંતમાં
બસ ખેરખબર પૂછવા ખાતર
તું હથેળીમાં લઈ ઝાંખે છે મને
જ્યારે હું નથી હોતી?
કેટલી વાર લઈને ચાંપે છે
હૃદયની લગોલગ મને
પંપાળીને મલકે છે તું
કહે, કઈ રીતે મને પ્રેમ કરે છે તું
જ્યારે હું નથી હોતી?

કવિતા લખી શકાય...

□ સેજલ શાહ

વલોવાતી હતી કવિતા
તે દા'ડાની, જ્યારથી માગી હતી તમે.
લખી શકાય, આંકી શકાય ભાત,
ફરી મનગમતી કે તમને ગમતી.
ચીતરી શકાય દીવાલોને ફરી અને
ઉજાળી શકાય આ નવા વર્ષે.
બેસવું પડશે ફરી
હાથમાં હથોડા-ટાંકણાં લઈ
શબ્દોને કોતરવા,
જેને ભીંતસરસા ચોડી દેવાયા હતા,
ઊડાઊડ કરવાના ગુનાસર.
અર્થવટો કરવાના ગુનાસર.
ફરી કોતરાશે શબ્દો,
છટકશે દીવાલમાંથી બહાર.
ફરી શબ્દો પતંગિયાં બનશે.
પાછો ઘવાશે ઘરનો મોભ.
ફરી ઘરની બારીઓને ખોલવી પડશે.
ફરી એક વાર આકાશે ઉદાર બનવું પડશે,
ફરી રંગ-સુગંધનો ઇતિહાસ રચતાં પહેલાં,
એક શબદ-માળો રચાશે,
પીંખાશે શબદ-પીંછ.
ફરી એને ભીંતે ચણી દેવાશે.
ફરી દીવાલથી ઘર સૌભાગ્યમય બનશે.
ફરી એક વાર સ્થાપિત થશે,
ઘર અને દીવાલ જુદાં નથી.

ટેવ જેવું છે હજી

☐ ફિલિપ ક્લાર્ક

આંખ તારી વાંચવાની ટેવ જેવું છે હજી,
ને કશું પણ ધારવાની ટેવ જેવું છે હજી.
વાતમાંયે કોકની આવી જવું દુઃખી થવું,
લાગણી પંપાળવાની ટેવ જેવું છે હજી.
મૂળ હું વિચારનાં શોધ્યા કરું છું જ્યારથી,
એ વિશે વિચારવાની ટેવ જેવું છે હજી.
શક્યતા જે રેતમાં પાણી તણી સ્હેજે નથી,
વીરડા ત્યાં ગાળવાની ટેવ જેવું છે હજી.
એ રીતે પણ કૈંક હળવાશ જેવું લાગતું,
આંસુ અમથાં લાવવાની ટેવ જેવું છે હજી.
તોય તો હસતો રહું ને પ્રહારો આવતા,
નામને સંતાડવાની ટેવ જેવું છે હજી.
ખૂલશે ક્યારેક એવી ઝંખના પજવે સતત,
દ્વાર ભીડ્યાં ખખડાવવાની ટેવ જેવું છે હજી.

ગઝલ

☐ અંકિત ત્રિવેદી

ઉકેલ સાવ જ સરળ ને ટૂંકો, જતું કરોને!
બની શકે તો જરાક ઝૂકો, જતું કરોને!

પહાડ જેવો પહાડ નીતરે ઝરણ મળે તો-,
તમે તમારી મમતને મૂકો, જતું કરોને!

ફરી ફરીને કહી રહ્યો છું, ફરી ફરીને,
સમય ઘણો છે હજુય ચૂકો, જતું કરોને!

ભલે પહેલેથી શંખ ફૂંકે, મૂકોને ચિંતા,
તમે ફરી વાંસળીને ફૂંકો, જતું કરોને!

અલખ સરીખો સ્વભાવ રાખો અલખ નિરંજન
પછી બધે ગિરનાર ટૂંકો, જતું કરોને!

બે ગઝલ

□ ભાવિન ગોપાણી

કશો વાંધો જ ક્યાં છે કાચના સત્કારની સામે
જરા ચમકાર જો ફેંકી શકે અંધારની સામે

ખૂલે ક્યાંથી સતત માથાં પછાડો કે ટકોરા દો,
બધા ઊભા રહ્યા છે ચીતરેલાં દ્વારની સામે

સજા એવી મળી કે સ્વપ્નમાં પણ લોહી આવે છે
કદી મેં પ્રેમથી જોયું હતું હથિયારની સામે

તમે જે ત્યાગનો મતલબ કર્યો, ખામી ભરેલો છે
તમે ઘરબાર ત્યાગીને રહ્યા ઘરબારની સામે

છું પ્રાણીબાગના પ્રાણીની માફક પીંજરામાં બંધ,
બીજું તો શું કરું, જોયા કરું, જોનારની સામે

પરાણે આવનારી ઊંઘ ને સાથે ભયાનક સ્વપ્ન,
ઘણું લાંબું જીવન મૂકી દીધું બીમારની સામે.

□

કંઈક લોકો થરથરે છે, આપણે જોયા કરો,
બાકીના જોયા કરે છે, આપણે જોયા કરો

આપણા મનમાં વસી છે કાયરોની ટોળકી
જે સતત ગાતી ફરે છે, આપણે જોયા કરો

સાવ ધીમે એ તરફથી આ તરફ આવી જવા,
વેદના પગલું ભરે છે, આપણે જોયા કરો

આપણે જોતા હતા જેના પ્રતાપે ચોતરફ
આખરી દીપક ઠરે છે, આપણે જોયા કરો

પુસ્તકોને બ્હાર કાઢી કંઈક વિદ્યાર્થી હવે,
બેગમાં પથ્થર ભરે છે, આપણે જોયા કરો

જે અહીં પૂરાં થવા હકદાર ને લાયક હતાં
સ્વપ્ન એ સળગી મરે છે, આપણે જોયા કરો

આપણે જોયા કરીશું એમને વિશ્વાસ છે
એમનો હેતુ સરે છે, આપણે જોયા કરો

વાઘોબા

☐ પ્રદીપ સંઘવી

મે'મંડાણો મુશળધારે[1]
આખી રાત.
પરોઢિયે નીકળી પડ્યો
જંગલમાં
એકલો ભમવા
ભૂત જેવો
(ભૂત પણ લપાઈ ગયા હશે વાવમાં).

આભમાં ગડગડાટી,
વીજળી ઝબક્યે
ડુંગરા દેખાઈ જાય
અલપઝલપ.
પંખીડાં ચૂપ,
ઝાડવાં ન્હાય
નીચી મૂંડીએ.

આગળ
રસ્તો થઈ ગયો વ્હેળો,
વ્હેળા નદી.
કરચલા ભાગે
હાંફળાફાંફળા.
ઇંદ્રજવ[2] હસે
ધોળું.

મેદાન પછવાડે
વાઘોબા મંદિર.
આજે નથી ભક્ત,
નથી પૂજારીમામા.
જઈને બેઠો.
છાપરી પર એક બાજુ બજે ખંજરી,
એક બાજુ ઢોલ.
ચારે તરફ ખીલી ઊઠી
ચોમાસુ લિલી.

હાશ;
હરિ ઓમ્!

આવ, વાઘોબા,
આવ!
તું યે
ભીંજાયેલા મરઘા જેવો
ઘડીક અહીં આવીને બેસ.
કોઈ નથી. બસ
હું, તું ને ગાંવદેવી.
તને જોયાને
જમાનો થઈ ગયો.
છેલ્લે છેંતાળીસમાં
હિંદળેકરસાહેબની ગાડી પર
રુઆબથી થપાટ મારીને
રસ્તો ક્રોસ કરી ગયેલો.
ત્યારની ઘડી અને આજનો દી'
તને જોયો નથી
મુંબઈએ.

ભલા ભાઈ,
આ જંગલ તારું જ છે
અને મંદિર પણ.
આવ,
વાઘોબા,
ફરી આવ!

1. આ પંક્તિ આમ તો સામાન્ય છે. કોઈ પણ વાપરી શકે. પણ હું એને ત્રિભુવનદાદાની (કવિ ત્રિભુવન વ્યાસ) પ્રસાદી માનીને નતમસ્તક સ્વીકારું-વાપરું છું.

2. ઇંદ્રજવ. ઇંદ્રજવ ચોમાસાની શરૂઆતમાં ધોળા, સુંદર, સુગંધી ફૂલોથી ભરાઈ જાય છે. શાસ્ત્રીય નામ Holarrhenaantidysentrica. સંસ્કૃત નામ કુટજ. સંસ્કૃત કવિઓએ કુટજને જે લાડ લડાવ્યાં છે, તેની વાત રસાળ, પણ અસ્થાને છે.



સુખના દિવસો

☐ ધીરુબહેન પટેલ

સાંજ પછીનો સાડાઆઠનો સમય બહુ મોડો તો ન કહેવાય છતાં બારણે ટકોરાનો અવાજ સાંભળીને કલ્યાણરાય ચિડાઈ ગયા.

આમેય સ્વભાવ થોડો ઉગ્ર તો ખરો, તેમાં પાછું આ 'કુલીન વિશ્રાંતિગૃહ' એમના વડીલોના પૈસાથી બંધાયેલું, એટલે નાછૂટકે અહીં રહેવા આવવું પડ્યું તેથી એ ઘડી ઘડીમાં ઉશ્કેરાઈ જતા.

ફરી વાર જરા ધીમા ટકોરા પડ્યા, પણ પડ્યા તો ખરા જ, એટલે એમણે બબડતાં બબડતાં જઈને બારણું ખોલ્યું. સામે મેનેજર ઊભો હતો અને એની પાછળ બને એટલો સંકોચાઈને ઊભેલો એક માણસ પણ હતો.

વાઘ જો માણસ હોય તો જેવી ઘુરઘુરાટી કરે તેવી જ કંઈક કરીને કલ્યાણરાયે પૂછ્યું, ''શું છે? રાત પડ્યે કેમ હેરાન કરો છો?'' મેનેજર એમનાથી ટેવાયેલો હતો. શાંતિથી બોલ્યો, ''આજે આખો વૃદ્ધાશ્રમ ભરાઈ ગયેલો છે એટલે આ ભાઈની સગવડ રાત પૂરતી કરવી પડશે એથી મને થયું-''

એનું વાક્ય પૂરું થાય તે પહેલાં કલ્યાણરાય એના પર તૂટી પડ્યા, ''આ વૃદ્ધાશ્રમ નથી - કેટલી વાર તમને કહ્યું

કે...''

મેનેજર પણ જરા ગાંજ્યો જાય એવો નહોતો. એણે શાંતિથી કહ્યું, ''ઠીક, વિશ્રાંતિગૃહ કહો, વાત એની એ! હવે નક્કી કરો, આ ડબલ બેડ ખાલી હોવા છતાં આ માણસને પાછો વાળવો બરાબર નથી. પછી જેવી તમારી મરજી!''

કલ્યાણરાય શાંત થઈ ગયા અને પાછા વળીને પોતાના ખાટલા પર બેઠા. આથી એમની સંમતિ મળી ગઈ છે. એમ માનીને મેનેજરે પોતાની પાછળ ઊભેલા માણસને સાથે લઈને પ્રવેશ કર્યો અને એને બાથરૂમ બતાવી સામેનો ખાલી ખાટલો તથા એની પાસે પડેલા નાનકડા સ્ટૂલ તરફ અંગુલિનિર્દેશ કરીને ચાલતી પકડી.

પેલો માણસ થોડી વાર લગી પોતાના હાથમાંનો થેલો સજ્જડ પકડીને બેસી રહ્યો. પછી એણે પૂછ્યું, ''અહીં પીવાનું પાણી મળશે?''

કલ્યાણરાયે એની સામે તિરસ્કારથી જોઈને કહ્યું, ''પેલો કુંજો મારો છે. પ્યાલો લાવ્યા હો તો થોડુંક લો.''

''થેન્ક્સ!'' કહીને એણે પાણી પીધું અને આખી પરિસ્થિતિ ધ્યાનમાં આવી ગઈ હોય એમ બોલવા માંડ્યું, ''તમને ખલેલ પહોંચાડવાનો મારો કોઈ ઇરાદો નહોતો પણ છેલ્લી બસ ઊપડી ગઈ એટલે રાત પૂરતો તો આશરો શોધવો જ પડેને!''

''હં!''

''મને ખબર છે, તમે તો બહુ મોટા માણસ છો. તમારી સાથે રાત ગાળવા મળે એ તો મારું સદ્‌ભાગ્ય કહેવાય. પણ સાચું કહું છું, મને બહુ દુઃખ થાય છે. તમને મેં તકલીફ પહોંચાડી... મને માફ કરજો.''

''ઈટ્સ ઓલ રાઈટ!...'' કહીને કલ્યાણરાયે શાલ ઓઢી અને લંબાવતાં પહેલાં વિચાર આવતાં પૂછ્યું, ''ઇંગ્લિશ આવડે છે?''

''જી.''

''શું કરો છો!?''

''મારો પોતાનો ધંધો છે. થ્રી સ્ટાર કંપની - કદાચ તમે નામ સાંભળ્યું હોય.''

''ઓહ, એ તમારી છે?''

''હા.''

''અરે તો તો તમે અહીં કોઈ સારી હોટેલમાં રહી શક્યા હોત.''

''ના, ના! એના કરતાં એટલા પૈસા આવી કોઈ સારી સંસ્થામાં આપ્યા હોય તો વધારે સારુંને?''

''તમારા વિચારો ઉમદા કહેવાય... ખરેખર થ્રી સ્ટાર કંપની... પણ અમને એવા કોઈ દાનની જરૂર નથી. તમે તમને વધારે અનુકૂળ આવે એવી જગ્યાએ રહી શકો... અહીંથી તો તમારે કાલે જ જવું પડશે.''

''જાણું છું એટલે જ મને લાગે છે કે આપણે હવે સૂઈ જવું જોઈએ. ચાલો, ગુડનાઈટ!''

પાસું ફરીને એ તો થોડી વારમાં ઊંઘી ગયો પણ કલ્યાણરાયને તરત ઊંઘ ન આવી. આ કેવો વિચિત્ર માણસ કહેવાય? આટલી મોટી કંપનીનો માલિક છતાં આવી તદ્દન સાધારણ જગ્યાએ રાતવાસો કરે છે ને પાછો કશું અસાધારણ બન્યું જ ન હોય એમ તરત ઊંઘી પણ જાય છે! કદાચ એ કાલનો દિવસ રોકાઈ જાય તો શું ખાટુંમોળું થઈ જવાનું હતું? પોતે નકામું એને યાદ કરાવ્યું. કદાચ એ કાલનો દિવસ રહે તો સવારે એની સાથે ફરવા પણ જઈ શકાય. થોડીઘણી વાતો પણ થાય. કંઈક વધારે જાણવાનું પણ મળે.. જો કે જાણીનેયે શું? આખરે પોતે જ મેનેજરને કહ્યું હતું કે આ રૂમમાં એ બીજા કોઈને નહીં રાખી શકે. અને અસલી દાતાઓના માન ખાતર મેનેજરે એ વાત કબૂલી પણ હતી. એટલે પછી એકલા જ રહેવાનું અને પોતે બીજા બધા રહેવાસીઓ કરતાં કંઈક વિશેષ છે એ વાતનો આનંદ મનમાં વારંવાર ઘૂંટ્યા કરવાનો... ઠીક હવે, રસ ચુસાઈ ગયા પછી ગોટલાછોતરાંને ક્યાં લગી પંપાળ્યે રાખવાનાં? કેરી હતી ત્યારે હતી, હવે જરીકે મીઠાશ નથી રહી, એક નિસાસા સાથે આંખો મીંચાઈ અને વહેલી સવારે સામેના ખાટલામાં થતી કશીક ગડમથલને લીધે ખૂલી ત્યારે લગભગ અજાણતાં જ બોલી જવાયું, ''આજે જ જવાના?''

''બીજું શું થઈ શકે? ખરું જોતાં મારે અહીં થોડી તપાસ કરી જોવી હતી કે કંઈ કામકાજ ગોઠવાય એવું છે કે નહીં, પણ મને હોટેલમાં રહેવાનું ગમતું નથી અને અહીં તો રહેવાય નહીંને?''

''એવું કંઈ નથી. દરેક નિયમમાં અપવાદ તો હોય જને?''

''ખરેખર?'' કહીને એ પાસે આવ્યો અને કલ્યાણરાયને ચરણસ્પર્શ સાથે પગે લાગ્યો.

કલ્યાણરાય, ''હાં-હાં... એવું ન કરો,'' કહેતાં ઊઠ્યા પણ મનમાં તો આનંદની એક લહરી ફરી વળી. આવો મોટો માણસ પોતાને પગે લાગે? માન્યામાં આવતું નહોતું છતાં... હકીકત હતી... ખૂબ આનંદદાયક હકીકત.

એ સવાર અનેક રીતે આનંદજનક રહી. સાથે ચા પીધા પછી ફરવા જવાયું અને વાતવાતમાં પૂછી પણ લેવાયું... ''તમારું નામ શું?''

''અમૂલખ, અમૂલખ દેસાઈ. હું વલસાડ રહું છું. કોઈ વાર એ બાજુ નીકળવાનું થાય તો જરૂર આવજો. કેરીગાળામાં તો બહુ જ મઝા આવશે... ઓહ, પણ આપના જેવા મોટા માણસને મારે ત્યાં બોલાવું એ પણ એક ગુસ્તાખી કહેવાય. સોરી, કલ્યાણરાયભાઈ! મને માફ કરજો કહેવાઈ ગયું.''

''અરે, નહીં રે! કોઈક વાર એમ બહાર નીકળવાનું પણ ગમે!''

અમૂલખની વાતો મજેદાર હતી. વળી એ એક શાંત શ્રોતા પણ થઈ

શકતો હતો. રસ્તામાં રોકાઈને એણે પાણીનું નવું માટલું લીધું. થોડાંક ફૂલ, અગરબત્તી અને બારીએ નાખવાના સળીવાળા પડદા પણ ખરીદ્યાં.

''આવું બધું ત્યાં વલસાડમાં નથી મળતું? અહીંથી લઈ જવાનું ફાવશે?''

''અરે, આ તો હું આપણા ઓરડા માટે લઉં છું.''

કલ્યાણરાય જરાક મૂંઝાઈને એની સામે જોઈ રહ્યા. પણ અમૂલખ તરત જ સમજી ગયો. એ બોલ્યો, ''હું કંઈ અહીં ધામા નાખવાનો નથી પણ થયું કે જતાં પહેલાં જરા ઓરડો ઠીકઠાક કરતો જાઉં તો આપને ગમે.''

''અરે, યાદ તો કરીશ જ તમને!''

એ દિવસ કંઈક મોડો આથમ્યો... બીજો ઊગ્યો, પછી ત્રીજો, પછી ચોથો... કલ્યાણરાયને પૂરી સમજ ન પડી કે અમૂલખનું સાન્નિધ્ય કેમ આટલું ગમવા લાગ્યું છે. પણ મનમાં ક્યારેક આછો ફફડાટ થઈ જતો. ''આ જતો રહેશે પછી પાછું એકલું લાગશે... હશે! કેટલાંયે સ્વજનો હતાં, બધાં એક પછી એક ગયાં જ છેને? તો આ તો વળી પારકો માણસ, એની તે કેટલીક આશા રખાય?''

અમૂલખ કેટલીક વાર દિલ ખોલીને વાત કરવા જતાં ઓચિંતો અટકી જાય છે એવું કલ્યાણરાયને લાગતું હતું, પણ આ તો અમથો વહેમ- એમ કહીને એ પોતાના મનને ટપારતા.

આખરે એક સોમવારની સાંજે અમૂલખે કહી જ નાખ્યું.

''જો હું એમ કહું કે મારે થ્રી સ્ટાર કંપની સાથે કશી જ લેવાદેવા નથી ને રાતવાસો કરવા માટે હું મેનેજર પાસે ખોટું બોલ્યો હતો તો તમને કેવું લાગે?''

''અરે, તમે એવું કરો જ નહીંને!''

''પરંતુ એ જ હકીકત છે. મારે વિલસુ જોડે - મારી પત્ની જોડે - અવારનવાર ઝઘડા થતા હતા અને હું ખરેખર ખૂબ કંટાળી ગયો હતો એટલે મારી નાનકડી દુકાન વેચી નાખી ને હું કોઈને કંઈ કહ્યા વગર નીકળી પડ્યો.''

''અરે પણ...''

''જાણું છું એવું ન થાય, પણ મેં કર્યું. મને લાગે છે કે એ જ સારું થયું. વિલસુને પણ શાંતિ લાગશે. હરીશ તો છે જને!''

''કોણ હરીશ?''

''મારો મોટો છોકરો... મને ખબર છે, લોકો મને એક તદ્દન બિનજવાબદાર વ્યક્તિ તરીકે વખોડશે. કદાચ આ બધું જાણ્યા પછી તમે પણ મને અહીં તમારી પાસે નહીં રહેવા દો. કંઈ વાંધો નહીં, હું ચાલ્યો જઈશ. પણ મારે તમને ફક્ત એટલું જ કહેવું છે કે નિશાળ છોડ્યા પછીની જિંદગીમાં થોડા દિવસો મારે માટે ખરેખર ખૂબ જ સુખી વીત્યા છે... ફક્ત તમારે લીધે. તમને મેં છેતર્યા, ખોટું કર્યું, પણ - તમે મને માફ કરશો? કરી શકશો?''

કોને ખબર શાથી, પણ કલ્યાણરાયે એનો હાથ પકડી લીધો અને કહ્યું, ''હવે કાયમના જ રહી જાઓને!'' ❑❑❑



શ્વાસોચ્છ્વાસની સાચી પદ્ધતિ

☐ ભાણદેવ

1. શ્વાસ-દર્શન

શ્વાસ આપણા શરીર, પ્રાણ અને મનનો આધાર છે. શ્વાસોચ્છ્વાસની ઉચિત પદ્ધતિનું શિક્ષણ અને તેનો જીવનમાં વિનિયોગ કરવો તે સ્વસ્થ શરીર, સ્વસ્થ પ્રાણ અને સ્વસ્થ મન માટે અનિવાર્ય આવશ્યકતા છે.

શ્વાસોચ્છ્વાસની ઉચિત પદ્ધતિ શીખતાં પહેલાં એ ખૂબ આવશ્યક છે કે આપણે આપણા શ્વાસોચ્છ્વાસનું દર્શન કરીએ, તેનું નિરીક્ષણ કરીએ, તેને ઓળખીએ.

શ્વાસોચ્છ્વાસના દર્શનની એક સરળ પદ્ધતિ અહીં પ્રસ્તુત છે.

1. ચત્તા અર્થાત્ વાંસાભર સૂઈ જાઓ, બંને પગ લાંબા અને બંને હાથ બાજુમાં રાખો, અનુકૂળ લાગે તો પાતળું ઓશીકું વાપરી શકાય.

અથવા

સુખાસન, સ્વસ્તિકાસન કે એવા કોઈ સરળ અને અનુકૂળ આસનમાં બેસો.

2. બંને હાથ નાભિપ્રદેશ પર ગોઠવો, શ્વાસોચ્છ્વાસ સાથે પેટનું જે હલનચલન થાય છે, તે જુઓ. શ્વાસ અંદર લેતી વખતે પેટ બહાર આવે છે? શ્વાસ બહાર કાઢતી વખતે પેટ અંદર આવે છે? પેટના હલનચલનનો ક્રમ આ રીતે થાય છે કે બીજી કોઈ રીતે?

3. તમારા બંને હાથ છાતી પર ગોઠવો અને શ્વાસોચ્છ્વાસ સાથે છાતીના હલનચલનને શો સંબંધ છે, તે શોધી કાઢો.

4. તમારા હાથ બંને પડખાંમાં ગોઠવો અને શ્વાસોચ્છ્વાસ સાથે પડખાના હલનચલનને શો સંબંધ છે, તે શોધી કાઢો.

5. આ રીતે સૂઈને કે બેસીને શ્વાસોચ્છ્વાસનું નિરીક્ષણ શીખી લીધા પછી ગમે ત્યારે, ગમે તે અવસ્થામાં શ્વાસોચ્છ્વાસનું નિરીક્ષણ કરવાનો અભ્યાસ કરો.

આ રીતે શ્વાસોચ્છ્વાસનું વારંવાર અને પર્યાપ્ત પ્રમાણમાં નિરીક્ષણ કરો અને નીચેના પ્રશ્નોના ઉત્તરો મેળવો.

1. તમે જ્યારે શ્વાસ અંદર લો છો ત્યારે પેટ, છાતી અને બંને પડખાં બહાર આવે છે?

2. તમે જ્યારે શ્વાસ બહાર કાઢો છો ત્યારે પેટ, છાતી અને બંને પડખાં અંદર આવે છે?

3. તમારો શ્વાસ ક્યારે ઝડપથી અને ક્યારે ધીમો ચાલે છે?

4. તમે જ્યારે સૂતા હો કે બેઠા હો ત્યારે એક જ અવસ્થામાં તમારો શ્વાસ નિયમિત એટલે કે એકધારો ચાલે છે કે અનિયમિત?

5. તમે જ્યારે સૂતા હો કે બેઠા હો ત્યારે એક જ અવસ્થામાં તમારો શ્વાસ એક જ માપનો હોય છે કે લાંબો-ટૂંકો થયા કરે છે?

6. તમારો શ્વાસ ક્યારેક અચાનક થોડી ક્ષણો માટે બંધ થઈ જાય છે? ક્યારે?

7. તમે શ્વાસ અંદર લો છો અને શ્વાસ બહાર કાઢો છો - આ બે ભાગમાંથી કયો ભાગ લાંબો છે અને કયો ભાગ ટૂંકો છે?

2. શ્વાસોચ્છ્વાસની સાચી પદ્ધતિ

આપણા શરીર-પ્રાણ-મનની ઘણી સમસ્યાઓ આપણા શ્વાસોચ્છ્વાસની ખોટી પદ્ધતિને કારણે હોઈ શકે છે. શરીર-પ્રાણ-મનના સ્વાસ્થ્ય અને તેમના સમુચિત વિકાસ માટે શ્વાસોચ્છ્વાસની સમુચિત પદ્ધતિનું મૂલ્ય જેટલું આંકીએ તેટલું ઓછું છે. સમુચિત શ્વાસોચ્છ્વાસ આપણા જીવનમાં સહજ બની જાય તે આવશ્યક જ નહીં, અતિ આવશ્યક છે. તેમ સિદ્ધ થાય તે માટે સમુચિત શ્વાસોચ્છ્વાસની પદ્ધતિનો નિયમિત રીતે અભ્યાસ કરવો જોઈએ.

સમુચિત શ્વાસોચ્છ્વાસની પદ્ધતિ અહીં પ્રસ્તુત છે. તેનો અભ્યાસ કરવો જોઈએ.

1. કોઈ એક અનુકૂળ આસનમાં બેસો.

2. ધીમે ધીમે શ્વાસ અંદર લો, શ્વાસ અંદર લેતી વખતે પેટ બહાર આવવું જોઈએ, પેટની સાથે બંને પડખાં પણ થોડાં બહાર આવશે, પેટ અને પડખાં બહાર આવી જાય એટલે છાતી બહાર લાવવાનો પ્રારંભ કરો, છાતી પૂરી બહાર આવે ત્યાં સુધી શ્વાસ અંદર લેવાની ક્રિયા ચાલુ રાખો.

આ રીતે પેટ, પડખાં અને છાતીને બહાર કાઢવાથી આપણે પૂરતા પ્રમાણમાં હવા અંદર લઈ શકીએ છીએ.

શ્વાસ અંદર લેતી વખતે આંચકા ન મારો, બહુ આયાસ ન કરો.

3. શ્વાસ પૂરો અંદર લીધા પછી શ્વાસ ધીમે ધીમે બહાર કાઢવાનો પ્રારંભ કરો, સાથે સાથે પહેલાં છાતી અંદર આવશે અને પછી પેટ તથા પડખાં અંદર આવશે. પેટ યથાશક્ય અંદર ખેંચો. શ્વાસ યથાશક્ય બહાર કાઢો. તેમ કરતી વખતે આંચકા ન મારો, બહુ આયાસ ન કરો.

4. આટલું ધ્યાનમાં રાખો

(1) શ્વાસોચ્છ્વાસ યથાશક્ય લાંબા હોય.

(2) શ્વાસોચ્છ્વાસ નિયમિત અર્થાત્ એકધારા હોય.

(3) શ્વાસ અંદર લેતી વખતે પેટ, પડખાં અને છાતી પૂરી બહાર આવે અને શ્વાસ બહાર કાઢતી વખતે પેટ, પડખાં અને છાતી પૂરા અંદર આવે.

(4) શ્વાસોચ્છ્વાસમાં હવા યથાશક્ય વધુમાં વધુ અંદર લો, અને યથાશક્ય વધુમાં વધુ બહાર કાઢો.

(5) શ્વાસોચ્છ્વાસની સમગ્ર ક્રિયા સહજ, સરળ અને અનાયાસ થવી જોઈએ.

5. પ્રારંભમાં સમુચિત શ્વાસોચ્છ્વાસનો આ અભ્યાસ બેસીને કરવો જોઈએ, અભ્યાસ પરિપક્વ બન્યા પછી ગમે ત્યારે ગમે તે અવસ્થામાં આ અભ્યાસ કરી શકાય છે.

6. ધીમે ધીમે શ્વાસોચ્છ્વાસની આ પદ્ધતિ સહજ, સરળ, સ્વાભાવિક અને સતત બની જવી જોઈએ.

7. દોડવાથી, રમવાથી કે કોઈ કામ કરવાથી. શરીર હાંફવા લાગે ત્યારે હાંફને રોકવાનો પ્રયત્ન ન કરો, શરીર વધુ ઓક્સિજન માગે છે તો તેને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન આપો.

લાંબો શ્વાસોચ્છ્વાસ આરોગ્ય અને લાંબા જીવનની ચાવી મનાય છે.

સમાપન

શરીરના સ્વાસ્થ્યની જાળવણી માટે શરીરને પર્યાપ્ત પ્રમાણમાં ઓક્સિજન મળે, તે એક મૂલ્યવાન પરિબળ છે. દીર્ઘ શ્વાસોચ્છ્વાસથી શરીરમાંથી વધુમાં વધુ કાર્બનડાયોક્સાઈડ બહાર નીકળે છે અને શરીરને વધુમાં વધુ ઓક્સિજન મળે છે.

❑❑❑



ફોટોગ્રાફ: કૌશિક ઘેલાણી

શાર્દૂલ-પ્રતીક્ષા

☐ હિમાંશી શેલત

વાહનની ઘરઘરાટી બંધ. અંદર બેઠેલા તમામની આંખો એક જ દિશામાં. નિષ્પર્ણ વૃક્ષોના મનોરમ લાલિત્ય અને કાળમીંઢ ખડકની રુક્ષતા વચ્ચે ક્યાંક ક્યાંક ડોકિયા કરતા સોનેરી બદામી રેશમી તૃણખંડોની વચ્ચે ચપળતાથી ફરતી આંખોને પ્રતીક્ષા હતી એક મહાનાયક અથવા મહાનાયિકાની. યથેચ્છ ભમતી વાનરટોળીઓ, ભયભીત ચંચળ હરણાં, ટોળાંબંધ નીલગાય અને સાબર વચ્ચે જોવાની ઇચ્છા હતી વનસમ્રાટ કે સમ્રાજ્ઞીને. સઘળી સામાન્યતાથી થાકેલી અજંપ આંખો ઝંખતી હતી એક પ્રતાપી, સાચુકલી શક્તિથી ઓપતી હસ્તીને. જેના તેજમાં સઘળી બનાવટી અને તુચ્છ ભભક ઝાંખી ભાસે.

એ ક્યાંથી પ્રગટ થશે એની જાણ નહોતી. એના પ્રવેશ અગાઉ થોડી રહસ્યગર્ભ વાણી ખૂણેખાંચરેથી કાને પડેલી પણ હવે આંખોની પ્રતીક્ષાને બાજુએ હડસેલી થોડી નિરાશાએ પગદંડો જમાવ્યો હતો. નહીં આવે એ મહાનાયક? દેખાશે નહીં મહાનાયિકા? અહીં આવ્યું એળે જશે? આજે નહીં, તો ક્યારે?

વનરક્ષક નાકે આંગળી મૂકી ઊંચી પહાડી ભણી ઇશારા કરતો હતો. ગર્જના ત્યાં થતી હતી જે ડરાવવા માટે નહોતી. આ તો સંવનન-સંદેશ

હતો, ભાવભર્યો.

બૈઠી હૈ આરામ સે. નીકલેગી નહીં અભી. તભી તો પૂરા જંગલ શાંત પડા હૈ...

વનરક્ષકે કહ્યું અને અમે કલ્પના કરી. પથ્થરની આડશમાં કે ઝાડીમાં અથવા એકાદ ઝાડ હેઠે લહેરાતા ઘાસ વચાળે. દર્શન માટે ત્યાં પહોંચવું પડે, ઠેઠ ઊંચે. વાહન હાંફતું હાંફતું શ્રમપૂર્વક ચડ્યું, મારગ ઊબડખાબડ, નર્યો પથરાળ, બધા તળે ઉપર, ડાબાજમણી ડોલતાં, કીકીમાં કેવળ પ્રતીક્ષા.

વાહનની થથરાટી થંભી ગઈ. વનરક્ષકે હાથ લાંબો કર્યો અને અમ સહુની નજર એ હાથને વળગીને પહોંચી થોડે દૂર. સૂકી ડાળીઓવાળી ઝાડી પછીતે ઢળેલો કાળો સુવર્ણરંગી, બાલસૂર્યના તેજમાં ઝગઝગતો દમામ. ચહેરો આગળના પુષ્ટ પંજા વચ્ચે સંતાયેલો. વાહન જરા બીજી બાજુ ફર્યું અને હવે અમે મુખોમુખ.

અમે જોયો એ ઓજસ્વી ચહેરો, સ્વતંત્રતાની ઉદ્‌ઘોષણા જેવો પ્રભાવક, સપ્રમાણ, પ્રકાશવંત આંખો, સર્જનહારની અપૂર્વ રચના. કવિ બ્લેઈકનું અમર કાવ્ય ચિત્તમાં પડઘાતું હતું. એ ભણી અને એને ભણાવ્યું ત્યારે ક્યાં આ અસાધારણ જીવને જોવાની તક સાંપડેલી?

Tiger! Tiger! burning bright
In the forests of the night,
what immortal hand or eye,
Dare frame thy fearful Symmetry?

બ્લેઈકને તો આશ્ચર્ય છે, અરે, જેણે ઘેટું બનાવ્યું એ જ હાથે શાર્દૂલનું સર્જન થયું હશે! (બ્લેઈકે એક સુંદર કાવ્ય 'The Lamb' પણ સરજ્યું છે.)

વનરક્ષકે ઓળખાણ આપી, આ વાઘણનું નામ શક્તિ છે. એણે અમને અછડતી નજરે માપી લીધા, પછી જોયા, ન જોયા કરી, પોતાનો પુષ્ટ દેહ લંબાવ્યો. સહુની આંગળીઓ ફટાફટ ફોટા પાડવામાં, એ લાપરવાહ. ઓજસભર્યા દબદબાવાળી શક્તિને શી પડી હોય પબ્લિક ઇમેજની? નથી પીઠ કે છાતીની તાકાતનું માપ દેખાડવાનું, નથી સાહસ અને હિંમતના પુરાવા આપવાના. મસમોટા ચહેરા પર કેવળ આત્મવિશ્વાસ, છટાપૂર્વક ખેંચાયેલા પગમાં સંગોપિત બલનો વેગીલો પ્રવાહ, એક ઠેકે ક્યાંની ક્યાં પહોંચી જાય એવી તીર ગતિની સ્વામિની, પણ ન શક્તિ પ્રદર્શનની ધખના, ન કશી પ્રશસ્તિની વાંછના, ન ટીકાટિપ્પણીની ગણતરી. પોતાનામાં જ પરિપૂર્ણ એવી એ નચિંત ઢળેલી છે આ વિશાળ નિષ્પર્ણ વનભૂમિમાં, રાખોડી-કાળી પથરાળ ભોંય પર, પોતાના તેજમાં ઝબોળેલા કાળાપીળા રંગોમાં અનુપમ, આંખોમાં ભરી લેવાનું મન થાય એટલી સુંદર.

નગદ શક્તિ આવી જ હોય, બિલકુલ આવી.

❑❑❑



સલીમ અલી કૃત ભારતનાં પક્ષીઓ*

અનુવાદક : અશોક કોઠારી

☐ ભરત ખેની

ભારતના વનસ્પતિશાસ્ત્રી, પક્ષીવિદ્, પ્રકૃતિવાદી, વન્યજીવન સંરક્ષણવાદી અને ભારતના 'બર્ડમેન' તરીકે જાણીતા ડૉ. સલીમ મોહિઝુદ્દીન અબ્દુલ અલી (૧૮૯૬-૧૯૮૭) પ્રકૃતિના સંરક્ષણ માટે અને પક્ષી વિશેના જ્ઞાન પ્રસારણ માટે આજીવન પ્રયત્નશીલ હતા. તેઓ એક એવી વ્યક્તિ હતા કે જેમણે પોતાના સમગ્ર જીવનકાળ દરમિયાન (પક્ષીઓ માટે) સંપૂર્ણ ભારતનું ભ્રમણ કર્યું હતું. તેઓ ભારતની વનસંપત્તિ અને પક્ષીજગત વિશે સંપૂર્ણપણે જાણકાર હતા. તેમના પક્ષીઓ અંગેના અપાર અનુભવ માટે સૌને તેમના પ્રત્યે અત્યંત આદરભાવ હતો. તેમના પ્રયાસોથી જ ભરતપુર પક્ષી અભયારણ્ય


*'ભારતનાં પક્ષીઓ', અનુવાદક. ડૉ. અશોક કોઠારી, પ્રકાશક. બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી, હોર્નબિલ હાઉસ, શહીદ ભગતસિંહ માર્ગ, ફોર્ટ, મુંબઇ-૪૦૦ ૦૦૧. પૃષ્ઠ. ૪૪૧, કિંમત રૂપિયા ૫૦૦/-


(રાજસ્થાન) આજે કેવલાદેવ રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે ઓળખાય છે, કેરળના સાઇલન્ટ વેલી રાષ્ટ્રીય ઉદ્યાનને સંરક્ષણ મળ્યું છે, મધ્ય કેરળના કોચી શહેરથી ૫૮ કિ.મી. એર્નાકુલમ જિલ્લાના કોઠમંગલમ તાલુકાના થટ્ટેકાડમાં ''થટ્ટેકાડ પક્ષી અભયારણ્ય'' (Thattekkad Bird Sanctuary) આવેલું છે. આ પક્ષી અભયારણ્યને વૈશ્વિક પ્રસિદ્ધિ અપાવવાની કીર્તિ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત પક્ષીવિદ્ ડૉ. સલીમ અલીને આપવી પડે. આ ઉપરાંત અરુણાચલ પ્રદેશના પશ્ચિમ વિસ્તારમાંથી મળી આવેલા વિશિષ્ટ અને નવી પ્રજાતિના પક્ષી હિમાલયન ફોરેસ્ટ થ્રશ (Himalayan Forest Thrush)ને પક્ષીનિષ્ણાત ડૉ. સલીમ અલીનું નામ આપવામાં આવ્યું છે, એટલે કે આ નવી પ્રજાતિના પંખીને 'ઝૂથેરા સલીમ અલી' (Zoothera Salimalii) એવું નામ આપવામાં આવ્યું છે. તેમને ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કાર એનાયત થયા છે. ૧૯૫૮માં ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ' અને ૧૯૭૬માં 'પદ્મવિભૂષણ' આપી સન્માનિત કર્યા છે. દેશને આપેલ અપ્રતિમ સેવા બદલ ગોવા સ્થિત પક્ષી ઉદ્યાનનું નામકરણ આ પ્રસિદ્ધ વ્યક્તિના નામ પર સલીમ અલી પક્ષી અભયારણ્ય રાખવામાં આવ્યું છે. તેમણે પોતાનું જીવન ભારતીય પક્ષીઓ અને તેમના વિશે સંશોધન અર્થે સમર્પિત કર્યું હતું. ડૉ. સલીમ અલીએ ભારતનાં પક્ષીઓ વિશેના પોતાના જ્ઞાનથી સમગ્ર દેશને પક્ષીમાં રસ લેવા પ્રેર્યો અને પક્ષીઓથી સુમાહિતગાર કર્યો. ભારતીય પક્ષીસંપદાની વિશ્વને જાણ કરવાનો અને પરિચય કરાવવાનો યશ પણ ડૉ. સલીમ અલીને ફાળે જાય છે.


ડૉ. સલીમ અલીના અતિ લોકપ્રિય પુસ્તક 'THE BOOK OF INDIAN BIRD'નું પ્રકાશન થયું એ પૂર્વે ભારતીય પક્ષીઓ પર મોટા ભાગનાં જૂનાં પુસ્તકો બહુ જીર્ણ અવસ્થામાં ઉપલબ્ધ હતાં. તેમ જ હાથથી દોરેલા- બનાવેલા નમૂનાઓ (પક્ષીઓનાં ચિત્રો)નો ઉપયોગ પક્ષી ઓળખ, અભ્યાસ અને જાણકારી માટે થતો હતો. ૧૮૮૯માં મેબલથોર્પ (ઇંગ્લેન્ડ)માં જન્મેલા અને ૧૯૦૯માં કંપની સરકારના પોલીસ અધિકારી તરીકે પંજાબ-ભારતમાં આવેલા હ્યુ વ્હિસ્લર (Hugh Whistler 1889-1943)નું પુસ્તક ''પોપ્યુલર હેન્ડબુક ઓફ ઇન્ડિયન બર્ડ'' (Popular Handbook of Indian Bird) ગુર્ની એન્ડ જેક્સન પ્રેસ, લંડન દ્વારા ૧૯૨૮માં પ્રકાશિત કરવામાં આવેલું પરંતુ ભારતમાં આ પુસ્તક પક્ષી અભ્યાસ માટે જૂનું અને અપ્રાપ્ય હતું. ભારતમાં આ પુસ્તક સરળતાથી ઉપલબ્ધ ન હતું એ સમયે ડૉ. સલીમ અલીનું પુસ્તક 'THE BOOK OF INDIAN BIRD' નામે ધ

બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી, મુંબઈ દ્વારા ૧૯૪૧માં પ્રકાશિત કરવામાં આવેલું અને ત્યારબાદ ભારતીય પક્ષીઓ પરનું આ પુસ્તક લોકપ્રિય અને વિશ્વસનીય પક્ષી માર્ગદર્શિકા સાબિત થયું હતું. આ પુસ્તકને કેવી લોકપ્રિયતા પ્રાપ્ત થઈ હતી એ માટે નીચે મુજબની આવૃત્તિઓ અને પુનઃ મુદ્રણ વિશેની આ વિગતો જ પર્યાપ્ત છે. આજથી ૭૮ વર્ષ પહેલાં ૧૯૪૧માં આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પ્રગટ થઈ. આ પછી આ પુસ્તકની આજ સુધીમાં કુલ ૧૩ આવૃત્તિઓ પ્રગટ થઈ છે, જેમાં ૧૧મી આવૃત્તિ ૫ વાર, ૧૨મી આવૃત્તિ ૪ વાર, ૧૩મી આવૃત્તિ ૨ વાર છાપવી પડી છે. દરેક નવી આવૃત્તિ સમયે આ પુસ્તકમાં સુધારોવધારો અને શોધન-વર્ધન થતું ગયું છે. પક્ષીઓના અભ્યાસને લાગે વળગે છે ત્યાં સુધી આ પુસ્તક અનન્ય છે. ૫૩૮ પક્ષી પ્રજાતિઓનું વર્ણન અને ૬૪ પૃષ્ઠોમાં સમાવિષ્ટ થયેલાં ૬૪૦ રંગીન ચિત્રોથી આ પુસ્તક સમૃદ્ધ બન્યું છે. આવા સમૃદ્ધ અંગ્રેજી પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરવાનું ૧૯૯૬માં નક્કી થયું છે અને એ કામ બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટી, મુંબઈના માનદ્ મંત્રી ડૉ. અશોક એસ. કોઠારીને સોંપાયું. ૧૯૯૬માં શરૂ થયેલ આ અનુવાદ પ્રકલ્પ ૨૩ વર્ષ ચાલ્યા બાદ ૨૦૧૯માં પૂર્ણ થયો છે. આ સાથે જ પુસ્તક પ્રકાશન ક્ષેત્રે એક શકવર્તી ઘટના ગુજરાતમાં બને છે. મૂળે વાત એમ છે કે ૨૦૧૯માં બોમ્બે નેચરલ હિસ્ટ્રી સોસાયટીએ આ પુસ્તક ગુજરાતી ભાષામાં ''ભારતનાં પક્ષીઓ'' નામે ઉપલબ્ધ કરાવી આપીને ગુજરાતના પક્ષીપ્રેમીઓને ન્યાલ કરી દીધા છે. અનુવાદક ડૉ. અશોક કોઠારીએ ખૂબ જહેમત ઉઠાવી હોવાનું આ બેમિસાલ પુસ્તકમાં પ્રવેશ કરતાં અને વાંચતાં ઊડીને આંખે વળગે છે. આ પુસ્તકમાં પક્ષીજગત વિષે માહિતીભંડાર છે.

આ પુસ્તક પક્ષીપ્રેમીઓ દ્વારા વખાણાયું છે. જેમાં ભારતમાં જોવા મળતાં વિવિધ પક્ષીઓની સચિત્ર રંગીન માહિતી છે તથા પક્ષીનિરીક્ષણ માટેની વિગતો ખૂબ સ-રસ અને અભ્યાસપૂર્ણ રીતે આપવામાં આવી છે, પક્ષીઓના ગુણ-અવગુણ, પ્રવાસી આદતો વિશે રોચક વાત અહીં આપેલ છે. ૨૦૦૨ સુધીમાં આ પુસ્તકની કુલ એક લાખથી પણ વધુ પ્રતો વેચાઈ ચૂકી છે. સુંદર તસવીરોથી સુસજ્જ આ પુસ્તકમાં ધોમડા-ધોમડી (ધોળી વા બગલી), તપખીરિયો કલકલિયો, કેસરી નીલતવા (લાલ પેટ નીલતવા, બદામી નીલતવા), સોનેરી પીળક, મોટો પતરંગો જેવાં કર્ણમધુર નામો જિજ્ઞાસુઓને જાણવા મળે છે. આ પુસ્તકમાં કેવી અને કેટલી સુંદર માહિતી છે તેની એક નાનકડી વાત કરીએ. પક્ષીઓની બોલી કે ભાષા સંબંધી વાત કરતાં સલીમ અલી નોંધે







છે કે

"આપણા જેવી પક્ષીઓની કોઈ બોલી નથી હોતી, પરંતુ કલબલાટની શૈલીથી એકબીજા સાથે સંપર્કમાં રહે છે. પક્ષીઓમાં વધુ સામાજિક પક્ષીઓ હર્ષ, ભયસંકેત, આમંત્રણ, સચેત થવાનું, વગેરે અવાજ અને હાવભાવથી પ્રદર્શિત કરે છે. પોતાના જાતભાઈઓ સિવાય બીજાઓને પણ સચેત કરે છે. જ્યારે બાજ પક્ષીઓ માળા કે પક્ષીઓ ઉપર હુમલો કરે છે ત્યારે કલબલાટ કરે છે. બીજાં પક્ષીઓને ભયભીત અને સચેત કરે છે. કેટલીક હદ સુધી માનવીઓ પણ પક્ષીઓની ભાષા સમજે છે" (પૃષ્ઠ:xxiii)

આવાં અનેક આશ્ચર્યનો આ પુસ્તકમાં ઢગલો છે.

અહીં આપણી આસપાસ સહેલાઈથી જોવા મળતાં પક્ષીઓનો પરિચય કેટલાંક ચિત્રો સહિત આપવામાં આવ્યો છે. પાણીનાં સરોવર, દરિયાકાંઠે કે જળપ્લાવિત વિસ્તારો (water logged area)માં જોવા મળતાં પક્ષીઓની સચિત્ર જાણકારી, ઘાસના બીડમાં, ગામ બહાર ખેતરોમાં, ખુલ્લા વગડામાં કે ગોચરમાં જોવા મળતાં પક્ષીઓ, જંગલોમાં જોવા મળતાં પક્ષીઓ, પક્ષી ઓળખ અંગેના ફિલ્ડમાર્ક, (ઓળખ ચિહ્નો) તેમના વસવાટની સુંદર વિગતો તથા પક્ષીનિરીક્ષણ અંગેની કેટલીક પૂરક માહિતી અહીં સામેલ છે. પક્ષીનિરીક્ષણ માટે તથા પક્ષીઓને ઓળખવામાં મદદરૂપ થાય તેવી સરળ ગુજરાતી ભાષામાં અનુવાદિત આ પુસ્તક પક્ષીપ્રેમીઓ માટે ખજાનો સાબિત થાય તેવું છે. આવા અતિ મહત્ત્વના અને સુંદર પ્રકાશન માટે પ્રકાશકને અભિનંદન. પક્ષીજગતમાં

લટાર મારીને આનંદવિભોર થવું હોય અને એ જગત વિશે જ્ઞાનવૃદ્ધિ કરવી હોય તો આ પુસ્તક અચૂક વાંચવું-વસાવવું જોઈએ

પક્ષીની વ્યાખ્યા અને મહત્ત્વ, પક્ષીઓના વિવિધ ભાગો માટે વપરાતા શબ્દો, ઉપયોગ પ્રમાણે ચાંચના પ્રકાર, ઉપયોગ પ્રમાણે પગ (અને આંગળાના) પ્રકાર, પક્ષી ઓળખવાની રીતો જેમાં ખાસ પ્રકારની પૂંછવાળાં પક્ષીઓ, વિશિષ્ટ ચાંચવાળાં પક્ષીઓ, કલગીધારી પક્ષીઓ, લાંબા પગવાળાં પક્ષીઓ, આકર્ષક રંગોવાળાં પક્ષીઓ અને સાદા રંગોવાળાં પક્ષીઓની વિગતે વાત છે. ત્યારબાદ ૬૪ ચિત્રપ્લેટોની સાથે તેનું વર્ણન આપવામાં આવ્યું છે. અહીં પ્રખ્યાત પક્ષી ચિત્રકાર કાર્લ ડિસિલ્વાકૃત ચિત્રો મૂકવામાં આવ્યાં છે. દરેક પક્ષીના ચિત્રને અનુલક્ષીને નામ, સ્થાયી કે યાયાવર, સ્થળ ભૌગોલિક વિતરણ, કદ, આકાર, સંક્ષિપ્ત વિવરણ, ઓળખચિહ્નો, વગેરે આપવામાં આવ્યાં છે. ૫૩૮ પક્ષીઓનું વર્ણન કુલ ૩૨૮ પૃષ્ઠમાં કરવામાં આવ્યું છે. જેમાં કદ, વર્ણન, વસવાટ, પક્ષીની સ્વભાવગત પ્રકૃતિ, તેનો પ્રજનનકાળનો સમય, માળો અને તે માળાની વિશેષતા, ઈંડાં (ઈંડાંનું કદ અને રંગ), ખોરાક, જે તે પક્ષીની સ્વભાવગત વિશેષ નોંધ, ખાસિયતો અને અવાજ જેવી વિગતોની ઊંડાણપૂર્વક ચર્ચા કરીને માહિતી આપવામાં આવી છે. અને અહીં ઉલ્લેખિત પક્ષીઓ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં કયાં કયાં અલગ નામ ધરાવે છે તેના વિષે વિગતો પણ આપવામાં આવી છે. દરેક પક્ષી પ્રજાતિના પરિચય સાથે સિડ્‌ની ડીલોન રિપલેના પુસ્તક A Synopsis of the Birds of India and Pakistan પ્રમાણે ક્રમાંક આપવામાં આવ્યો છે. જે આ પુસ્તકની શાસ્ત્રીયતાનું દ્યોતક છે. પક્ષીઓનું ઉડ્ડયન, ઋતુપ્રવાસ



(સ્થળાંતર), પક્ષીઓની ઉપયોગિતા, જાણીતાં પક્ષીઓનાં ગુજરાતી નામો, અંગ્રેજી નામો, પક્ષીઓના શાસ્ત્રીય નામો તથા સંદર્ભ સૂચિ પણ આ સાથે છે. આ પુસ્તકમાંથી એક પક્ષીનું વર્ણન જોઈએ.

૪૫૦. દૂધરાજ (શાહી બુલબુલ)

Asian Paradise-Flycatcher

Terpsichore paradise (Linnaeus)

ચિત્ર: ૫૬, સિ.ક્રમ: ૧૪૬૧

હિંદી નામ: તરવારિયા મછરિયા, દૂધરાજ, શાહ બુલબુલ, હુસૈની બુલબુલ, સ્વર્ગ તીતી, સુલતાના બુલબુલ, દૂધરાજ, તાકલા.


કદ: બુલબુલ જેવડું. વર્ણન: પુખ્ત નરપક્ષી રૂપેરી જેવા સફેદ રંગનું હોય છે. ડોકું ચળકાટ મારતા કાળા રંગનું અને એવા જ રંગની કલગી, પૂંછડીમાં સાંકડી પટ્ટી જેવાં બે લાંબાં પીંછાં, વગેરે ખાસ ચિહ્નો છે. માદા અને યુવા નરપક્ષી ઉપરની બાજુ બદામી રંગ ધરાવે છે. નીચેની બાજુ રાખોડી પડતો સફેદ રંગ હોય છે. કૈંક અંશે બુલબુલને મળતાં આવે છે. યુવા પક્ષીની પૂંછડીમાં બદામી રંગનાં લાંબાં પીંછાં હોય છે. માદાપક્ષી લાંબાં પીંછાં ધરાવતું નથી. એકલદોકલ ગીચ જંગલોમાં વિહરતાં હોય છે.

વસવાટ: સમગ્ર ભારત, બંગલાદેશ, શ્રીલંકા, મ્યાનમારમાં વસે છે. આપણે ત્યાં મેદાનોમાં અને હિમાલયમાં તથા ભારતીય દ્વીપકલ્પના પહાડી પ્રદેશમાં ૨,૦૦૦ મીટરની ઊંચાઈ સુધીના વિસ્તારોમાં વસે છે. અંદરોઅંદરના વિસ્તારોમાં સ્થળાંતર પણ કરે છે. આપણે ત્યાંની ૨ પ્રજાતિઓ paradiseઅને leucogasterમાં રંગ અને કદમાં ફરક છે. શ્રીલંકાની પ્રજાતિ ceylonensisમાં પુખ્ત નરપંખી શ્વેત પીંછાં ધારણ કરતું નથી.

ખાસિયત: માનવ વસવાટની આજુબાજુની વનરાજી અને બાગબગીચાઓમાં, વન-વગડામાં અને

કોતરોમાં અને વાંસનાં જંગલોમાં રહે છે. ચપળ અને તરવરાટથી ભરેલા નરપક્ષી પૂંછડીનાં બે સુકોમળ પટ્ટીઓ જેવાં શ્વેત પીંછાંના ફરફરાટથી સુંદર દૃશ્ય ખડું કરે છે. અવાજ: કર્કશ અપ્રિય એવો ચી અથવા ચે-ચ્યુ અવાજ કરે છે. પ્રજનનકાળ દરમ્યાન મધુર સ્વર પણ ફેલાવે છે. ખોરાક: પાંખાળાં જીવજંતુઓ. પ્રજનનકાળ: ફેબ્રુઆરીથી જુલાઈ. (થોડો ઘણો ફેરફાર પણ હોય છે.) માળો: કુમળાં ઘાસ અને તાંતણાને વ્યવસ્થિત રીતે ગૂંથી કટોરા જેવો માળો બનાવી બહાર કરોળિયાનાં જાળાં ચોંટાડી મજબૂત કરે છે. જમીનથી ૨-૪ મીટરની ઊંચાઈએ વૃક્ષની બે શાખાઓના ફાંટામાં માળો મૂકેલો હોય છે. ઈંડાં: ૩થી ૫. દૂધની તર- મલાઈ જેવો રંગ એમાં થોડી ગુલાબી ઝાંય હોય છે. ઉપર લાલાશ પડતા કથ્થાઈ ટપકાં અને ધાબાં હોય છે. નર અને માદા સંયુક્ત સહકારથી બચ્ચાં ઉછેરે છે, પરંતુ માદા મહત્ત્વનો ભાગ ભજવે છે. (પૃષ્ઠ. ૩૩૯) (ઉપરોક્ત પરિચ્છેદ પુસ્તક પ્રમાણે જ રાખ્યો છે)

આ પુસ્તકમાં પ્રજાતિઓનો ક્રમ પૂર્વેની આવૃત્તિથી અલગ આપવામાં આવ્યો છે. અગિયારમી આવૃત્તિમાંની ડૉ. સલીમ અલીની પ્રસ્તાવના અહીં રજૂ કરવામાં આવી છે. આ સાથે જ પૂર્વેની આવૃત્તિઓના શરૂઆતના વિભાગો મૂકવામાં આવ્યા છે. ''પક્ષીઓને કેવી રીતે ઓળખવાં'' એ કોઠાઓમાં વધારાનાં ૨૪૨ પક્ષીઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ડૉ. સલીમ અલીએ સમયાન્તરે લખેલી પક્ષીઓના પ્રજનન, ઋતુપ્રવાસ અને પક્ષીઅવલોકન, વગેરે ઉપરની રસપ્રદ નોંધો મૂકવામાં આવી છે. ભારતીય ઉપખંડનો પક્ષી ઋતુપ્રવાસનો નકશો તથા ભારતીય ઉપખંડના જૈવ-ભૌગોલિક પ્રદેશોનાં સામાન્ય અને રસપ્રદ પક્ષીઓને આ પુસ્તકમાં આવરી લઈને ઉપયોગી 'ક્ષેત્ર માર્ગદર્શિકા'નું સ્વરૂપ આપવામાં આવ્યું છે. જેમાં હિમાલયોત્તર પ્રદેશ, હિમાલયનો પ્રદેશ, રણપ્રદેશ, સૂકો પ્રદેશ, પશ્ચિમ ઘાટ, દખ્ખણનો દ્વીપકલ્પ, ગંગાનદી કાંઠાનાં મેદાનો, ઈશાન ભારત, દ્વીપ સમૂહ અને સમુદ્રકાંઠાના પ્રદેશને ભારતના જૈવ-ભૌગોલિક વિભાગ દર્શક નકશાની મદદથી સમજાવવામાં આવ્યા છે. આ પુસ્તક નવા પક્ષીરસિકો માટે માર્ગદર્શિકા અને પક્ષીઅભ્યાસુઓ તેમ જ વિશેષજ્ઞો માટે સંદર્ભ પુસ્તક તરીકે એન્સાઈક્લોપીડિયાની ગરજ સારશે. ૪૪૧ પૃષ્ઠના વિસ્તૃત પટ પર ચાલતા આ પુસ્તકમાં પ્રૂફ અને જોડણી વિષયક ભૂલો નજરે ચડે છે, જેને ક્ષમ્ય ગણીને મૂળે અંગ્રેજી ભાષામાંથી ગુજરાતી ભાષામાં તેનું પુસ્તકરૂપે પ્રાગટ્ય થયું છે એ ભગીરથ કાર્ય કંઈ નાનીસૂની ઘટના તો ન જ ગણાવી શકાય. એનો ભરપૂર આનંદ લઈએ. ❑❑❑



આત્મરચનાના કીમિયાઃ ફ્રેન્ચ ફિલસૂફના બોધપાઠો

☐ આશિષ મહેતા

"**ત**મે તો મારી જિંદગી બદલી નાખી." આ વિધાન કોને ઉદ્દેશેલું હશે? ટીવી કે વોટ્સએપ પર જ્ઞાન આપતા કોઈ ગુરુજીના બદલે ફ્રાન્સમાં ફિલોસોફી ભણાવતા પ્રોફેસરને ઉદ્દેશેલું હોય તો કેવું લાગે?

જીવન ચાલ્યા કરે ત્યારે તો ચાલ્યા કરે છે, પણ ઠેસ વાગે ત્યારે સવાલ થાય છે: જીવવું કેવી રીતે? ધર્મ અને અધ્યાત્મમાં દુનિયાભરની વિવિધ પરંપરાઓએ એ

સવાલનો જવાબ આપવાનો પ્રયાસ કર્યો છે – ગીતા, ઉપનિષદ, બાઈબલ, કુરાન, પતંજલિ, રામ, કૃષ્ણ, મહાવીર, બુદ્ધ, ભક્તિયોગ, ધ્યાનયોગ કે આપણા સમકાલીન ગુરુઓ. સીધી કે બીજી રીતે, આમાં લોકો કંઈક ઈશ્વરી તત્ત્વ જુએ છે. બીજી તરફ, ફિલોસોફી કે (પાશ્ચાત્ય) દર્શનશાસ્ત્ર રોજબરોજના જીવનના સવાલોથી ઘણું છેટે લાગે છે. વિપદાની વેળાએ મનને કેવી રીતે શાન્ત રાખવું એની આવડત મેટાફિઝિક્સ કે ઓન્ટોલોજીના ગહન અભ્યાસમાંથી ના મળે. પણ વીસમી સદીમાં ફ્રાન્સમાં એક ફિલસૂફ થઈ ગયા, પિયેર આદો (Pierre Hadot, 1922-2010), જેમણે જૂના જમાનાના ગ્રીસ અને રોમના ફિલસૂફોનાં લખાણોને નવેસરથી વાંચીને તેમાંથી આજના સમય માટે એવા બોધપાઠો તારવી આપ્યા જે આપણે સૌ તત્કાળ અમલમાં મૂકી શકીએ અને જિન્દગી બદલી શકીએ. આ સાધુપુરુષ અને એમના કામનો થોડો પરિચય આ લેખમાં આપ્યો છે.

આમ તો, ફ્રાન્સમાં ફિલોસોફીની ઘણી બોલબાલા રહી છે. સરકારવિરોધી દેખાવો માટે પકડાયેલા સાર્ત્રને માફી આપતાં પ્રમુખ દ ગોલે કહેલું કે 'વોલ્તેર'ની કાંઈ ધરપકડ ન કરાય. અઢારમી સદીના વિચારક સાથે તુલના એ અર્થમાં કે, વોલ્તેરની જેમ સાઠના દશકામાં સાર્ત્ર ફ્રાન્સના જાહેર જીવનનાં આગળ પડતાં નામોમાં હતા. અડસઠની વિદ્યાર્થી ચળવળના અરસામાં તો અમુક ફિલોસોફરો અને વિચારકોની લોકપ્રિયતા ફૂટબોલ સ્ટાર પછી બીજા નંબરે હતી. લેવી-સ્ત્રોસ, બાર્થે, ફુકો, દેરિદા વગેરે ત્યાંના બહોળા વંચાતાં મેગેઝિનોનાં આવરણપૃષ્ઠ કે ટીવી ચેનલના પ્રાઈમટાઈમમાં ઝળકે. એ જમાનો હવે રહ્યો નથી, છતાં આજે પણ ફુકો-દેરિદાના વારસો મોટી નામના ધરાવે તો છે જ. આ બધા વચ્ચે પિયેર આદો લાઈમલાઈટના ઝળહળાથી દૂર જ રહ્યા. મિશેલ ફુકો કારકિર્દીના અંતિમ તબક્કામાં આદોના અભ્યાસમાંથી જ પ્રેરણા લઈને જાતની જહેમત (કેર ઓફ ધ સેલ્ફ)ની થીમ તરફ વળ્યા ત્યાં સુધી આદોનું નામ સોરબોન કે કોલેજ દ ફ્રાન્સના વર્ગખંડો બહાર સંભળાયું નહોતું.

આદોને યુવાવસ્થામાં ખ્રિસ્તી ગૂઢવાદમાં ભારે રસ હતો અને પાદરી બનવાની તાલીમ લઈ રહ્યા હતા. સાથેસાથે ભારતીય સહિતની અન્ય ધર્મ પરંપરાઓમાં પણ રસ લેતા. તાલીમના ભાગરૂપે તેમણે દર્શનશાસ્ત્રમાં પીએચડી કર્યું, તેમાં તેમને સાહિત્ય વિવેચન (ટેક્સ્ચ્યુઅલ ક્રિટિસિઝ્મ)ના રવાડે ચડવું પડ્યું. તેનો ફાયદો એ થયો કે તેઓ શાસ્ત્રો અને ગ્રંથોનું ઊંડું વાચન કરતાં શીખ્યા. પાઠને તેના મૂળ સંદર્ભમાં વાંચતાં શીખ્યા. ગીતા કે ધર્મજ્ઞાનના

સંદેશ દીવાલે લખેલા પણ વાંચવા મળે, પણ તેમાં મૂળ શ્લોક ખરેખર શું કહેવા માગે છે, અમુક શબ્દની કઈ અર્થછાયાઓ છે, કયો શબ્દ કયા બીજા ગ્રંથ તરફ ઇશારો કરે છે, ગ્રંથનું સ્વરૂપ કયા વાચકને ઉદ્દેશે છે વગેરે પ્રશ્નોથી જ આપણે અજાણ હોઈએ છીએ, જવાબ તો દૂર રહ્યા. આદોએ શબ્દોની સપાટી ઓળંગી ઊંડે ડૂબકી મારવાનું કૌવત સાધ્યું. ગ્રીક અને લેટિનની અંતરંગ આવડત કેળવી. છેવટે તેઓ વળ્યા પ્લોટિનસ તરફ.

ગ્રીસ અને પાડોશી પ્રદેશોમાં ઈસવીસન પૂર્વે પાંચમી સદીથી લઈને શરૂ થયેલી ફિલોસોફી હેલનિસ્ટિક કહેવાય તેનું છેલ્લું પ્રકરણ નિયોપ્લેટોનિઝ્મ છે, તે શાળાની મુખ્ય મૂર્તિ તે પ્લોટિનસ. ત્રીજી સદીમાં ઇજિપ્તમાં જન્મેલા આ દર્શનશાસ્ત્રીનાં લખાણો 'એનિયાડ્ઝ' આમ તો ભારે જટિલ મનાય છે. તેમાં આત્માની ઊર્ધ્વગતિ કેવી રીતે પ્રાપ્ત કરવી તેનું માર્ગદર્શન છે અને એ ગતિના વિવિધ સ્તરોનું વર્ણન છે. આપણા માટે નોંધવા જેવી વાત એ કે તેનો સંસ્કૃતમાં અનુવાદ કરીએ તો પછી 'એનિયાડ્ઝ' વાંચીએ છીએ કે આદિ શંકરાચાર્ય પ્રણિત અદ્વૈત વેદાન્તનો કોઈ ગ્રંથ એ ખ્યાલ ન આવે, એટલું સામ્ય છે. આદિવાસીઓના ભલા માટે જાણીતા વેરિયર એલ્વિને ગાંધીજીને એક વાર પ્લોટિનસનું પુસ્તક વાંચવા આપ્યું હતું, અને મહાદેવ દેસાઈએ 'અનાસક્તિયોગ'ના અનુવાદની પ્રસ્તાવનામાં પણ પ્લોટિનસનો સંદર્ભ આપ્યો છે.


આદોએ સાઠના દશકામાં પ્લોટિનસના અધ્યયન પછી સિત્તેર-એંસી દરમિયાન એક વળાંક લીધો અને એ જૂના જમાનાના ગ્રીસ-રોમના એવા ચિંતકોનો અભ્યાસ શરૂ કર્યો જેમના બોધપાઠો આજે પેરિસ કે મુંબઈની રોજિંદી જિંદગીમાં હર ક્ષણે કામમાં આવે એવા છે. આ કામમાં તેમને ઊંડા વાચનની તાલીમ કામમાં આવી ગઈ. એ સમયે (અને આજ સુધી પણ) સોક્રેટિસ એ ફિલોસોફરનો ઉત્તમ નમૂનો ગણાય. સોક્રેટિસ પછીના અરસામાં તેમના જીવન અને મૃત્યુમાંથી પ્રેરણા લઈને એક પછી એક દાર્શનિકો આગળ આવ્યા અને પોતાની શાળાઓ ખોલી: સ્ટોઆ એટલે કે જાહેર પરસાળમાં એકઠા થનારા સ્ટોઈક કહેવાયા અને એમની સ્કૂલ તે સ્ટોઈસિઝ્મ, તો એપિક્યુરસ નામના મનીષીએ એક ઉદ્યાનમાં પોતાના વિદ્યાર્થીઓને તાલીમ આપવા માંડી, તે એપિક્યુરિયન સ્કૂલ. એવી બીજી પણ વિચારધારાઓ થઈ અને આપણાં ગુરુકુળો જેવી બીજી પણ શાળાઓ થઈ. આ બધાની સમાનતા એ હતી કે તેમને, સોક્રેટિસની જેમ, પુસ્તકિયા અને શુષ્ક જ્ઞાનમાં રસ નહોતો; તેમણે માન્યું કે ફિલોસોફી એટલે જીવન જીવવાની કળા ('આર્ટ ઓફ લિવિંગ'

એક્સ્પ્રેશનનું મૂળ ત્યાં છે). એટલું જ નહિ, ફિલોસોફી એટલે ખરેખર તો કુશળતાપૂર્વક મોતને ભેટવાની તાલીમ – જે સોક્રેટિસે કરી બતાવ્યું. બહુ પછીથી મોન્તાન્યે ફિલોસોફીની એ જ વ્યાખ્યા બનાવી.

સામાન્ય અર્થમાં ફિલોસોફર અને એની કામગીરી (પ્રેક્ટિસ) શું? તો કહે અઘરા વિષય પર પીએચ.ડી. કરો, પછી યુનિવર્સિટીમાં નોકરી કરો, વિદ્યાર્થીઓને ફિલોસોફીના ઇતિહાસ, વિવિધ વિચારધારાઓ, કોન્સેપ્ટ્સ વગેરે સાથે કામ પાર પાડવાની તાલીમ આપો, સાથે સેમિનાર-કોન્ફરન્સ કરો. કેવા વિષય પર? નમૂના તરીકે, એટ રેન્ડમ, દિલ્હી યુનિવર્સિટીની વેબસાઈટના ફેકલ્ટી પેજ પરથી: 'ઓન ધ ક્વોન્ટિફાઈડ એકાઉન્ટ ઓફ કોમ્પ્લેક્સ ડેમોન્સ્ટ્રેટિવ્ઝ' અથવા 'સ્પેસ એન્ડ કોન્શિયસનેસ: રિકન્સ્ટ્રક્ટિંગ ડ્યુઆલિઝ્મ એન્ડ બિહેવરિયરઝ્મ'. ખ્યાલ મળી ગયો હશે. કોઈ આપદા આવી પડી હોય ત્યારે ગીતા-બાઈબલ કદાચ મદદ કરે, આ ફિલોસોફી કોઈ કામમાં ન આવે. આવા ફિલોસોફરનું જીવન પણ જુદું ન પડે. એમની અને એમના પાડોશમાં રહેતા કોઈ શેરદલાલની રહેણીકરણીમાં, જીવનની પસંદગીઓમાં કદાચ અંતર ન જણાય. આદોએ સોક્રેટિસ કાળનો એ વિચાર ફરી પ્રકાશમાં આણ્યો કે ફિલોસોફી એટલે એ સમયે સોફિસ્ટો જે કરતા હતા તે વાતોનાં વડાં નહિ, પણ જીવન જીવવાની કળા. સૂત્રસ્વરૂપે, 'ફિલોસોફી એઝ એ વે ઓફ લાઈફ'. આદો પછી ખાસ કરીને અમેરિકામાં એલેક્ઝાન્ડર નેહામાસ અને માર્થા નસબોમ આ થીમને મુખ્ય પ્રવાહમાં લાવ્યા.

આદોએ એવી ધારણા માંડી હતી કે પાશ્ચાત્ય દર્શનશાસ્ત્ર મૂળે જીવનલક્ષી જ હતું, પણ ખ્રિસ્તી ધર્મના ફેલાવા પછી ચર્ચે જીવનલક્ષી ચિન્તન પૂરું પાડવાનો ઇજારો હસ્તક લઈ લીધો અને દર્શનશાસ્ત્રને ધકેલી દીધું. યુનિવર્સિટીની દીવાલો પાછળ, કોન્સેપ્ટ્સ અને વ્યાખ્યાઓનું કામ કરવા. એ પછી ક્યારેક કોઈ અપવાદરૂપ ફિલસૂફ મૂળને યાદ કરે છે. તેમાં, બીજાં નામો ઉપરાંત, રુસો, કાન્ટ અને છેલ્લે છેલ્લે આવે વિટગેન્સ્ટાઈન અને નિત્શે જેમણે પુસ્તકો તો લખ્યાં પણ તેમના જીવનને જ તેમની ફિલસૂફીના પુરાવા પ્રયોગ જેવું બનાવ્યું. આમાર જીબોન આમાર બાની.

જીવન જીવવાની કળામાં શું-શું છે? આદોએ મુખ્યત્વે સ્ટોઈસિઝ્મના મૂળ ગ્રંથોમાંથી કીમિયા અને તરીકા તારવ્યા અને આપણા સમય માટે ફરી રજૂ કર્યા. સ્ટોઈકનાં લક્ષણોમાં અને ગીતામાં જે સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવ્યાં છે તેમાં ઝાઝો ભેદ નથી. સ્ટોઈક નિશાળના બીજા વડેરાઓનાં લખાણો તો સચવાયાં



નથી, પણ ત્રણ મુખ્ય વિચારકોનાં કામ લગભગ સળંગ સચવાયાં છે અને મુદ્રણકળાના આગમન પછી સતત પ્રિન્ટમાં પણ રહ્યાં છે: એપિક્ટેટસ (જે ગુલામમાંથી ફિલસૂફ થયેલા), સેનેકા (રોમ બળતું હતું ત્યારે ફિડલ વગાડવાવાળા નિરોના કમનસીબ સલાહકાર અને રાજદ્વારી) અને માર્ક્સ ઓરેલિયસ (એના સમયમાં દુનિયાના સૌથી મોટા સામ્રાજ્યના રાજા). ગાંધીએ અને મહાદેવભાઈએ જેલવાસમાં આ ત્રણેનું લખાણ વાંચી-પચાવ્યું હતું. પહેલા બેનાં લખાણ ગુજરાતીમાં રજૂ નથી થયાં, પણ ત્રીજાનું એકમાત્ર પુસ્તક 'મેડિટેશન્સ' ગુજરાતીમાં ઉપલબ્ધ થયું છે. સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે પંડિત દેવકૃષ્ણ શાસ્ત્રીનો અનુવાદ 'રોમન તત્ત્વજ્ઞાની સમ્રાટ માર્ક્સ ઓરેલિયસનું આત્મચિંતન' એ નામે 1959માં પ્રસિદ્ધ કર્યો, અને 2001માં તેની બારમી આવૃત્તિ આવી.

માર્ક્સ ઓરેલિયસ વિશ્વભરમાં પૂરા ઇતિહાસમાં લોકપ્રિય રહ્યા છે અને નેપોલિયનથી માંડીને અમેરિકી પ્રમુખો કે સેનાપતિઓ 'મેડિટેશન્સ'ની નકલ વગર જાણે કે ઘરની બહાર પગ મૂકતા નથી. પત્રકાર ટોમ વુલ્ફે 'અ મેન ઈન ફુલ' (1998) નામની નવલકથા લખી એ પછી અમેરિકામાં સ્ટોઈસિઝ્મનો નવો દોર ચાલુ થયો. સેલ્ફ-હેલ્પની જેનરમાં છેલ્લાં દસ-વીસ વર્ષોમાં સ્ટોઈસિઝ્મ છવાઈ ગયું છે. રયાન હોલિડે નામના ભાઈ નાની ઉંમરે ઇન્ટરનેટ માર્કેટિંગની ભારે સફળ કારકિર્દી છોડીને સ્ટોઈસિઝ્મના મિશનરી થઈ ગયા છે. બિઝનેસ કન્સલ્ટન્સી છોડીને ટિમ ફેરિસ યુટ્યુબ પર સ્ટોઈસિઝ્મના પાઠ ભણાવે છે. સાદી સમજમાં, સ્ટોઈક લાગણીથી નહિ પણ તર્કથી જીવવામાં માને છે, સંયમ પર ઘણો ભાર છે, જંગલમાં શિકારી જંગલી જાનવરના અચાનક હુમલા સામે જે રીતે સાવધ રહે તે રીતે જાત કોઈ ચૂક ન કરી બેસે તે માટે સાવધ રહેવાનું છે, આપત્તિ અને નસીબની કમજોરી સામે કાયમ તૈયાર રહેવાનું છે. સ્ટોઈક માટે કોઈ મંત્ર બરાબર સૂત્ર હોય તો તે છે 'મેમેન્ટો મોરી': કાયમ યાદ રાખો કે એક દિવસ

ઉપર જવાનું છે.

બીજી તરફ, એપિક્યુરસનું એનાથી ઊલટું છે. તાણના બદલે હળવાશનો અભિગમ છે. એપિક્યુરસ કહે છે કે જીવન બીજી વાર નથી મળવાનું, માટે આનંદ કરો. કાળેક્રમે એનું અનર્થઘટન થયું અને એપિક્યુરિયાનિઝ્મ મોજમજાની ફિલસૂફી મનાવા લાગી. પણ મૂળ સંદેશ એમ હતો કે મજા કરો પણ એવી મજા કરો જે ટકી રહે, સસ્ટેનેબલ રહે. એવી મજા એક જ છે, કેવળ અસ્તિત્વનો, જીવતા હોવાનો આનંદ.

મુદ્દો એમ છે કે, જાતને કઈ દિશામાં કેળવવી જોઈએ તે જ્ઞાન ચારેબાજુથી વગર પૂછ્યે મળ્યા કરતું હોય છે, પણ એ કાર્યક્રમ હાથ પર લઈએ ત્યારે જાતને કેવી રીતે કેળવવી તે સવાલનો જવાબ મળવો સહેલો નથી. આદોનું કહેવું છે કે સોક્રેટિસ પછીની જૂની પશ્ચિમી ફિલસૂફીમાં તેનો જવાબ છે. એકવીસમી સદીની ભાષામાં આવી તકનિકોને લાઈફ હેક્સ કહે છે. આદોએ વિવિધ સ્કૂલોની આત્મરચના કે જાતના ઘડતર (સેલ્ફ ફોર્મેશન કે સેલ્ફ કલ્ચર) માટેની જીવનલક્ષી તકનિકો તારવીને એને નામ આપ્યું, 'સ્પિરિચ્યુઅલ એક્સરસાઈઝીઝ', આધ્યાત્મિક સ્વાધ્યાય. ફુકોએ તેને 'ટેક્નિક્સ (કે પછી પ્રેક્ટિસીઝ) ઓફ ધ સેલ્ફ' તરીકે ઓળખાવી.

દાખલા તરીકે, ભારે મુશ્કેલીમાં મન ચકડોળે ચડી જાય તો શું કરવું? ઓરેલિયસ કહે છે ત્યારે ઉપર આકાશમાંથી કોઈ જોતું હોય તો તમારી પરિસ્થિતિ ત્યાંથી કેવી દેખાય તેની કલ્પના કરી જુઓ, તો મુશ્કેલી બહુ નાની જણાશે. ઉપરથી જોવું એટલે કે વૈશ્વિક દૃષ્ટિકોણ કેળવવો, પોતાના નહિ પણ પ્રકૃતિના તર્કની સાથે ચાલવું, નાનકડી જાતમાંથી બહાર નીકળીને, જીવાત્માથી પરમાત્મા તરફ પ્રયાણ કરવું. દાખલા તરીકે, અણીના સમયે શેઠની શિખામણ યાદ ન આવે તો શું કરવું? બોધપાઠને તત્કાળ યાદ રહે તેવો બનાવો. ટૂંકામાં ટૂંકું સૂત્ર બનાવી તેનું વખતે વખતે ચિંતન કરવું. જેમ કે, સ્થિતપ્રજ્ઞ અથવા કહો કે વૈષ્ણવજનનાં લક્ષણોની યાદીનું દિવસમાં બે વાર રટણ કરવું. જાતસુધારની કવાયત આમ તો જાતની અંદર તરફની જાત્રા છે, પણ એમાં બહારથી મિત્રો મદદ કરી શકે છે, અને એકબીજાની સાથે મળીને આધ્યાત્મિક કવાયતો વધુ અસરકારક રીતે કરી શકાય છે. જાત સાથેના સંવાદને, મનના પાછલા ખૂણે ચાલતી ટેપને કાબૂમાં રાખવા પર પણ ભાર મુકાય છે. તે માટે પ્લેટોના સોક્રિટક સંવાદને નમૂનારૂપ ગણીને ચાલવાની શીખ છે. સતત જાતપરીક્ષણ કરવું, બને તો રોજનીશી કે આત્મકથા લખીને. જાતને કાબૂમાં રાખવી હોય તો શરૂઆત ખાવા-પીવા-સૂવામાં મર્યાદા રાખીને કરવી. લાલચ સામે આત્મસંયમ શીખવા

માટે ન હોય ત્યાંથી સામે લાલચ મૂકીને, દાખલા તરીકે, સામે બત્રીસ પકવાન મૂકીને સંયમની પરીક્ષા કરવી (એવું જ બ્રહ્મચર્ય માટે પણ). મૂળે, સ્ટોઈક માટે નસીબનાં વિઘ્નો આવે કે જાય તેની ખુશી કે ગમ નથી, પણ સદ્-ગુણ એ જ ખુશાલી છે. સોક્રેટિસે એ ફિલસૂફી પર ભાષણો આપવાને બદલે કે તમે વાંચી રહ્યા છો તેવા લેખો લખવાને બદલે જીવનમાં જ એ વિચાર ઉતારી બતાવ્યો.

આનંદના સમાચાર એ કે બુદ્ધની જેમ સ્ટોઈક પણ માને છે કે સદ્-ગુણો કેળવવા એ કોઈ ગૂઢ કામ નથી જેનું રહસ્ય ગુરુજી કાનમાં ફૂંક મારીને કહે તો જ આવડે. ગુણો કેળવવા એ કોઈ પણ શીખી શકે તેવી, કૌશલ્યની વાત છે. કુશળ શબ્દના મૂળમાં સ્કિલ, પણ છે. જેમ સુથારી શીખી શકાય તેમ સદ્-ગુણ પણ શીખી શકાય. (ઈસુ ખ્રિસ્ત સુથારીકામ કરતા હતા, કબીર વણકર હતા અને ગાંધીની નઈ તાલીમમાં આંગળી કે હાથનાં કામ પર ભાર છે.)

પશ્ચિમમાં ફ્રોઈડે થેરાપી શરૂ કરી પછી મનોવિજ્ઞાનમાં અનેક નવાં પ્રકરણો આવ્યાં તેમાં કોગ્નિટિવ બિહેવિયર થેરાપી (સીબીટી) ઘણી સફળ રહી છે. તેના સ્થાપકો કહે છે કે તેમણે સ્ટોઈસિઝ્મના અને ખાસ કરીને એપિક્ટેટસના બોધપાઠને સરળ રીતે ઉપયોગમાં મૂક્યા છે. આદોએ એ કામ એકેડેમિક ફિલોસોફીમાં કર્યું. સ્ટોઈક ત્રિપુટી ઇતિહાસમાં કદી ભુલાઈ નહોતી અને અમુક વર્તુળોમાં એમનાં કુલ મળીને જે ચાર-પાંચ પુસ્તકો છે તે બાઈબલની માફક વંચાતાં રહ્યાં, પણ આદોએ ઊંડા અધ્યયનથી એમાંની ચોક્કસ તકનિકોને ઉજાગર કરી અને સામાન્ય વાચકો સુધી ફરી પહોંચાડી.

દર્શનશાસ્ત્ર સિવાય સાહિત્યમાં આદો ખાસ કરીને જર્મન કવિઓ ગટે (ગ્વેથે) અને રાઈનર મારિયા રિલ્કેમાંથી બોધ તારવે છે. ગટે વર્તમાન ક્ષણમાં જ જીવવાની વાત કહી હતી. આદો માને છે કે ભૂત-ભવિષ્ય છોડીને હાલની ઘડી પર જ ધ્યાન આપવું તે બધા જ આધ્યાત્મિક સ્વાધ્યાયની ચાવી છે. (વિપશ્યના સહિત અનેક ધ્યાન પદ્ધતિઓ પણ એમ જ કહે છે.) વળી, જો ફ્રેન્ચ વિચારક મોરિસ મેર્લો-પોન્તી કહે છે તેમ ફિલોસોફી દુનિયાને નવી નજરથી જોવાની કળા હોય, તો આદો કહે છે કે સાહિત્યમાં એ કામ માર્સેલ પ્રુસ્તે તેમની મહાનવલ 'ઈન સર્ચ ઓફ લોસ્ટ ટાઈમ' દ્વારા સુપેરે પાર પાડ્યું છે.

આદો છેલ્લે છેલ્લે દેશકાળથી ઉપર ઊઠીને અધ્યાત્મના સાર્વત્રિક, વૈશ્વિક માળખાંઓ અને અભિગમો તરફ વળ્યા હતા. તેમનું માનવું હતું કે, અમુક નીતિમત્તા અને મૂલ્યો મૂળે દુનિયાભરમાં સમાન છે, અને અલગ અલગ સમયે અલગ અલગ સંસ્કૃતિમાં વ્યક્ત થતાં

રહે છે. એની રજૂઆત એના સ્થાનિક સંદર્ભ મુજબની હોય, પણ મૂલ્યો તો એ જ છે. પ્લોટિનસ-શંકરાચાર્યની તુલના નોંધી, તેમ આદોએ સ્ટોઈસિઝ્મ અને બુદ્ધની વચ્ચે સામ્ય જોયું. બંને પરંપરા, દાખલા તરીકે, કહે છે કે, ''ખુશ થવા માટે માણસે દુઃખનાં કારણો - એટલે કે ઇચ્છાઓ - શક્ય થઈ શકે તેટલાં ઘટાડવાં જોઈએ.''

ક્યારેક કોઈ વ્યકિત કે વિચારમાં જૂનાં માળખાં નવા સ્વરૂપે દેખાય છે. ઉપર ઘણે ઠેકાણે (આત્મકથા, વૈષ્ણવજન, બ્રહ્મચર્ય વગેરે સંદર્ભોમાં) ગાંધી યાદ આવે. ગાંધી તાત્ત્વિક સ્તરે સ્ટોઈક હતા એવો વિચાર ભારતીય મૂળના બ્રિટિશ ફિલસૂફ રિચાર્ડ સોરાબજીએ આગળ વધાર્યો છે. આદોનાં લખાણોમાં વિવિધ તકનિકો વાંચતાં ગાંધીની પોતે જ વિકસાવેલી તકનિકો સાંભરે. જુગતરામ દવેના પુસ્તકનું શીર્ષક બિલકુલ આ જ ક્રમમાં બેસે એમ છે: 'આત્મરચના અથવા આશ્રમી કેળવણી'. આદોની અસર હેઠળ વિવિધ વિચારોનો જિવાતા જીવન સાથે મેળ બેસાડવા પર ચિંતનમનન થઈ રહ્યું છે, તેમાં ભારતીય દર્શનશાસ્ત્રના અગ્રણી નિષ્ણાત જોનાર્દન ગાનેરી બુદ્ધથી લઈને ટાગોર સુધીના વિચારોને 'ફિલોસોફી એઝ એ વે ઓફ લાઈફ'ના સ્વરૂપમાં રજૂ કરી રહ્યા છે.

આદો 88 વર્ષની ઉંમરે એપ્રિલ 2010માં અવસાન પામ્યા, ત્યારે તેમના ત્રણેક પુસ્તકો અંગ્રેજીમાં ઉપલબ્ધ થયાં હતાં. જેઓ સમતા, શાન્તિ અને ખુશહાલીની ખોજમાં હતા પણ નવા જમાનાના બજારુ ગુરુઓ કે 'હાઉ ટુ બી હેપ્પી, ઈન થર્ટી ડેઝ' જેવાં સેલ્ફ-હેલ્પ પુસ્તકોથી થાક્યા હતા, તેવા વાચકોને એમનાં પુસ્તકોમાંથી નવી દિશા મળી. ધર્મ-અધ્યાત્મની પરિભાષા કોઈને ચવાઈ ગયેલી અને બિનઅસરકારક જણાય. આદોનાં પુસ્તકોમાં સોક્રેટિસ જેવા મહાનુભાવોના જીવનદર્શનને આપણા પોતાના જીવનમાં આજથી જ કેવી રીતે ઉતારવું તે વાત એવી સરળતાથી અને સહાનુભૂતિથી મિત્રભાવે રજૂ કરી છે કે ઘણા વાચકો એક જુદો જ ઉત્સાહ અનુભવે છે, જોમ મેળવે છે. અમેરિકામાં ફિલોસોફી નહિ પણ ઇતિહાસનો અભ્યાસ કરતા એક વિદ્યાર્થીએ તેમને લખેલું તે બીજા પણ ઘણા વાચકો તેમને કહેતા આવ્યા હતા: ''તમે મારી જિન્દગી બદલી નાખી.''

❑❑❑

મૂર્તિની માફક મનુષ્યનું જીવન બધી બાજુથી સુંદર હોવું જોઈએ.

- સોક્રેટિસ



કિંગ લિયર

☐ શેક્સપિયર ☐ રેડિયો રૂપાંતર અને અનુવાદ : ચન્દ્રકાન્ત ટોપીવાળા

દૃશ્ય ૧

કિંગ લિયર - આ રહ્યો નકશો. મેં મારા રાજ્યને ત્રણ ભાગમાં વહેંચી નાખ્યું છે. હવે હું વૃદ્ધ થયો. મારી બધી જવાબદારી તમને સોંપી હું નિવૃત્ત થવા માગું છું. કહો, દીકરીઓ, તમારામાંથી સૌથી વધારે મને કોણ ચાહે છે? જે દીકરી મને સૌથી વધારે ચાહતી હશે એને સૌથી વધારે સમૃદ્ધ પ્રદેશ હું આપવા માગું છું. ગોન્હિલ, તારું મન શું કહે છે?

ગોન્હિલ - પિતાજી, સાચું કહું તો મારા પ્રેમને હું શબ્દોમાં મૂકી શકતી નથી. મારી આંખોની કીકી કરતાં પણ તમે મારે મન અમૂલ્ય છો. જગતની સર્વ સમૃદ્ધિ તમારા પ્રેમ આગળ તુચ્છ છે. હું તમને મારા જીવન કરતાં પણ વધારે ચાહું છું. કોઈ દીકરીએ પોતાના પિતાને ચાહ્યા ન હોય એવી ઉત્કટતાથી હું તમને ચાહું છું પિતાજી, મારી વાણી મારા પ્રેમને વ્યક્ત કરવા અસમર્થ છે.

કોર્ડેલિયા - (સ્વગત) અને હું... શું કહીશ? કંઈ જ નહીં. હું ફક્ત ચાહીશ અને મૂંગી રહીશ.

કિંગ લિયર - શાબાશ, બેટા શાબાશ. તને મારા રાજ્યનો સમૃદ્ધમાં સમૃદ્ધ પ્રદેશ ભાગમાં આપું છું. બેટા રીગન, તું તો કંઈ હૃદય ખોલીશને?

રીગન - પિતાજી, જે માટીમાંથી મારી બહેન ઘડાયેલી છે તે જ માટીમાંથી હું ઘડાયેલી છું. મને એનાથી ઓછી ના સમજશો. મારા હૃદયના ઊંડાણમાં જે વસ્તુ હતી તે જ બહેને વ્યક્ત કરી છે. જગતના સર્વ આનંદોમાં તમારા પ્રેમનો આનંદ અનોખો છે, પિતાજી.

કોર્ડેલિયા - (સ્વગત) અને હું... કોર્ડેલિયા. માત્ર એટલું જ જાણું છું કે મારી જીભ કરતાં મારો પ્રેમ વધારે સમૃદ્ધ અને ઊંડો છે.

કિંગ લિયર - દીકરી હું ખૂબ ખુશ છું. મારા રાજ્યનો ફળદ્રુપમાં ફળદ્રુપ પ્રદેશ તને ભાગમાં આપું છું. બેટા કોર્ડેલિયા, તું તો મારી નાની અને લાડકી દીકરી છે. તારે તો ઘણું કહેવાનું હશે!

કોર્ડેલિયા - મારે? મારે તો કાંઈ જ કહેવાનું નથી, પિતાજી.

કિંગ લિયર - (આંખો ફાડીને) શું કહ્યું? તારે કશું નથી કહેવાનું?

કોર્ડેલિયા - મારે કશું નથી કહેવાનું પિતાજી.

કિંગ લિયર - તો સાંભળી લે કોર્ડેલિયા. તારે કશું નથી કહેવાનું તો તને કશું નથી મળવાનું. હજીય કહું છું કે તારા શબ્દો સુધારી લે.

કોર્ડેલિયા - પિતાજી, હું કમનસીબ છું કે મારા હૃદયને વાણીમાં ઉતારી શકતી નથી. એક દીકરી પિતાને ચાહે તેમ હું તમને ચાહું છું, ન તો વધારે, ન તો ઓછા.

કિંગ લિયર - હજીય સમય છે, કોર્ડેલિયા, નહીં તો મારા રાજ્યમાંથી તને એક ફૂટી કોડી પણ નહીં મળે.

કોર્ડેલિયા - પિતાજી, તમે મને જન્મ આપ્યો, મને પાળી, પોષી, મોટી કરી એના બદલામાં મારી ફરજ છે કે મારે તમને પૂજ્ય ગણી માન આપવું. તમારો આદર કરવો. મારી બહેનો જો એમ કહેતી હોય કે આખા સંસારમાં ફક્ત તેઓ તમને જ ચાહે છે તો તેમના પતિઓનું શું? અને હું પણ પરણીશ. મારા પ્રેમનો ઘણો અંશ મારા પતિ સાથે પણ જશે.

કિંગ લિયર - શું આ મારી દીકરી કોર્ડેલિયા બોલી રહી છે!

કોર્ડેલિયા - પિતાજી, હું તમારી નાની દીકરી કોર્ડેલિયા જ બોલી રહી છું.

કિંગ લિયર - તું આટલી નાની, સુકુમાર અને આટલી કઠોર!

કોર્ડેલિયા - સૌથી નાની પિતાજી પણ સાથે સાથે સૌથી વધારે સાચી.

કિંગ લિયર - કોર્ડેલિયા, કાફર, તારી પાસેથી મેં ક્યારેય આવી આશા નહોતી રાખી. તને મારા રાજ્યમાંથી એક તસુ જમીનનો ટુકડો નહીં મળે. પિતા તરીકેનો મારો પ્રેમ હું પાછો ખેંચી લઉં છું અને આજથી માની લઈશ કે તું મરી ગઈ છે. તારું મોં કાળું કર, અહીંથી. બાકી રહેલો ભાગ હું મારી આ બંને દીકરીઓને વહેંચી દઉં છું. દીકરી ગોન્હિલ અને દીકરી રીગન, તમને મારું અડધું અડધું રાજ્ય સુપ્રત કરું છું. હું ફક્ત મારી સાથે મારા સો માણસો રાખીશ અને વારાફરતી તમારે ત્યાં મહિનો મહિનો રહીશ. લ્યો આ મુગટ, તમે બંને વહેંચી લો.

દૃશ્ય ૨

કિંગ લિયર - શું છે દીકરી ગોન્હિલ? તું હમણાં હમણાંની આમ ચિઢાયેલી ચિઢાયેલી કેમ રહે છે?

ગોન્હિલ - પિતાજી, તમારા એક એક માણસો અમારી ભૂલ કાઢ્યા કરે છે. અહીં ધાંધલ અને ધમાલ મચાવે છે. મને એમ હતું કે તમને કહેવાથી કાંઈ રસ્તો થશે, પણ ઊલટાના તમે જ તો તેમને ચઢાવો છો. તમે જ તેમને ઉત્તેજો છો. જો આ જ પ્રમાણે ચાલ્યા કરશે, પિતાજી તો તમારી લાગણી દુભાવીને પણ અમારે રાજ્યની સહીસલામતી માટે એમની સામે ચાંપતાં પગલાં લેવાં પડશે.

કિંગ લિયર - શું આ મારી દીકરી ગોન્હિલ બોલી રહી છે?

ગોન્હિલ - પિતાજી, હમણાં હમણાંના તમે તદ્દન બદલાઈ ગયા છો. હું જાણું છું કે તમારામાં ડહાપણ છે. તો એ ડહાપણનો ઉપયોગ તમારી પોતાની જાત પર કાબૂ રાખવામાં અને તમારા માણસો પર કાબૂ રાખવામાં કરો.

કિંગ લિયર - શું, કોઈ મને ઓળખે છે? શું હું લિયર નથી રહ્યો? શું લિયર આ પ્રમાણે ચાલતો હતો? શું એ આ પ્રમાણે બોલતો હતો? શું એની બુદ્ધિ મંદ પડી ગઈ છે કે એની શક્તિઓ હણાઈ ગઈ છે? એ જાગે છે કે ઊંઘે છે? કોઈ મને કહેશો કે હું કોણ છું! હું લિયર છું કે લિયરનું ભૂત? છોકરી, તારું નામ શું છે?

ગોન્હિલ - આશ્ચર્ય પામવાની કોઈ જ જરૂર નથી, પિતાજી હું એ જ ગોન્હિલ છું. તમારું આ આશ્ચર્ય એ પણ તમારા હમણાંનાં ઊભાં થતાં તૂતોમાંનું એક તૂત છે. મને સાચી રીતે સમજો એમ હું ઇચ્છું છું. તમે વૃદ્ધ છો, પૂજ્ય છો. તો જરા વ્યવહારુ બનો. અહીં તમે તમારા સો ગોઠિયાઓને રાખ્યા છે, જે તદ્દન ઉદ્ધત ઉચ્છૃંખલ અને ચારિત્ર્યહીન છે. એમના ખાઉધરાપણાથી અને એમના છાકટાપણાથી રાજ્યની કચેરી પીઠામાં ફેરવાઈ ગઈ છે. આ અસહ્ય સ્થિતિને લઈને જ હું તમારી પાસે આવી છું. તમને કહ્યા વગર જ મેં તેમની સંખ્યાને ઘટાડી દીધી હોત. તેમ છતાં હું તમને આવીને વિનતિ કરું છું કે એમની સંખ્યાને ઓછી કરી નાખી, તમારી વૃદ્ધાવસ્થાને છાજે એ પ્રમાણે તમે રહો.

કિંગ લિયર - ઓહ, તું દીકરી થઈને શું બોલી રહી છે એનું તને ભાન છે? મારા ઘોડાને તૈયાર કરો. મારા સુભટોને એકઠા કરો. છોકરી, તારા ઘરનું અન્નજળ મારે હરામ છે. મારી બીજી દીકરી હજી જીવે છે. મને ખાતરી છે કે એ માયાળુ અને પ્રેમાળ છે. જ્યારે એ તારા આ વર્તાવ અંગે જાણશે ત્યારે તને વરુની જેમ ત્યાં ને ત્યાં કાચી ને કાચી કરડી ખાશે. તું જોઈશ છોકરી કે લિયર હજી લિયર જ રહ્યો છે.

(એકદમ ઘોડા પર ચાલી જાય છે - ડાબલાંનો અવાજ)

ગોન્હિલ - વધારે પડતી શ્રદ્ધા રાખવા કરતાં વધારે પડતો ભય રાખવામાં જ સલામતી છે. વિઘ્નો મને હણી નાખે તે પહેલાં જ વિઘ્નોને હું હણી નાખીશ. હું જાણું છું કે એનું હૃદય કઈ માટીમાંથી ઘડાયેલું છે. જે એને અહીં કહ્યું છે તે મારી બહેનને લખી દઉં. હું નથી માનતી કે રીગન એને આશરો આપે.

દૃશ્ય ૩

કિંગ લિયર - શું કહ્યું? એ મારી સાથે વાત નહીં કરી શકે! માંદી છે? થાકી ગઈ છે! મારે મારો માણસ મોકલવો પડશે. જા... એને અહીં આવવાનો હુકમ કર. હું એની સાથે વાત કરવા માગું છું. ઓહ જીવ, જરા સ્વસ્થ થા. જરા શાંત થા.

રીગન - (પ્રવેશ સાથે) પિતાજી પ્રણામ.

કિંગ લિયર - આશીર્વાદ, બેટા.

રીગન - તમને જોઈને આજે ઘણો આનંદ થયો, પિતાજી.

કિંગ લિયર - મને જોઈને તને ખરેખર આનંદ થયો જ હશે. ખરી વાત છે બેટા. તને જો આનંદ નહીં થાય તો તું મારી દીકરી શાની? બેટા રીગન, તારી મોટી બહેન નાલાયક નીકળી. એણે મારી સાથે ક્રૂર અને ઘાતકી વ્યવહાર કરી મારા હૃદયને હણી નાખ્યું. હું તને કેમ કરીને કહું. તું નહીં માને બેટા રીગન, પણ ગોન્હિલ નીચ છે...

રીગન - પિતાજી, જરા સ્વસ્થ થવા પ્રયત્ન કરો. તમારા તરફની ફરજમાંથી મોટી બહેન ચલિત થઈ હોય એના કરતાં વધારે સાચું તો એ હશે કે તમે એને સમજી નહીં શક્યા હો.

કિંગ લિયર - તું શું કહે છે, રીગન?

રીગન - હું માની જ શકતી નથી કે બહેન એની ફરજમાંથી સહેજ પણ ચલિત થઈ હોય. અને કદાચ તમારા માણસોની ઉદ્ધતાઈ કે ઉચ્છૃંખલતા દબાવવા એણે પ્રયત્ન કર્યો હોય તો એમાં એણે ખોટું પણ શું કર્યું છે?

કિંગ લિયર - ઓ ગોન્હિલ, છોકરી...

રીગન - પિતાજી, તમે હવે વૃદ્ધ થયા છો. તમે તમારી જાતની સંભાળ રાખો એના કરતાં કોઈ બીજી વ્યક્તિ તમારી સંભાળ રાખે અને તમને વશમાં રાખે એ વધારે યોગ્ય ગણાય. મારું કહ્યું માનો અને પાછા બહેનને ત્યાં જાઓ. ઓ પિતાજી તમે એને અન્યાય કર્યો છે. તમારે એની માફી માગવી જોઈએ.

કિંગ લિયર - હું અને એની માફી માગું? એની સામે ઘૂંટણિયે પડીને હું એમ કહું કે 'દીકરી હું કબૂલ કરું છું કે હું વૃદ્ધ થયો છું. હવે મારી વૃદ્ધાવસ્થા ભાર-રૂપ બની ગઈ છે. તું હવે મને સંભાળ. મારા ખાવા, પીવા અને પહેરવાનો પ્રબંધ કરી આપ...

રીગન - બસ થયું, પિતાજી, આ તમને શોભતું નથી. બહેનને ત્યાં પાછા ચાલ્યા જાઓ એ જ અત્યારે વધુ ઉચિત છે.

કિંગ લિયર - એ કદી નહીં બને, રીગન. એણે મારા સુભટોને ઓછા કરવાનું કહ્યું છે. મારું અપમાન કર્યું છે. કાળી નાગણની પેઠે એની કાતિલ જીભથી નીકળેલા શબ્દોએ મારા હૃદયને ડંખ્યું છે... એ વાંઝણી રહેશે, રીગન એ વાંઝણી રહેશે...

રીગન - શરમ છે, પિતાજી શરમ છે...

કિંગ લિયર - એ કમબખ્ત. એના પર વીજળી ત્રાટકે. એનું સૌંદર્ય રાખ થઈ જાય. એ નરકનો કીડો બની...

રીગન - બસ કરો, પિતાજી. આજે તો તમે બહેન માટે આવા શબ્દો ઉચ્ચાર્યા છે. કાલ ઊઠીને તમે મારે માટે પણ આવું બોલતાં અચકાશો નહીં.

કિંગ લિયર - ના, ના, બેટા રીગન, તને હું કોઈ દિવસ નહીં કહું. હું જાણું છું કે તારું હૃદય ક્યારેય ઘાતકી નહીં બને. તું કદીય ક્રૂર નહીં થાય. બેટા, એની આંખો મને ડારતી હતી પણ તારી આંખોમાં હું અમી જોઉં છું. તું મને કદી કઠોર શબ્દોથી નહીં હણે. મારા સુભટોને ઓછા કરવાનું કદી કહેશે નહીં. મારી સામે કદી ભવાં ચઢાવશે નહીં. મને તારા ઘરમાં આવતો અટકાવશે નહીં. હું જાણું છું દીકરી તું કઈ માટીમાંથી ઘડાયેલી છે. મેં તને મારું અડધું રાજ્ય આપી દીધું છે તે પણ તું નહીં ભૂલે, બેટા...

રીગન - પિતાજી, મારે લાંબી લપ નથી સાંભળવી. ટૂંકમાં જે કહેવું હોય તે કહી દો.

કિંગ લિયર - રીગન!

રીગન - પિતાજી, હજીય કહું છું કે તમે વૃદ્ધ અને અશક્ત છો. તમારો ત્યાંનો મહિનાનો વસવાટ હજી પૂરો થયો નથી. તમે પાછા ફરો અને ત્યાં મહિનો રહ્યા બાદ અહીં આવજો.

કિંગ લિયર - હું! અને પાછો જાઉં? રીગન, ના ના એ કદી નહીં બને. ઘેર ઘેર ભીખ માંગીને ભટકી ખાઈશ. કુદરતનાં તોફાની તત્ત્વો સામે લડી લડીને જીવીશ, ઘુવડ અને રીંછની સંગતમાં રાતો ગાળીશ, પણ એને ત્યાં તો નહીં જ જાઉં. મારા સુભટો અને હું હવે તો અહીં જ રહીશું.

રીગન - તો સાંભળી લ્યો, પિતાજી. હું અત્યારે તમને રાખી શકું એમ નથી. અને ન તો અત્યારે તમારી સરભરા કરી શકું એવી સ્થિતિમાં છું. તમારી વૃદ્ધાવસ્થાને લઈને તમારી બુદ્ધિ મંદ થઈ ગઈ છે. બહેન સારી રીતે જાણે છે કે તેણે શું કરવું ને શું ન કરવું. તો, પિતાજી તમે પાછા ફરો.

કિંગ લિયર - રીગન, આ તું શું બોલી રહી છે?

રીગન - એમાં કશું ખોટું કહેતી નથી.

કિંગ લિયર - મેં તમને મારી બધી સમૃદ્ધિ ધરી દીધી...

રીગન - અને તે પણ બહુ જ સમયસર પિતાજી.

કિંગ લિયર - અને તું આજે આમ બોલી રહી છે!?

રીગન - મારે કશું વધારે સાંભળવું નથી... સમજ્યા, પિતાજી!

કિંગ લિયર - ઓહ પ્રભુ, મને શક્તિ આપ પ્રભુ! આંસુ તો સ્ત્રીઓનું શસ્ત્ર છે. મારા ગાલ હવે આંસુથી ભીના નહીં થાય. મારાં અંગે અંગે બળનો સંચાર થાઓ. અને જાણી લે રીગન કે તમારા ઘાતકીપણાનો હું એવો તો બદલો લઈશ કે આખી ધરતી ધ્રૂજી ઊઠશે. નહીં... હવે આંસુ નહીં... તું એમ માને કે હું રોઈશ? કદી પણ નહીં. રોવાનું કારણ છે છતાંય નહીં... હું રોઈશ તે પહેલાં તો મારું હૃદય ફાટી પડશે... ઓ પ્રભુ મને બચાવ... મને મને બચાવ. હું ગાંડો થઈ જઈશ... (ગાંડાની પેઠે જાય છે)

રીગન - આવા જિદ્દી બુઢ્ઢાને તો એના સંજોગો જ એને ઠેકાણે લાવશે. દ્વારપાળ, દ્વાર બંધ કરી દો. રાત્રિ ભયંકર ઊતરી આવી છે! કુદરતમાં ભયંકર તોફાન ઊઠ્યું છે. જલદી દ્વાર બંધ કરી દો...

દૃશ્ય ૪

કોર્ડેલિયા - ઓ ઈશ્વર, તું કરુણાળુ છે. મારા પાગલ પિતા પર કૃપા કર. પોતાની ક્રૂર પુત્રીઓને હાથે પાગલ બનેલા મારા પિતાની લુપ્ત થયેલી ઇન્દ્રિયો અને બુદ્ધિને સતેજ કર. મારાથી નથી જોયું જતું આ. પિતાજી સંજીવની તો મારા આ વહાલભર્યા હાથમાં જ ભરી છે. મને માથે હાથ ફેરવવા દો. મારી બહેનોએ કરેલા એના પૂજ્ય અને વહાલા પિતાના હૃદય પરના જખમોને ધોઈ નાખવા દો. શું આ વૃદ્ધ બદન પર તમે ભયંકર સૂસવતા ઝંઝાવાતની થપાટો સહી? શું આ મુઠ્ઠીભર જીર્ણ શીર્ણ અને અશક્ત બની ગયેલી કાયા ભયંકર કડાકા અને વીજળીના કારમા ઝાટકા સામે ઝઝૂમી રહી? દુઃશ્મનનો કરડકણો કૂતરો પણ જો એ અંધારી તોફાની રાતે મારે બારણે આવ્યો હોત, પછી ભલે એ મને એક વાર કરડ્યો હોત તો પણ હું એને અંદર લઈ લેત... અને આ મારા વૃદ્ધ પિતાએ, શું એ અંધારી રાત ચામાચીડિયા ને ઘુવડની સંગમાં કોક અવાવરું ગુફામાં કાઢી! હાશ... પિતાજી

ભાનમાં આવતા લાગે છે.

કિંગ લિયર - મારી કબરમાંથી બહાર કાઢી મને અન્યાય કર્યો છે. તમે તો સ્વર્ગની પરી છો. પણ હું તો નરકની યાતના ભોગવવા બંધાયેલો પાપી જીવ છું. અને જ્યારે જ્યારે હું એ સંભારું છું ત્યારે ત્યારે મારી આંખોમાંથી પીગળેલા સીસાની જેમ આંસુઓ વહી જાય છે.

કોર્ડેલિયા - મને ન ઓળખી, પિતાજી!

કિંગ લિયર - હું તને ઓળખું છું... હું તને ઓળખું છું, દીકરી. તું પરી છો. તું આ લોકની નથી. હું કોણ છું? હું ક્યાંથી આવ્યો છું? હું ક્યાં છું? આ સ્વચ્છ સૂર્યપ્રકાશ! મને તમે ચોક્કસ છેતરો છો!

કોર્ડેલિયા - પિતાજી, જરા મારી સામે તો જુઓ. મને આશીર્વાદ આપો. પિતાજી હું તમને વંદન કરું છું!

કિંગ લિયર - દીકરી, દીકરી મારી મશ્કરી ન કર. હું તો એક વૃદ્ધ અને મૂર્ખ પિતા છું. એંશી વરસનો બુઢ્ઢો છું. મારા મગજનું ઠેકાણું નથી. મને ખબર નથી પડતી કે આ કયું સ્થળ છે? મારાં આ વસ્ત્રો કોણ બદલાવ્યાં? મને કેમ કશું સમજાતું નથી! ગઈ રાત્રિએ મેં ભોજન ક્યાં કર્યું હતું? મને કેમ કશું જ યાદ નથી? તું મારી દીકરી કોર્ડેલિયા હોય એવી લાગે છે.

કોર્ડેલિયા - પિતાજી, પિતાજી, હું તમારી દીકરી કોર્ડેલિયા જ છું.

કિંગ લિયર - તારી આંખો આંસુથી ભીની! ના ના લોહી નાખ, બેટા લોહી નાખ. તું મને ઝેરનો કટોરો દેશે તો પણ હું હસતે મોઢે ગટગટાવી જઈશ. હું જાણું છું તું મને નથી ચાહતી. તારી બહેનોએ મારા પર કારણ વિના વિતાડ્યું છે. તને તો સબળ કારણ છે. દીકરી...

કોર્ડેલિયા - મારે તો કોઈ જ કારણ નથી, પિતાજી.

કિંગ લિયર - શું હું ફ્રાન્સમાં છું?


કોર્ડેલિયા - તમારે જ ઘેર છો પિતાજી.

કિંગ લિયર - દીકરી, મારી દીકરી મને છેતર મા...

કોર્ડેલિયા - આવો પિતાજી, મારે ખભે હાથ મૂકીને ચાલો... આવો...

કિંગ લિયર - ઓહ દીકરી... આટલું સહન કરી લે. મને વેઠી લે દીકરી. હું તને વિનતિ કરું છું કે બધું ભૂલી જા અને મને માફ કર... હું તારો વૃદ્ધ અને મૂર્ખ પિતા છું, મને માફ કર દીકરી, મને માફ કર.

❑❑❑



એક પ્રબુદ્ધ ચેતના

☐ હોમી દસ્તુર

મહાત્મા ગાંધી વિશે પૂછીએ તો દસમાંથી આઠ કહેશે કે એમણે આપણને બ્રિટિશ સામ્રાજ્યની બેડીઓમાંથી આઝાદ કર્યા. આ કરુણાજનક વાત છે. આ એક હિમાલય જેવું અલ્પકથન છે. બાપુ આજીવન ભારતની પ્રજાના ચારિત્ર્યને ઊંચું લાવવા અને ચેતનાને જાગૃત કરી સાચા મનુષ્ય બનાવવા સંઘર્ષશીલ બનીને પ્રવૃત્ત રહ્યા. સ્વાતંત્ર્ય મેળવવું એ તો એકમાત્ર સાધન હતું.

આહારથી મોક્ષ સુધીના મનુષ્યજીવનના આયામમાંથી ભાગ્યે જ એવો વિષય હશે જેના ઉપર બાપુએ ચિંતન કરીને મૌલિક વિચારણા આપી એનું ચુસ્ત પાલન કર્યું ન હોય. એને તેઓ 'સત્યના પ્રયોગો' તરીકે રજૂ કરે છે. એમને માટે 'સત્ય' ઈશ્વર હતું. એમણે આચરણ વગરનું જ્ઞાન ક્યારેય પીરસ્યું નથી. એટલે જ લાખો લોકો એમને અનુસરે છે અને એમના દેહાંતનાં 71 વર્ષ પછી પણ આખી મનુષ્યજાતિ માટે નૈતિક-મૂલ્યનો શક્તિશાળી સ્રોત બની રહ્યા છે.

આજે ધિક્કાર અને હિંસાની તાકાતો

દ્વારા એમની વિરાસતને કપટ અને ક્રૂરતાપૂર્વક ઇતિહાસની કચરાપેટીમાં પધરાવવાના સુયોજિત પ્રયત્નો થઈ રહ્યા છે પણ આ એકવડિયો વૃદ્ધ ડોસો અદશ્ય થતો નથી. એટલે સુધી કે એમના નિંદકો સુધ્ધાં એમની સામે ખુલ્લી રીતે સંઘર્ષ વહોરવા તૈયાર નથી. એટલે નિયમિત અને રૂઢિગત રીતે અપાતી શ્રદ્ધાંજલિઓ અને એમના ફોટા તેમ જ પ્રતિમાઓને હારતોરા ચઢાવવાનાં બીભત્સ નાટકો કરવાં પડે છે.

બાપુએ એમની નિર્ભયતાથી મને હંમેશાં આશ્ચર્યચકિત કર્યો છે. આ નિર્ભયતા એટલે માત્ર હિંમત નહીં. હિંમત તો ક્ષણભંગુર અને અનિત્ય, ધીટ અને વીરત્વવાળી હોઈ શકે. નિર્ભિકતા શાંત અને સ્થિર, ટકાઉ અને અવિનાશી છે. એક પ્રબુદ્ધ ચેતનાની સનાતન અવસ્થા છે. પોતાના ધ્યેય માટે સ્વેચ્છાએ હસતાં હસતાં પીડા તેમ જ યાતના સહેવા એટલું જ નહીં પણ મોતને આવકારવા પણ તૈયાર હોય. વ્યક્તિ જ્યારે સત્ય આધારિત પોતાના ધ્યેય પરત્વે શ્રદ્ધાળુ હોય ત્યારે ન્યાયી અને પ્રામાણિક હોય છે. સત્ય માટે પોતાનું સર્વસ્વ, જીવન સુધ્ધાં ન્યોછાવર કરવા તત્પર હોય છે.

કોઈ શા માટે પોતાના ઉપર આવી પીડા અને યાતના લાદે? એને સંપૂર્ણપણે ખ્યાલ છે કે એ એનાથી વિમુખ રહી શકે છે. એના કારણમાં છે પ્રેમ અને કરુણા, અન્યો પ્રત્યેની લાગણી અને એમને માટે કંઈક કરવાની ખેવના. અન્યને થયેલા અન્યાય માટે વિરોધ પ્રદર્શિત કરવો અને સવિનય સંઘર્ષ કરવો. વિનોબાજીએ ગાંધીજીના જીવન અને ઉપદેશના સાર રૂપે સત્ય, પ્રેમ અને કરુણા તારવી આપ્યાં. આ સદ્ગુણોને જીવનમાં ઉતાર્યા સિવાય ભગવાન ઉપરની શ્રદ્ધા ક્યારેય પૂર્ણ બનતી નથી. એટલે જો તમે આવો સંપૂર્ણ વિશ્વાસ ધરાવતા હો જે બાપુના અસ્તિત્વનો આધાર હતો, તો જ તમે નિર્ભય બની શકો.

તમારા મનની આંખો વડે બાપુને ત્રીજા દર્જાના ડબામાં મુસાફરી કરતાં જુઓ. સ્વહસ્તે ગંધાતા પાયખાનાને સાફ કરતાં અને સ્ટેશન ઉપર કે પદ-યાત્રા દરમિયાન ટોળામાં મુક્ત રીતે ભળી જતાં જુઓ.

હવે તમારા મનની આંખો આજના VVIP તરફ કરો. હાથમાં સ્ટેનગન સાથેના બ્લેક કમાન્ડોથી ઘેરાયેલા અને લોકોથી ખાસા દૂર. બિચારો એમ માને કે પોતે સત્તાનું પ્રદર્શન કરી રહ્યો છે અને પોતાનાં પદ અને સત્તાઘમંડ પોષી રહ્યો છે. ખરેખર તો પોતાની કાયરતા અને અસુરક્ષિતતાની ભાવનાનું પ્રદર્શન કરી રહ્યો છે.

જ્યારે બાપુ પોતાની ત્રીસીમાં હતા અને દક્ષિણ આફ્રિકામાં અન્યાય સામે વીરતાપૂર્વક જંગ લડી રહ્યા હતા ત્યારે



પોતાના ભાઈને લખેલા પત્ર તા. 27 મે, 1906માં લખે છેઃ ''ભય શું છે તે હું જાણતો નથી.'' આપણામાંથી આટલી સાહજિકતાથી આવું કોણ કહી શકે?

પોતાની અનેક લડાઈ નિર્ભિક રીતે લડતા હોય ત્યારે પણ બાપુએ પોતાના વિરોધીઓ માટે મનમાં ક્યારેય દ્વેષભાવ કે વેરભાવ રાખ્યા નથી. આજે દેખાતા ધિક્કાર અને બદલાના ભાવ વિશે કંઈ કહેવા જેવું નથી. એમણે કહ્યું, ''હું ચોક્કસપણે માનું છું કે અન્યાયકર્તા તાકાતો સામેની લડતમાં આપણે એમની પ્રત્યે પ્રેમભાવ જાળવી રાખી શકીએ.'' એમણે એ કરી દેખાડ્યું. માત્ર અને માત્ર ગાંધી જ આ કરી શકે. એટલે જ એ સાચા અર્થમાં મહાત્મા હતા. બાપુને જ્યારે સફળ આંદોલનના નુસખા વિશે પુછાયું ત્યારે એમણે કહ્યું. ''સાચો અને ન્યાય સંગત ઉદ્દેશ્ય, પારાવાર પીડા સહન કરવાની અપાર સહનશક્તિ, હિંસા ન આચરવી કે અન્યો પ્રત્યે જરા પણ દ્વેષ કે દુર્ભાવ ન આવે તે માટેની કૃતનિશ્ચયતા.''

આજે આપણે એવા રાજકારણીઓ જોઈએ છીએ જેઓ પોતાના પ્રતિદ્વંદ્વીઓ માટે ઝેર ઓકતાં અચકાતા નથી. ત્યાં સુધી કે સદ્‌ગતોની આમન્યા પણ રખાતી નથી અને એમને વિકૃત રીતે રજૂ કરાય છે. બાપુને સુધ્ધાં પોતાના સહકાર્યકર્તાઓ સાથે ખાસા મતભેદ હતા. પણ ત્યારે સંસ્કૃતિ અને સદ્‌ભાવના એટલાં ઉચ્ચ હતાં કે વાક્યુદ્ધો પણ અદ્‌ભુત સ્નેહ, ગૌરવ અને પરસ્પર આદર સાથે લડાતાં. ગાંધીજીના ટાગોર, માલવિયાજી અને લાલા લજપતરાય સાથેના સંબંધોનો અભ્યાસ કરશો તો મારે જે કહેવું છે તે સરળતાથી સમજાશે.

આજે વિશ્વની સ્થિતિ જોતાં લાગે


કે માનવજાત પોતાના વિનાશ તરફ આગેકૂચ કરી રહી છે. આપણી પાસે પૃથ્વીનો 10 વાર વિનાશ કરી શકે એટલાં અણુશસ્ત્રો ખડકાયેલાં છે. પૂર્વગ્રહો, ધિક્કાર, જુદ્ધાણાં, હિંસા, ખંધાઈ, અહંકાર, 'આપણે' અને 'પેલા'ની લાગણી, ચરમસીમાનો સડેલો સ્વાર્થ, આશ્ચર્યજનક અસંવેદનશીલતા વગેરેના ઝેરે માણસના નૈતિક વસ્ત્રને ચીંથરેહાલ કરી નાખ્યું છે. માણસ સેતાનના હાથનું રમકડું બની ગયો છે. આપણે સારી રીતે જાણીએ છીએ કે મા ધરતીને આપણે મોત તરફ ધકેલી રહ્યા છીએ છતાં આપણે પ્રકૃતિનો નાશ કરી રહ્યા છીએ. મુક્તબજારના અર્થતંત્રે ઉપભોગતાવાદને નવી ઊંચાઈ અપાવી છે અને બીજી તરફ ગરીબી અને અભાવને ઊંડી ગર્તમાં ધકેલી દીધાં છે.

બાપુએ કહ્યું છે કે ધરતી માતા પાસે સૌની જરૂરિયાત સંતોષવા પૂરતું છે પણ બધાની લાલચ પોષવા નહીં. એમણે સ્વયં સાદગી અપનાવી અને આપણને વારંવાર સાદા અને નિરાડંબર જીવન માટે સમજાવ્યા. પણ ના, આપણે તો આંધળી વિલાસિતા અને અધમ સંગ્રહખોરીને વરી બેઠા. ગઈ કાલની વિલાસિતા આજની આવશ્યકતા બની ગઈ છે. વધુ અને વધુ મેળવવા પાછળ આપણે શાંતિ, નિર્મળતા અને સુખી સંતોષજનક જીવનને વેડફી રહ્યા છીએ. આપણી સ્થિતિ કેવી દારુણ છે!

ઇતિહાસની એવી કોઈ વ્યક્તિ મારા ધ્યાનમાં નથી જેણે ગાંધીજીની શરીરશ્રમની વાતને આ રીતે સમજીને સ્વીકારી હોય. એનું ગૌરવ કર્યું હોય. હું એમના સમય-પાલનની ચુસ્તતાથી આભો બની જાઉં છું. પુ. લ. દેશપાંડેના શબ્દોમાં, ''એમણે જીવનની એક મિનિટ પણ વેડફી નથી.'' અને છતાં એમને બાળકો સાથે રમવાનો, સૌને ભણાવવાનો, પાયખાનાં સાફ કરવાનો, ગમે એવા વાહિયાત પત્રનો પણ જવાબ આપવાનો સમય મળી રહેતો હતો. એમણે કોઈની પણ તરફ ઉપેક્ષા નથી સેવી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ હાસ્યવૃત્તિ ન ગુમાવવાની બાપુની ક્ષમતા માટે મને વિસ્મય થાય છે. એમના જેવું શિસ્તબદ્ધ જીવન મેં હજી સુધી જોયું નથી. કોમળ હૃદય પણ પ્રબળ ઇચ્છાશક્તિ, અકલ્પનીય નિર્ભિકતા, અન્યાય અને ઉપેક્ષા સામે સત્યાગ્રહ કરવાની એમની તાલાવેલી, સંપૂર્ણ માનવજાતને સમાવિષ્ટ કરતો નિરપેક્ષ પ્રેમ, નબળા અને વંચિતો, નાનામાં નાના અને ભૂંસાઈ ગયેલા માટેની એમની જાગરૂક કરુણા.

વિશ્વ ઝડપભેર એના વિનાશ તરફ ધસી રહ્યું છે. પણ વિનાશની ધાર ઉપરથી એણે પાછા ફરવું હશે તો બાપુનો હાથ પકડવા સિવાય એનો છૂટકો નથી.

[મૂળ અંગ્રેજીનો અનુવાદ]



'લવ ઇન ધ ટાઈમ ઓફ કોરોના'!

કોરોનાવાઈરસ - એક નવો વૈશ્વિક પડકાર

☐ આરાધના ભટ્ટ

થોડા સમય પહેલાં, કોરોનાવાઈરસ પકડ જમાવી રહ્યો હતો ત્યારે, લાંબો આંતરરાષ્ટ્રીય વિમાન પ્રવાસ કરવાનું બન્યું. માસ્કથી સજ્જ થઈને આગળની સીટ પર એક યુગલ બેઠું હતું. લાંબા પ્રવાસમાં વચ્ચે મોં પરથી માસ્ક ખસેડી બંનેએ એકમેકના ગાલ અડાડીને સહેજ ચુંબન જેવું કરી લીધું, ઉતારેલ માસ્ક ફરી પહેરીને મહિલાના વિખરાયેલા વાળ સમારવાની અને સીટમાં ફરીથી ગોઠવવાની ક્રિયા ખાસ્સી જહેમતભરી હતી. એક સહજભાવની અ-સહજ અભિવ્યક્તિ! ત્યારે નોબેલ વિજેતા સ્પેનિશ લેખક ગેબ્રિયલ ગાર્સિયા માર્ક્વેઝની નવલકથાનું નામ 'લવ ઇન ધ ટાઈમ ઓફ કોલેરા' થોડી જુદી અર્થચ્છાયાઓ લઈને યાદ આવ્યું: 'લવ ઇન ધ ટાઈમ ઓફ કોરોના'!

વિજ્ઞાન એક સિદ્ધિ મેળવે છે એની સામે પ્રકૃતિ બીજા અનેક પડકારો ખડા કરે છે. કોરોનાવાઈરસ જગતભરના વૈજ્ઞાનિકો માટે એક મોટો પડકાર લઈને આવ્યો છે. એ પડકાર મોટો એટલા માટે છે કે કોરોના એક વાઈરસ છે. એ

બેક્ટેરિયા હોત તો એને એન્ટિબાયોટિક દવાઓ દ્વારા નાથી શકાત, પરંતુ હઠીલા વાઈરસ કોઈ દવાને દાદ દે એવા નથી હોતા, એટલે એને માટે વેક્સિન શોધવી રહી. બજારમાં બહુ જ ગણીગાંઠી એન્ટિ-વાઈરલ દવાઓ ઉપલબ્ધ છે, પરંતુ એ દવાઓ અમુક ચોક્કસ વાઈરસ પર અસરકર્તા હોય છે. આ દવાઓ વાઈરસનો નાશ કરવાને બદલે એ વાઈરસની શરીર પર થતી અસરોને ધીમી પાડવાનું કામ કરે છે, જેમ કે એચ.આઈ.વી, હેપેટાઇટિસ, હર્પિસ, કે ઇન્ફ્લુએન્ઝાની દવાઓ. આ લખાય છે ત્યારે ભારત સહિત વિશ્વના 94થી વધુ દેશોમાં પ્રસરી ચૂકેલો, શ્વસનતંત્રને ભરખી જતા આ વાઈરસનો ચેપ નિર્ણાયક તબક્કે પહોંચ્યો છે અને તે આખાય વિશ્વમાં ફેલાવાની ક્ષમતા ધરાવે છે એવી ચેતવણી વિશ્વ આરોગ્ય સંસ્થાને (WHO) ઉચ્ચારી છે.

ચીન માટે ૨૦૨૦ના વર્ષની શરૂઆત આ નવા વાઈરસથી થઈ. ૩૧ ડિસેમ્બર ૨૦૧૯એ ચીને વિશ્વ આરોગ્ય સંસ્થાને આ બીમારી વિશે જાણ કરી અને પહેલી જાન્યુઆરીએ ચીનના વુહાન વિસ્તારની એક મચ્છી-બજાર આ વાઈરસનું મૂળ હોવાનું જાણવા મળ્યું, પછી જોતજોતામાં પવનવેગે આ બીમારી અનેક દેશોમાં પહોંચી ગઈ. ૨૦૧૯માં એની શરૂઆત થઈ હોવાથી એને COVID19 (Corona Virus Disease 2019) તરીકે પણ ઓળખવામાં આવી રહ્યો છે. આમ તો આ વાઈરસ દુનિયા માટે નવો નથી. છેક ૧૯૬૦ના દાયકાથી એ આપણી સાથે છે અને એણે અવારનવાર આપણને કનડગત કરી છે. છેલ્લે ૨૦૦૩માં એ SARS (Severe Acute Respiratory Syndrome) સ્વરૂપે દેખાયો હતો. શરીરરચનાશાસ્ત્રમાં લેટિન ભાષાનો શબ્દ 'કોરોના', 'મુગટ જેવા આકાર'ના અર્થમાં વપરાય છે. આ જીવાણુને જ્યારે માઈક્રોસ્કોપ નીચે જોવામાં આવે ત્યારે એના પર કણી જેવા આકાર નજરે પડે છે તેથી એનું નામ 'કોરોના' પડ્યું.

આ વાઈરસથી થતી બીમારીનાં લક્ષણ સામાન્ય ફ્લુનાં લક્ષણોથી જુદાં નથી. ખાંસી-શરદી-તાવ-શ્વાસમાં તકલીફ વગેરેથી શરૂ થઈ એનો ચેપ વ્યક્તિનાં ફેફસાં સુધી પહોંચે છે અને પછી કેટલાક કિસ્સામાં એ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો એ વાયરલ ન્યુમોનિયામાં પરિણમે છે. એ થતાં વ્યક્તિનું સ્વાસ્થ્ય ઝડપથી કથળે છે અને એનાથી મૃત્યુ પણ થઈ શકે છે. આનાં લક્ષણો સામાન્ય ફ્લુ જેવાં હોવાથી કોરોનાવાઈરસનું નિદાન થવામાં સમય લાગે એ શક્ય છે. આ વાઈરસ પડકારજનક એટલે પણ છે કે એનો ઇન્ક્યુબેશન પિરિયડ ૧૪-૨૪ દિવસનો કહેવામાં આવે છે. અર્થાત્

એક વાર ચેપ લાગ્યા પછી ૧૪-૨૪ દિવસ પછી વાઈરસજન્ય લક્ષણો દેખા દે છે. એનો પ્રસાર જે વાયુવેગે થઈ રહ્યો છે એનું મુખ્ય કારણ પણ આ જ છે- એનો ચેપ લઈને ફરનાર વ્યક્તિને પોતાને પણ એની જાણ ૧૪ દિવસ પછી થાય છે અને એ સમય દરમ્યાન એ વ્યક્તિએ અનેકોને એનો ચેપ લગાડ્યાની શક્યતા છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે કોરોનાથી થતી બીમારીનો મૃત્યુદર ભલે આ અગાઉના સાર્સની (SARS) બીમારીના મૃત્યદર કરતાં ઓછો હોય, એનો પ્રસાર ખૂબ ઝડપથી થઈ રહ્યો હોવાનું જણાય છે. તેથી કોરોનામાં સપડાનાર વ્યક્તિઓની સંખ્યા ઝડપથી વધી રહી છે અને વધશે એવો અંદાજ છે.

કોરોનાનું નિદાન કરવા માટે ખાસ લેબોરેટરી ટેસ્ટની જરૂરત પડે છે જેમાં વ્યક્તિના ગળા અને નાકમાંથી પ્રવાહીનો અથવા થૂંકનો નમૂનો લઈને એને તપાસવામાં આવે છે. જ્યાં સુધી આ તપાસ સંપૂર્ણ ન થાય ત્યાં સુધી બીમારીનાં લક્ષણોવાળી વ્યક્તિને અન્ય માનવ-સંપર્ક ન થાય એ રીતે આઇસોલેશનમાં રાખવી જરૂરી છે. એ ટેસ્ટનું પરિણામ જો પોઝિટિવ આવે, એટલે કે કોરોનાવાઈરસ હોવાનું જાણવા મળે તો વ્યક્તિને અન્ય કોઈ વ્યક્તિ સાથે સંપર્ક ન થાય એ રીતે હોસ્પિટલમાં રહેવું જરૂરી છે. આ વાઈરસ છીંક, ખાંસી કે શ્વાસોચ્છ્વાસમાં ઊડતા કણો દ્વારા હવામાં પ્રસરે છે. કોરોનાવાઈરસથી ગ્રસ્ત વ્યક્તિના સીધા સંપર્કમાં આવવાથી, એટલે કે એવી વ્યક્તિથી ત્રણ ફૂટ અથવા એનાથી ઓછા અંતરે રહેવાથી, એ વ્યક્તિને ભેટવાથી, એની સાથે હાથ મેળવવાથી ચેપ લાગી શકે છે. કેટલાક કિસ્સાઓમાં આડકતરા સંપર્ક દ્વારા પણ એનો ચેપ લાગી શકે- જેમ કે કોરોનાગ્રસ્ત વ્યક્તિએ અડેલ કે વાપરેલ વસ્તુઓને અથવા સપાટીઓને અડવાથી એનો ચેપ લાગવો.


આ બધી હકીકતો જોઈએ ત્યારે કોરોનાવાઈરસ સંદર્ભે 'પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર'- થયા પછી રોગનો ઉપચાર કરવા કરતાં રોગ થાય એ પહેલાં એને નિવારવો –એ જૂની ઉક્તિ વધુ યથાર્થ જણાય છે. દુનિયાના અમુક દેશોમાં મહામારીને લગતા કાયદાઓ છે, જેનો અમલ કરવાની હજુ સુધી ભાગ્યે જ જરૂર ઊભી થઈ છે, પરંતુ આ દેશોની સરકારો હવે એ કાયદાઓ તરફ નજર નાખી રહી છે. આવા કાયદાઓમાં ચેપગ્રસ્ત વ્યક્તિને બળજબરીથી પોલીસ કસ્ટડીમાં લઈને આઇસોલેશનમાં રાખવાની જોગવાઈઓ પણ છે. પરંતુ દરેક જવાબદાર નાગરિક અંગતપણે જાહેર આરોગ્યના કેટલાક પાયાના સિદ્ધાંતો અપનાવે તો કોરોનાના પ્રસારને કાબૂમાં લેવો સરળ બને.

કોરોના નિયંત્રણ સંદર્ભે WHO

એ બહાર પાડેલ જાહેર માર્ગદર્શિકા અનુસાર: ૧) વારંવાર સાબુથી હાથ ધોવા, ઓછામાં ઓછી ૩૦ સેકંડ સુધી હાથ ધોવા. હાથ ધોવા શક્ય ન હોય તો હેન્ડ સેનિટાઈઝરનો ઉપયોગ કરવો. ૨)અન્ય વ્યક્તિ સાથે ઓછામાં ઓછું ત્રણ ફૂટનું અંતર રાખવું. લોકો સાથે હળતાં મળતાં હાથ ન મેળવવા એટલે કે હેન્ડ-શેક ન કરવા કે ભેટવું નહીં. ૩) મોં, આંખ, નાકને શક્ય ત્યાં સુધી ન અડવું અને અડીને હાથ ધોવા. ૪) તાવ, શરદી-ખાંસી જેવાં ચિહ્નો હોય તો સત્વરે તબીબી સલાહ લેવી. ૫) શક્ય હોય ત્યાં સુધી બિનજરૂરી પ્રવાસો ટાળવા-ખાસ કરીને જ્યાં કોરોનાના દર્દીઓની સંખ્યા મોટી હોવાની સંભાવના હોય. પ્રવાસ કરતા પહેલાં જે તે દેશ માટેની/સ્થળ માટેની પ્રવસન અંગેની સૂચના અને નિયંત્રણોને અનુસરવાં. ૬) સિનેમાગૃહો જેવાં બંધિયાર અથવા ભીડવાળાં સ્થળોએ ખાંસી કે છીંક ખાતા લોકોથી દૂર રહેવું, પોતે ખાંસી કે છીંક ખાતાં મોં પર રૂમાલ અથવા ટિશ્યુ ઢાંકવાં. અચાનક છીંક-ખાંસી આવે તો કોણી ઊંચી કરી, ખભાના ભાગથી મોં ઢાંકવું. ૭) વાપરેલા ટિશ્યુનો નિકાલ બંધ કચરાપેટીમાં કરવો. ૮) જાહેરમાં થૂંકવું નહીં. ૯) જો શરદી-ખાંસી થઈ હોય તો મોં પર માસ્ક પહેરવાં. માસ્ક એ રીતે પહેરવાં કે આખું મોં અને નાક એનાથી ઢંકાય. માસ્કને પહેરવા અને ઉતારવા માટે એની દોરીનો જ ઉપયોગ કરવો અને અન્ય ભાગને હાથ લગાડવા નહીં. માસ્ક પહેરતા પહેલાં અને ઉતારીને પછી હાથ ધોવા. માસ્કનો ઉપયોગ કરી એનો નિકાલ જવાબદારીપૂર્વક કરવો.

આ લખાય છે ત્યારે વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોનાવાઈરસની બીમારીને વૈશ્વિક મહામારી (global pandemic) જાહેર નથી કરી. માનવ ઇતિહાસમાં પ્લેગ, કોલેરા, ટાઈફોઈડ, ફ્લુ જેવી મહામારીઓ દરમ્યાન હજારો-લાખો મૃત્યુ નોંધાયાં છે અને સમય સાથે વિજ્ઞાને એ રોગો પર મેળવેલ કાબૂની પણ ઇતિહાસ ગવાહી પૂરે છે. સદીઓ જતાં વિશ્વ બદલાયું છે. વિદેશ પ્રવાસો કરવા હવે સામાન્ય બાબત બની છે. માનવોની સતત ચાલતી આ હરફરે ચેપી રોગચાળા સંદર્ભે તબીબી વિજ્ઞાન માટે અનેક નવાં પરિમાણ રચ્યાં છે. કોરોનાવાઈરસ રૂપી કોયડો ઉકેલવા દુનિયાભરના વૈજ્ઞાનિકો સક્રિય છે. જ્યારે રોગનો કોઈ પણ ઉપચાર ઉપલબ્ધ ન હોય ત્યારે રસીકરણ દ્વારા એ રોગના પ્રસારને અટકાવવો એ એકમાત્ર ઉપાય રહે છે. કોઈ પણ રોગની રસી બનાવવી એ અત્યંત ખર્ચાળ અને સમય માગી લે એવી સંશોધનપ્રક્રિયા છે. કોરોનાની રસી વિકસાવવામાં વૈજ્ઞાનિકોને સત્વરે સફળતા મળે તો વિશ્વ એક મોટી મહામારીથી બચી શકશે.

❑❑❑



દેવી પ્રોસર્પિનાનું મસ્તક

ઇટાલિયન શિલ્પી બર્નિની

☐ **અમિતાભ મડિયા**

સત્તરમી સદીનો ઇટાલિયન શિલ્પી જિયાનલોરેન્ઝો બર્નિની (Bernini) બહુમુખી પ્રતિભા હતો. એક શિલ્પી ઉપરાંત તે સ્થપતિ, ચિત્રકાર, નાટ્ય લેખક અને નાટ્ય દિગ્દર્શક હતો. સત્તરમી સદીના યુરોપના સૌથી મહાન શિલ્પી તરીકે તે પંકાયો, અને સ્થપતિ તરીકે પણ તેણે નામના મેળવી. ઈ. સ. 1598માં નેપલ્સમાં તે જન્મ્યો અને 1680માં રોમમાં અવસાન પામ્યો. એક્યાશી વરસની લાંબી જિંદગીમાં તે રોમના એક પછી એક એમ પાંચ પોપનો પ્રીતિપાત્ર થઈ પડ્યો.

યુરોપની સત્તરમી સદીની કલા 'બારોક' નામે ઓળખાય છે, જે પંદરમી-સોળમી સદીના યુરોપની 'રેનેસાં' કલાનો જ ચેતોવિસ્તાર છે. સત્તરમી સદીના કલાકારોએ રેનેસાં કલાના આદર્શોને વધુ સ્પર્શજન્ય રીતે કલામાં સિદ્ધ કર્યા, ચરિતાર્થ કર્યા. એરિસ્ટોટલે કલાને વધુ સ્પર્શક્ષમ બનાવવા માટે મૂળભૂત લાગણીઓની અભિવ્યક્તિને વધુ મુખર, તીવ્ર કરવાની હિમાયત કરી છે, અતિશયોક્તિ મારફતે નાટ્યાત્મકતા અને નાટકીયપણાનો આશરો લેવાની હિમાયત કરી છે. એરિસ્ટોટલની આ

હિમાયત બર્નિનીની શિલ્પકળામાં ચરિતાર્થ થતી જોવા મળે છે.

પ્રાચીન ગ્રીક દેવદેવી એપોલો અને ડફની, પ્રાચીન રોમન દેવદેવી પ્લુટો અને પ્રોસેર્પિના, મેદુસાથી માંડીને ખ્રિસ્તી સંતો અને શહીદો બર્નિનીનાં શિલ્પોના વિષયો છે, દાખલા તરીકે સેન્ટ લોરેન્ઝ, સેન્ટ સેબાસ્ટિયાનો, ગોફણ વડે ગોલિયાથ પર હુમલો કરતો બાઈબલનો નાયક ડેવિડ, આધ્યાત્મિક સમાધિમાં લીન સાધ્વી ટેરિસા, લુદોવિકા આલ્બેર્તોની મૃત્યુશય્યા.

'એક્સ્ટસી ઓફ સેન્ટ ટેરિસા'



બર્નિનીને કુલ બાર ભાઈબહેન હતાં, પણ એમાંથી કોઈ કલાકાર નહોતા. બર્નિનીના પિતા શિલ્પી હતા, અને એમણે જ તેને બાળપણથી તાલીમ આપી. રોમમાં કાર્ડિનલ સ્કિપીયોને બોર્ગીઝે બર્નિનીની પ્રતિભા પિછાણી લીધી અને તેને બાળ જ્યુપીટર દેવનું બે પિશાચો સાથેનું શિલ્પ કંડારવાનું કામ આપ્યું, અને બર્નિનીએ એ સરસ રીતે પાર પાડ્યું, બર્નિનીની ઉંમર એ વેળા માત્ર સોળ જ વરસની હતી. એ રોમના પોપનો અને ધનાઢ્ય લોકોનો માનીતો શિલ્પી બની ગયો.

અત્રે બર્નિનીની એક શિલ્પરચના 'એક્સ્ટસી ઓફ સેન્ટ ટેરિસા' (સંત ટેરિસાની આધ્યાત્મિક સમાધિ)ને વિગતે સમજીશું. રોમના કોર્નારો ચેપલમાં મૂકવા માટે બર્નિનીએ આ શિલ્પ સફેદ રંગના આરસના પથ્થરોમાંથી કંડાર્યું.

વાદળાં ઉપર આરૂઢ સંત ટેરિસા આધ્યાત્મિક સમાધિમાં લીન છે, આંખો બંધ છે, માથું પીઠ તરફ ઝૂકી ગયું છે, હોઠ ઊઘડી ગયા હોવાથી દાંતની ઉપરની હરોળ દેખાય છે. સામે ચૌદેક વરસનો ફૂટડો કુમળો દેવદૂત ઊભો છે, જે પોતાને ડાબે હાથે સંત ટેરિસાનું છાતી પરનું વસ્ત્ર ખોલતો દેખાય છે અને જમણે હાથે સોનેરી તીર સંત ટેરિસાની છાતી તરફ ચીંધી રહ્યો છે, કારણ કે તે સંત ટેરિસાને તીરથી વીંધવા માંગે છે.

સ્પેનના એવિલા શહેરમાં તેરમી

સદીમાં એક સાધ્વી ટેરિસા સતત ધ્યાનમગ્ન રહેતાં, ઈસુનું ધ્યાન ધરતાં. એ વેળા તેઓ સમાધિમાં લીન થઈ જતાં. તેમને તે વેળા શરીર ઉપર પાંચ ઘા પણ ઊપસી આવતા અને તેમાંથી લોહી ઝરતું. છતાં તેમને એ દર્દ મીઠું જણાતું. એ વેળા તેમને તેમની નજર સમક્ષ રૂપરૂપના અંબાર સમો રૂપાળો કુમળો દેવદૂત દેખાતો, જેના ચહેરા પર દિવ્ય સ્મિત દેખાતું. તે દિવ્ય તીર વારંવાર સંત ટેરિસાની છાતીમાં ભોંકતો અને સંત ટેરિસાને એ દર્દ ખૂબ ગમતું. સંત ટેરિસાએ પોતાની આત્મકથા પણ લખી, જે સત્તરમી સદીના ઇટાલીમાં બેસ્ટ સેલર બની.



બર્નિનીએ કંડારેલો 'ડેવિડ'

બર્નિનીએ આ શિલ્પ ઉપર પ્રકાશની ગોઠવણ કરી છે, પરંતુ એ સાથે ઉપરથી પ્રકાશનાં કિરણોની જેમ નીચે સુધી પ્રસરતી હોય તેવી રીતે સોનેરી-પીળા આરસની પટ્ટીઓ ગોઠવી છે. આ સાધ્વી-સંતનાં શ્વેત વસ્ત્રોની ગડીઓ અને કરચલીઓ, મુખ પરનો તલ્લીન ભાવ અને આંખોનાં બંધ પોપચાં, દેવદૂતના બાળસહજ નિર્દોષ ચહેરાનું દિવ્ય સ્મિત આ શિલ્પનાં ખાસ આકર્ષણ કેન્દ્રો છે. બિનકેથોલિક ધર્મી કે બિનખ્રિસ્તી વ્યક્તિને પણ આ શિલ્પ આકર્ષી શકે છે, કારણ કે તેમાં પ્રેમ, આધ્યાત્મિક ધ્યાન, સ્મિત જેવી સર્વવ્યાપક સામાન્ય લાગણીઓ છે.

બીજા એક શિલ્પ 'એપોલો અને ડફની'માં ગ્રીક સૂર્યદેવ એપોલો વનદેવી ડફની પાછળ ગાંડો બન્યો, પરંતુ ડફનીને કોઈ લાગણી થઈ નહીં, તેથી તે તેનાથી દૂર ભાગી, છતાં એપોલોએ તેને પકડી પાડી. પુરુષમાત્રના સ્પર્શથી ડફની વૃક્ષવેલામાં પરિવર્તન પામશે એવો શાપ મળેલો હોવાથી એપોલોએ એને સ્પર્શ કરતાં જ ડફની વૃક્ષવેલામાં ફેરવાવા

માંડી, તેની આંગળીઓમાંથી ડાળીઓ અને પાંદડાં ફૂટવાં શરૂ થયાં. આ ક્ષણનું નિરૂપણ બર્નિનીએ કર્યું છે. જોકે, ડફનીના હાથમાંથી ફૂટતી ડાળીઓ અને પાંદડાં કંડારવાનું કામ બીજા મદદનીશ શિલ્પીએ કર્યું. બર્નિનીએ કદી પણ તેનું નામ જાહેર કરી તેને ક્રેડિટ આપી નહીં. ભાગતી ડફનીને એપોલોએ દોડીને પકડી એ ભાગદોડને પણ બર્નિનીએ શ્વેત આરસના આ શિલ્પમાં દર્શાવી છે. આમ, શિલ્પ જેવા સ્થિર માધ્યમમાં પણ ગતિ (ડાયનેમિક મૂવમેન્ટ) વ્યક્ત કરવામાં બર્નિની સફળ થયો. ડફની અને એપોલો બંનેના પગ દોડતી મુદ્રામાં બર્નિનીએ કંડાર્યા છે.

શિલ્પ 'ડેવિડ'માં રાક્ષસ ગોલિયાથને ગોફણ વડે પથ્થર મારી રહેલો ડેવિડ બર્નિનીએ શ્વેત આરસમાંથી કંડાર્યો છે. ગોફણની પણછ ખેંચવા માટે ડેવિડ સહેજ એક બાજુએ નીચે ઝૂક્યો છે. ક્રિકેટ રમતી વેળા બોલિંગ કરતી વખતે હાથમાંથી બોલ છોડતાં પહેલાં બોલરના ચહેરા પર હોઠના સ્નાયુમાં જે તણાવ દેખાય તે જ તણાવ આ ડેવિડના ગોફણમાંથી પથ્થર છોડતાં પહેલાંની મુદ્રામાં દેખાય છે. નીચેનો હોઠ જડબામાં અંદર ખેંચાયેલો જોવા મળે છે. કદાચ નીચેના અને ઉપરના દાંત વચ્ચે તે દબાયો હોવો જોઈએ.

દેવી પ્રોસેર્પિનાનું અપહરણ કરી રહેલા દેવ પ્લુટોને દર્શાવતા શિલ્પમાં પ્રોસેર્પિનાની છૂટવાની મથામણ એના બંને હાથની મુદ્રાથી જણાઈ આવે છે. તેના ખુલ્લા મોંમાંથી જાણે કે ચીસ સંભળાય છે.

દેવી પ્રોસેર્પિનાનું અપહરણ કરી રહેલા દેવ પ્લુટો



તેના માંસલ સાથળ પર પ્લુટોના હાથના પંજાની પકડ સાથળની મૃદુતા ઉજાગર કરે છે, રતિભાવને ઉજાગર કરે છે.

બર્નિનીના સમકાલીન ચરિત્રલેખક અને કલાઇતિહાસકાર ફિલિપો બાલ્દીનુશીએ સત્તરમી સદીના બીજા ઇટાલિયન કલાકારોનાં જીવનચરિત્રો અને તેમની કલા વિશેના લેખો લખ્યા તેની સાથે બર્નિની વિશે પણ (ઇટાલિયન ભાષામાં) લખ્યું. તેમાં બાલ્દીનુશીએ લખ્યું કે બર્નિની ભવ્ય રાજવી ઠાઠમાઠથી રહેતો, મોંઘાં કપડાં પહેરતો. તે ઘોડેસવારી કરતો ત્યારે તે ભવ્ય દેખાતો, લોકો તેને જોવા માટે એકઠા થતા. બર્નિની ધાર્મિક હતો અને દર રવિવારે ચર્ચની પ્રાર્થનામાં ભાગ લેતો. બર્નિની ઘમંડી હતો, ફ્રાંસના રાજા લુઈ ચૌદમાની મુલાકાત વેળા એ બોલેલો કે, ''ઇટાલિયન ચિત્રકાર જીદો રેનીનાં ચિત્રોની તોલે સમગ્ર ફ્રાંસમાંથી કશું આવી શકે નહીં.'' તેના આ વિધાનથી ફ્રેંચ રાજા નારાજ થયો અને બર્નિનીને ફ્રાંસમાં મોટો પ્રોજેક્ટ મળી શક્યો નહીં.

બર્નિનીને જ્યારે જાણ થઈ કે તેની પત્નીને પોતાના ભાઈ (પત્નીના દિયર) સાથે પ્રેમનું લફરું છે ત્યારે તેણે ભાઈનું ખૂન કરવાનો પ્રયત્ન કર્યો. ભાઈની છાતીની બે પાંસળીઓ તૂટી, પરંતુ તે બચી ગયો. ખૂન કરવાના પ્રયાસ બદલ બર્નિનીને મળેલી સજા તરત જ પોપે માફ કરી, કારણ કે તત્કાલીન પોપનો તે લાડકો હતો. (એક પછી એક પાંચ પોપનો એ લાડકો હતો.) લફરું કરવા બદલ ભાઈને દેશનિકાલની સજા થઈ. આ ભાઈ ગણિતનો ખાં હતો. બર્નિનીનો ગુસ્સો હંમેશાં તેના નાક પર જ રહેતો, અને તરત જ આવેશમાં આવીને ક્રોધ પ્રગટ કરતો. ચર્ચ અને પોપના શિલ્પ માટે પ્રોજેક્ટ પૂરા કરીને બર્નિની ધનાઢ્ય બન્યો હતો.

બર્નિની બહુમુખી પ્રતિભા હતો. તે શિલ્પી ઉપરાંત સ્થપતિ, ચિત્રકાર અને નાટ્યલેખક અને નાટકનો દિગ્દર્શક હતો. રોમમાં વેટિકન ખાતે સેન્ટ પીટર્સ બસિલિકામાં માઈકલ એન્જેલોએ ડિઝાઈન કરેલા ઘુમ્મટ ઉપર જે નાની દેરી (ક્યુપોલા) જોવા મળે છે, તે દેરી બર્નિનીએ ડિઝાઈન કરી છે. ઉપરાંત રોમના અનેક ચોભેટે તેણે વિરાટકાય પૂતળાં ધરાવતા ફુવારા બનાવ્યા છે. ઉપરાંત રોમમાં વેટિકન ખાતે સેન્ટ પીટર્સ બસિલિકાના ચોક અને ચોકમાં થાંભલાની હારમાળા બર્નિનીએ ડિઝાઈન કરી છે. ઉપરાંત રોમમાં કોર્નાટો ચેપલનું સ્થાપત્ય પણ બર્નિનીએ ડિઝાઈન કર્યું છે.

બર્નિનીએ લખેલાં નાટકો કે તેણે નાટકો માટે ચીતરેલા પડદા આજે નથી બચ્યાં પણ, બર્નિનીએ કેન્વાસ પર આલેખેલાં ચિત્રોમાંથી કેટલાંક બચ્યાં છે. એવાં આશરે ચાળીસેક ચિત્રોની ઓળખ થઈ શકી છે જેનો ચિત્રકાર બર્નિની છે.

❑❑❑



પોળોનું જંગલ : ગુજરાતની છુપાયેલી શિલ્પ સમૃદ્ધિ

☐ મીરા જોશી

છેલ્લા થોડા સમયથી ગુજરાતીઓમાં 'પોલો ફૉરેસ્ટ' ખૂબ ચર્ચિત બન્યું છે, સાબરકાંઠા જિલ્લામાં આવેલા ઇડર શહેરથી આગળ વિજયનગર તાલુકામાં આવેલ આભાપુર ગામની ભૂમિમાં પવિત્ર હિરણ્ય નદીના કાંઠાથી આઠ કિમી સુધીના વિસ્તારમાં ગાઢ જંગલ અને પ્રાચીન મંદિરોના ખંડેરની ભૂમિ વસેલી છે, જે પોળોના જંગલ તરીકે ઓળખાય છે.

'પોળો' નામ કઈ રીતે પડ્યું, એ વિષે કોઈ ચોક્કસ જવાબ નથી, પરંતુ

સંસ્કૃત શબ્દ 'પોળો'નો અર્થ પ્રવેશદ્વાર થાય. ગુજરાત અને રાજસ્થાન રાજ્યની હદમાં વસેલું હોઈ તેમ જ બન્ને રાજ્યોથી અહીં પ્રવેશ થઈ શકતો હોઈ આ નગરીને પોળો નામ આપવામાં આવ્યું હોઈ શકે. પોળોના જંગલમાં પંદરમી સદીનાં પ્રાચીન શિવ મંદિરો અને જૈન જિનાલયોનો મોટો સમૂહ જોવા મળે છે. એવું કહી શકાય કે એક સમયે અહીં મોટી સંખ્યામાં હિંદુ અને જૈન સંપ્રદાયના અનુયાયીઓ વસતા હશે. પુરાતત્ત્વવિદોના મતે આ મંદિરો ૧૫મી સદીમાં નિર્માણ પામ્યાં છે. આભાપુર તરીકે ઓળખાતું આ ગામ આજથી છ સૈકા અગાઉ વિજયનગર સામ્રાજ્યની રાજધાની હતું. કાળક્રમે આ નગરી ખંડેરમાં ફેરવાઈ ગઈ. પરંતુ આજે પણ આ ખંડેર અને ભગ્નાવશેષોમાં ગુજરાતની સ્થાપત્યકળા અને સમૃદ્ધિનો અચરજ પમાડે એવો સુંદર વારસો જોવા મળે છે.

કહેવાય છે કે પોળોના જંગલમાં વાંદરા અને સરીસૃપ પ્રાણીઓ સહિત રીંછ, દીપડા જેવાં રાની પશુઓ પણ જોવા મળે છે. ઉપરાંત વિવિધ ઉપયોગી વનસ્પતિઓ અને બસ્સોથી વધુ પ્રકારનાં પક્ષીઓની પ્રજાતિઓ પોળોના જંગલમાં વસવાટ કરે છે.

પ્રાચીન શિવ-શક્તિ મંદિર, વિરેશ્વર મહાદેવ મંદિર, શરણેશ્વર મંદિર અને લાખાના ડેરાઓ પોળોના ખંડેર સ્થાપત્યનું આકર્ષણ છે.

ઇડરથી ૮ કિમીના અંતરે વિજયનગર જવાના વળાંકે પહેલું



પ્રવેશદ્વાર



હરણાવ નદી

મંદિર વિરેશ્વર મહાદેવનું આવે છે. આ મંદિર પાછળ માતા પાર્વતીના પિતા દક્ષ અને ભગવાન શિવની પૌરાણિક કથા જોડાયેલી છે. પ્રાચીન સત્ય કથાના પરિણામે આજે પણ એક ડુંગરમાંથી કુદરતી બારેમાસ પાણીની સરવાણી ફૂટે છે, જે ગુપ્તગંગા તરીકે ઓળખાય છે. વિરેશ્વર મહાદેવ મંદિરના પરિસરમાં નરસિંહ અવતારનું મંદિર પણ છે. અહીં રહેવા તથા જમવા માટે અન્નક્ષેત્રની સુવિધા હોઈ વીકએન્ડમાં પ્રવાસીઓની ખાસ અવરજવર જોવા મળે છે.

પોળો સાઈટમાં પ્રવેશતાં જ પથ્થરોમાંથી બનાવેલી છત્રીઓનું કોતરકામ નજરે ચઢે છે. શ્રદ્ધાળુઓ તેને 'સતીમાતાનાં સ્થાનકો' તરીકે ઓળખાવે છે. ત્યારબાદ આભાપુર ગામમાં પ્રવેશતાં જ જમણી તરફ શરણેશ્વરનું મંદિર આવે છે. મંદિરના પ્રાંગણમાં ચાર સ્તંભવાળો નંદી અત્યંત શોભાયમાન થાય છે. નંદીમંડપની સામે વિશાળ શરણેશ્વર શિવાલય ખંડિત અવસ્થામાં ઊભેલું છે. વિવિધ આકૃતિઓ અને શિલ્પોથી મઢેલા શરણેશ્વર મંદિરની ખંડિત અવસ્થા મનમાં અનેક પ્રશ્નો ઊપજાવે છે.

પોળોના પ્રવેશદ્વારથી સુંદર પાક્કા માર્ગે આગળ વધીએ એટલે અરવલ્લીની પર્વતમાળાઓ વચ્ચે બાજુમાં વહેતા જળપ્રવાહના સાંનિધ્યમાં શિવશક્તિ મંદિર આવે છે. શિવશક્તિ મંદિરમાં

ઇન્દ્ર-ઇન્દ્રાણી, શિવ-પાર્વતી તેમ જ બ્રહ્મા-બ્રહ્માણીનાં શિલ્પો કંડારાયેલાં છે. આ મંદિરમાં સૂર્યદેવ અને બન્ને બાજુ અશ્વારૂઢ અસવારોની આસપાસ સૂર્યાણીની સુંદર પ્રતિમા પણ જોવા મળે છે, તો દ્વારશાખના ભદ્રાદિ ભાગે સૂર્યનાં શિલ્પો વિશેષ રીતે પ્રયોજાયેલાં જોવા મળે છે. આથી આ મંદિરને સૂર્ય મંદિર પણ કહેવામાં આવે છે. ઉપરાંત શિવ-શક્તિ મંદિરમાં દર્પણકન્યા અને અપ્સરાનાં શિલ્પો પણ ધ્યાન ખેંચે છે. મંદિરનાં ખંડેર થયેલાં શિલ્પો, ઘુમ્મટનું બાંધકામ અનુપમ છે.

શિવમંદિરો સિવાય પોળોમાં જૈનમંદિરો પણ સ્થાપિત છે. શૈવ સંપ્રદાય અને જૈન સંપ્રદાયનો મોટો વર્ગ એકસાથે ક્યાંક વસ્યો હોય એવું ભાગ્યે જ કોઈ સ્થળે જોવા મળે. આંતરસુબા ગામ પાસે જૈનમંદિરોનો સમૂહ છે, જે લાખાના ડેરા જિનાલય કહેવાય છે. મોટાં પગથિયાંઓની હારમાળાથી બનાવેલા પ્રવેશદ્વાર, બારસાખના લલાટ બિંબ, કોતરણી કરેલા ઊંચા સ્તંભ તેમ જ દીવાલની જાળીમાં કરેલું કોતરકામ આ મંદિરને આકર્ષક બનાવે છે. દરેક જૈનમંદિરોનું શિલ્પકામ સુંદર, સચોટ અને આકર્ષક હોય છે, તેના નિર્માણનો વારસો, આ પ્રાચીન મંદિરોના મનોહર શિલ્પકામ જોતાં જણાઈ આવે છે. ઉપરાંત મંદિરમાં રહેલા સ્તંભોનું બાંધકામ પણ નજરે ચઢે છે. આ મંદિરમાં મધ્યમાં જઈએ તો ભોંયતળીએ જવાનો એક માર્ગ નજરે ચઢે છે, આક્રમણ સમયે અહીંથી બહાર જવાના માર્ગ તરીકે કદાચ આ વ્યવસ્થા કરી હોવાનું જણાય છે.

ખંડિત અવસ્થામાં પડેલી મૂર્તિઓ





રશ્મિ જૈન

મંદિરની અંદર દીવાલની જાળીવાળી બારીઓ અને મૂર્તિઓના અવશેષો ખંડેર અવસ્થામાં જોવા મળે છે, પરંતુ મંદિરનું શિખર અખંડ જળવાયેલું છે. વિશાળ જૈનમંદિરોની સુંદરતા ભલે આજે અખંડ ન રહી હોય પરંતુ આજે પણ આ શિલ્પકામ ગુજરાતના ઉત્તમ સ્થાપત્યમાં સ્થાન પામી શકે છે. ૧૪મી કે ૧૫મી સદીમાં વસેલી અદ્‌ભુત સ્થાપત્યની મંદિર નગરી પોતાના સમયમાં કળા- કૌશલ્ય અને સંસ્કૃતિનો અદ્‌ભુત વારસો સાચવીને બેઠી હશે.

સરકાર દ્વારા આ સ્થાપત્યોની જાણકારી આપતાં બોર્ડ દરેક મંદિરોના પ્રવેશ ઉપર મૂકવામાં આવ્યાં છે. ઉપરાંત પોળો ફોરેસ્ટ નામનો ઇકોપાર્ક બનાવવામાં આવ્યો છે, જે ગાઈડ અને રાત્રીવાસની પેઈડ સુવિધા આપે છે.

ફોટોગ્રાફરો માટે નેચર અને પ્રી-વેડિંગ ફોટોગ્રાફીનું નવું નજરાણું બનેલું પોળોનું જંગલ દરેક વર્ગના લોકોને આકર્ષે છે. વીકએન્ડમાં વડોદરા, અમદાવાદ, સુરત, ઇડર અને આસપાસનાં ગામોમાંથી બહોળા પ્રમાણમાં પ્રવાસીઓ પોળોની મુલાકાતે આવે છે. ચોમાસા દરમિયાન અહીં લીલીછમ ખીલી ઊઠતી પ્રકૃતિનો મનોહર નજારો જોવા મળે છે.

ગુજરાતના અમદાવાદ, વડોદરાથી અનેક ટૂર ઓપરેટરો ઇડરગઢ અને પોળો જંગલનો એકથી બે દિવસીય ટ્રેકિંગ પ્રવાસ ગોઠવે છે. અમદાવાદથી ૧૫૦ કિમીના અંતરે તેમ જ રાજસ્થાનના ઉદેપુરથી ૧૨૦ કિમીના અંતરે આવેલ પોળોના જંગલમાં ખંડેરોમાં સચવાયેલી ભારતીય સંસ્કૃતિનો પરિચય લેવા જેવો છે. પ્રાચીન મંદિરોના ભગ્નાવશેષોથી શોભાયમાન એવું પોળોનું જંગલ ગુજરાતના ઐતિહાસિક તેમ જ આધ્યાત્મિક વૈભવની સાક્ષી પૂરે છે.

❑❑❑



રુદાલી

☐ પન્ના ત્રિવેદી

આંતરિક પરીક્ષાનું આજે છેલ્લું પેપર હતું.

છૂટવાનો સમય થયો કે મેં તરત સંકેલો કરવા માંડ્યો. આજે ઘેર જલદી પહોંચવું જ પડે તેમ હતું. 'ખાસ' કામ માટે. એ લોકોએ કહેવડાવેલું કે લગભગ છ-સાડાછ લગી જોવા આવી પહોંચશે. પણ અચાનક જ યાદ આવ્યું, આજે શનિવાર છે કે તરત ભયનો વંટોળ ફેલાવા લાગ્યો. થયું, નીકળતી વખતે જ પેલી આવી ધમકે નહીં તો સારું!

સાચું કહું? શનિવારની આટલી બીક આ પહેલાં ક્યારેય નહોતી. અસલમાં તે દિવસથી એક અજીબ પ્રકારની શનિકથા શરૂ થઈ ગયેલી.

તે દિવસ એટલે કે એમ.એ.નું નવું સેમિસ્ટર ચાલુ થયું તે દિવસથી. પહેલો વર્ગ લઈને હું આવીને હજી બેઠી જ હતી કે એક છોકરી અચાનક રૂમમાં ધસી આવેલી - કંઈક જાડી, શામળી, ઘઘા જેવાં સલવાર-કમીઝ. ન અંદર આવવાની પરવાનગી, ન તો મારી અનુકૂળતાની કોઈ તમા. બસ, સીધી અંદર આવી જ ધમકી. જાડા કાચનાં ચશ્માંમાંથી એકધારું તાકતી ઊભી હતી. મારા અનેક સવાલો છતાં જવાબમાં તેની ચુપ્પી. ભીની આંખે પૂરી પંદર મિનિટ લગી બૂતની જેમ એકધારી ઊભી રહેલી અને પછી જાતે જ ચાલી ગયેલી. પાછી બે-ત્રણ વખત આમ જ આવી ધમકેલી પણ ચોથી વાર આવી ત્યારે તેણે ટેબલ પર એક લીટીની ચબરખી મૂકેલી. હજી હું ઊંચું જોઉં ન જોઉં કે ત્યાં તો તે છૂ!

'અજીબ છે આ છોકરી!' હું બબડેલી. જોકે એ પછીના દિવસોમાં ભણાવતી વખતે પણ મેં નોટિસ કરેલું કે પહેલી બેંચ પર બેઠી બેઠી તે અચાનક જ રડી પડતી હતી. વિષયનો દોર ક્ષણિક તૂટી જતો. મારા સવાલોના જવાબમાં ફરી તેની એ જ ચુપ્પી.

ચિઠ્ઠીમાં નામ નહોતું લખ્યું તેણે. સ્ટાફનાં સુલેખાબહેનને ધીમેથી પૂછી જોયું તો વાત વચ્ચેથી જ કાપી તે બોલી પડેલાં: 'ઓફ્ફ ઓફ! એ? એ છોકરી? ચોક્કસ રુદાલી જ હશે. કોઈ કોઈના ક્લાસમાં આવું જ કરે છે તે. સ્ટાફના મિત્રોએ નામ જ પાડી દીધું છે – રુદાલી. બસ, કારણ વગર ગમે ત્યારે રડ-વા ઊપડી જાય છે રોત્તલને. કપાળે કૂવો! છે જ એવી.. નરી પ્રોબ્લેમેટિક!'

'...હા પણ રુદાલીઓ તો મરણટાણે રડે. એય પ્રોફેશનલી. આને કોનું મોત આવે છે રોજ રોજ. ઉપરથી ફોગટનો તમાશો!' મેંય અકળામણ ઠાલવી નાખેલી.

એ સાંજે આતુરતાથી અનુની રાહ જોવા માંડેલી, રુદાલીવાળી વાત કહેવાની એટલી ચટપટી હતી તે! અનુ મારી ખાસમખાસ બહેનપણી. એક ફળિયામાં રહીએ. સાથે ભણ્યાં, સાથે ઊછર્યાં. વિચારોય સરખા ને કદાચ કિસ્મત પણ સરખી. ત્યારે જ તો બંનેમાંથી કોઈને ઢંગના મુરતિયા નહોતા મળતા. ના, નહોતા મળતા એમ નહીં પણ અમારા માપદંડ પર ખરા ઊતરે એવા નહોતા મળતા. ઘરનાં, ફળિયાનાં, સગાંવહાલાંનાં લાખ મહેણાંટોણાં છતાંય અમે તો નક્કી જ કરેલું કે કોઈપણ પ્રકારનો નક્કામો બકવાસ એક કાનમાંથી બીજા કાનમાં ને સરરરર...બહાર...! નફ્ફટ બનીને ખંખેરી નાખવાનું બધું. મોજથી જીવવાનું. મેં યુજીસીની નેટ પરીક્ષા પાસ કરી નાખેલી ને તે હજી 'નેટ'માં જ ફસાયેલી હતી. તો તેણે ટાટ પાસ કરીને સંતોષ માની લીધો. હું કૉલેજમાં

નોકરીએ લાગી ગઈ ને તે હાઈ સ્કૂલમાં. કથાસાહિત્યનો જબરો ચસ્કો લાગેલો અમને. નવલકથાઓ અને વાર્તાઓમાં ડૂબેલાં રહેવાનું અમને બહુ ગમતું. જોકે દુનિયાના વાસ્તવને જોઈને અમે ઘણું ઘણું નક્કી કરેલું. અમારી અલાયદી દુનિયામાં અમારા પોતીકા રંગો ભરેલા. રંગોભર્યા જીવનને ટકાવી રાખવા અમે પાછાં જાતભાતનાં બંધારણ પણ ઘડેલાં. નક્કી જ કરેલું કે સાંજે નોકરીએથી ઘેર આવીને, નાસ્તાનો એકાદ બૂકડો ફાકીને એકબીજા પાસે દિવસની રજેરજ ખંખેરી નાખવી.

શરૂઆતની અમારી વાતોમાં તાજી તાજી નોકરીનો તરોતાજા ઉમંગ છલછલતો હતો પણ પછીથી ધીમે ધીમે ઉત્સાહનું પૂર સાવ ઓસરવા માંડેલું. મુગ્ધતાનાં પર્ણો ખરી પડીને લીલુંછમ જંગલ એકાએક સુકાવા લાગેલું. નાનપણમાં, સ્કૂલના મેદાનમાં પકડદાવ, સંતાકૂકડી, લંગડીદોડ, ખો-ખો કેટકેટલી રમતો રમેલાં! પણ મેદાન વિના, મહાન માણસોનાં મહાન સુવાક્યોથી સજ્જ દીવાલો વચ્ચે પંડિતાઈની હોડ માટે રમાતી ટાંટિયાખેંચની રમત જોઈને અમે તો હેબતાઈ જ ગયેલાં! એક જ રમતમાં પકડદાવ, સંતાકૂકડી ને લંગડીટાંગ એકસાથે? ઓ મા! આ તે કેવી રમત? આ નવી રમતનું નામ શું હશે? કોણ જાણે... તે અમે તો અમારા ઘડેલા આગવા નિયમોનો વધારે ચુસ્તપણે અમલ કરવા માંડ્યો - આપણે પોતાની લીટી મોટી કરવા માટે નાની નાની લીટીઓ ભૂંસી નાખીશું નહીં. માત્ર આપણી ક્રિયા-પ્રતિક્રિયા પર જ દુનિયાનું ડહાપણ ટકેલું છે એવા મિથ્યા આભાસમાં જીવીશું નહીં. ચોવીસ કલાક કોઈ અદશ્ય કેમેરો આપણને કેપ્ચર કરી રહ્યો છે એવા વહેમમાં રાચીશું નહીં. શરદી-ખાંસી જેવા મામૂલી ઇસ્યુને ફેસબુક પર ચર્ચીને તેને 'નેશનલ ઇસ્યુ' બનાવીશું નહીં. આપણે ફેસબુક નહીં પણ જીવતા-ધબકતા ફેસનું વાચન કરીશું. આપણે વિદ્યાર્થીઓ માટે 'માનીતી-અણમાનીતી'નાં વર્તુળો દોરીશું નહીં. અમે તો એમ પણ નક્કી કરી લીધેલું કે શિક્ષિકાઓ ભલે બની ગઈ હોઈએ પણ આપણે 'છોકરી' રૂપે મટી જઈશું નહીં. સાંજે સાંજે પત્તાં, કેરમ, મ્યુઝિક ને ટોળટપ્પાં!

તે પેલી એક લીટીની ચિઠ્ઠીવાળી વાત મેં પૂરા એક કલાક લગી મલાવી મલાવીને અનુને કહેલી. એ વખતે જોકે મેં ઠાલવેલી પેલી અકળામણ યાદ આવી કે મને મારા વર્તન માટે શરમ પણ આવેલી: 'દોષ મારોય ખરો જ વળી, સુલેખાબહેનની હાએ હામાં અમથું જ માથું ધુણાવી દીધું! પણ તેમણે તો સમજવું જોઈએને? એ છોકરી માટે સુલેખાબહેન 'છે જ એવી' એમ કહે તો ધૂળમાં ગયો તેમનો

આટલાં વરસનો અનુભવ! હોઈ શકે કે હોમસિકનેસ કે હોસ્ટેલમાં કોઈ બીજો પ્રોબ્લેમ હોય..' અનુએ ધબ્બો મારીને કહેલું: 'ઓ મેડમ... નવો મુલ્લો બહુ બાંગ પોકારે.. તમને કાયમી થયે હજી ત્રણ વર્ષ થયાં. એમને તો આવા કેટલાય આવ્યા ને ગયા... તમે એમના જેટલાં થાવ એટલે ખબર પડશે. અમે જોઈશું ને પછી તમારા અનુભવના નિચોડનું પરિણામ..'

ફરી એક શનિવાર અને એક ચિઠ્ઠી. એ વખતે એ છોકરી રૂંધાયેલા અવાજે બોલી હતી: 'આ જ ફાવે છે મને. બોલવા-કહેવાનું નથી ફાવતું. ગુસ્સે ન થશો પ્લીઝ.'

જાણે કે મને ચિઠ્ઠી વાંચવાની કોઈ અધીરાઈ જ ન હોય એમ મેં તેની હાજરીમાં શુષ્ક ભાવે લઈને ટેબલના ખાનામાં સરકાવી દીધેલી પણ જેવી એ ગઈ કે તરત જ ખોલીને વાંચી લીધેલી - 'મેડમ, તમે મારાં સહુથી ફેવરિટ મેડમ છો. અમને આવું તમારી જેમ કોઈએ ભણાવ્યું જ નથી.' ઓહો! વાંચીને હું તો હવામાં. તે દિવસથી જાણે કે જમીન ઉપર અધ્ધર ચાલતી હતી. પણ મારી બદલાયેલી ચાલ-ઢાલ પારખી લઈને અનુએ તરત જ ટોકેલી: 'જમીન પર આવો થોડાં. આજકાલ બહુ હવામાં છો. એમાં શું મોટી ધાડ મારી? બિચારી! કૂવામાંની દેડકી બહાર આવી છે હમણાં જ.' જોકે તે ખોટી તો નહોતી જ. રાઈ ભરાવવા લાગેલી મગજમાં. પણ મેં તો તેને વધારે ચીડવવા ડબલબેડ પર મહારાણીની અદાથી જરાક ફેલાઈને રુઆબથી કહેલું: 'હા ત્તો! તને તો ખબર છે આ પહેલાંય વિઝિટિંગ લેક્ચરર તરીકે ઘાટ ઘાટની કૉલેજનાં પાણી પીધેલાં છે, ત્યાંય હું કેટલી ફેવરિટ હતી ખબર છેને! માન્યું કે છોકરીને નવા શહેરમાં આવ્યે હજી થોડા જ દિવસો થયા છે. પણ જો, તપાસ કરેલી મેં, તે સરકારી કૉલેજમાંથી ભણીને આવી છે. તેય પાછી ગામડાની. સમજી જા હવે તું જ. ને વિદ્યાર્થીઓ કંઈ મૂર્ખ નથી હોતા. અમારી કૉલેજના આટલા વિદ્વાન પંડિતોમાંથી તેને હું જ કેમ ગમી? ને ગમી તેમાં તને આટલું પેટમાં શેનું દુખે છે? બોલ... બોલ...' કહેતાં કહેતાં મેં તેને ગલીપચી કરી બાવડે ચૂંટીયો ખણી લીધેલો.

જોકે એ પછી હું થોડી સાવધ થઈ ગયેલી. સારું જ થયેલું, કેમ કે એ પછીની ચિઠ્ઠીમાં મારા ફેવરિટ હોવાના કારણમાં સહજ રીતે જ બીજા અધ્યાપકોની બૂરાઈનું એક લાં... બુંલચક લિસ્ટ આપેલું. ના, આ બરાબર તો નહોતું જ. મેં તરત તેને બોલાવેલી. પાંદડાંની જેમ થરથર કાંપતી ઊભી હતી. મેં ખિન્ન થઈને કહેલું: 'તને એમ કે બીજા અધ્યાપકોની બૂરાઈ કરીને મારી વાહવાહી કરીશ એટલે હું ફુલાઈ

જઈશ એમ? જો એમ સમજતી હો તો તું ખોટી જગ્યાએ છે. કોઈપણ અધ્યાપકની ચાડી-ચૂગલી ન તો મને પસંદ છે ન તો તેના માટેની આ જગ્યા છે. આ પહેલી ને છેલ્લી વાર. આજ પછી મારા જ વિષયની ને મારી જ વાત.' 'જી....સો...રી..' તે અપરાધભાવે બોલેલી. ખરાબ જ લાગ્યું હશે ચોક્કસ. એટલે જ તો ચિઠ્ઠીઓ બંધ થઈ ગયેલી! હાશ.... છૂટ્યા! પણ વળી અણધાર્યો એ જ સિલસિલો શરૂ - મારી જ વાત. કેવળ મારી જ વાત. કેટલી અજીબ છોકરી!

જોકે એક વાર વર્ગમાંથી બહાર નીકળતી વખતે સુલેખાબહેને ઇશારો કરીને નજીક બોલાવેલી. સાથે સંધ્યાબહેન પણ હતાં. લોબીના એક ખૂણે ખેંચી જઈને એકદમ નજીક આવીને પૂછેલું: 'પે...લી... રુદાલી કંઈક વિચિત્ર નથી લાગતી તમને?' હું બરાબર સમજી નથી તેવું મારા ચહેરાના હાવભાવ પરથી જ પારખી લઈને તેમણે ફોડ પાડીને કહેલું: 'કંઈક વિચિત્ર.. હમમ.. કેવી રીતે સમજાવીએ તમને? જે રીતે જુએ છે તે તમને, તમે નોટિસ કર્યું છે કદી? બીજી છોકરીઓએ પણ વાત કરી છે અમને. ને કોઈપણ ગ્રુપ ફોટો વખતે મેં હંમેશાં જોયું છે કે ગમે ત્યાંથી પણ એ તમારી આસપાસ જ ગોઠવાઈ જાય છે. બીજી છોકરીઓ પણ કહેતી હતી કે તમારો ફોટો જોઈને ઊંઘે છે ને ઊઠે છે. તેને તમારા જેવા દેખાવું છે. માર્ક ન કર્યું તેનું ડ્રેસિંગ? બી કેરફુલ. શી ઇઝ નોટ અ નોર્મલ ગર્લ..'

નોટ અ નોર્મલ ગર્લ? - ચિત્ત ભમી ગયું. આક્રોશ, ઉદાસી કેટકેટલા ભાવો એકસામટા ઊભરાઈ ગયા - નકલબાજ... શીખી શીખીને બસ, આ જ શીખી? બસ, આ જ આદર્શ સ્થાપિત કર્યો છે મેં? જોકે એ પછી મેં નોટિસ કરવા માંડેલું. સુલેખાબહેન સાવ ખોટાં તો નહોતાં! એ છોકરી કંઈક જુદી રીતે જોતી હતી. અસ્વસ્થ થઈ જવાતું હતું. અને એક દિવસ તો હદ કરી નાખેલી તેણે. વધારે વિચિત્ર તો ત્યારે જ લાગેલું જ્યારે એક ચિઠ્ઠીમાં તેણે ફરિયાદી સ્વરે લખેલું: 'છેલ્લા ત્રણેક ક્લાસમાં તમે મારી સામે કુલ મળીને ફક્ત બે વાર જ જોયું છે અને વૈશાલી ભણી છ વાર, રાધિકા ભણી ચાર વાર, નૈમિતા ભણી છ વાર. શું મારી કોઈ ભૂલ થઈ ગઈ છે? યાદ છે મેડમ? એક વાર અસ્તિત્વની વાત કરતી વખતે તમે કહેલું કે હંમેશાં આક્રોશ ખરાબ નથી હોતો, ક્યારેક ક્યારેક તેનો એક અર્થ પણ હોય છે. એ સાબિતી છે તે માણસના જીવંત હોવાની અને સામેનાની જીવિત હોવાની સ્વીકૃતિની. પણ સહુથી મોટી સજા કઈ છે ખબર છે? કોઈ તમારી નોંધ જ ન લે. તમારું અસ્તિત્વ છે

જ નહીં!... તો તમને હું ન દેખાઈ વર્ગમાં? આટલી મોટી સજા? કયા અપરાધની? અસહ્ય છે મેડમ. તમે પણ નહીં જુઓ? થાય છે કે ભણતર છોડીને ચાલી જાઉં અહીંથી. તમારી નજર પણ ન પામું એવા અસ્તિત્વનો અર્થ જ શો?'

ઓહહ... તો તે છોકરી મારી નજરની પણ ગણતરી રાખતી હતી? ભલા વિષયમાં ડૂબેલા અધ્યાપકને એવી સભાનતા થોડી જ હોય કંઈ કે તે કોની સામે કેટલી વાર જુએ છે? કેટલો ખુલાસો કરવો પડેલો મારે! હદ થઈ ગઈ!

એ પછી વળી ટેબલ પર ચિઠ્ઠીઓ – આ છોકરીને લોકો જેટલી બાઘ્ઘી સમજે છે તેટલી બાઘ્ઘી તો નથી જ. જુઓને, ચિઠ્ઠી આપવા માટે પણ તેણે શનિવાર જ પસંદ કરેલો, કેમ કે કશુંક 'આડુંઅવળું' લખાઈ જાય તો વચ્ચે આવતા રવિવારે મારા ગુસ્સાનો ફુગ્ગો ફટ્ટ કરતો ફૂટી શકે.

મેં ધીમે ધીમે હવે તેના તરફથી ધ્યાન જ વાળવા માંડેલું.

દિવસો રેતીની જેમ સરકતા હતા. ત્રણ સેમિસ્ટર ક્યારે પૂરાં થઈ છેલ્લું સેમિસ્ટર ક્યારે શરૂ થઈ ગયું તેય ખબર ન પડી. જોકે એ દિવસોમાં મેં નોંધેલું કે હવે ચિઠ્ઠી આપતી વખતે તે છોકરીના પગ થરથર ધ્રૂજતા નહોતા. ઘોઘા જેવાં સલવાર-કુરતાની જગ્યાએ ચુસ્ત ડ્રેસ ઠઠાડતી હતી. ચોટલાના બદલે પોનિટેલ આવી ગયેલી. કોરા વાળની લટ હવામાં ઊડતી થઈ ગયેલી ને ડ્રેસના રંગો સાથે ગળામાં રંગબેરંગી માળાઓ પણ બદલાતી હતી. કાયાકલ્પ જ થઈ ગયેલો તેનો. એક વાર લોબીમાં તેને અમસ્તાં પૂછ્યુંય ખરું તો તે શરમાઈ જઈને સરકી ગયેલી પણ તેની સાથેની વૈશાલીએ નજીક આવીને કહેલું : 'તેણે જિમ જોઈન્ટ કર્યું છે મેડમ. કહેતી'તી કે તમે એક વાર તેની તારીફ કરી દો તો...' મારી હેરાન આંખો તે છોકરીની પીઠને તાકી જ રહેલી. જોકે પરિવર્તન તેના દેખાવમાં જ નહોતું આવ્યું પણ ચિઠ્ઠી આપવાના અંદાજમાંય આવી ગયેલું. ચિઠ્ઠીની સાથે હવે તે લાલ ગુલાબ પણ આપતી થઈ ગયેલી. એક દિવસ બોલાવીને સહેજ ઠપકાના સ્વરે કહી નાખેલું; 'જો મને આ સહેજ પણ પસંદ નથી. તારી લાગણી હું સમજી શકું છું પણ આમ બજારમાંથી પૈસા ખર્ચીને ફૂલો લાવવાં એ યોગ્ય નથી.' તોય બીજી વાર પણ ધરાર ચિઠ્ઠી સાથે એ જ લાલ રંગનું ગુલાબ. પૂછું તે પહેલાં જ ગુલાબ સાથે એક ખુલાસો – 'બજારમાંથી નથી લાવી. ગુલાબનો છોડ જ લઈ આવી છું. મારા છોડ પરનું જ ફૂલ છે આ. ખરીદ્યું નથી.'

હદ થઈ ગઈ! - મારી અકળામણ વધતી જતી હતી. એ છોકરી હવે

તો ફાલતુ કારણો ઉપજાવી ઉપજાવીને રૂમમાં આવતી થઈ ગયેલી. ઢગલાબંધ કામ વચ્ચે આમ સમય બગાડવો એ શું સારી વાત હતી? પણ એક વાર એ લાગલગાટ અઠવાડિયા લગી ગેરહાજર - હાશ... બલા ટળી ! પણ આંખો હતી કે વારે વારે તેની ખાલી જગ્યાએ ચાલી જતી. હાજરી પૂરતી વખતે હું જાણીબૂજીને મોટેથી બોલેલી : 'કોણ છે આ નંબર? છ-છ દિવસ લગી એબસંટ?' બીજી બેંચ પરથી એક પાતળો પણ અત્યંત ધીમો અવાજ: 'એ બીમાર છે મેડમ.' એ આવી ત્યારે મેં ફરજના એક ભાગરૂપે સહજ રૂપે જ પૂછેલું; 'શું થયેલું? તબિયત સાચવો. પરીક્ષા નજીક આવે છે. બસ, આ લાસ્ટ સેમ છે.' સામે એક રડમસ અવાજ; 'ખબર છે પણ ..તે દિવસે તમે રજા પર હતાંને?' મને તો યાદ જ નહોતું આવ્યું કે તે કયા દિવસની વાત કરતી હતી? પણ પછી એકદમ ક્લિક થયેલું કે તે પહેલાંના અઠવાડિયે હું અંગત કારણોસર રજા પર હતી ખરી. 'હા તો?' મનમાં તો થઈ આવ્યું કે તો શું હવે મારી રજાનો હિસાબ ને ખુલાસા પણ તેને આપવાના? મેં ભવાં ચઢાવીને આંખ કરડી કરેલી. '...તો ... તે રાત્રે હું આખી રાત સૂઈ નહોતી શકી, તમારી ચિંતામાં. આગલા દિવસે તમને લેક્ચરમાં કુલ નવ વખત ઉધરસ આવી હતી. થયું કે તમે માંદાં તો નહીં પડ્યાં હોવને? તે દિવસે ચાર કલાક સર્ચ માર્યું ગૂગલ પર. ક્યાંકથી તમારો નંબર મળી જાય. કોઈને પૂછવાની હિમ્મત નહોતી. પણ મળ્યો નહીંને. જ્યાં જુઓ ત્યાં તમે ને તમારા શબ્દો જ.. માથું તો જે ફાટફાટ થાય.. થયું કે મને કશુંક થઈ જશે. ને વારે વારે એ જ અશુભ વિચાર આવ્યે ગયો કે તમને કશુંક થઈ ગયું હશે તો... પહેલાં આવતો હતો તેવો વિચાર મને એ પળે ઝબકી ગયેલો - આપઘાતનો.' બોલતાં બોલતાં તેણે હળવેથી ટેબલ પર ચિઠ્ઠી મૂકી દીધેલી.

સાંભળીને હું તો સન્ન! ગજબ છે આ છોકરી તો! ના આ નોર્મલ નથી. ને તેની એ ચિઠ્ઠી? કેટલી એબનોર્મલ! મારા જેવા દેખાવાની ઝંખના, મારી સુંદરતાનાં વખાણ, મારી નિકટતા પર કેવળ તેના જ અધિકારની ઇચ્છા અને છેલ્લા શબ્દો - 'હું તમને પ્રેમ કરું છું. કાશ ! તમે મારી આંખોમાં ક્યારેક તો જોયું હોત...'

ઉફ્ફ ! તોબા. આટલી હિમ્મત? આ વાત જ્યારે અનુને કરેલી તો બે ક્ષણ તે પણ સન્ન. પણ એક લાંબી ચુપ્પી પછી તેણે ખડખડાટ હસતાં હસતાં ગામડાની કોઈ બુઢિયાના લહેજામાં કહેલું: 'ઈ છોરી કે લછ્છન મુજે કુછ ઠીક નાહિ લાગત, બતાઈ દેતી હૂં.' બેવડ વળી વળીને ક્યાંય લગી હસતી'તી. ઉપરથી ડાયલોગબાજી મારતાં બોલેલી; 'હાયે..

ઈસ સાદગી પે કૌન ન મીટ જાયે... કહીં યે વો તો નહીં..' 'વો' પર ભાર આપી આપીને તેણે જે રીતે ભ્રમર નચાવેલી કે મારી ભીતર એક જુદો જ ભય ફેલાવા લાગેલો – ધક્ક! મારા સફેદ ફગ્ગ થઈ ગયેલા ચહેરા સામે જોયા વિના જ અનુડી બોલતી હતી; 'આખિર ઐસા તુને ક્યા પઢા દિયા ઝાલિમ કી અબ તો લડકિયાં ભી તુમ પર મિટને લગી...મીરાં યાજ્ઞિકની ડાયરી કે મિત્રો મરજાની કે પછી...'

સાંભળતાં જ એકાએક કાન ઊંચા થઈ ગયેલા – હા...પણ એ તો અભ્યાસક્રમના એક ભાગરૂપે... પણ તેનો અર્થ એ થોડો જ છે કે.. અને તે કૃતિનું ઊંડાણ, ભાવવિશ્વ, ચરિત્રોની સંવેદના કશાનું કોઈ જ મૂલ્ય નહોતું તેને મન? આ આજકાલની જનરેશન! છી... આટલી હીન ભાવના?'

ગુસ્સાથી રાતીચોળ થઈ ગયેલી હું. પણ અનુએ જ તોડ કાઢ્યો છેવટે: 'ભૂલી જા એ પાગલને. જાણે કે કશું બન્યું જ નથી. જાણે કે તે છે જ નહીં. બંધ કરી દે બધું જ. સહાનુભૂતિ જાય ચૂલામાં. લાગણી, રસ, ગુસ્સો... નથિંગ મીન્સ નથિંગ...'

હા, ખરી વાત, હવે છેય કેટલા દિવસ? મેં પણ મન મનાવી લીધેલું. અંદરથી એક નિરાંત થતી હતી – હાશ.. જોકે તે છોકરીની બે છલકાતી આંખો નિરંતર મારી રૂમના દરવાજાની અંદર-બહાર થતી રહી.

પણ આજે?

અંદરની પેલી છૂપી બીક હજીય ફડફડ થતી હતી – એ આવી ધમકે નહીં તો સારું! ત્યાં તો એ આવી જ ધમકી. શૈતાન કા નામ લિયા ઔર... 'ઉતાવળ છે' કહીને એક અણગમા સાથે તેની સામે જોયા વિના જ હું સીડી ઊતરવા લાગી. પણ ત્યાં જ તેણે હાથમાં ચિઠ્ઠી પકડાવી જ છેવટે – ખરી લપ છે આય! થયું કે અનુ પાસે જ વાંચીશ. પણ રિક્ષામાં બેસતાં જ મારી અધીરી આંખોએ ચિઠ્ઠી વાંચી નાખી –'મા જેવો પ્રેમ આપનાર મારાં વ્હાલાં વ્હાલાં મેડમ..' વાંચ્યું કે મગજ સુન્ન. લો! હવે તેની મા બની ગઈ હું? આક્રોશ સાથે કાગળિયું બહાર ફેંકાઈ ગયું.

અનુ આજે વહેલી જ આવી ગયેલી ઘેર. મેં તરત ઉકળાટ ઠાલવતાં કહ્યું; 'કેટલી ખુશ હતી આજે હું! સવારથી ગીત ગણગણતી હતી, સજના હૈ મુજે... પણ તૈયાર થવાનો મૂડ જ ખરાબ કરી નાખ્યો પેલીએ. કયા એન્ગલથી તેને હું મા લાગી હોઈશ બોલ તો! અધ્યાપિકા થઈએ એટલે લેબલ ફ્રીમાં ચોંટાડી દેવાનાં! મધર ઇન્ડિયા ફરતી બનું?' કહેતાં કહેતાં મેં અરીસામાં જોયું. ધૂંઆપૂંઆ થતી હું વાળ ઓળવા લાગી. ખાસ સાંજ માટે વાળ ખુલ્લા જ રાખવાનું વિચારેલું. પણ

કચકચાવીને વાળ બાંધી લીધા. વાળ ઓળતી વખતે મારી નજર એક સફેદ વાળ તરફ ગઈ; 'આ એક-બે વાળે સફેદી શું પકડી કે... આજકાલ તો કોમન પ્રોબ્લમ છે. એથી કંઈ ત્રીસની ઉંમરે બાવીસ વર્ષની છોકરીઓની મા ઓછાં જ થઈ જવાય છે? તેના જોયા છે? મારા કરતાં તો તેના ત્રણ ગણા ધોળા છે. ને તેની કદકાઠી તેં જોઈ હોય તો..જાણે કે.....'

પહેલાં તો અનુને મારા આટલા ધૂંધવાટનું કારણ સમજાયું જ નહીં. પછી વાત ખોલી ત્યારે કંઈક સમજી. સાંભળીને તે તો ખડખડાટ હસી ચિબાવલી. ઊલટાનું ચીડવવા લાગી; 'મા.. ઓ મા.... મેરી પ્યારી મા...' મેં અનુ ભણી છુટ્ટો કાંસકો જ ફેંક્યો. 'રિલેક્સ બેબી... કમસે કમ 'વો'વાળા ટેન્શનમાંથી તો છૂટી! એબનોર્મલ જેવું કશું જ નથી, તેની ખુશી મનાવ. ચલ છોડ એ વાત બધી. જલદી તૈયાર થઈ જા. એ લોકો હમણાં આવી પહોંચવાના. સુના હૈ કિ બકરા કાફી અચ્છા હૈ, ઇસ બાર ફંસા હી લેના. હા .. હા... હા... અને જો તું એને પસંદ ના આવે તો બળ્યા વિના મારી સિફારિશ...થોડી તારીફ પણ કરજે હોં.. હમ ભી બૈઠેં હૈં રાહો મેં...' કહેતી તે નીચે રસોડામાં મમ્મીને મદદ કરવા માટે દોડી ગઈ.

આસમાની રંગની સાડી પહેરવા કાઢી હતી પણ તેને આઘી ફંગોળી દઈને સ્કિન ટાઈટ ચૂડીદાર સલવાર-કુરતો પહેરી લીધાં. છત પર ગોઠવાયેલી મુલાકાત. પ્રશ્નપત્રના એ જ રિપીટ સવાલો - શું કરો છો? કયા કયા શોખ છે? રસોઈ? નોકરી ચાલુ રાખવા માગો છો કે? ઈફ યુ ડોન્ટ માઈન્ડ તમારી સેલેરી..? છેલ્લો સવાલ આવ્યો કે તરત આંખ તેના ચહેરા પરથી ખસી જઈ આકાશના રંગો જોવા લાગી.

બીજા દિવસે પણ એક અજાણ્યો અજંપો ઘેરી વળ્યો. કૉલેજથી ઘેર નીકળવા ઊભી જ થતી હતી કે પ્યુન એક ફોર્મ મૂકી ગયો; 'બે-ચાર વિગતો ભરીને હમણાં જ આપવાની છે. થોડી વાર પછી લઈ જાઉં.' મેં ફોર્મ પર ઊડતી નજર કરી. નામ? જન્મતારીખ? કાયમી સરનામું? નોકરીમાં જોડાયાની તારીખ?

ત્યાં જ બારણાની દિશામાંથી એક ધીમો સ્વર સંભળાયો - 'મે આઈ કમ ઈન મેડમ?' કે મનમાં એક થડકો થયો. ના, પેલી છોકરી નહોતી. આ વખતે બે અજાણી છોકરીઓ ઊભી હતી; 'આ ચિઠ્ઠી... એ કાલે જ ઘેર જવા નીકળી ગઈ.'

'બસ, આ ચિઠ્ઠીઓ વાંચવાના કામ સારું જ અહીં આવીએ છીએ જાણે કે...' સખત અણગમા સાથે હું મનોમન બબડી. આંખ ચિઠ્ઠીના શબ્દો ઉકેલવા લાગી - 'તમને થશે કે હું જાતે આપવા

ન આવી ને આમ અજાણી છોકરીઓ સાથે મોકલાવી પણ તે માટે માફ કરી દેશો. જવું જરૂરી હતું ને કહેવું પણ. યાદ છે મેડમ, એક વાર તમે ક્લાસમાં પૂછ્યું હતું કે જીવનનું મોટામાં મોટું દુઃખ કયું? જવાબ તો ત્યારે પણ આવડતો હતો. બસ, આપવો આજે છે. જીવનનું મોટામાં મોટું દુઃખ છે માનું મરી જવું. ને એથીય મોટું દુઃખ છે જીવતેજીવ માનું મરી જવું. મારા બાપને તો પાંચ બહેનોનાં નામેય ક્યાં યાદ રહેતાં હતાં? બસ, અમારી એક જ ઓળખ હતી – પથરા. પથરા પેદા કરનારને મારઝૂડ કરવાનો તેમનો 'હક' હતો જાણે. ત્રાસી ગયેલી મા. ને પછી ધીમે ધીમે વાત વહી – મારી ઉંમરના એક છોકરા સાથે તેના લફરાની. ગલીમાંથી નીકળતી વખતે પથરા પર ગાળો થૂંકાતી. છોને અમે પથરા રહ્યા પણ થૂંકથી ભીના તો થતા હતા! ને પાંચેય પથરાને કાનેય હતા. થયું કે મળે એ છોકરાને 'હા' પાડી દઉં. પણ એવી માની છોકરી માટે 'હા' પડતી જ નહોતી કોઈની. તો ભણવાના બહાને અપલખણી માના પડછાયાથીય દૂર ચાલી આવી. થયું કે દુનિયા સુંદરતાને ચાહે છે – કદાચ તમે પણ. કદાચ એટલે જ હું તમારી જેમ સુંદર બનવા મથતી રહી. કદાચ હું તમને ગમું! મને એમ હતું કે પ્રેમનો અધિકાર સુંદરતાને કારણે જ મળે! તમને તો સહુ ચાહે છે. હું પણ તમારી જેમ બની જાઉં તો મને પણ કોઈ.... ને છેવટે તે ભ્રમણા પણ ભાંગી ગઈ. તમે પહેલી જ વાર જીવનનો નવો અર્થ સમજાવ્યો. પહેલી જ વાર અસ્તિત્વનો અર્થ સમજાવ્યો અને પહેલી જ વાર મેં મારી માને ગલીના લોકોની નજરે નહીં પણ કેવળ એક 'સ્ત્રી' રૂપે જોઈ. તેની પીડા સમજી શકી. પહેલી વાર માની દુનિયા જાણી શકી. તે દિવસથી જ તમે મારા માટે બીજી મા બની ગયાં – નવી મા. મેં તો એવું જ જોયું-સાંભળ્યું છે કે નવી મા બહુ દુઃખ આપે, પણ નવી મા આટલી પ્રેમાળ હોઈ શકે તેની ખબર મારા સિવાય બીજા કોઈને ક્યાંથી હોય? હું તમને જરૂર મળવા આવીશ. ને આમ તો હું મળતી જ રહું છુંને! તમારું એક કાયમી સરનામું મારું હૃદય પણ છે!!..'

છેલ્લા શબ્દો ભીના ભીના બની ગયા – ઓહ ! ગજબ છે આ છોકરી!

સામે પડેલા ફૉર્મ પર છાપેલા શબ્દો ભીના થઈ રહ્યા હતા. કાયમી સરનામું એક જ થોડું હોય છે? નોકરીમાં જોડાયાની તારીખ? કદાચ આજે. આજે જ તો છે મારો પહેલો દિવસ!

પહેલી જ વાર કૉલેજમાં મારા હાથરૂમાલનો એક ખૂણો ભીનો થઈ રહ્યો હતો. રૂમમાં કોઈ નહોતું પણ તોય ક્યાંકથી મને શબ્દ સંભળાઈ રહ્યો – રુદાલી..... !!

❑❑❑

ચંદ્રશેખર વ્યંકટ રામન (સી.વી.રામન)
(ઈ.સ.૧૮૮૮-૧૯૭૦)

☐ અરવિંદ ગુપ્તા ☐ અનુ.: હેમંત સોલંકી

આ લેખ વિજ્ઞાન લેખક તેમ જ વિજ્ઞાન પ્રચારક શ્રી. અરવિંદ ગુપ્તાના પુસ્તક 'Bright Spark'માં રજૂ થયેલ પ્રખ્યાત ભૌતિકશાસ્ત્રી અને 'રામન અસર (Raman Effect)'ના શોધક ચંદ્રશેખર વ્યંકટ રામન (સી. વી. રામન)ની લઘુ આત્મકથાનો ભાવાનુવાદ છે. ડો. કરેન હેયડોકે આ પુસ્તકની ડિઝાઈન તૈયાર કરી તેમ જ તેમાં વપરાય તેવાં ચિત્રો પણ આલેખ્યાં.

- શ્રી હેમંત સોલંકી, સિઉલ-સાઉથ કોરિયા, ઈ-મેઈલ : shm8324@gmail.com


આજે વૈજ્ઞાનિક પ્રયોગશાળાઓ ભલે અઢળક નાણાભંડોળ તેમ જ કાર્યક્ષમ ઉપકરણોથી ચાલતી હોય, તો પણ આપણે ભૂલવું ન જોઈએ કે માનવ મગજ હજુ પણ સૌથી મોંઘું અને મૂલ્યવાન ઉપકરણ છે. આ વાતની ખરાઈ સી. વી. રામનના જીવનથી ચરિતાર્થ થાય છે.

તેઓ એવા એકમાત્ર વૈજ્ઞાનિક છે, જેમણે ભારતમાં રહીને વૈજ્ઞાનિક સંશોધન કર્યા પછી નોબેલ પારિતોષિક મેળવ્યું. પોતાના સંશોધનમાં તેમણે જે ઉપકરણનો ઉપયોગ કર્યો તેની પ્રાથમિક કિંમત રૂ. ૨૦૦ કરતાં પણ ઓછી આંકવામાં આવે છે.

આ વિલક્ષણ વૈજ્ઞાનિકનો જન્મ ૭ નવેમ્બર ઈ. સ. ૧૮૮૮માં તામિલનાડુ રાજ્યના તિરુચિરાપલ્લી શહેરમાં થયો. તેમના પિતા ભૌતિકશાસ્ત્ર અને ગણિતના વ્યાખ્યાતા(Lecturer) હતા. બાળપણથીજ રામનને વિવિધ વિષયોનાં જુદાં જુદાં પુસ્તકો વાંચવાં મળ્યાં. તેમણે પોતાના પિતા પાસેથી સંગીત વિષયક પ્રેમ આત્મસાત કર્યો. સંગીતની પ્રકૃતિ ઉપર રામને આગળ જઈને ઘણું નોંધનીય સંશોધન કર્યું.

રામનનું પ્રાથમિક શિક્ષણ વિશાખાપટ્ટનમમાં થયું. તે દિવસોમાં


ઉંમર વિષયક કોઈપણ બાંધછોડ ન હોવાને લીધે રામને પોતાની પ્રતિભાથી અગિયાર વર્ષની કુમળી વયમાં જ હાઈ સ્કૂલની પરીક્ષા ઉત્તીર્ણ કરી લીધી. રામને ઈ. સ. ૧૯૦૨માં મદ્રાસની પ્રેસિડેંસી કોલેજમાં પ્રવેશ મેળવ્યો અને ઈ. સ. ૧૯૦૪માં બી.એ. પ્રથમ ક્રમાંક સાથે ઉત્તીર્ણ કર્યું, તેમ જ ભૌતિકશાસ્ત્રમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો. ઈ. સ. ૧૯૦૭માં તેમણે એમ.એ.ની પદવી સર્વોચ્ચ ગુણાંકો સાથે મેળવી. રામનનો શારીરિક બાંધો પાતળો હોવાને લીધે તેમને અગણિત અડચણો આવી. અવારનવાર તેમના શિક્ષકો તેમને પૂછતા રહેતા કે ''શું તું સાચેજ આ વર્ગનો વિદ્યાર્થી છે?'' મહાવિદ્યાલય (College)નું શિક્ષણ પૂરું થતાં જ રામનને ઉચ્ચતર શિક્ષણ માટે વિદેશ જવાની સલાહો મળી. પણ મદ્રાસના એક સરકારી તબીબે જ્યારે રામનની તપાસ કરી તો રામનના દૂબળા શરીરને જોઈ તબીબને લાગ્યું કે રામનનું શરીર ઇંગ્લેન્ડની સખત ઠંડી આબોહવા સામે ટકી નહીં શકે અને તબીબે પરવાનગી ન આપી. રામન આજીવન આ તબીબના આભારી રહ્યા જેને લીધે તેમને ભારતમાં જ રહીને કામ કરવાની તક મળી.



રામને ભૌતિકશાસ્ત્રમાં એમ.એ. કરી લીધા પછી શું કર્યું? તે દિવસોમાં વિજ્ઞાનક્ષેત્રમાં બહુ ઓછી તકો ઉપલબ્ધ હતી. જેના લીધે રામન પાસે કોઈ વિકલ્પ ન હોવાને લીધે તેઓ સરકારી નોકર તરીકે કલકત્તાના નાણાં વિભાગ (Finance Department)માં જોડાયા.

રામનનાં લગ્ન પણ તેમના પૂરા જીવનની જેમ નાટકીય વળાંકો સાથે જ થયાં. એક વાર તેમના કોઈ સગાને ઘેર તેઓ મળવા ગયા. જ્યાં તેમની ભેટ ૧૩ વર્ષની લોકસુંદરી સાથે થઈ અને રામનને તે તરત જ પસંદ

આવી ગઈ. ખૂબ જ ક્રાંતિકારી રીતે રામને પોતે જ પોતાનાં લગ્ન ગોઠવ્યાં. રામને જ્યારે લોકસુંદરીને પહેલી વખત જોઈ ત્યારે તે એક કર્ણાટકી ભજન ખૂબ જ સુંદર રીતે ગાઈ રહી હતી. જેના શબ્દો હતા ''રામાની સમાનમ્ ઈવારું?'' એટલે કે ''હે રામ, તમારી સરખામણી કરવા લાયક કોણ છે?''



નાણાં વિભાગમાં કામ કરતાં પણ રામનનો ભૌતિકશાસ્ત્રમાં રસ જળવાઈ રહ્યો. તેમણે પોતાના ઘરમાં જ એક કામચલાઉ પ્રયોગશાળા ઊભી કરી. અને ત્યાં જ તેઓ પ્રયોગો કરતા રહેતા. જીવન આમ જ આગળ ધપતું હતું, ત્યારે એક દિવસ કામથી પાછા ફરતી વખતે એક જાહેરાતના પાટિયાએ તેમનું ધ્યાન ખેંચ્યું. બોવબાઝાર ખાતે Indian Association for the Cultivation of Science (IACS) સંસ્થાની જાહેરાત હતી. કહેવાય છે કે આ પાટિયું વાંચતાં જ તેઓ ચાલતી ટ્રામમાંથી કૂદીને ઊતરી ગયા અને IACS જવા બોવબાઝાર તરફ ભાગ્યા. જ્યાં તેમનું સ્વાગત અમૃતલાલ સરકારે કર્યું. જેમના પિતાશ્રી મહેન્દ્રલાલ સરકારે આ સંસ્થાની સ્થાપના ઈ. સ. ૧૮૭૬માં ભારતીય વિજ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે કરી હતી. રામને સાંજે કામ ઉપરથી છૂટી આ સંસ્થાની પ્રયોગશાળામાં કામ કરવાનું શરૂ કર્યું. બહુ જલદી તેઓ બહુ ઉચ્ચ કોટીના વૈજ્ઞાનિક સંશોધનપત્રો લખતા થઈ ગયા જેનાથી ઘણા વિજ્ઞાનના નિષ્ણાતોનું ધ્યાન તેમના તરફ ખેંચાયું.


ઈ. સ. ૧૯૧૭માં કલકત્તા વિશ્વ-વિદ્યાલયના ઉપકુલપતિ (Vice-Chancellor) સર આશુતોષ મુખર્જીએ રામનને વિશ્વવિદ્યાલયની ભૌતિકશાસ્ત્ર માટેની તારકનાથ પાલિત ખુરશી ગ્રહણ કરવાની રજૂઆત કરી. રામન તો ખૂબ ખુશ થયા. આખરે નાણાં વિભાગના હિસાબોના ચોપડાઓથી છુટકારો મેળવી તેઓ પોતાના પ્રિય વિષય ઉપર શોધ આગળ વધારવા માટે હવે સ્વતંત્ર હતા.


ઈ. સ. ૧૯૨૧માં બ્રિટનમાં આયોજિત એક વિજ્ઞાન પરિષદમાં ભાગ લેવા માટે પહેલી વખત રામને વિદેશયાત્રા કરી. આ દરિયાઈ મુસાફરી ભૌતિકશાસ્ત્ર માટે અતિ મહત્ત્વપૂર્ણ પરિણામો લઈને આવી. તેઓ સમુદ્રના ઘેરાશ પડતા ભૂરા(Deep

Blue) રંગને મુગ્ધ થઈ નિહાળતા રહેતા. તેમને પ્રશ્ન થયો કે સમુદ્રનું પાણી ભૂરા રંગનું કેમ છે? શું સમુદ્ર ભૂરા/આસમાની રંગના આકાશનું પ્રતિબિંબ ઝીલે છે? કે કોઈ બીજું કારણ છે?

રામનના તર્ક પ્રમાણે સમુદ્રનું ભૂરાપણું પાણી અને સૂર્યપ્રકાશ વચ્ચેની કોઈ અન્યોન્ય ક્રિયાને આભારી છે. જ્યારે જહાજ પરના સાથી મુસાફરો ગંજીફાનાં પાનાં ટીચવામાં અને જૂગટું રમવામાં મશગૂલ થઈ ગયા હતા, ત્યારે રામન ત્યાં પોતાની સાથે લાવેલા સ્પેક્ટ્રોમીટર (સ્પેક્ટરલ રેખાઓનું સ્થાન માપવા માટે વપરાતું સાધન)ની મદદથી પ્રયોગો કરવામાં તલ્લીન થઈ ગયા. અને અલગ અલગ માધ્યમોમાં પ્રકાશના થતા પ્રકીર્ણન / વિભાજન (Scattering of Light) વિષે એક સંશોધનપત્ર પણ લખી કાઢ્યું.

ભારત પરત ફર્યા પછી રામને આ વિષય ઉપર ગંભીરતાપૂર્વક સંશોધન શરૂ કર્યું. તેમણે પ્રકાશ કિરણોને વિવિધ પ્રવાહી પદાર્થોમાંથી પસાર કર્યાં અને તેમની અસરોનો અભ્યાસ કર્યો. છેવટે ઈ. સ. ૧૯૨૮માં તેમણે સાબિત કર્યું કે જ્યારે એક રંગનો પ્રકાશ (Monochromatic Light) કોઈ પ્રવાહીમાંથી પસાર થાય છે ત્યારે પ્રકાશનો ક્વોન્ટા અને પ્રવાહીના પરમાણુઓની પરસ્પર અસર થવાને લીધે પ્રકાશ વિખેરાય છે. આને લીધે ઊભરી આવતાં પ્રકાશ કિરણોનો રંગ મૂળ પ્રકાશ કિરણના રંગથી અલગ હોય છે. મૂળ પ્રકાશ કિરણની સરખામણીમાં આ બહાર પડતાં (ઊભરી આવતાં) પ્રકાશ કિરણો ઉચ્ચતર અને નિમ્નસ્તર એવી બન્ને સ્તરની ઊર્જાઓ તરફ ખસેડાય છે. આ જ સુપ્રસિદ્ધ 'રામન અસર (Raman Effect)' છે જેને લીધે પછીથી તેમને નોબેલ પારિતોષિક એનાયત થયું. તેમની આ શોધે જગતભરમાં વૈજ્ઞાનિક સંશોધનોમાં






ઉદ્દીપક તરીકે કામ કર્યું અને સંશોધનોને વેગ મળ્યો. સ્પેક્ટ્રોસ્કોપી વિવિધ પદાર્થોનાં માળખાં અને તેની સંરચનાના અભ્યાસ કરવા માટેના શક્તિશાળી સાધન તરીકે ઊભર્યું.


આ શોધ પછી તો તેમને બધી જ તરફથી સ્વીકૃત માન્યતા મળવા લાગી. સર અરનેસ્ટ રદરફોર્ડે 'રામન અસર (Raman Effect)'ની શોધની જાહેરાત લંડનની રૉયલ સોસાયટીમાં કરી અને બ્રિટિશ સરકારે તેમને નાઈટહૂડની પદવી પ્રદાન કરી. ૧૦ ડિસેમ્બર ઈ. સ. ૧૯૩૦માં તેમને દુનિયામાં સર્વોચ્ચ એવા નોબેલ પુરસ્કારથી નવાજવામાં આવ્યા. વિજ્ઞાનક્ષેત્રે નોબેલ પુરસ્કારથી સન્માનિત થવાવાળા તેઓ પ્રથમ એશિયન તેમ જ પ્રથમ અશ્વેત વ્યક્તિ બન્યા. તેમની પહેલા રવીન્દ્રનાથ ટાગોરને સાહિત્ય ક્ષેત્રમાં તેમના યોગદાન માટે નોબેલ પારિતોષિક એનાયત થયું હતું. તે પછી રામનના ભત્રીજા સુબ્રમણ્યન ચંદ્રશેખરને લગભગ ૫૦ વર્ષ પછી ઈ. સ. ૧૯૮૩માં ભૌતિકશાસ્ત્ર માટેનું નોબેલ પારિતોષિક એનાયત થયું.

સદીઓથી વિદેશી સત્તાઓથી પરાજિત અને શાસિત રહ્યા પછી આવું આંતરરાષ્ટ્રીય સન્માન મળવાથી ભારતીય વિજ્ઞાન સમુદાયના સ્વાભિમાનમાં અતિશય વધારો થયો.

એક ભારતીય વૈજ્ઞાનિક જેણે પોતાનાં સંશોધનો ભારતમાં જ રહીને કર્યાં હોય, તેને વિશ્વનું આવું સર્વોચ્ચ સન્માન મળવું ખરેખર સન્માનનીય વાત હતી.

જુલાઈ, ઈ. સ. ૧૯૩૩માં રામન બેંગલોર સ્થિત ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ (જે પછીથી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ તરીકે નામકરણ પામી)ના સૌપ્રથમ ભારતીય નિયામક તરીકે નિયુક્તિ પામ્યા. રામને તે પછીનાં ૧૫ વર્ષ આ જ સંસ્થામાં પસાર કર્યાં અને તે દરમિયાન ત્યાં તેમણે આંતરરાષ્ટ્રીય સ્તરના ભૌતિકશાસ્ત્ર વિભાગની સ્થાપના અને તેનો વિકાસ કરવા માટે ઘણું કામ કર્યું. તેમણે ભારતમાં વિશ્વ કક્ષાના વૈજ્ઞાનિકોની આખી પેઢી તૈયાર કરી તેમ જ તેમને પ્રેરિત કર્યા.





તેમણે ક્ષ-કિરણોના વિવર્તન (X-Ray Diffraction) ઉપર સંશોધન શરૂ કર્યું, અને તેમના પ્રિય વિષય એવા ઘન અને પ્રવાહી અવસ્થામાં રહેલા પદાર્થ તેમ જ પ્રકાશ વચ્ચેની પારસ્પરિક અસર (એકબીજા ઉપર થતી અસર) ઉપર પણ સંશોધન શરૂ કર્યું.



રામન વિજ્ઞાન પ્રસાર માટે ઊંડી ધગશ ધરાવતા. તે જ સાથે તેઓ પ્રતિભાશાળી વક્તા પણ હતા, અને તેમણે વ્યાપકપણે વિજ્ઞાન વિષયક વ્યાખ્યાનો આપ્યાં. તેમણે વિજ્ઞાનને પ્રયોગો કરીને શીખવાનો આનંદ લેવો તેમ જ વિજ્ઞાનની મુખ્ય કામગીરી આ દ્વારા સમાજના જીવન ધોરણને ઉપર લાવવાની રહેવી જોઈએ એ બન્ને બાબતો ઉપર ભાર મૂક્યો. તેમની ગહન વિષયો વિષેની રજૂઆત સરળ રહેતી, તેમ જ તેમાં તેઓ વિનોદી અને રસાળ બાબતો પણ જરૂરથી

ઉમેરતા. તેમના વિજ્ઞાનોનાં પ્રખ્યાત સંભાષણોમાં [જેને તેઓ 'પ્રદર્શન (Performance)' કહેતા] તેઓ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દેતા. તેમનાં વ્યાખ્યાનોમાં તેઓ હંમેશાં વાસ્તવિક પ્રયોગો રજૂ કરતા જેથી પ્રેક્ષકો જટિલ વિષયને પણ સારી રીતે સમજી શકે. તેમનું વ્યાખ્યાન ''આકાશ આસમાની કેમ છે?'' તે વિજ્ઞાન અને તેની પદ્ધતિઓને રજૂ કરી કઈ રીતે લોકો સુધી પહોંચાડી શકાય તેનું સર્વોત્તમ ઉદાહરણ છે. વિજ્ઞાન કંઈ શુષ્ક રીતે રજૂ કરવાનો વિષય નથી તેમ જ સમજ્યા વગર સમીકરણો ગોખવાનો વિષય પણ નથી. વિજ્ઞાન તો ક્રમશઃ પ્રશ્નો પૂછતા રહી, પદ્ધતિસરની દલીલો દ્વારા પ્રકૃતિની કામગીરીને સમજવાનો વિષય છે. તેમના આ વ્યાખ્યાનમાં આ બધી જ બાબતો સ્પષ્ટ થાય છે.

તેઓ Indian National Science Academy (INSA)ના સ્થાપક સભ્યોમાંના એક હતા.

રામને સંગીતવાદ્યોના ધ્વનિવિષયક (Acoustic) વિજ્ઞાન ઉપર પણ કામ કર્યું. તેમણે તંતુવાદ્યોનાં એવા પ્રકારનાં વાદ્યો ઉપર અભ્યાસ કર્યો જેને કપડાની પટ્ટીને તારો/તંતુઓ ઉપર ઘસીને સૂર રેલાવી શકાય, દાખલા તરીકે વાયોલિન. તેમણે વેગોના અધ્યારોપણ (Superposition of Velocities)ના આધારે આવા તંતુઓના આડી લીટીમાં થતા સ્પંદન/આંદોલન (Transverse Vibration) વિષેના સિદ્ધાંત ઉપર કામ કર્યું. ભારતીય તાલવાદ્યો જેવાં કે તબલાં અને મૃદંગમમાંથી નીકળતા સંવાદિત પ્રકૃતિ (Harmonic Nature)-ના ધ્વનિ ઉપર પણ સંશોધન કર્યું. ઈ. સ. ૧૯૪૩માં તેમણે એક કંપની શરૂ કરી - ત્રાવણકોર કેમિકલ્સ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપની.



બેંગલોરમાં પોતાની સેવા નિવૃત્તિ પહેલાં રામને ઈ. સ. ૧૯૪૮માં રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. આ સંસ્થાની નોંધપાત્ર વિશેષતા એ હતી કે તેને પૂરી રીતે ખાનગી દાતાઓ દ્વારા નાણાભંડોળ પૂરું પાડવામાં આવ્યું. રામને ઈ. સ. ૧૯૭૦ સુધી પોતાનું વૈજ્ઞાનિક સંશોધન અને સ્પષ્ટીકરણનું કાર્ય ચાલુ રાખ્યું. ૨ ઓક્ટોબર ઈ. સ. ૧૯૭૦ના દિવસે રાબેતા મુજબ તેમણે રામન રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટમાં મહાત્મા ગાંધીની સ્મૃતિમાં વ્યાખ્યાન આપ્યું. તે પછી તેઓ તરત જ બીમાર પડ્યા અને ૨૧ નવેમ્બર ઈ. સ. ૧૯૭૦માં તેમણે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો.

❑❑❑

બે કાવ્ય

☐ આશુતોષ રામ આપટે - અનુ.: ઉષા શેઠ

આશુતોષ રામ આપટે, એક લેખક ઉપરાંત સારા ચિત્રકાર છે. તાજેતરમાં, એમનાં ચિત્રોનું જહાંગીર આર્ટ ગેલેરીમાં પ્રદર્શન યોજાયું હતું. એમની 'શ્વાનપુત્રી' જાન્હવીને અર્પણ કરાયેલ પુસ્તક 'આપટ્યાચી પાનં' એ લેખનસંગ્રહમાંથી બે કવિતાઓનો અનુવાદ અહીં રજૂ કર્યો છે.

મરાઠીમાં જાહ્નવીને જાન્હવી કહેવાય છે. લેખકની વહાલી કૂતરીનું એ નામ હતું.

- ઉ. શે.



ફાધર્સ ડે

''આજે ફાધર્સ ડે!''
મેં જાન્હવીને કહ્યું,
''અરે પોરી સાંભળ્યું કે
આજે ફાધર્સ ડે છે
એટલે મારો દિવસ!''
જાન્હવી મારી સામે જોતી જ રહી
એને ક્યાં બોલતાં આવડતું'તું?
બોલી બોલીને શબ્દોની
નકામી વરાળ કાઢવા માટે
એ થોડી જ કંઈ મનુષ્ય જાતિમાં જન્મી હતી?
માનવ જાતની છોકરી હોત તો
એકાદું ગ્રીટિંગ આપી
'હાય ડેડ' કહી ફાધર્સ ડે વિશ કરી
તરત જ મોબાઈલના ચેટિંગ નામની
વર્ચ્યુઅલ ધમાલમાં ખોવાઈ ગઈ હોત
પરંતુ આ બે પગાળી ડગમગ આભાસી દુનિયામાં
જાન્હવી શા માટે પ્રવેશ કરે?
એના ચાર પગ સારી પેઠે સ્થિર હતા!

મારી લાડકી જાન્હવી વિશ્વાસુ
અને સાચા સાથીદાર થનાર
કૂતરાની પ્રજામાં જન્મેલી
એક મીઠડી દીકરી જેવી
રૂપમાં મિઠ્ઠી અને શાનદાર...
કૂતરાની ગોલ્ડન રીટ્રિવર જાતિની...
સોનેરી વાન, સોનેરી વાળ
સોનેરી મનની, મારી સોનેરી માનસ કન્યા!
એને એટલું જ સમજાતું હતું
ફાધર્સ ડે હોય કે ન હોય
બાપ નામનો શબ્દ વાપર્યો
કે ન વાપર્યો,
હું એનો હક્કનો બાપ હતો!
આ સગપણ એના મનમાં એકદમ પાક્કું હતું!
અને આ જ સગપણ કાયમનું હતું!
હું ભૂલી શકતો નહોતો જ
એ તો ક્યારેય ભૂલી શકતી નહોતી!
એટલો હું એના ભાવવિશ્વનો
અવિભાજ્ય અભિજન હતો.

માનું દૂધ છૂટ્યું ત્યારથી
સમજણ આવ્યા પહેલાંની ઉંમરથી જ

માંડ પિસ્તાલીસ દિવસની હશે, ત્યારથી
તેણે મને અને એને (પત્નીને) જોયાં હતાં...
તેને ખવડાવતી વખતે
એનું ના'વાધોવાનું કરતી વખતે
એનું છી, સૂ ઉપાડતી વખતે
એ અમારી સામે નિર્દોષપણે જોતી જોતી મોટી થઈ
અને આજે સોળ બચ્ચાંની મા થઈ એ,
તોયે એની નિર્દોષતા આજેય એની પાસે
અકબંધ છે.
સાચું કહીએ તો બાળકો નિર્દોષ હોય છે.
ત્યાં સુધી માબાપનાં હોય છે...
એક વાર મોટાં થયાં
જુવાનીનાં શિંગડાં ફૂટ્યાં કે
બંડનાં શિંગડાં ઉલાળી સ્વતંત્ર થાય છે
એમણે એવા થવું જ જોઈએ
વૃક્ષ પરનું ફળ પાકે એટલે
એ અલિપ્ત થાય છે વૃક્ષથી
કારણ કે એના બીજમાં હોય છે
સુપ્ત મહાવૃક્ષ, જે આ વૃક્ષની છાયામાં
વિકસિત થઈ ન શકે...
સંતાનોને માબાપ જોઈતાં નથી હોતાં એવું નથી
પણ તે એમની પ્રાઈવસી સ્ટેટસ
એમાં,
નડતરરૂપ લાગી શકે
ઉપરાંત પેઢી વચ્ચેનું અંતર તો ખરું જ.

જાન્હવીનું એક જોયું
એનાં બચ્ચાં મોટાં થયાં
ત્યારે એણે જ ધીમે ધીમે
પોતાનાં બચ્ચાંને પોતાનાથી અળગાં કર્યાં.
હવે એનાં કેટલાંક બચ્ચાં એની સાથે
અમારે ઘેર રહે છે.
પણ તેથી એ મારાં છોકરાં એમ
હક્ક જમાવતી નથી.
એમની સાથે બરોબરીના સંબંધથી વરતે છે...
માણસોથી આમ સહજપણે થતું નથી!
પોતાનાં સંતાન એમનાં સંતાનોનાં માબાપ થાય
તોયે અમારા કરતાં, અમને એ નાનાં જ લાગવાનાં

જાન્હવીનું એવું નહીં. એનાં સંતાનોનું પણ એવું
નહીં.
એક વાર ઉંમરલાયક થયા પછી ઉંમર વધતી
નથી
પછી મૃત્યુ સુધી બધાં સરખાં.
બધાં બરોબરીનાં.

એકબીજાને ચાટેય ખરાં.
એકત્ર રહે, કોઈ બહારનો કૂતરો આવે
તો બધાં સાથે મળીને ત્રાટકે...
પણ એનો અર્થ એ નહીં કે
પોતાના જમવામાંથી કોઈને ભાગ આપે
એકત્ર રહીને એ દરેકનું પોતાનું
સ્વતંત્ર વર્તુળ હોય છે...
અને એ એકબીજાના વર્તુળની સીમા
ક્યારેય ઓળંગે નહીં.

સંતાન માબાપનું નામ મોટું કરે
આજે ગામના લોકો
જાન્હવીને લીધે જ મને ઓળખે છે.
કોઈપણ દુકાનમાં જઈએ કે
પૂછે આજે જાન્હવીને નથી લાવ્યા?
અમે બેઉ મોટરસાઈકલ પર
સવાર થઈએ ત્યારે જાન્હવી,
નાના બાળકની જેમ મારી આગળ
પેટ્રોલની ટાંકી પર લળીને બેસે
કૂતરો મોટરસાઈકલ પર બેસીને જાય છે
જોઈને બધી નજરો
આશ્ચર્યથી અને કૌતુકથી જુએ

અમે જે રસ્તા પરથી જતા હોઈએ
તે રસ્તા પર દુનિયાની
કેટલીય મોટી સેલિબ્રિટી આવે
લોકો અમારી તરફ જ જોતા રહે છે.

માણસના છોકરાને આપણે કહી શકીએ
કોઈને ત્યાં જઈએ ત્યાં તોફાન કરતો નહીં
એકાદ વધારે બિસ્કિટ ખાય
તો ડોળા કાઢી શકીએ
પણ જાન્હવી એકી સમયે
એક બિસ્કિટ જ ખાય એવું બને?
ના નહીં એમ કહીએ ત્યાં તો
અડધું પડીકું એના પેટમાં હોય,
અને અડધું ગળામાં...
આ બાબતમાં એ મારી આબરૂ ન જ રાખે
નસીબ, જેને ત્યાં જઈએ એમને પણ કૌતુક હોય છે
એ અને એનાં ગલૂડિયાં સાથે હોય તો
રાતે ક્યાંય પણ જાઓ
અંગરક્ષક આપણી સાથે જ હોવાનાં
બોલતાં ન આવડે, એથી શું
ભૂંકવાના વિવિધ અવાજ કાઢીને
શરીર પર કૂદકા મારીને
એ અનેક રીતે સંવાદ સાધે.
મને લાગે છે કે કંઈ પણ
ન બોલતાં, આંખો વડે, હલનચલનથી
અથવા ફક્ત મન થકી સંવાદ સાધતી હોય છે
એટલી એ મારી સાથે એકરૂપ હોય છે.

જ્યારે મેં એને કહ્યું આજે ફાધર્સ ડે છે
એને એનો કંઈ જ અર્થ સમજાયો નહીં
એણે આળસ મરડી અને રોજની જેમ
મોઢું પગ પર રાખીને સૂઈ ગઈ.
મેં પાછું કહ્યું
જાન્હવી આજે ફાધર્સ ડે
ત્યારે એણે આસ્તેથી એક ભમ્મર ઊંચી કરી
આંખો પટપટાવીને જોયું.
એટલી જ સાલસતાથી
મારો હાથ હળવેથી ચાટ્યો
જરા પણ અવાજ ન કરતાં
મને ખાતરી આપતાં એ કહેતી હતી,
''ક્યારે મોટો થઈશ રે બાપા?
મારો તારો પ્રેમ એક દિવસ પૂરતો જ હોય છે?
રોજ તું જ મારો બાપ હોય છે,
અને હું જ તારી દીકરી હોઉં છું!''
પ્રાણીઓની આ જ ટેવ સારી હોય છે.
કોઈપણ સગપણ તેઓ માટે સહજ જ હોય છે



☐

બ્રીફકેસ

નકારીએ એટલે કંઈ મૃત્યુ ટળતું નથી
ઊલટું સ્વીકારીએ તો સરળ બને છે...
એમ, વર્ણન કરી શકાય નહીં
મૃત્યુ પછીનું...
ત્યારે, મારી પાસે એક બ્રીફકેસ હતી...
સરસ મજાની લેધરની હતી...
પૈસા બચાવી, જમાવીને લીધેલી
ચામડું સરસ હતું એનું... એકદમ સોફ્ટ
નાની હતી પણ સરસ હતી...
પિત્તળની ચાંપો અને હેંડલ...
જૂની થઈ એટલે થોડી ખરાબ થઈ...
એનો વપરાશ અટક્યો એટલે રદ્દીમાં ભેગી
સંઘરાઈ...!

એના કરતાં મરણ સારું
રદ્દીમાં નખાવા કરતાં!

કદાચ, મરણ એટલે
એક પ્રવાસ હશે... મફતમાં
ટિકિટ બિકિટ વગરનો...
ટિકિટ હોત, તો બધા
વિધાઉટ ટિકિટ ગયા હોત...
અને પકડાયા કે પાછા ફરત
ફરી પાછા જીવવા...!
પણ મૃત્યુનો પ્રવાસ જ એવો
કે આ દેહમાં અથવા આ જ કાળમાં તો
ક્યારેય ફરી પાછો ન આવનારો...

પાડોશીની નાની છોકરીને જોઈતી હતી એ
બ્રીફકેસ...!
પણ આપણે કેટલી મહેનતથી વસાવેલી...
છોકરાઓનો વપરાશ કેવો?
આટલી સાચવી મેં એને...!
ન આપી...
એમ સાવ જ નાખી દેવા જેવી નહોતી!
ચાંપો થોડી ખરાબ થઈ હતી,
થોડું તેલ નાખીને ચલાવાઈ હોત
હેંડલ ગયું હતું...
ભંગારવાળાનું ધ્યાન એમાં ગયું જ
આપણે એને આટલી સાચવેલી
એ એનું પિત્તળ કાઢીને ઓગળાવશે...
ન આપી...!
ભાઈ કહેતો હતો
એને સાવ નાનાં મિજાગરાં જોઈતાં હતાં...
મિજાગરાં કાઢ્યાં એટલે,
ઢાંકણું છુટ્ટું ને તળિયું છુટ્ટું.
અરે, આવો વિચારે કરાય?
આપણે આટલી સાચવેલી વસ્તુ...
કહ્યું નથી મળતી રે...
ક્યાં મુકાઈ ગઈ છે, કોણ જાણે!

મૃત્યુ એટલે પાછો ન ફરનારો
અજાણ્યો પ્રવાસ તેથી
સરસામાન, ઠંડીનાં કપડાં,
શેવિંગ કિટ તથા વધારે દિવસ થાય
એ માટે થોડા વધારે કપડાં
એવું કંઈ જ લઈ જવાનું ન હોય...
પુણ્ય પાપ વગેરે ત્યાં પહોંચે છે કે નહીં
એની ખાતરી આપવા મરીને પાછું ફરનાર
કોઈ નથી હોતું.
ટૂંકમાં તૈયારી પ્રવાસની હોતી જ નથી
પણ, નીકળતાં પહેલાં અહીંનું સંકેલવા સમેટવાનું
કરેલું સારું.
અહીંનું સમેટવાનું બરાબર હોય
તો કાયમના પ્રવાસે જતાં
હાયવોય રહે નહીં...!
કંઈ જ આપીએ નહીં બધું સંઘરી રાખીએ
તો અહીંના જીવવાનો મોહ છૂટે નહીં.
આપીને છુટકારો પામવો.
જીવવાનું અનાસક્ત બને છે
અનાસક્તિથી જીવનારાને જીવનનો મોહ રહેતો
નથી.
છુપાઈને કેરી ખાનારો ફફડતો રહે
વહેંચીને કેરી ખાનારો પેટ ભરીને જીવે...
ઘણે દિવસે માળિયા પર ચઢ્યો હતો.
ખૂબ ધૂળ હતી
જરા ઝાટક્યું ત્યાં તો ખાંસી ઊપડી
કંઈક જાણીતું લાગ્યું
થોડું ખસેડીને જોયું.
ત્યાં તો આઠ દસ વાંદા પટ દઈને બહાર નીકળ્યા!
અરે, આ તો આપણે જાળવીને રાખેલી બ્રીફકેસ...
ક્યાંક ક્યાંક ખોતરાયેલી હતી.
ઢાંકણું લૂલું પડ્યું હતું...!
સારું ચામડું હતુંને એ

આટલા દિવસ વાસી હવા લાગી
ખૂબ ફૂગ ચઢી હતી...!!
પિત્તળની ચાંપો છૂટી પડી ગઈ હતી
વાંદાઓને તો મજા જ હતી.
એમણે તો પ્રસૂતિગૃહ જ કરી નાખ્યું હતું!
આવતાં જતાં ખોતરવા માટે
ઉંદર માટે પણ ટાઈમપાસ હતો...
મારો મોહ કંઈ છૂટ્યો નહોતો
પણ હવે એ બ્રીફકેસ નાખી દેવા સિવાય
છૂટકો નહોતો...!
ગુપચુપ એને ઉતારી માળિયા પરથી
જઈને કચરાપેટીમાં નાખી આવ્યો
કચરાની ગાડી આવતી જ હતી.
બ્રીફકેસ ગઈ, તેવી તેની સ્મૃતિઓ પણ ગઈ.
હવે સાચવીને કરવાનુંયે શું?
બ્રીફકેસને યાદ કરીએ તોયે
આંખો સામે વાંદાઓ જ દેખાય...!!

શું કરવાનું આ દેહનું!?
એટલે કે, મર્યા પછી પાછું કંઈ આવવાનું નથી.
તો પછી ઔપચારિકતા કરવી જ જોઈએ
બાળવું, દાટવું, પ્રાણી-પક્ષીને આરોગવા આપવું
અથવા તો મસાલો ભરીને રાખી મૂકવું
બ્રીફકેસની ચાંપો બ્રીફકેસનાં મિજાગરાં
બીજે ક્યાંય વપરાયાં હોત
છેવટ, ચામડું કોઈના કામમાં આવ્યું હોત.
મર્યા બાદ આપણી આંખોથી
આપણને દેખાવાનું નથી આ વિશ્વ
પરંતુ આપણી આંખો
કોઈક આંધળાને બેસાડી
એને દેખાડીએ વિશ્વ તો?
સડી જવા કરતાં ઉપયોગી થયા હોત
બ્રીફકેસના અવયવ અન્ય કોઈને
બ્રીફકેસને તો?
અગ્નિ ગમે તે હોય મંત્રાગ્નિ કે સાદો
ચિતામાં બળીને અંતે તો રાખ જ
એના કરતાં જાય આપણું ડેડબોડી કોઈક મેડિકલ
કોલેજમાં
અને શીખે ડોક્ટર આપણા શબનું વિચ્છેદન
કરીને તો?


નાની છોકરીની ઇચ્છા
થોડો સમય તો સંતોષાઈ હોત
મારી નકામી થઈ ગયેલી બ્રીફકેસથી?
રદ્દીમાં જ નાખવાનો આ દેહ...
જીવતાં નહીં પણ મર્યા બાદ
કોઈને ઉપયોગી થયો તો?
વાંદાઓનું પિયર થવા કરતાં
કોઈને ઉપયોગી થઈ હોત
આ ચામડાની બ્રીફકેસ તો?
પુણ્ય મળે, ન મળે,
મર્યા પછીયે કોઈને માટે જીવશું
આ સંતોષ હશે મરણ સમયે...

આપણે મર્યા બાદ, આપણા દેહનું શું કરવાનું
બાળવાનું કે દાટવાનું
એ બીજાઓએ શા માટે નક્કી કરવાનું?

પછી...?
કરીએને દેહદાન... અવયવ દાન...

તા.ક. મારી પત્નીના ગયા જન્મદિવસે એણે
અમારા બેઉના મૃત્યોત્તર દેહદાન-અવયવ દાન
કરવાનું ફોર્મ ભરી મોકલ્યું.

કવિ કાન્તની ખુરશી



(મારાં ભાવનગરનાં સંસ્મરણો)

☐ પ્રવીણસિંહ ચાવડા

14. દલસુખભાઈ ત્રિવેદી - ડિપોટીસાહેબ!

દલસુખભાઈ ત્રિવેદી મારા પુરોગામી હતા, ભાવનગરના શાળાધિકારી તરીકે સેવા આપી લગભગ બે દસકા પહેલાં નિવૃત્ત થયેલા. અમારી ઑફિસના ગણ્યાગાંઠ્યા સિનિયર કર્મચારીઓ જેમણે એમની સાથે કામ કર્યું હતું એ જ એમને જાણે. એ બધામાં અને શિક્ષણની સંસ્થાઓમાં દલસુખભાઈનું નામ ખૂબ આદર સાથે લેવાતું. ઊતર્યો અમલદાર કોડીનો - એ નિયમ અમલમાં નહોતો. (આ ઉદારતાનો લાભ મને પણ મળ્યો છે એવો દાવો કરી શકું.)

ક્યારેક મળવા જવું એવો ખ્યાલ મારા મનમાં હતો (પથારીવશ વૃદ્ધનું ચિત્ર મારી સમક્ષ હશે?), પરંતુ એમણે એ તક આપી નહીં. એક દિવસ સ્વયં ઑફિસમાં આવ્યા.

આજે માન્યામાં નથી આવતું. આ લખતાં શંકા જાય છે - મારી ભૂલ તો નથી થતીને? વધારે પડતા ઉત્સાહમાં, થોડી રેખાઓ આમતેમ કરી, સત્યને મઠારી, હું અનુકૂળ ઘાટ તો નથી આપી રહ્યોને? નર્મદભાઈ, તખ્તસિંહ પરમાર સાહેબ, દલસુખભાઈ - આવા વડીલો, ગુરુજનો કોઈ ઔપચારિકતા વગર, કારણ વગર મળવા આવ્યા–

અન્યત્ર કદાચ અસંભવિત લાગે, પરંતુ જે તે સ્થળ-કાળમાં તો સહજ હતું. મળવા જેવા માણસો મળી જતા. તમારી મર્યાદાઓ હોય છતાં તમને વંચિત રાખવામાં આવતા નહીં.

છ ફૂટ જેટલી ઊંચાઈ, ગૌરવર્ણ, ધોતી અને ઝભ્ભો. ચહેરા પર સતત હાસ્ય. અને - ના, ચોકઠું નહોતું - બધા દાંત સાબૂત.

પહેલી વાર મળ્યા ત્યારે જ દલસુખભાઈએ એક રોમાંચક વાત કરી? ભાવનગર રાજ્યની નોકરીમાં

જોડાયા એ પહેલાં પોતે ભગવદ્ગોમંડળ કોશમાં કામ કર્યું હતું, ગોંડળનરેશ ભગવતસિંહજી તથા ચંદુલાલ પટેલના સહાયક તરીકે.

મારી એક મર્યાદા એ છે કે કેટલાંક નામો - વ્યક્તિઓનાં, ગ્રંથોનાં, સ્થળોનાં- આગળ મારે થોભવું પડે છે. અછડતો ઉલ્લેખ કરી, બે વિરામચિહ્નોની વચ્ચે એને નાખી, આગળ વધી શકાતું નથી. સ્તુતિ કરવાનો, ગુણ ગાવાનો હેતુ હોતો નથી, થોડો અવકાશ, જેમાં બે-પાંચ ક્ષણ માટે બસ, એ હોય તમે હો.

'ભગવદ્ગોમંડળ' એવું એક નામ છે.

આજે પણ દંતકથા જેવો છે, એ જમાનામાં વધારે હતો, કારણ કે અપ્રાપ્ય હતો. પુનઃમુદ્રણ તે પછી થયું. કોઈ કોઈ જૂનાં પુસ્તકાલયો સિવાય એનાં દર્શન પણ દુર્લભ હતાં. એક વાર કોઈ છાપામાં એક અદ્ભુત જાહેરાત ('જોઈએ છે-' એવા મથાળા નીચે) મારા વાંચવામાં આવી હતી: કોઈ સજ્જન કે સન્નારી પાસે હોય, જૂનો, અને ઉપયોગ થતો ન હોય, તો વાજબી (અહીં અર્થ થાય: મોં માગી) કિંમતે-

ઉપરના લખાણમાં કોઈને કેન્દ્રવર્તી એક શબ્દ ખૂટતો લાગશે. મને તે શબ્દ આવડતો નથી એવું નથી, પરંતુ વેચી નાખવાની, કાઢી નાખવાની વસ્તુ તરીકે એક ગ્રંથનું નામ લખવાનો આ કલમ ઇન્કાર કરે છે.

*

અમુક માણસો કોઈ ગ્રંથરત્ન કરતાં ઓછા દુર્લભ નથી હોતા. શોધતા જઈએ તો મળે નહીં. હવે, માનો કે નસીબજોગે એ મળી ગયા, સહજતાથી સામે ચાલીને આવ્યા, તો એ સંજોગોમાં ડાહ્યા માણસે શું કરવું જોઈએ? બે મીઠી વાતો કરી - એમ? વાહ! બહુ સરસ! મળીને આનંદ થયો. નમસ્તે! એમને જવા દેવાય?

ના.

એમની સરળતા અને ભોળપણનો પૂરો લાભ ઉઠાવવો જોઈએ. ચતુરાઈથી, શબ્દજાળ ગૂંથીને એમને બાંધી દેવા જોઈએ.

મારામાં સ્વાર્થવૃત્તિ પ્રબળ હતી, તેથી મેં દલસુખભાઈને હાયર સેકન્ડરી સ્કૂલોના ઇન્સ્પેક્શન માટેની પેનલમાં જોડાવા વિનંતી કરી. એ તો શરીરથી તેમ મનથી યુવાન હતા, મારે આગ્રહ કરવો પડ્યો નહીં.

એ નિમિત્તે અમારે સાથે પ્રવાસ કરવાનું, બોટાદ કે મહુવા જેવા દૂરના સ્થળે રાતવાસો કરવાનું થતું.

દલસુખભાઈ પાસે સ્મરણોનો ખજાનો હતો.

ભાવનગર રાજ્યના કેળવણી ખાતામાં જોડાયા અને શિક્ષક તરીકે કામગીરી કર્યા પછી ઇન્સ્પેક્ટર બન્યા હતા. આગળ જતાં, કારકિર્દીનાં છેલ્લાં વર્ષોમાં શાળાધિકારીના હોદ્દા પર પહોંચ્યા, પરંતુ આપણને બધાને રસ પડે તેવું પાત્ર છે ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર ઉર્ફે ડી. ઈ. આઈ.

ઉર્ફે ડિપોટીસાહેબ.

તે પાત્ર ભજવવા માટે, હું માનું છું કે, ધોતી-ઝભ્ભો ચાલે નહીં. ખાસ વાઘા હોય. તો, દલસુખભાઈ કોટ-ટાઈ ચડાવતા હશે? અને, ડિપોટીસાહેબના કાર્ટૂનચિત્ર માટે અનિવાર્ય એવો મોટો સાહેબ ટોપો?

આ પૂછવાનું રહી ગયું તેનો આજે મને વસવસો છે.

(થોડી ગંભીરતાઃ કોટ-પાટલૂનમાં દલસુખભાઈ આખા અંગ્રેજ લાગે.)

*

દૂરનાં ગામડાંમાં જવાનું થાય. ક્યાંક જ ટ્રેનની સુવિધા હોય, બાકી બધે ઘોડો કે બળદગાડું. પ્રવાસની ગતિ તે જ ગતિ કામની પણ. આજની જેમ એવું નહીં કે અધિકારી કારમાં બેસીને આવે અને હાથ અડાડી, જગ્યાને પવિત્ર બનાવી, ચાલ્યા જાય.

સત્તાની બીક હતી, સાથે સાથે માન પણ હતું. તંત્રની પકડ મજબૂત. શિક્ષકોમાં પણ નિષ્ઠા અને શિસ્તનું ધોરણ ઊંચું. ડિપોટીની વધારે ધાક હોવાનું એક કારણ એ કે વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું કામ એમનું. ભણાવે શિક્ષકો અને પરીક્ષા પણ એ જ લે (મોસાળમાં જમવાનું...) એવી પદ્ધતિ નહોતી. પરિણામે, વિદ્યાર્થીની સાથેસાથે, ગુરુજીએ કેવું ધોળકું ધોળ્યું છે તેનું મૂલ્યાંકન પણ થઈ જાય. શિક્ષકો અને આચાર્યના ખાનગી અહેવાલ

(confidential Report) પણ ઇન્સ્પેક્ટર જ ભરે.

આ ઇન્સ્પેક્ટરના પાત્રને રખે કોઈ તુચ્છ માનવાની ભૂલ કરે.

તેની મૌલિકતા અને સાહસનું એક ઉદાહરણ!

ભાવનગરથી બદલી થઈ અને હું પાલનપુર ગયો ત્યારે આ જાણવા મળ્યું હતુંઃ 1965ના પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ભારતીય સેનાએ સુઈગામથી આગળ સરહદ વટાવી સિંધના મોટા વિસ્તાર પર કબજો કર્યો હતો. પાછળથી રાજકીય સ્તરે જે બન્યું તે ઇતિહાસ છે, પરંતુ કબજો રહ્યો તે દરમિયાન અમારા ઇન્સ્પેક્ટરો પાકિસ્તાનની સ્કૂલોનું વિધિવત્ ઇન્સ્પેક્શન કરી આવેલા. ત્યાંના રેકર્ડમાં નોંધ. ભૂલો જણાઈ ત્યાં સુધારાઃ 'ગવર્નમેન્ટ ઓફ પાકિસ્તાન' છેકીને 'ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા.' અનેક જગ્યાએ, પાનેપાને, ગુજરાત સરકારના સિક્કા. સહીઓ. તારીખ.

બધું મજબૂત અક્ષરે, જેથી ગેરસમજ માટે અવકાશ ન રહે.

*

પાકિસ્તાનને છોડીને પાછા આપણે ભાવનગર રાજ્યમાં જઈએ.

ઇન્સ્પેક્ટરનો ઉતારો ગામના ચોરામાં. બે-ત્રણ દિવસનું રોકાણ હોય.

સાંજ પડી, શાળા છૂટી, તેથી શું ઇન્સ્પેક્ટરનું કામ પૂરું થયું?

ના. શાળા તે અવકાશમાં તરતું કોઈ યાન નથી. એની આજુબાજુ, એને વળગીને ગામ છે, વિદ્યાર્થીઓનાં માતાપિતા છે, અશિક્ષિત ગ્રામજનો છે. એમના પ્રત્યે, કેળવણી ખાતાના અધિકારીનું કોઈ કર્તવ્ય ખરું?

એમને માટે રાત્રિસભા.

અન્યત્ર હશે કે નહીં, ભાવનગર રાજ્યની આ પ્રણાલી હતી.

વાતની સાથે, એના કહેનારનું મહત્ત્વ છે તેથી, આ લખતી વખતે એ વૃદ્ધની મૂર્તિ સતત મારી સમક્ષ છે. બધી વાતને દલસુખભાઈ હળવાશથી, પોતાની જાત પર હસતા હોય એ રીતે કરતા. પોતે જેનું વર્ણન કરતા હતા તે સૃષ્ટિ તો લુપ્ત થઈ ગઈ હતી. દસકાઓ નહીં, સદીઓ દૂર હોય એવી. વિસ્મય થાય જ. હસવું આવે જ.

અંતરિયાળ ગામ. વાહનવ્યવહારનાં સાધનો નહીં. અક્ષરજ્ઞાન નહીંવત્. છાપું પણ ત્યાં સુધી નહીં પહોંચતું હોય. બહારની દુનિયાથી અલિપ્ત એ સમાજ માટે શિક્ષણ ખાતાનો અમલદાર તો જ્ઞાનની ગાંસડી લઈને આવેલા વણજારા જેવો.

રાત્રે ગામના ચોકમાં સભા થાય. મુખી અને નગરશેઠ જેવા આગેવાનો દ્વારા સાહેબશ્રીનું સ્વાગત થાય.

બે શબ્દો બોલવાની વિનંતી કરવામાં આવે.

મને પ્રશ્ન થાય છેઃ સાહેબ શું બોલતા હશે? કેવી કેવી વાતો કરતા હશે?

વીજળી આવી નથી. એકાદ-બે ફાનસ (કદાચ મશાલ) બળે છે. એમાં ઝાંખા આકારો દેખાય છેઃ મોટે ભાગે પુરુષો, પાંચ-સાત સ્ત્રીઓ, સાલ્લાના છેડાથી કપાળ-આંખો ઢાંકીને બેઠેલી. મોટા સાહેબ. એમની પાસેથી બે સારી વાતો સાંભળવા મળશે એવી સૌને શ્રદ્ધા છે.

હું માનું છું કે, સભાઓ ગજવનાર વિદ્વાન વક્તા માટે આ પડકારરૂપ બનતું હશે.

બોલવું શું?

અને, બોલવું તો કઈ ભાષામાં બોલવું?

આપી શકું એવું કંઈ છે મારી પાસે?

વિદ્યાર્થીઓની પરીક્ષા થઈ, શિક્ષકોની થઈ, હવે રાત્રિસભામાં પરીક્ષા લેનારનો વારો આવ્યો. ઢગલો થોથાં વાંચ્યાં છે. તમે જેને જ્ઞાન માનો છો એનો કોથળો ભરીને લાવ્યા છો, પણ બોલવા ઊભા થાઓ ત્યાં ભાન થાય છે કે તમે ખાલી છો, નિર્ધન છો. બહારની બેન્કનું નાણું અહીં નહીં ચાલે.

માણસમાં થોડી પણ પ્રામાણિકતા હોય, પોતાના વિશે કે હોદ્દા વિશે ભ્રમ ન હોય, તો આ એને માટે આપવાનો નહીં, મેળવવાનો અનુભવ (educative experience) બની રહેતો હશે.

*

દલસુખભાઈએ એક વાત કરી હતી તે, ચિત્ર એકાંગી ન બની જાય તે હેતુથી, અહીં નોંધવી જોઈએ.

એમનામાં પ્રામાણિકતા હતી, છુપાવ્યું નહીં, તો વહી લખનારે શા માટે છુપાવવું જોઈએ?

સભાના અંતે કૃતજ્ઞતા અને શ્રદ્ધાના પ્રતીક તરીકે રૂપિયાની થેલી અર્પણ કરવામાં આવતી.


સુગંધમાં સોનું.

'અને ભાઈ, અમે ભરી સભામાં, નિઃસંકોચ એનો સ્વીકાર કરતા, કંઈ ખોટું કરી રહ્યા છીએ એવું ભાન જ નહોતું!'

[ક્રમશઃ]

'નવનીત સમર્પણ'ના એક શુભેચ્છક શ્રી પ્રમોદરાય ભીમજીભાઈ પારેખ તરફથી ઉત્તમ સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા દર મહિને પ્રગટ થતી કૃતિઓમાંથી ચૂંટેલી એક કૃતિને રૂ. 5000/-નો પુરસ્કાર આપવાનું નક્કી થયું છે. ફેબ્રુઆરી 2020ના અંકમાં પ્રગટ થયેલા બંસી કુંપાવતના લેખ 'કિન્નર કી કહાની કૌન જાને?'ને અને માર્ચ 2020માં પ્રગટ થયેલા યુનુસ ચીતલવાલાના લેખ 'ઈસ્ટ ઇન્ડિયા કંપની અને તેણે આચરેલી લૂંટ'ને આ પુરસ્કાર એનાયત થયો છે. એમને અભિનંદન.

- સં.



અર્નેસ્ટ મિલર હેમિંગ્વે

ગમી ગયેલી વાર્તા

☐ શરીફા વીજળીવાળા

અર્ધા કલાકનો નાયકઃ ફ્રાન્સિસ મેકોમ્બર

અર્નેસ્ટ મિલર હેમિંગ્વે (1899-1961) જાણીતા અમેરિકન વાર્તાકાર અને નવલકથાકાર છે. ત્રણથી ચાર વાર લગ્ન કરનાર (દરેક વાર પ્રેમલગ્ન), બંદૂકની ગોળીથી જિંદગીનો અંત આણનાર હેમિંગ્વેની જિંદગી ઘણા અંશે એના કથાસાહિત્યને મળતી આવે છે. એની આખી જિંદગી યુદ્ધ, શિકાર, માછીમારી, આખલાયુદ્ધ, પ્રવાસો, પ્રેમ અને એમાં મળેલી નિષ્ફળતામાં વીતી. જિંદગીમાં જે કંઈ જોયું, વેઠ્યું તે અનુભવજગત એમના કથાસાહિત્યમાં ઝિલાયું છે. જોકે એમની જિંદગીના અંગત સંદર્ભો એમના સર્જકકર્મને સહેજ પણ ઝાંખું પડવા દેતા નથી. બળૂકાં લખાણોથી અને સાહસપૂર્ણ

જીવનથી એમના સમયમાં કોઈનેય ન મળી હોય એવી કીર્તિ હેમિંગ્વેને મળેલી. 1954માં સાહિત્ય માટેનો નોબેલ પુરસ્કાર મેળવનાર આ સર્જક વાચક અને વિવેચક બેઉનો માનીતો હતો. જોકે એક વાત કબૂલવી પડે કે હેમિંગ્વેનાં સર્જનનાં વખાણ અને નિંદા બન્ને ઘણી વાર સપાટી પર રહીને થયાં છે. વાસ્તવિક વિગતોની ભરમાર અને ધસમસતા કાર્યવેગથી એમની કથાસૃષ્ટિ ઊભરાય છે. હેમિંગ્વે એવા સર્જક છે જેમના કથાસાહિત્યમાં આલેખાયેલી સ્થૂળ વિગતોની પ્રતીકાત્મકતા પામવા માટે ભાવકે એમના સમગ્ર સર્જનથી પરિચિત થવું પડે. એને માત્ર શિકારકથા કે આખલાયુદ્ધની વાત કે માછીમારીની વાત માની લેનાર વાર્તાની સપાટી પર જ રહી જશે. હકીકતે શારીરિક હિંમતની પડછે હેમિંગ્વે નૈતિક હિંમતની વાત કરે છે.

હેમિંગ્વેના મર્યાદિત સર્જનવિશ્વ વિશે, એમના પાત્રાલેખનની એકવિધતા વિશે વિવેચકોએ બહુ ટીકા કરી છે. આ મર્યાદિત સર્જનવિશ્વમાં હેમિંગ્વે કેટલું ઉત્કટ દર્શન પ્રગટાવી શક્યા છે એની પણ અમુક વિવેચકોએ વાત કરી છે. એમનાં પાત્રોની Range મર્યાદિત છે, સરખા સંજોગોમાં આલેખાતાં આ પાત્રોને મૂલવવાના માપદંડ પણ સરખા છે, આ પાત્રોની સામાજિક સંદર્ભે કદી તાવણી થતી જ નથી એવો આરોપ પણ મૂકવામાં આવ્યો છે. માત્ર શારીરિક સંઘર્ષમાં રચ્યાંપચ્યાં રહેતાં હેમિંગ્વેનાં પુરુષપાત્રો મૂંગાં, સંવેદનબધિર અને સંકુલતા વગરનાં છે એવી ટીકા કેટલી તો પાયા વગરની છે એ વાત હેમિંગ્વેની વાર્તા-નવલકથામાંથી પસાર થનાર ભાવક તરત પામી શકશે.

હેમિંગ્વેની કેટલી બધી વાર્તાઓનું પાત્ર છે નીક આદમ. 'ધ કિલર્સ', 'ઇન્ડિયન કેમ્પ' વગેરે વાર્તાઓમાં બાળક નીક માટે વાર્તાન્તે નવા જ્ઞાન, દુનિયાદારીની નવી સમજનો આરંભ થાય છે. એટલે જ તો આ વાર્તાઓને 'નવદીક્ષાની વાર્તાઓ' પણ કહેવાય છે. ફિલિપ યુંગ કહે છેઃ 'ભલે હેમિંગ્વેનું જીવનદર્શન બાહ્યવિશ્વમાંની ભૌતિક પ્રવૃત્તિઓ દ્વારા મૂર્ત થયું હોય પણ આ વાર્તાઓની વાસ્તવિક ભોંય તો આંતરિક જ છે.' હેમિંગ્વેનાં મોટા ભાગનાં લખાણોમાં ભારે તણાવ વચ્ચે પણ ટકી રહેતી ગરિમાનું આલેખન છે. એમની દૃષ્ટિએ જીવન સંકુલ અને પીડાથી ભરપૂર છે. ટકવા માટેનો એકમાત્ર રસ્તો જે કંઈ આવી પડે તેનો ગૌરવપૂર્વક હિંમત, સૂઝ અને સહિષ્ણુતાથી સામનો કરવો તે જ છે. આ સિદ્ધાંતોનો સમન્વય એટલે હેમિંગ્વેની આચારસંહિતા. જે નાયકો આ આચારસંહિતા પાળે છે તે એના સાચા નાયકો છે. કૃતિમાં દર્શન હિમશિલાની ટોચ જેટલું જ દેખાવું

જોઈએ એવું હેમિંગ્વે માનતા લાગે. ભલે જીવન એકલા હાથે લડવાની લડાઈ હોય પણ છતાં એ એવો સંઘર્ષ છે જેમાં માણસની હારમાં પણ એવું ગૌરવ હોય કે એની હાર પોતે જ જીત બની જાય. 'A Man can be destroyed but he can not be defeated' એવું દર્શન 'The old man and sea'માં સ્પષ્ટપણે પ્રગટ થાય છે.

હેમિંગ્વેની વાર્તાઓ, નવલકથાઓમાં ગદ્યની સરળતા છેતરામણી હોય છે એ વાંચનારે હંમેશાં યાદ રાખવું રહ્યું. જો એવું નહીં થાય તો વાચક હેમિંગ્વેનાં કથાવિશ્વની પ્રતીકાત્મકતા સુધી નહીં પહોંચી શકે. હું અહીં જે વાર્તા - 'The short happy life of Francis Macomber'ની વાત કરવાની છું તેમાં હેમિંગ્વે અર્ધું મેદાન તો Toneના વિશિષ્ટ ઉપયોગથી જ મારી જાય છે. વીસમી સદીના પૂર્વાર્ધના ગદ્ય પર સૌથી વધારે પ્રભાવ પાડનાર આ લેખકની શૈલીનું કમનસીબે અનુકરણ વધુ થયું છે અને પૃથક્કરણ ઓછું થયું છે.

હેમિંગ્વેની ઘણી વાર્તાઓના ગુજરાતીમાં અનુવાદ થયેલ છે. હું આજે મેં અનુવાદિત કરેલી વાર્તા 'The short happy life of Francis Macomber'ની વાત કરવા ધારું છું. 'The snows of kilimanjaro' અને 'The short happy...' બંને વાર્તાની પશ્ચાદ્‌ભૂમાં આફ્રિકાનું જંગલ છે. વાર્તાના કેન્દ્રમાં સ્ત્રી છે અને પૈસાની ભ્રષ્ટ કરી દેનારી તાકાત પડેલી છે. હેમિંગ્વે માને છે કે સંપત્તિ અને સ્ત્રી પુરુષને ભ્રષ્ટ કરી શકનારી તાકાત છે. પુરુષ પરનું આધિપત્ય ટકાવી રાખવા માટે સ્ત્રી કઈ હદે જઈ શકે તેની વાત 'Short happy life...' કરે છે.

વાર્તામાં મુખ્ય ત્રણ પાત્રો છે. ફ્રાન્સિસ મેકોમ્બર, એની પત્ની માર્ગારેટ અને ગોરો શિકારી વિલ્સન. વાર્તાના અંતે વિલ્સન જેવો છે તેવો ને તેવો જ રહે છે, પરંતુ ફ્રાન્સિસ અને માર્ગારેટનાં પાત્રોનાં પરિમાણ બદલાઈ ગયેલાં છે. અને એના કારણે વાર્તા નવા પરિમાણને પ્રાપ્ત કરે છે.

મેકોમ્બર અતિશય પૈસાદાર માણસ છે. એની પાસે વેડફી શકાય એટલા પૈસા છે. શિકાર એનો શોખ છે, વ્યવસાય નથી. આખી જિંદગી એ પોતાની પત્ની માર્ગારેટથી દબાઈને જ જીવ્યો છે. સિંહના શિકાર દરમિયાન જાહેરમાં કાયર ઠરવાને કારણે એ માનસિક પરિતાપનો ભોગ બને છે. પત્નીની કટાક્ષયુક્ત, તિરસ્કારપૂર્ણ વાણી અને ગોરા શિકારી દ્વારા થતું મૂગું અપમાન એને પીડે છે. બંદૂકવાળા છોકરા પણ એને મગતરું માને છે. પત્નીનું ગોરા શિકારી વિલ્સન સાથેનું સહશયન એની માનસિક યંત્રણા વધારે છે. નૈતિક રીતે તો એ મૃત્યુ પામેલો

હતો જ. જે ક્ષણે એ મર્દાનગીનો અર્થ સમજ્યો, જે ક્ષણે એણે ખરેખર પોતાની રીતે જીવવાનું શરૂ કર્યું એની થોડી જ ક્ષણોમાં તો એ મૃત્યુ પામે છે. એની સુખી જિંદગી 30 મિનિટ જેટલી ટૂંકી નીવડી!

હેમિંગ્વેનાં તમામ સ્ત્રીપાત્રોમાં સૌથી લંપટ આ વાર્તાની માર્ગારેટ છે. એ માત્ર પૈસાને કારણે જ પતિને વળગી રહી છે. કાયર પતિને આંગળી પર નચાવતી આ સ્ત્રી ભૂતકાળમાં પણ અનેક લફરાં કરી ચૂકેલી છે. આ દામ્પત્ય વિશે સ્પષ્ટ કહેવાયું છે કે જો મેકોમ્બર પૈસાદાર ન હોત અને માર્ગારેટ આટલી રૂપાળી ન હોત તો બંને ક્યારનાંય છૂટાં પડી ગયાં હોત. સિંહના શિકાર દરમિયાન મેકોમ્બર કાયર ઠરે છે એ રાત્રે માર્ગારેટ નિરાંત જીવે, નફ્ફટપણે વિલ્સનનું પડખું સેવવા જઈ શકે છે. મેકોમ્બરના વાંઝિયા ગુસ્સાની એ જરાય પરવા નથી કરતી એ જોઈ શકાય છે. પાડાના શિકાર દરમિયાન મેકોમ્બરનો ભય દૂર થાય છે, જાણે કે એનો પુનરાવતાર થાય છે. પણ માર્ગારેટ એ સહી શકતી નથી. એ આ નવા ફેરફારને ધિક્કારે છે, કારણ કે હવે એનું વર્ચસ્વ ભયમાં મુકાઈ શકે.

જોકે વિલ્સન હાડોહાડ શિકારી છે. અને શિકારની આચારસંહિતા પાળવામાં એ માને છે. એ પોતે મર્દાનગીનો, હિંમતનો માપદંડ છે. એને કાયર મેકોમ્બર નો'તો ગમતો પણ જ્યારે મેકોમ્બરના વ્યક્તિત્વમાં પલટો આવે છે, એ વીરતા તરફ ગતિ કરે છે ત્યારે એને મેકોમ્બર ગમવા લાગે છે. માર્ગારેટ વિલ્સનની મર્દાનગીથી પ્રભાવિત છે. જોકે વિલ્સન માટે એ સ્ત્રીનું સમય પસાર કરવાથી વધારે મહત્ત્વ નથી. એને તો એના વ્યાવસાયિક જીવનમાં મળી જતી અન્ય અમેરિકન સ્ત્રીઓ જેવી જ એ લાગી છે. વિલ્સન માર્ગારેટ માટે મનોમન આવું વિચારે છે. આવી સ્ત્રીઓ જગતની કઠોરમાં કઠોર અને ઘાતકી હોય છે. શિકારી વૃત્તિવાળી આ સ્ત્રીઓ મારકણું સૌંદર્ય ધરાવતી હોય છે. એમના પુરુષો એમની સામે પીગળીને મીણ જેવા થઈ જાય છે. જે રીતે સિંહ અને પાડા પર જીત મેળવી શકાય છે એવું માર્ગારેટ બાબતે શક્ય નથી.

વાર્તા ત્રણ દૃશ્યોમાં વહેંચાયેલી છે. પ્રથમ દૃશ્યમાં સિંહના શિકાર દરમિયાન મેકોમ્બર પોતાની જાતને જાહેરમાં કાયર પુરવાર કરી ચૂક્યા પછીની પરિસ્થિતિનું બયાન છે. બીજું દૃશ્ય ફ્લેશબેક પ્રયુક્તિથી આલેખાયું છે. જેમાં સિંહના શિકારને લગતી સ્થૂળ વિગતો આલેખાઈ છે. આ દૃશ્યમાં સિંહ દ્વારા પરિસ્થિતિનો અહેવાલ રજૂ થતો હોય એવા બે ફકરા હેમિંગ્વેની આગવી કથનશૈલીના નિદર્શન સમા છે. ત્રીજું દૃશ્ય પાડાના શિકારનું છે.

આ બે દિવસની દરેક પળ પર ભાવકે ધ્યાન આપવાનું છે. બે દિવસના બનાવો વચ્ચે હેમિંગ્વે ગજબનું સંતુલન સ્થાપી આપે છે. જતી-આવતી વખતની બેસવાની વ્યવસ્થા, સિંહ અને પાડાના શિકાર દરમિયાન પરિસ્થિતિમાં સૂક્ષ્મ સ્તરનું સામ્ય-વૈષમ્ય તપાસનાર આ નોંધી શકશે. માર્ગારેટનું બેસી રહેવું, વિલ્સન અને મેકોમ્બરના ચહેરાના બદલાતા ભાવ પાત્રોના પરિમાણમાં આવતા પલટાને વ્યંજિત કરે છે. પાડાના શિકાર વખતે અચાનક જ કાયર મેકોમ્બર શૂરવીર બની જાય છે. વિલ્સન આવા ફેરફારથી રાજી થાય છે. પણ માર્ગારેટ તો ધોળી પૂણી જેવી થઈ જાય છે. એમાંય જ્યારે મેકોમ્બર એને વડચકું ભરતાં એવું કહે છેઃ 'અમે શાના વિશે વાત કરી રહ્યા છીએ એ જો તને ખબર પડતી ન હોય તો વચ્ચે માથું માર્યા વગર બેસી કેમ નથી રહેતી?' ત્યારે માર્ગારેટને પોતાના આટલાં વર્ષોના વર્ચસ્વનો અંત આવતો દેખાય છે. પાડામાં પણ સિંહ જેવી જ ઘટનાનું પુનરાવર્તન થાય છે ત્યારે એ કટાક્ષ કરે છે પણ હવે મેકોમ્બર ડરતો નથી, ભાગતો નથી. ધસમસતા પાડા સામે તે અડગ ખડકની જેમ ઊભો રહી ગોળીઓ છોડે છે. ધસી આવતા પાડાથી મેકોમ્બરને બચાવી લેવા માગતી હોય એમ માર્ગારેટ ગોળી છોડે છે અને મેકોમ્બર પાડા પાસે જ ઢળી પડે છે. આ અકસ્માત નથી પણ ખૂન છે એવું સમજતો વિલ્સન મેકોમ્બરના મૃત શરીર પાસે નમીને માર્ગારેટને કહે છેઃ 'એ તને છોડી શક્યો હોત... તેં એને ઝેર કેમ ના આપ્યું? ઇંગ્લેન્ડમાં તો સ્ત્રીઓ એવું જ કરે છે.' આખી જિંદગી આંગળી પર નચાવેલા પુરુષ પરનું આધિપત્ય ખતમ થઈ જાય, એ માર્ગારેટ જેવી સ્ત્રી ચલાવી જ ન શકે. 'Snows of Kilimanjaro'ની નાયિકાની જેમ જ માર્ગારેટ પણ અમેરિકન સમાજના સડી ગયેલા અંશને ચીંધે છે. શિરીષ પંચાલ લખે છે તેમઃ 'કાયર ફ્રાન્સિસ મેકોમ્બરને પોતાના દાબ હેઠળ રાખી શકાય, કાયરના દેખતાં બીજા પુરુષનાં પડખાં સેવી શકાય, પણ વિલ્સનની કક્ષાના, સિંહ જેવા દુર્દાન્ત મેકોમ્બરની સામે તો નજર પણ ન માંડી શકાય. માર્ગારેટ મિથ્યા આડંબર, સૌંદર્ય, સંપત્તિ જેવા સ્થૂળ ગુણોની મૂર્તિ છે. આ સ્ત્રી અમેરિકન સમાજના સડાને ચીંધે છે. આ નિર્દય અમેરિકન સમાજ માનવીના તત્ત્વને કદી પાંગરવા ન દે. એ પાંગરવા જાય ત્યાં જ એને કચડી નાખે.' (ફાર્બસ એપ્રિલ-જૂન 1980). મેકોમ્બર પુરવાર કરે છે કે આખી જિંદગી કાયરતામાં વિતાવેલી વ્યક્તિ એક પળ માટે પણ હીરો બની શકે છે.

❑❑❑



સદાચારનું સરનામું : જગદીશ ત્રિવેદી

☐ જય વસાવડા

થોડાં વર્ષ પહેલાંની વાત. હું પપ્પાની તબિયતના કારણે ઉતાવળે ગોંડલથી રાજકોટ શિફ્ટ થયેલો. લહેરીલાલા જેવી લાઈફમાં અણધાર્યા આવેલા ટ્વિસ્ટને લીધે આર્થિક જવાબદારીઓ અચાનક વધી ગઈ. કોઈ આગળપાછળની મિલકતો તો હતી નહીં. ફ્લેટ પણ અમુક રકમને બાદ કરતાં લોન પર

હતો અને ફર્નિચર માટેય પર્સનલી ઉધારી રહેવાનું માથે આવ્યું હોઈને કરવી પડે એમ હતી. આવક વધારવા માટે પ્રવચનોની રઝળપાટ વધાર્યા વિના છૂટકો જ નહોતો.

એ અરસામાં જગદીશભાઈએ દુર્લભ ગણી શકાય એવો પાકિસ્તાન પ્રવાસનો અનુભવ લીધેલો. એનું પુસ્તક પણ રસાળ શૈલીમાં લખીને તૈયાર કરેલું. એની પ્રસ્તાવના લખવાની મેં સહર્ષ હામી ભરેલી. એમને પ્રકાશનની તારીખ નજીક ને મારો જ લેખ બાકી તો એમની ઉઘરાણી એ પ્રસ્તાવના માટે શરૂ થઈ. વાતવાતમાં મારાથી ફોન પર બોલાઈ ગયું કે 'અહીં વ્યાજના મીટર ફરે છે, એ ઘટાડવા થોડાક પ્રવાસો વધારી દીધા છે. એટલે જરાક જાળવી જાવ' અને સામેથી ટોન ફરી ગયો. એમને ચિંતા થઈ ને પૂછીને તરત હકીકત જાણી ગયા. ફોન પર જ પછી કાળજીની કૂખે જન્મેલો ક્રોધ કર્યો : 'ભલા માણસ તો આ તકલીફ છે ને કહેતાય નથી? તો તમે જગદીશ ત્રિવેદીની ગણતરી (ગાળ **)માં કરી! વ્યાજે કેટલા લેવા પડ્યા એ કહો, એ રકમ આજે જ ઘેર પહોંચતી કરું છું, ચૂકવી દો અને અનુકૂળતાએ થાય ત્યારે મને વ્યાજ વગર એ પાછા આપજો.'

મારી હા-ના સાંભળવા તો એ તૈયાર જ નહોતા. તાબડતોબ મારા ઘેર એ રકમ પહોંચી ગઈ. મેં સમય જતાં એ પરત પણ કરી દીધી. રકમ નાની હતી કે મોટી એ વાત જ નથી, કારણ કે જગદીશભાઈની એ સંકટમાં પોકાર્યા વિનાય દોડીને તત્કાળ ચીર પૂરવાની જગદગુરુ જગદીશ વૃત્તિની લાગણી મોટી હતી આ ખોટી લાગણી બતાવતી દુનિયામાં. કાંઈ પણ તકલીફ પડે તો કહેજો, અમે બેઠા જ છીએ, એવો ઠાલો વિવેક દેખાડતા લોકો સાચું જ કહેતા હોય છે, એ બેઠા જ રહે છે. કદી ઊભા થઈને મદદ કરવા દોડતા નથી હોતા! જગદીશ ત્રિવેદી મને થયેલા સુખદ અનુભવોમાંનું શીતળ સુગંધી સુખડ.

જો કે, આય પહેલો અનુભવ નહોતો. અગાઉ અમેરિકામાંય ગજેન્દ્રમોક્ષ એમણે અણધાર્યો કરાવી આપેલો. ત્યારે પરદેશના કાર્યક્રમોનું વિશ્વ મારા માટે તાજું ઊઘડ્યું હતું. ને એક આયોજકના કાર્યક્રમમાં હું પહોંચેલો. સ્વભાવ મુજબ હું તો આગળ ફરવા જવાનો હતો. એ ત્યાં મળનાર પુરસ્કાર પર આધારિત હતું. ત્યારે ઇન્ટરનેટ ને ક્રેડિટ કાર્ડના વિશ્વનો એટલો પરિચય પણ નહોતો. મોબાઈલ પણ મોંઘો. મૂળ વાત લાંબી છે, એ ટૂંકાવીને કરું તો કાર્યક્રમ પછી આયોજકનો ફોન બંધ. અગાઉથી કહ્યું હોવા છતાં હોટેલમાંથી રૂમ બીજે દિવસે સવારે એમણે કહ્યું નહોતું એટલે ચેકઆઉટ થઈ ગયો ને હું તો નિરાશ્રિતની જેમ લોબીમાં આવી ગયો. હું હોટેલ ચેકઆઉટ કરીને ન્યુ યોર્ક

તો પહોંચી ગયો પણ પેલા પુરસ્કારના અભાવે ખિસ્સાં ખાલી.

આપણેય પાછા અમુક દુનિયાદારીમાં અલગારી તે મિત્રો છૂટા પડ્યા ત્યાં સુધી વાત યાદ આવી નહીં એ કે ખિસ્સામાં ડોલર જ નથી! ક્રેડિટ કાર્ડ તો હતું જ નહીં મારી પાસે ત્યારે. એ તો ત્યાં એક નાની હોટેલમાં રોકાયો, ત્યાં બીજે દિવસે સવારે પાકીટ નહાઈને હાથમાં લીધું ત્યારે અહેસાસ થયો! જે સાથે હતા એ તો ત્યાં બુકિંગમાં ભરી દીધેલા. જે આવવાની અપેક્ષા હતી કે જેના જોરે ફરવાનું હતું, એ તો આવ્યા નહોતા! ફોનમાંય ભરવા પડે એમ હતા આઉટગોઈંગ માટે. માત્ર ઇનકમિંગ આવે. અમુક પારિવારિક સ્વજનો ત્યાં ખરા પણ દૂર બીજાં શહેરોમાં. કોલ પણ કેમ કરવો?

હશે, હવે ત્યારે ચિંતા કરવા બેસું તો ફરવાનો આખો દિવસ વેડફાઈ જાય, ટ્રેન ટિકિટ લેવાના પૈસા ઉપરાંત દસેક ડોલર હતા. મ્યુઝિયમમાં અમુક જગ્યાએ એન્ટ્રી ફ્રી હોય, એટલે મફતના સેન્ટ્રલ પાર્ક અને મ્યુઝિયમની સફરે નીકળી પડ્યો. બે ડોલરનાં કેળાં લીધાં. ત્રણેક ડોલરનો આઈસક્રીમ ખાધો ને લંચ પતાવી લીધું. મુફલિસી મોજથી ટહેલતો હતો ત્યારે અચાનક ઇનકમિંગ કોલ રણક્યો નમતી બપોરે. સામે જગદીશ ત્રિવેદી. એ મળ્યા ત્યારથી એમણે મારું હુલામણું નામ 'જયુભા' પાડ્યું છે. કહે 'જયુભા, હું તમારી ઉઘરાણી પતાવી આવ્યો છું. પૂરી રકમ તો નથી મળી. પણ થોડીક જે અત્યારે મળી છે એ તમને ઘેર ગુજરાત પહોંચી મોકલાવું કે પછી?' મેં તો હસીને મારી સ્થિતિ કહી. એ સમજી ગયા ને ત્યાં જ એમના મિત્ર જિતુભાઈની 'વતન' રેસ્ટોરાંમાં જઈને ડોલર મેળવી લેવાનું કહ્યું. પછી તો બીજા સ્વજનોનો સંપર્ક થઈ ગયો ને પ્રવાસ સુખેથી પૂરો થઈ ગયો. બોલો છેને ભીડ પડે ત્યારે 'ભેળા' રહેતા જગદીશની મુરલી!

એ અરસામાં હું રોકાયો હતો, ન્યુ યોર્ક. પછી તો જગદીશભાઈ એમના ચાહક ભાસ્કરભાઈના ઘેર લઈ ગયા. એટલાન્ટિક સિટી ફરવા જોડે લઈ ગયા. અને મારે આગળ બીજા સ્ટેટમાં જવાનું હતું એ પહેલાં કહે મારે એક ઘેર પ્રોગ્રામ આપવા જવાનું છે, આવો સાથે નવા પરિચય થશે. મોજ પડશે. જમીશું લહેરથી. હું તો ઊપડ્યો. એ જાતમહેનત ઝિંદાબાદ કરીને એમનાં પુસ્તકો-સીડીનો એક થેલો ઊંચકી ન્યુ યોર્કના વૈભવી વિસ્તારમાં વિશાળ બંગલામાં લઈ ગયા. બોલીવૂડની ફિલ્મો ફાઈનાન્સ કરે અને ત્યાંના સ્ટાર્સના શો અમેરિકામાં ગોઠવે એવા જાણીતા પરિવારનું એ ઘર. જગદીશ ત્રિવેદીનો ત્યાં પ્રાઈવેટ વન મેન શો. સમૃદ્ધ કુટુંબો હાજર. બ્રેક કે બાદ બીજી ઇનિંગ એમણે શરૂ કરી ત્યારે ફરમાઈશ આવી વલ્ગર જોક્સ કહેવાની. મહિલાઓ પણ એમાં સામેલ.

ત્યારે એ ટ્રેન્ડ હતો અને અમેરિકન સ્ટેન્ડ અપ કોમેડી તો એ માટે પંકાયેલી.

લાંબો વિચાર કર્યા વિના જગદીશભાઈએ વિવેકપૂર્વક ના પાડી. તો સામેથી આગ્રહ થયો કે, એ માટે ડબલ ચાર્જ લઈ લો. જગદીશભાઈએ ત્યારે મક્કમ રણકાથી કહ્યું : ''ભાષા મારી મા છે, ને હું હાસ્યકલાકાર ખરો પણ મારી માનાં વસ્ત્રો ઉતારવા અહીં નથી આવ્યો. તમને આ પારિવારિક હાસ્યમાં મજા ન આવી હોય તો હું પુરસ્કાર લીધા વગર એમ જ વિદાય લઈ લઉં. પણ ગંદા ટૂચકા સંભળાવી મારી કળા નહીં અભડાવું. બીભત્સ નોનવેજ જોક બધાની જેમ વાંચતા ફરતા કલાકાર માણસ તરીકે અંગત જાણમાં તો હોય. ધારું તો કહી પણ શકું. પણ મારે એ રસ્તે નથી જ જવું, એટલે નથી કહેતો. ભલે ગમે તેટલા પૈસા મળે.''

માણસ કોઈ જોતું ન હોય ત્યારે કેવી રીતે વર્તે એમાં એની ખાનદાનીનું સાચું માપ નીકળી જતું હોય છે. ત્યારે ત્યાં કોઈ મોબાઈલ કેમેરાનો યુગ નહોતો. પૈસા અંગે સમાધાન કરી લીધું હોત તો કોઈ જોવાવાળું નહોતું. હું તો એમ જ એમના જુનિયરની જેમ ફક્ત સાથે ગયેલો. પણ વટભેર એમણે સ્વસ્થ સાત્ત્વિક હાસ્યથી બધાને ડોલાવીને પ્રોગ્રામ પૂરો કર્યો. રસ્તે પાછા ફરતાં હવે પદ્મશ્રી એવા શાહબુદ્દીન રાઠોડ એમના ગુરુની જાણીતી શિખામણ મને કહી કે 'કક્ષાથી ઊતરવા કરતાં, સ્ટેજ પરથી ઊતરી જવું સારું'. આ મારા માનસ પર પડેલી 'માણસ' જગદીશ ત્રિવેદીની અમીટ છાપ.

અલબત્ત, ઓળખાણ એમની અમેરિકામાં થઈ એવું નહોતું. રાજકોટમાં એમને અગાઉ સાંભળેલા. ઓછા લોકોને ખ્યાલ હશે કે હાસ્યકલાકાર તરીકે જગવિખ્યાત એવા જગદીશભાઈએ યુવક મહોત્સવોમાં કોલેજિયન્સ ભજવે એવાં ગંભીર નાટકો લખેલાં! એ પહેલો પરિચય. પછી તો ૨૦૦૬માં હું ઈટીવીનો 'સંવાદ' કાર્યક્રમ હોસ્ટ કરતો ત્યારે મેં અમદાવાદ બહારના ગુજરાતના અલગ અલગ સેલિબ્રિટીઝને અને ખાસ તો લોકસાહિત્યના મિત્રોને બોલાવવાનું સૂચન કર્યું. એ વખતે જગદીશભાઈએ એમના કરુણ કાતિલ સંઘર્ષની અને ઝેરોક્સની દુકાન ધરાવતા 'જગા ઝેરોક્સવાળા'ની વાત પણ કહેલી.

આ જગા ઝેરોક્સવાળાને કેવી રીતે જગદીશ ત્રિવેદી બનવાનો મોકો સમર્થ હાસ્યકલાકાર અને આભિજાત્યભર્યા હાસ્યના ટ્રેન્ડસેટર શાહબુદ્દીન રાઠોડે એમના ગુરુ અને પારખુ ઝવેરી બનીને આપ્યો, એની વાત પ્રિય મોરારિબાપુને ત્યાં અસ્મિતાપર્વમાં કહી ત્યારે એમની જ નહિ, અમારા જેવા શ્રોતાઓની આંખમાં પણ આંસુ આવી ગયાં. શાહબુદ્દીનભાઈનો એ એકચક્રી જમાનો અને એ જગદીશભાઈને મુંબઈ લઈ



ગયેલા. જીવનના પહેલા પ્રોફેશનલ સ્ટેજ પ્રોગ્રામ માટે. ને ત્યાં ફાઈવસ્ટાર પહેલી વાર જોઈને અવાચક બની ગયેલા મુગ્ધ જગદીશભાઈથી સભાનતા, પ્રેશર જે ગણો તે સરખું પરફોર્મ ન થયું. કોઈ હસ્યું નહીં. કેરિઅરનો પહેલો દાવ ઝીરોમાં ફેઈલ ગયો. વીલા મોઢે પાછા આવી ગયા. છતાં એમની ટેલન્ટ પર ભરોસો રાખી એ સમયના સારા પુરસ્કાર સહિત શાહબુદ્દીનભાઈએ ફરી બોલાવ્યા અને પછી ફટકાબાજી શરૂ થઈ, જેનો સ્કોર આજ દિન સુધી બનતો રહ્યો છે.

જગદીશ ત્રિવેદીના ચાહકોએ ૯/૧૧ વખતે અમેરિકામાં હોવાનો એમનો અનુભવ સાંભળ્યો હશે. એ હસતાં હસતાં હસાવતા હોય છે કે શાહબુદ્દીન ભાઈ તો ક્લીન શેવ અંગ્રેજ હેટ પહેરેલા. વધેલી દાઢીમાં ગુનેગાર જેવો હું લાગું! નારાયણ સાંઈ સાથે એમના ચહેરાનું સામ્ય પણ કહીને જાત પર ખૂલીને હસતા હોય છે. વાતોમાં બધાને ઘરસંસારની વાતો કહી હસાવે, પણ મેં તો સજોડે મુંબઈના દરિયાકિનારે એમના ફોટા પાડવાનો આનંદ ટાઈમ્સ સ્ક્વેર જેટલી જ લિજ્જતથી લીધો છે. સ્ટેજ પર જ નહિ, રૂમમેટ તરીકેય સાથે હોય તો કંપની ગમે એવા માણસ. વધુ પડતા સુગરકોટેડ પણ નહિ. સ્પષ્ટ અને વ્યવહારુ. ઘણું જાણવા મળે. કલકત્તા એક વાર અમે 'જય જગદીશ હરે' બદલે

'જય જગદીશ હાર્યે' એવો પ્રોગ્રામ કર્યો, ત્યારે હોટેલ માફક ન આવતાં એ મને એમના ચાહક રાજેશભાઈના ઘેર લઈ ગયા, જે આજેય મારા સંપર્કમાં છે. ગામેગામ, દેશદેશાવરમાં એમણે આવા આંબા વાવેલા છે.

સૌથી વધુ વિદેશયાત્રાઓ કરનાર હાસ્યકલાકાર જગદીશ ત્રિવેદીની ચિરંજીવ કૃતિ એમનો પુત્ર મૌલિક આજે પરદેશ કેનેડામાં છે. એ પણ વડ એવા ટેટા મુજબ વિવેકી અને ટેલેન્ટેડ છે. એના આપઘાત પરના પુસ્તકનું વિમોચન અમદાવાદમાં હોય કે જગદીશભાઈએ સ્વામિનારાયણ સંપ્રદાયની શિક્ષાપત્રી ઉપરાંત જેના પર પીએચડી જ નહિ, પણ ગુજરાતી અનુવાદ પણ કર્યો છે, એ અમિતાભ બચ્ચનના પિતા હરિવંશરાય બચ્ચનની મધુશાલાનું વિમોચન હોય, મને હાજર રહેવાનો લાભ મળ્યો છે. બે પ્રોગ્રામ વચ્ચે એમને કહીને એમણે ગોઠવેલી વ્યવસ્થામાં સૂઈ જઈ આરામ કરવાની લિજ્જત પણ માણી છે. પરસ્પરના ઘેર પહોંચી જઈએ, વગર કહ્યે એવો સ્નેહ એમનો મળ્યો છે.

માણસ એકદમ હોશિયાર. કોઈક પગ મૂકે ત્યાં પારખી લે એવા વિચક્ષણ. સંબંધો સાચવવામાં અને સ્માર્ટ વર્ક કરીને કામને સફળ બનાવવામાં પારંગત. ખપ પૂરતું બોલે. પોતાના ગામમાં પ્રોગ્રામમાં બોલાવે તોય વધુ બોલવાનો દુરાગ્રહ ન રાખે. સરનામું સમજાવવાના એક્સપર્ટ. વ્યવસ્થા એમની ટકોરાબંધ. આતિથ્યથી બધાને જમાડે. ભોજનની જ નહીં, શયન એટલે આરામની કાળજી રાખે. સામાનું એકાંત સાચવી મૌન રહેતાં પણ એમને આવડે. સાથીઓને સારું વળતર મળે એવી ખેવના કરે. ઓડિયન્સને તરત પારખી લે. ક્યારેક કાનમાં મુદ્દાઓ કે જોક પણ કહી દે જમાવટ થાય એ માટે. મિત્ર ચેતન જેઠવાના રાસનેય બિરદાવે. એમના પંથક સુરેન્દ્રનગરમાં તો એમની પ્રભાવશાળી શાખ, એનોય હું સાક્ષી. કેવળ કળાના ખોળે અનિશ્ચિત જીવન વિતાવવાને બદલે એમણે જે-તે સમયે વ્યાવસાયિક દિમાગ સતેજ રાખી આર્થિક ચિંતાઓ પણ દૂર કરી કાયમ માટે.

એ દેવકી-જશોદાની જેમ બબ્બે માતાઓના ખોળામાં ઊછર્યા એ રસપ્રદ વાત તો જાણીતી છે. જગદીશે ગોપાલ મોહનની જેમ જન્મ દેનાર માતા-પિતા અને ઉછેરનાર માતા-પિતા બેઉના આશીર્વાદ પ્રાપ્ત કર્યા. એમના નાના જાણીતા ગુજરાતી સાહિત્યકાર દેવશંકર મહેતા. એમના પર પ્રિય બાપુની હાજરીમાં એમણે અદ્‌ભુત સાહિત્યિક પ્રવચન સરસ હોમવર્ક સાથે અભ્યાસુ અધ્યાપકની જેમ આપેલું. કેવળ હાસ્ય જ નહીં, શિક્ષણ પર પણ ખીલે. નવસારીમાં બે વાર માધુભાઈ કથીરિયાના સહયોગથી

થતી સરકારી પ્રાથમિક શિક્ષકોની શિબિરમાં બધી શરતો બાજુએ રાખીને આવી ગયા બોલવા. એસજીવીપીના સંત શ્રી માધવપ્રિયદાસજી, પ્રખર ભાગવતકથાકાર પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા અને સંવેદનશીલ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા જેવાં ઘણાં મને વ્યક્તિગત ગમતાં વ્યક્તિત્વોના એ પ્રીતિપાત્ર.

આ લેખાંતે મારે જગદીશ ત્રિવેદીના નવા અવતાર વિશે લખવું છે. આ બધી ઓળખ જૂની થઈ જાય એવો નવો અવતાર એમનો શરૂ થયો એ (૧૨/૧૦/૨૦૧૭માં) ૫૦ વર્ષના થયા ત્યારે. મૂળ તો ૨૦૧૨માં એમને અચાનક વિચાર આવ્યો કે પાંચ વર્ષમાં નિયતિ જેટલું આપે એ કમાઈને પછી બસ નિવૃત્ત થવું. એટલે આમ તો ફરી પ્રવૃત્ત થવું. સ્ટેજ પર જવું પણ એ ધન શિક્ષણ અને આરોગ્યમાં દાન આપી દેવું! પહેલી નજરે ઝટ ગળે ન ઊતરે એવી વાત. મનેય નવાઈ લાગેલી. પણ એ દઢસંકલ્પ એવા કે જાહેરમાં જ કહેવા લાગ્યા આ વાત. પાછાય ન ફરાય એવી રીતે! એમના હૃદયની વાત એવી હતી કે હવે આટલી વિદેશયાત્રાઓ થઈ, કાર્યક્રમો થયા, સન્માનો ને પુસ્તકો થયાં એમાં સમય જતાં માત્ર આંકડા ઉમેરાશે. પણ નવું તો કશું નહીં થાય. એવું શું થાય જે અવિસ્મરણીય બની રહે. આપણા ગયા પછી પણ આપણી હાજરી પુરાવતું રહે?

આ મનોમંથનમાંથી એમને પરમ સત્ય સમજાયું કે જીવન જતા રહ્યા પછી પણ જીવતા રહેવું હોય તો બીજાને જીવન આપવું જોઈએ! અને પ્રિય મોરારિબાપુના આશીર્વાદ સાથે એક ભવ્ય કાર્યક્રમમાં ગુજરાતભરનાં અને જાણીતાં વ્યક્તિત્વોને ભેગાં કરી, નાનકડા મેળા જેવા સમારંભમાં સુરેન્દ્રનગર ખાતે આ શિવસંકલ્પ ૫૦મા જન્મદિને લીધો. એ નિમિત્તે બહાર પડેલાં ઉત્તમ લેખોના ચયનનાં ચારેય પુસ્તકો ત્યાં જ ચાહકોએ પડાપડી કરીને લઈ લીધાં. બાપુએ આ કસોટીમાંથી પાર ઊતરવાના આશિષ સ્નેહથી આપ્યા અને ત્યારે જ એમણે ભાવ વ્યક્ત કર્યો. ત્યાર બાદ જગદીશભાઈ કાયમ માટે શ્વેત વસ્ત્રોમાં જ આવી ગયા.

પછી તો પહેલા જ વર્ષે જે એમની રૂપિયા ૪૪,૧૦,૫૫૫ની જે રકમ જમા થઈ એનું દાન કર્યું. એમાંથી વતનમાં જૂની શાળાના નવનિર્માણમાંય પ્રિય બાપુ આવ્યા એ ધન્ય ઘડીનો હું સાક્ષી. પછીનાં બે વર્ષમાં કરોડથી વધુ દાન થયા પછી જગદીશભાઈને સાચા અર્થમાં કરોડપતિ થયાની તૃપ્તિ થઈ. આવી તૃપ્તિ પહેલાં કરોડ કમાયે પણ નહોતી થઈ. વીતેલાં વર્ષમાં એમણે સાયલા પાસે સાવ ગરીબ વિસ્તારનાં બાળકો માટેની સરકારી શાળાનું સંપૂર્ણ નવનિર્માણ કરાવ્યું. બિલ્ડિંગ પર નામોય

ગાંધીજીનાં વ્રતનાં હોય એ રીતે. પૂ. ભાઈશ્રી અને આદરણીય પુરુષોત્તમ રૂપાલા તથા શિક્ષણમંત્રી ચુડાસમા જેવાં વ્યક્તિત્વોએ એને પોંખી. એનોય હું સાક્ષી. જગદીશભાઈને તો ઓર મોજ પડી ગઈ.

આ આનંદ હતો આપવાનો. ઈશાવાસ્ય ઉપનિષદનું સૂત્ર તેન ત્યક્તેન ભુંજીથા: અમારા આ ભલભલાને મોઢા પર રોકડો જવાબ આપી દેતા ભડવીર ભાઈબંધના કરુણાથી કૂણા કાળજામાં આમ ત્યાગીને ભોગવવાની ખુશી છલકે છે. એમણે નવો સંકલ્પ એ લીધો કે ''હવે તો ૭૫ વર્ષનો થાઉં ત્યાં સુધીમાં ૧૧ કરોડનું દાન કરીશ!'' પછી થયું કે માનો કે બાદમાં એટલે પ્રોગ્રામ ન મળે કે શરીર સાથ ન આપે કે આયખું અચાનક ખૂટે તો? તો એમણે જાહેરમાં કહ્યું, ''હું કે મારો પરિવાર મારી એકાદ-બે મિલકત વેચીને પણ આ સંકલ્પ પૂરો કરશું જ. પરમાત્મા અત્યારે પણ જોશભેર ધસમસતા ફોર્સ જેવા જગદીશભાઈને શતાયુ બનાવે ને આથીય વધુ શક્તિ આપતા રહે એ જ આપણે તો દુ:ખણા લઈ શકીએને!

સુરેન્દ્રનગર ગામમાંય આ એમના ગૌરવનું હમણાં એવું જાહેર સન્માન થયું કે નગરપાલિકાએ નવનિર્મિત ટાઉનહોલના મિની હોલને એમનું નામ આપ્યું! જગદીશ ત્રિવેદી જેનું નામ, ત્યાં સુધીમાં તો એમણે વળી માત્ર બહેનો અને બાળકો માટેની બે નવનિર્મિત લાઈબ્રેરી બનાવી પ્રિય માધવપ્રિયદાસજીના હસ્તે ખુલ્લી પણ મૂકી દીધી! જગદીશભાઈ પાછા મેળાવડાના માનવી. સંબંધો આખી દુનિયામાં વિસ્તારેલા, અબજપતિ ઉદ્યોગપતિઓથી સામાન્ય વિદ્યાર્થી સુધી લાઈવ સંપર્ક. બીજાને પ્રોત્સાહિત કરે, મંચ પર ચડાવે.

જગદીશભાઈ અમારા સારથિ ગોપાલના નિરીક્ષણ મુજબ 'સરનામું સમજાવવાના નિષ્ણાત.' થાન હોય કે સુરત. એનો મતલબ એ કે જગદીશભાઈ પ્રેક્ટિકલી સામા માણસના એન્ગલથી વિચારી શકે. પરદેશ જઈ-જઈને સમયપાલનમાં ચુસ્ત. શિસ્તબદ્ધ રીતે બધું આયોજન કરે. વ્યવહારકુશળ રીતે આયોજન કરે. લક્ષ્મી વિના સરસ્વતીનું સન્માન નથી એ સત્ય પણ પામી ગયેલા. પુસ્તક હોય કે પ્રવચન, એમનું આયોજન પહેલેથી કોઈને નુકસાન ન જાય એવું વ્યવહારુ રહે. પોતાના સંબંધનો લાભ લેવાની સ્વાર્થવૃત્તિ રજમાત્ર નહીં. અન્યોને મદદ પણ એવી કરે. જરૂર પડે લાલ આંખ કરવામાંય શરમાય નહીં. ખુમારીથી ખખડાવી નાખે.

આ અમારા જગદીશ ત્રિવેદી. પોતાના ગણે એમના માટે છાતી કાઢીને ઊભા રહેવાની ત્રેવડ અને પારકા માટે મજબૂત પીઠ બનીને ટેકો કરવાની કાવડ!

❑❑❑



રામ રતન ધન પાયો

☐ ગિરિમા ઘારેખાન

રાગ ભૈરવીના સૂરોનો આલાપ પૂરો થયો. તબલાંએ છેલ્લી થાપ આપી અને સંગત કરી રહેલાં બીજાં વાજિંત્રોએ પણ વિરામ લીધો. ગોવિંદની સ્વરપેટીએ શ્વાસ લીધો પણ એણે આલાપેલા ભૈરવીના રે ગ ધ ની કોમળ સૂર- 'શ્યામ સુંદર મદન મોહન જાગો મેરે લાલા'- હોલની હવામાં ઘૂમરાતા રહ્યા. શ્રોતાઓના કાનમાં પણ એ ગુંજતા જ રહ્યા હશે, કારણ કે ગોવિંદનો આલાપ અટક્યો પછીની થોડી ક્ષણો સુધી તો લોકો કોઈ જાદુથી બંધાઈ ગયા હોય એવી રીતે સ્થિર બેસી રહ્યા! ગોવિંદને બેચેની થઈ ગઈ. આ તો બધા જ્ઞાની શ્રોતાઓ, સૂરોના જાણકાર. એ લોકો આમ ચિત્રમાં હોય એમ સ્ટેજ તરફ જોઈને બેસી કેમ રહ્યા છે? મારાથી ભૂલ થઈ ગઈ? ક્યાં? એકેય સૂર ખોટો નથી ગવાયો કે હું ક્યાંય અટક્યો પણ નથી, તો પછી?

એણે મૂંઝવણભર્યા ચહેરે ગુરુજી સામે જોયું. ગુરુજીના ચહેરા ઉપર તો એ જ હંમેશનું સ્મિત હતું. એમણે ગોવિંદ સામે જોઈને એને આશ્વાસતા હોય એમ પલકો બંધ કરી અને પછી અપલક શ્રોતાઓ સામે જોઈ રહ્યા.

થોડી ક્ષણો હવામાં શાંતિ તોળાઈ રહી. પછી અચાનક એક સાથે બધી ખુરશીઓ ઊભી થઈ અને તાળીઓનું સુનામી આવ્યું. હવે સ્થિર થઈ જવાનો વારો ગોવિંદનો હતો. ગોવિંદ સ્ટેજ ઉપર હાથ જોડીને ઊભો રહી ગયો. કોઈ ઉત્સાહી શ્રોતાઓ સ્ટેજ ઉપર આવે એ પહેલાં ગુરુજી ગોવિંદનો હાથ પકડીને એને અંદર ખેંચી ગયા.

ઘેર જઈને, અંતરમાં ઊતરી ગયેલા એ તાલીનાદની ગુંજના કેફમાં ગોવિંદ તો સૂઈ ગયો પણ એના ગુરુજી - પંડિત શ્યામસુંદરજીની આંખોમાં ઉજાગરો અંજાયો હતો. આજે એમણે અનુભવેલા એ તાલીઓના સુનામીમાં એ દિવસ ઊછળતો ઊછળતો એમની સામે આવ્યો હતો જ્યારે એ પહેલી વાર ગોવિંદનો હાથ પકડીને પોતાને ઘેર લઈ આવ્યા હતા..

એ દિવસે એ શહેરના એક નવા રસ્તે ચાલવા નીકળ્યા હતા અને અચાનક જ એક જગ્યાએ એમના પગ ચાલતાં ચાલતાં થંભી ગયા હતા. કાનને એક નિનાદનો પમરાટ સ્પર્શ્યો હતો. એ પછી એમના હૃદયના ધબકારા કોઈ અનોખી ઉત્તેજનાથી એકદમ વધી ગયા, શરીરનું એક એક રૂંવું ઊભું થઈ ગયું અને કોઈ નવી જ શક્તિ એમના થાકેલા પગને એ અવાજ તરફ લઈ ગઈ. એ ધ્વનિ જ અત્યારે એમની પૃથ્વી હોય અને પોતાના ગુરુત્વાકર્ષણથી એમને ખેંચતી હોય એવી રીતે એ એક નાના મંદિર સુધી પહોંચી ગયા. ત્યાં જ એમણે જોયો એ મધુર, સુરીલા અવાજનો સ્રોત. એના પગ પાસે એક વાટકો પડેલો હતો અને એ પાંચ-છ વર્ષનો છોકરો ડોક ઊંચી કરીને ગાઈ રહ્યો હતો –'મન તડપત હરિ દરશન કો આજ.'

આ કોઈ મનુષ્યનો અવાજ હતો? એક પળ તો શ્યામસુંદરજીને લાગ્યું કે કોઈ શ્રાપિત ગંધર્વ બાળકનું રૂપ લઈને શ્રાપમુક્તિ માટે અહીં મંદિરની બહાર બેસીને ઈશ્વરની આરાધના કરતો હશે. ગાયકી પણ કેટલી શુદ્ધ! રાગ માલકૌંસના વાદી મધ્યમ, સંવાદી ષડજ અને ભૈરવીની થાટ એવાં નીકળતાં હતાં જાણે શાસ્ત્રીય સંગીતનો કોઈ ઉસ્તાદ ગાઈ રહ્યો હોય! એ સાનભાન ભૂલીને કૃષ્ણના બંસીવાદન પછી થતી ગોપીની ધ્યાનસ્થ અવસ્થામાં આવી ગયા. આંખો બંધ થઈ ગઈ અને મન ડોલવા માંડ્યું. પેલા છોકરાએ ગાવાનું બંધ કર્યું એ પછી પણ એમની ધ્યાનાવસ્થા ન તૂટી. કાનમાં આગંતુક થઈને પ્રવેશેલો એ અવાજ હૃદયસ્થ થઈ ગયો હતો.

થોડી વાર પછી એમણે આંખો ખોલી. પેલો છોકરો એના વાટકામાં પડેલા પૈસા ગણી રહ્યો હતો. પંડિતજી એની પાસે ગયા, એના વાટકામાં પચાસ રૂપિયાની નોટ મૂકી અને પૂછ્યું, 'તેરા નામ ક્યા હૈ બેટા?'

'ગોવિંદ.'

'આવી મોહિની તો ગોવિંદના અવાજમાં જ હોયને!' પંડિતજીએ વિચાર્યું અને બીજો પ્રશ્ન કર્યો, 'કહાં રહતે હો?'

ગોવિંદે થોડે દૂર દેખાતી ઝૂંપડપટ્ટી તરફ આંગળી ચીંધી.

'મુજે અપને ઘર લે ચલોગે?'

ગોવિંદે આશ્ચર્યથી એની સામે ઊભેલા, સફેદ ઝભ્ભો અને ગળામાં રુદ્રાક્ષની માળા પહેરેલા આ માણસ તરફ જોયું. એનું નામ તો ઘણા બધા માણસો પૂછતા હતા, પણ ઘેર લઈ જવાનું!

ગોવિંદે પશ્ચિમના આકાશ તરફ જોયું. સૂરજ ઢળવાની તૈયારી હતી. એણે પેલી ઝૂંપડપટ્ટી તરફ નજર નાખી અને થોડા ભયભીત અવાજે બોલ્યો, 'અભી આરતી નહીં હુઈ હૈ, તો---'

શ્યામસુંદરજી એની મૂંઝવણ કળી ગયા. એમણે બીજી પચાસની નોટ એના વાટકામાં મૂકી.

'અબ લે જાઓગે?'

ગોવિંદનું મોઢું સહેજ મલકાયું. એણે એ પચાસની નોટ પણ ખીસામાં મૂકી દીધી અને એના ઘર તરફ ચાલવા માંડ્યો. પંડિતજી એની પાછળ પાછળ ચાલ્યા. થોડે આગળ જઈને એમણે કહ્યું, 'વો ગીત ગાઓ ના!'

'કૌનસા ગીત?' એણે શું ગાયું હતું એ પણ ગોવિંદને યાદ ન હતું. પંડિતજીએ એને ગીત યાદ કરાવ્યું. એણે કહ્યું, 'નહીં, વો નહીં, મૈં તો દૂસરા ગાઉંગા, મેરે નામવાલા'. એણે 'ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો' ચાલુ કર્યું. શ્યામસુંદરજીને શબ્દોથી કોઈ ફેર પડતો ન હતો. એ તો એ અવાજના પ્રેમમાં પડી ચૂક્યા હતા. એમના ચાલવામાં હવે સ્ફૂર્તિ આવી ગઈ હતી.

છોકરાનું ગીત સાંભળતાં સાંભળતાં એ ક્યારે એની ઝૂંપડી પાસે આવી ગયા એની એમને ખબર જ ન પડી. ઝૂંપડીની બહાર એક તૂટેલા ખાટલામાં એક પુરુષ સૂતેલો હતો. આજુબાજુ પાંચ-છ નાનાં નાનાં બાળકો રમી રહ્યાં હતાં. અંદરથી કોઈ સ્ત્રીની બૂમાબૂમનો અવાજ આવતો હતો. ખાટલા ઉપર, પેલાં બાળકોનાં કપડાં ઉપર, ઝૂંપડીની દીવાલો ઉપર, બધે જ, ગરીબી હઠ કરીને બેઠી હોય એવું લાગતું હતું.

ગોવિંદ થોડો ડરતો ડરતો ખાટલા પાસે જઈને ઊભો રહ્યો, 'બાબા, યે---'

પેલો પુરુષ ખાટલા પરથી ઊભો થયો અને સંદેહભરી આંખે પંડિતજી સામે જોઈ રહ્યો. એમને પણ શું બોલવું એ સૂઝતું ન હતું. છેવટે હિંમત કરીને શરૂઆત કરી, 'યે તુમ્હારા લડકા બહુત અચ્છા ગાતા હૈ. આવાઝ એકદમ સુરીલી હૈ.'

પેલો પોતાના તમાકુવાળા દાંત બતાવતો હસ્યો અને બોલ્યો, 'હાં, એક દિન મેં પચાસ-સાઠ કમા લેતા હૈ. તો

---ઉસકા ક્યા?'

'ઉસે તાલીમ દેના ચાહતા હૂં. બહોત બડા ગાયક બનાઉંગા.'

'અચ્છા તો વો ગાતા હી હૈ, તભી તો પૈસે મિલતે હૈ.' પેલાને કંઈ સમજણ ન'તી પડતી.

હવે ઝૂંપડામાંથી સ્ત્રી પણ બહાર આવીને ઊભી રહી ગઈ હતી.

'ઇસસે ભી અચ્છા ગાયેગા. મારી જિંદગીમાં મેં આવો અવાજ સાંભળ્યો નથી. અદ્ભુત છે. મા સરસ્વતીના આશીર્વાદ મળ્યા છે એને. કલાની દેવી---'. પંડિતજી એમની જ ધૂનમાં બોલે જતા હતા. એ કોઈની સાથે વાત કરે છે એ પણ ભૂલી ગયા હતા. એમનો આ અનુભવ એવો દિવ્ય હતો કે એને વ્યક્ત કરે જ છૂટકો.

ગોવિંદના બાપને આ બધું કંઈ સમજાયું નહીં એટલે એ વચ્ચે જ બોલી ઊઠ્યો, 'ઔર ક્યા સીખાઓગે? વો તો રેડિયો પે એક બાર સુન કે હી સીખ લેતા હૈ.'

'નહીં નહીં, ઐસા ગાના નહીં. મૈં ઉસે તાલીમ દૂંગા. રાગ-રાગિની સીખાઉંગા. ઉસકો---'

ગોવિંદનો બાપ ગંદું હસ્યો, 'વો સબ કરેગા તો ગાયેગા કબ ઔર કમાયેગા કબ? કમાયેગા નહીં તો ખાયેગા ક્યા?'

પંડિતજીને પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. એ એમના નિર્ણયમાં વધુ દૃઢ બન્યા. આ દૈવી અવાજને વેડફી ન નખાય. કરોડો માણસોમાં એકાદને આવા અવાજનું વરદાન મળે. એમણે કહ્યું, 'વો જીતના કમાતા હૈ ઉતના પૈસા મૈં હર મહિને તુમકો દે દૂંગા. તુમ ઇસકો મેરે સાથ ભેજ દો.'

પુરુષે સ્ત્રી સામે જોયું. એ નકારમાં મોં આમતેમ હલાવતી હતી. પુરુષ એને ખેંચીને ઝૂંપડીની અંદર લઈ ગયો અને થોડી વાર પછી બહાર આવીને બોલ્યો, 'હર એક મહિને તુમ ના આઓ તો મૈં કહાં તુમકો પકડને આઉં? મુજે એક સાથ હી સારા પૈસા ચાહિયે. ફિર તુમ ચાહો તો રખ લો ઇસકો.'

પંડિતજી થોડા આશ્ચર્ય અને આઘાતથી પેલા પુરુષના તીક્ષ્ણ હૂક જેવા અવાજને સાંભળી રહ્યા. પછી પૂછી જ લીધું, 'કિતના?'

એણે એને બહુ મોટી લાગતી એક રકમ કહી. પંડિતજી માટે તો આ રત્ન અમૂલ્ય હતું. એ આમ હંમેશ માટે મળી જશે એવું તો એમણે વિચાર્યું પણ ન હતું. એને માટે કોઈ રકમ મોટી ન હતી.

ત્રીજે જ દિવસે પેલાની મોં માગી રકમ આપીને શ્યામસુંદરજી ગોવિંદને પોતાને ઘેર લઈ આવ્યા, એને શિષ્ય તરીકે દીક્ષા આપી અને એની શાસ્ત્રીય સંગીતની તાલીમ ચાલુ કરી દીધી.

ગોવિંદ તો જાણે જન્મોજન્મથી સંગીતનો આરાધક હોય એવી રીતે જે શિખવાડાય એ બધું તરત ગ્રહણ કરી લેતો હતો. થોડાં વર્ષો પછી તો

ગુરુજી એને પોતાની સાથે કાર્યક્રમોમાં લઈ જવા માંડ્યા, થોડું થોડું ગવડાવવા પણ માંડ્યા. શ્રોતાઓ એનો અવાજ સાંભળીને આફરીન થઈ જતા. એવો ગગનપારનો અવાજ એમણે પહેલાં ક્યારેય સાંભળ્યો ન હતો. ક્યારેક ગુરુજી એની સાથે સંગત પણ કરી લેતા. ઉસ્તાદો શ્યામસુંદરજીને પૂછતા હતા, 'ક્યાંથી શોધી લાવ્યા છો આ રતનને?' પંડિતજી જવાબમાં માત્ર એક સ્મિત આપતા અને ગણગણતા, 'પાયોજી મૈંને રામ રતન ધન પાયો.' પત્ની જીવંત હતી ત્યારે યુવાનીમાં એમણે જેવા પુત્રની કલ્પના કરી હતી એવો જ હતો ગોવિંદ- પાલક પિતા માટે આદર્શ પુત્ર અને એક ગુરુ માટે સંપૂર્ણ શિષ્ય.

* * *

ચાલતાં ચાલતાં ગોવિંદ અચાનક થંભી ગયો. મુખ્ય બજારમાં એક થાંભલા ઉપર એક મોટું પોસ્ટર લાગેલું હતું અને નીચે યુવાન-યુવતીઓનું ટોળું હતું. એણે પોસ્ટર વાંચ્યું. ટી.વી. ઉપર ગાયકીની સ્પર્ધા ચાલુ થવાની હતી એમાં ભાગ લેવા માટેનું આમંત્રણ હતું. વિજેતાને ઇનામની બહુ મોટી રકમ મળવાની હતી. એ નાનપણમાં ગીતો ગાઈને રોજના કેટલા રૂપિયા કમાતો હતો? એક લાખ! ગાવા માટે આટલા બધા રૂપિયા મળે! ક્યારેક ઓછા પૈસા મળે તો સાવકા બાપની પીઠ ઉપર પડતી સોટીઓનો ચચરાટ હજુ એને યાદ હતો. એ પોસ્ટર વાંચતો હતો ત્યાં જ એક યુવાન એની પાસે આવીને બોલ્યો, 'થોડા સમય પહેલાં જ એક કાર્યક્રમમાં આપને સાંભળ્યા હતા. અદ્ભુત અવાજ છે આપનો! શું નામ આપનું?'

'ગોવિંદ.'

ગુરુજી ક્યારેય ગોવિંદને એના પ્રશંસકો સાથે મળવા નહોતા દેતા. કાર્યક્રમ પૂરો થયા પછી તરત એને લઈને નીકળી જતા. આજે આમ રસ્તામાં એક પ્રશંસક મળી ગયો એ ગોવિંદને ગમ્યું.

પેલાએ આગળ ચલાવ્યું, 'આપ જો આ સ્પર્ધામાં ભાગ લો તો સ્પર્ધાનું ધોરણ ઊંચું આવી જાય. વિજેતા તો આપ જ બનો. હું ઘણા કાર્યક્રમોમાં જાઉં છું પણ આપના જેવો અવાજ મેં ક્યારેય નથી સાંભળ્યો. આપ તો 'સા'--- આલાપો છો અને હૃદયમાં સરગમ વાગવા માંડે છે. આપને સાંભળ્યા ત્યારે તો હું જાણે કોઈ બીજી જ દુનિયામાં પહોંચી ગયો હતો.'

ગોવિંદનું આખું અસ્તિત્વ મલકી ઊઠ્યું. ગુરુજીએ આજ સુધી એને આવું તો કહ્યું જ ન'તું.

ગોવિંદ કંઈ બોલ્યો નહીં એટલે પેલાએ વધુ એક પાસો ફેંક્યો, 'આખું વિશ્વ તમારી ગાયકીને બિરદાવશે. રાતોરાત પ્રખ્યાત થઈ જશો. બાકી

આટલા સારા ગાયક છો, પણ આ ટોળામાંથી કોઈ તમને ઓળખે છે?'

ગોવિંદે ચારેબાજુ નજર ફેરવી. ના, કોઈ એને ઓળખતું ન હતું.

'કરાવવું છેને રજિસ્ટ્રેશન? ભરી દો ફોર્મ. પછી બધું આપનું જ છે-નેમ, ફેમ એન્ડ મની.'

ગોવિંદે એ શબ્દો આખેઆખા સાંભળ્યા, મગજમાં ઉતાર્યા. પણ હૃદય આ શું કહેતું હતું- ગુરુજીની પરવાનગી લેવી પડે. મગજ બીજી દિશામાં દોડતું હતું- પણ આમ તો ગાવા જ જવાનું છેને? ગુરુજી એમના કાર્યક્રમ માટે અમેરિકા ગયેલા છે અને ત્યાં તો ક્યાં હોય કોને ખબર? આમેય ગાવા માટે એ થોડી ના પાડવાના છે?

ગોવિંદની અંદર બેઠેલો ગોવિંદ એને પૂછતો હતો, 'તું પૈસા અને કીર્તિ માટે તો આમાં ભાગ લેવા માગતો નથીને? ગુરુજી હંમેશાં કહે છે કે સરસ્વતીના ઉપાસકોએ લક્ષ્મીદેવીની કૃપાની આકાંક્ષા તો રાખવાની જ નહીં. કીર્તિની ખેવના પણ નહીં કરવાની.' ગોવિંદે એ ગોવિંદને જવાબ આપી દીધો, 'ના, ના. આ માધ્યમથી હું તો વિશ્વને બતાવવા માગું છું કે મારા ગુરુજી કેટલા મહાન છે. મારા થકી એમનું નામ ચોમેર ફેલાશે એ મારી એમને માટેની ગુરુદક્ષિણા હશે.'

ગોવિંદે રજિસ્ટ્રેશન કરાવી લીધું.

* * *

શહેર શહેરમાં ગાયકોની ચકાસણી ચાલુ થઈ. પસંદગી થવા માંડી. ગોવિંદે પહેલી વાર એ સામે બેઠેલા પ્રખ્યાત ગાયકો, સંગીતજ્ઞો સામે રાગ જોગિયાનું 'પિયા કે મિલન કી આસ' ગાયું ત્યારે એ લોકોએ ઊભા થઈને પૂરી ત્રણ મિનિટ સુધી તાળીઓ પાડી હતી. મુખ્ય નિર્ણાયક એને આવીને ભેટ્યા હતા. બીજાએ કહ્યું હતું કે તમારો અવાજ આ પૃથ્વી ઉપરનો નથી. આ અવાજ સંગીતની દુનિયામાં ક્રાંતિ લાવી દેશે. અદ્‌ભુત, અકલ્પનીય જેવાં કંઈ કેટલાંય વિશેષણોથી એને નવાજવામાં આવ્યો. એણે આગળની ચકાસણીમાં જવાની જરૂર ન હતી. એને સીધો મુખ્ય સ્પર્ધા માટે પસંદ કરી લેવામાં આવ્યો હતો.

એ દરમ્યાન ગુરુજીનો જ એના ઉપર ફોન આવ્યો. એણે ઉત્સાહથી છલકાતા અવાજે એમને સ્પર્ધાની બધી વાત કરી. એ સાંભળીને ગુરુજીના વહાલ ટપકાવતી બુંદો જેવા અવાજને ઉદાસીની રેતી ઘેરી વળી હોય એવું એને લાગ્યું. એણે જ્યારે કહ્યું કે આ બધું એ ગુરુજીના નામને વિશ્વવિખ્યાત કરવા માટે કરી રહ્યો હતો ત્યારે ગુરુજીએ એને ધીમા પણ મક્કમ અવાજમાં જણાવી દીધું, 'ગોવિંદ, તું આ બધું મારે માટે કરતો હોય તો ન કરીશ. તું શુદ્ધ શાસ્ત્રીય સંગીતની અવિરત આરાધના કર્યા કરે એ જ મારે માટે

સહુથી મોટી ગુરુદક્ષિણા છે.'

ગોવિંદની જાણ બહાર એના મોંમાંથી શબ્દો બહાર રગડી ગયા, 'ગુરુજી, ઇનામની રકમ કેટલી મોટી છે એ આપ જાણો છો?'

પંડિતજી ચોંક્યા. પછી બોલાયેલા એમના શબ્દો થોડા રૂંધાયેલા હતા, 'હું ભૂલી ગયો હતો કે તું 'ગોવિંદ' છે. તને તો લક્ષ્મીનો મોહ થઈ જ જાયને?'

ગોવિંદ બોલાયેલા શબ્દોને ગળી નહોતો શકતો, પણ એના વાઘા જરૂર બદલી શકતો હતો. એણે કહ્યું, 'ગુરુજી, ઇનામની મોટી રકમ મને મારા માટે નથી જોઈતી. હું તો સંગીત માટે કંઈક કરવા માગું છું. સંગીતના કેટલાય ઉસ્તાદોની વૃદ્ધાવસ્થા ગરીબીમાં વીતે છે. હું એમની જિંદગી સુધારવા માગું છું. હું ઇનામની રકમમાંથી સંગીત મહાવિદ્યાલયોને દાન આપીશ. આપે જેમ મારો ઉદ્ધાર કર્યો એવી રીતે હું મારા જેવાં બીજાં બાળકોને સહાય કરીશ. બસ, મને આશીર્વાદ આપો.'

ગુરુજી સમજી ગયા કે આ પંખીને પાંખો ફૂટી ગઈ છે, એ પણ સોનાની. એના ચળકાટમાં એને પોતાનો પડછાયો પણ દેખાતો નથી.

'તારી મરજી' કહીને એમણે ફોન મૂકી દીધો.

* * *

ગોવિંદ સ્પર્ધામાં એક પછી એક રાઉન્ડ વટાવતો આગળ વધતો જતો હતો. હવે એ બધા હરીફોની સાથે એક મોટા શહેરમાં રહેતો હતો. એને ટી.વી. ઉપર એને જોતા પ્રેક્ષકોને ખુશ કરવાની કળા આવડી ગઈ હતી. એ 'બદન પે સિતારે લપેટે હુએ' ગાતાં ગાતાં નાચતો હતો અને 'આજા આજા' ગાતી વખતે સ્ટેજ ઉપર ગુંલાટો પણ મારતો હતો. મુખ્ય મહેમાન તરીકે આવતા સિતારાઓની આગળ-પાછળ ફરતો હતો અને નિર્ણાયકો એની પ્રશંસામાં ઊભા થઈ જાય ત્યારે એમની સામે નીચા નમીને જમીનને ચૂમતો હતો. બધા જ એવું માનવા માંડ્યા હતા કે આ સ્પર્ધામાં ગોવિંદ જ વિજયી બનશે.

એક વાર ગોવિંદે રાગ બાગેશ્રીનું ગીત ગાયું:

કૌન કરત તોરી બિનતી પીહરવા
માનો ન માનો હમરી બતિયા.

ગોવિંદને લાગતું હતું કે આજે એ નહીં પણ એના ગળામાં બેસીને ગુરુજી ગાઈ રહ્યા હતા. પોતે એમની વાત માની ન હતી એટલે એ એને કહી રહ્યા હતા-'કૌન કરત તોરી બિનતી પીહરવા.' ગોવિંદના નાભિમાંથી નીકળતા નાદને સાંભળીને ત્યાં બેઠેલા બધા જ શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા. નિર્ણાયકોએ એને માથા ઉપર ઉપાડી લીધો. એમણે કહ્યું કે એ અત્યાર સુધીનાં બધાં ગીતોમાં એ એનું સર્વશ્રેષ્ઠ ગીત હતું. થોડા સમય પછી એ પાર્શ્વગાયક તરીકે ફિલ્મોની

દુનિયા પર રાજ કરશે એવી આગાહી કરવામાં આવી. આ બધું સાંભળીને ગોવિંદનું મન ગુરુજીને મળવા આતુર થઈ ગયું. એમણે ભલે નારાજ થઈને એને ફોન કરવાના બંધ કરી દીધા હતા, પણ આ બધું એમના થકી જ શક્ય બન્યું હતુંને! ગુરુજી અમેરિકાથી પાછા આવે એટલે તરત જ એ એમને મળીને પોતાની પ્રગતિ વિષે જણાવશે એટલે એમની નારાજગી દૂર થઈ જશે. આખરે એમનું ધ્યેય પણ એ જ તો હતું- 'સંગીતની સાધનામાં તને ઊંચાઈઓ પર જતો જોવો છે, ગોવિંદ.'

શ્યામસુંદરજી ભારત પાછા ફર્યા એટલે ચેનલમાંથી એક દિવસની રજા લઈને ગોવિંદ પહોંચી ગયો એમની પાસે. ગુરુજીને રીઝવવા માટે એણે મોબાઈલમાં કરેલું પોતાના ગીતનું રેકોર્ડિંગ અને પાછળ આવેલો નિર્ણાયકોનો પ્રતિભાવ બતાવ્યો. પછી એમની સામે મસ્તક નમાવીને બોલ્યો, 'જુઓ ગુરુજી, આપની કૃપાથી આપનો શિષ્ય ક્યાંથી ક્યાં પહોંચી ગયો. હવે મને વિજેતા થવાના આશીર્વાદ આપો જેથી હું મારા ધ્યેયને પામી શકું.'

ગુરુજી ચૂપ રહ્યા. ગોવિંદે જોયું તો ગુરુજીની આંખોમાં જળબિંદુ ચમકી રહ્યાં હતાં. એને લાગ્યું કે છેવટે પોતે સફળ થયો ખરો. પોતાના શિષ્યની આટલી સફળતા જોઈને ગુરુની આંખમાં હર્ષાશ્રુ આવે એ જ એના સંગીતની સાર્થકતા. ત્યાં તો એને પંડિતજીનો ઊંડી ગુફામાંથી આવતો હોય એવો અવાજ સંભળાયો, 'ગોવિંદ, મને લાગે છે કે મેં આટલાં વર્ષો તારી પાછળ વેડફ્યાં. તું તો હતો ત્યાંનો ત્યાં જ છે. હું મારા ધ્યેય સુધી ન પહોંચી શક્યો.'


એમણે આંખો બંધ કરી અને મોં ફેરવી લીધું..

તેજોવધ થયો હોય એવી રીતે ગોવિંદ ગુરુજી સામે જોતો રહ્યો. જ્યારે આખું વિશ્વ એની પ્રશંસા કરતું હતું ત્યારે ગુરુજીના આવા પ્રતિભાવની એણે આશા ન'તી રાખી. એનાથી પુછાઈ ગયું, 'હતો ત્યાંનો ત્યાં જ! એટલે?'

'એટલે એમ કે આ વિડિયોમાં તને - ''પ્લીઝ પ્લીઝ મને વોટ આપજો'' કહેતો સાંભળીને મને એ ગોવિંદ યાદ આવી ગયો જે મંદિરની બહાર બેસીને ગીત ગાયા પછી બધા સામે વાટકો ધરતો હતો.'

ગોવિંદ નીચે ફસડાઈ પડ્યો. વાટકો ધરતો ગોવિંદ અને વોટ માગતો ગોવિંદ વારાફરતી એની સામે આવતા રહ્યા. ક્યાંય સુધી એના મોબાઈલની રિંગ વાગતી રહી પણ એને તો અંદરની રૂમમાંથી આવતા રાગ આહીર ભૈરવના કરુણ આલાપો જ સંભળાતા હતા. એનું હૃદય ક્યારે એ આલાપોના 'રે' અને 'ની' કોમળ સ્વરોની બંદિશની સંગત કરવા માંડ્યું એની એને પોતાને પણ ખબર ન પડી.

❑❑❑



પ્રથમ ભારતીય 'લોયલ્ટી' સ્ટીમર અને સિંધિયા કંપની*

❑ હસમુખ અબોટી 'ચંદન'

એ પણ એક ભવ્ય દિવસ હતો.

આઝાદી મળ્યાની ખુશી હજુય વહાણવટા અને તેના કર્મીઓના હૈયામાં ઇજ્જતથી બિરાજેલી હતી. તેનું શ્રેય 'સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિમિટેડ'ને આપવું રહ્યું. આ કંપની ભારતની સૌથી જૂનામાં જૂની શિપિંગ કંપનીઓમાંની એક હતી. જેની સ્થાપના ઈ. સ. 1919માં થયેલી. તેની સ્થાપના કચ્છી ભાટિયા નરોત્તમ મોરારજી અને વાંકાનેરના વતની, જન્મે કલકત્તાના શ્રાવક વાલચંદ હીરાચંદ દોશીએ કરી હતી. કંપનીએ ભારતની આઝાદીમાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. બ્રિટિશ કંપની સાથે આ કંપનીએ દશ વર્ષના કરાર કર્યા હતા.

*(૫મી એપ્રિલ - 'ભારતીય વહાણવટા દિવસ')


આ સમયમાં ભારતીય બંદરીય શિપિંગ ઉદ્યોગ વિકસાવ્યો હતો. 'લોયલ્ટી' (ભૂતપૂર્વ ભારતીય સમ્રાજ્ઞી) સાથે સેવાઓ શરૂ કરી હતી. હા, બ્રિટિશ કંપનીઓ સાથેના દશ વર્ષના કરાર પ્રમાણે ભારતીય દરિયાઈ વિસ્તારમાં વેપાર માટે તેના પર પ્રતિબંધ મુકાયો હતો. ઈ. સ. 1932માં કંપનીએ 'બેંગાલ બર્મા સ્ટીમ નેવિગેશન કંપની' ખરીદી. કંપનીએ 1937માં સાઉદી અરેબિયાના હજયાત્રીઓ માટે સેવા શરૂ કરેલી. એ જ વર્ષે ભારતીય કો-ઓપરેટિવ નેવિગેશન અને ટ્રેડિંગ કંપની હસ્તગત કરેલી. 1937માં રત્નાગર સ્ટીમ નેવિગેશન, 1939માં બોમ્બે સ્ટીમ નેવિગેશન, 1941માં ઈસ્ટર્ન સ્ટીમ નેવિગેશન કોર્પોરેશન તથા ઈ. સ. 1947માં ભારતીય અને અમેરિકા વચ્ચે દરિયાઈ સેવાઓ શરૂ કરી. ઈ. સ. 1948માં મુસાફરી સેવા, માલ પરિવહન સેવાઓ, કલકત્તા અને અમેરિકા ખંડ વચ્ચે પણ સેવાઓ શરૂ થઈ. ઈ. સ. 1950માં ભારત-સિંગાપોર વચ્ચે મુસાફરી સેવા શરૂ થઈ. ઈ. સ. 1954માં પૂર્વ આફ્રિકા સાથેનો વ્યવહાર શરૂ થયો. 1956માં પશ્ચિમ આફ્રિકા અને 1964માં કલકત્તા-ગ્રેટલેક્ષ સેવાઓ શરૂ થઈ. વળી, 1965 સુધી મુંબઈ-માંડવી-કરાચી વચ્ચે યાત્રિક સેવાઓ શરૂ રહી. જેમાં 'દ્વારકા', 'સાબરમતી' અને 'સરસ્વતી' જેવી સ્ટીમર ખ્યાત બની હતી. 1968માં ઈરાની અખાત સાથે તેમ જ સિંધિયા કંપનીએ ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝીલેન્ડ સાથે સેવાઓ શરૂ કરી. ઈ. સ. 1980માં વૈશ્વિક જહાજી મંદીના કારણે સિંધિયા સ્ટીમ નેવિગેશને પોતાનાં જહાજો ધીરે ધીરે વેચી નાખ્યાં અને વેપાર ઓછો કર્યો.

આ કંપનીનો ધ્વજ આકર્ષક હતો. લંબચોરસ કાપડમાં ગાઢા બ્લુ રંગમાં વચ્ચોવચ આછા પીળા રંગનું વર્તુળ, વર્તુળની અંદર લાલ રંગનો સ્વસ્તિક હતો. જે આસ્થા, શ્રદ્ધા અને વિશ્વાસનું વચન આપતો હતો. 5મી એપ્રિલ-1919ના દિવસે 'એસ. એસ. લોયલ્ટી' (S. S. Loylty) સ્ટીમરે યુનાઈટેડ કિંગડમ માટે સફર આરંભી હતી. ભારતીય જહાજો માટે આ એકદમ નિર્ણાયક પગલું હતું, કારણ કે જહાજી રસ્તાઓનું નિયંત્રણ બ્રિટિશ સરકાર દ્વારા થતું હતું. પ્રથમ નેશનલ મેરિટાઈમ ડે ઈ. સ. 1964ની 5મી એપ્રિલે ઊજવાયો હતો. ત્યારથી આજ દિવસ સુધી 5મી એપ્રિલ 'ભારતીય વહાણવટા દિવસ' તરીકે મનાવવામાં આવે છે.

ઈ. સ. 1919માં પ્રથમ વિશ્વયુદ્ધના અંતે વાલચંદ હીરાચંદે પોતાના કેટલાક મિત્રો સાથે રહીને ગ્વાલિયરના સિંધિયા રાજ્ય પાસેથી 'એસ. એસ. લોયલ્ટી' જહાજ ખરીદ્યું હતું. આ

જહાજ પ્રથમ વિશ્વયુદ્ધમાં ભારતીય દળો માટે હોસ્પિટલ જહાજ તરીકે વાપરવામાં આવ્યું હતું. આ ધંધા વિશે હીરાચંદ એવું માનતા કે યુદ્ધ પશ્ચાતનો સમય જહાજ ઉદ્યોગ માટે મોટા પાયે વિકાસ થવાનો છે. જોકે, P & O (પેનિનસ્યુલર અને ઓરિયેન્ટલ સ્ટીમ નેવિગેશન કંપની) અને બ્રિટિશ-ઇન્ડિયા શિપિંગ કંપનીઓ જહાજી ઉદ્યોગમાં ખૂબ મજબૂત હતી. રાજકીય મહેચ્છા વિહોણી સ્થિતિમાં ભારતીય કંપનીઓના આ ઉદ્યોગમાં પડવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. સિંધિયા સ્ટીમના સ્થાપક કચ્છ-અબડાસા તાલુકાના કોઠારા ગામના કચ્છી ભાટિયા શ્રી નરોત્તમ મોરારજીએ ખૂબ જામેલી બ્રિટિશ કંપનીઓના સ્વાર્થ નાથવા એક નવી જ કંપનીની સ્થાપના કરી. આ કંપનીએ પોતાનું વ્યાપારિક જહાજ બનાવ્યું. એક તૈયાર જહાજ સાથે અન્ય સ્થાપક સદસ્ય વાલચંદ હીરાચંદે તેની કંપનીને 'સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિમિટેડ' એવું નામ આપ્યું. આને સંપૂર્ણ સ્વદેશી જહાજી કંપની તરીકે ખૂબ ખ્યાતિ મળી. ગાંધીજીએ તેનો ઉલ્લેખ 'યંગ ઇન્ડિયા' અને 'હરિજન' સામયિકમાં કર્યો. મુસાફરી સેવાઓની સાથે ઝડપથી P & O સાથેની સ્પર્ધા ટાળવા માટે માલવાહક સેવાઓ શરૂ કરવા પર ધ્યાન આપ્યું. પરંતુ દરિયાઈ માર્ગો અને ભાડાંઓની લડાઈમાં તેના વિદેશી સ્પર્ધકો સંગે ભાગ્યે જ સફળ રહી. વચ્ચે એક રસપ્રદ વાત જાણી લઈએ.

શેઠ શ્રી નરોત્તમ મોરારજીએ પોતાનાં પુત્રવધૂ એવાં શ્રીમતી સુમતિબહેન મોરારજીની શક્તિને પિછાણી અને ધંધાકીય તાલીમ આપવા માંડી. ઈ. સ. 1929માં શ્રી નરોત્તમ શેઠનું અવસાન થયું ત્યારે કંપનીમાંની પોતાની ભાગીદારીનો બધો હિસ્સો એમણે સુમતિબહેનને



સુમતિબહેન મોરારજી



આપી દીધો. ઈ. સ. 1932માં માત્ર 23 વર્ષની વયે શ્રીમતી સુમતિબહેન મોરારજી બોર્ડ ઓફ ડાયરેક્ટર્સમાં ચૂંટાઈ આવ્યાં. ઈ. સ. 1946માં જ્યારે પતિ શાંતિકુમાર અમેરિકા ગયા ત્યારે તેમની ગેરહાજરીમાં કંપનીનો રોજિંદો વહીવટ સુમતિબહેને સંભાળી લીધો. કાર્યદક્ષતાના કારણે થોડા જ વખતમાં કંપનીનાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બનાવવામાં આવ્યાં. જહાજ-ઉદ્યોગની કાબેલિયતના કારણે 'ધી ઇન્ડિયન નેશનલ સ્ટીમશિપ ઓનર્સ એસોસિયેશન'નાં પ્રમુખ તરીકે વરણી થયેલી. 1970માં ઇંગ્લેન્ડમાં જહાજવટા અંગેની આંતરરાષ્ટ્રીય પરિષદ યોજાઈ ત્યારે એ પરિષદમાં એકમાત્ર તેઓ જ સ્ત્રીપ્રતિનિધિ તરીકે હતાં. તેમને વહાણવટા વિષયનો પ્રચુર અભ્યાસ હતો. 'ઇન્ડિયન શિપિંગ ધી એઈજીઝ' વિષય પર તેમણે એક પ્રબંધ પણ લખ્યો હતો. તા. 27-6-1998ના મૃત્યુના દિવસ સુધી તેઓ પ્રવૃત્ત રહ્યાં. ઈ. સ. 1923માં કંપનીએ લોર્ડ ઈન્ચકેપ P & O સાથે દશ વર્ષના કરાર કર્યા. બ્રિટિશ-ઇન્ડિયાએ માત્ર દરિયાઈ વેપાર પર નિયંત્રણ લાદ્યો, પણ કંપનીને ઝડપી વિસ્તારવાની મંજૂરી મળી. 1929માં સિંધિયા સ્ટીમના ચેરમેન તરીકે વાલચંદ આવ્યા અને 1950 સુધી રહ્યા. બીમારી પછી તેઓએ રાજીનામું આપ્યું. 1953માં કંપની પાસે 21 ટકા ભારતીય દરિયાઈ વેપાર સલામત હતો. 1928 સુધીમાં ભારતીય દરિયાઈ જહાજોનું રિઝર્વેશન અમલમાં આવ્યું. 1951માં સિંધિયા કંપની ભારતની દરિયાઈ કંપનીના રૂપમાં ઊભરી આવી. હવે બ્રિટિશ અને વિદેશી જહાજી બજારમાં હરીફાઈમાં ઊભવા સક્ષમ બની. સલામતી અને વેપારમાં વાલચંદે સારી એવી પ્રગતિ કરી હતી. તેઓનું માનવું હતું કે ભારતમાં મજબૂત જહાજવાડાની જરૂરત પડશે, તેથી 1940માં વિશાખાપટ્ટનમ્‌માં તેનું કામ આરંભી દીધું. તેને 'સિંધિયા જહાજીવાડા' તરીકેની ઓળખ મળી. પછીનું નામ 'હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ' રહ્યું. ઈ. સ. 1948માં અહીં બનેલા પ્રથમ જહાજનું નામ 'જલુશા' હતું. જેની ભારક્ષમતા 8000 ટનની હતી. આ જહાજનું ઉદ્‌ઘાટન ભારતના પ્રથમ વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરુએ કર્યું અને તેને દરિયામાં રવાના કરવાનો સ્ટાર્ટ આપ્યો. આ જહાજવાડો સરકાર નિયંત્રિત બન્યો. થોડા મહિનાઓ પછી 1961માં રાષ્ટ્રની સુરક્ષા યોજના તેમ જ પૂર્ણ સ્વદેશીની અગત્યતાને ધ્યાને લેવાઈ. બ્રિટિશ જહાજી કંપનીઓ સાથે સખત હરીફાઈઓનાં વર્ષોમાં કાર્યપ્રણાલીને મૂંઝવી દીધી. કંપનીએ મુસાફરી સેવાની શરૂઆત કરી. બર્મા સાથે વેપાર અને સાઉદી અરેબિયા

હજયાત્રા આરંભી, પરંતુ યુદ્ધ પછી જહાજી વારસો અને જહાજી કાફલો દયનીય સ્થિતિમાં રહ્યાં.

સિંધિયા કંપની ભારતની સ્વતંત્રતા દરમિયાન સરકાર સાથે અનુબંધમાં રહી. અમેરિકા અને ઇંગ્લેન્ડના મુસાફરો, માલ-વસ્તુઓ અને અન્ય વસ્તુઓ ઓસ્ટ્રેલિયા તથા સિંગાપોર સાથે પ્રવેશ કર્યો. આ કંપનીએ ભારતીય જહાજી ઉદ્યોગ દ્વારા નામવર પ્રગતિ આણી. 1960માં જર્મની માલસેવા, પેસિફિક બંદરો, પોલેન્ડ અને કેનેડાનાં મોટાં જહાજો સાથે જોડાઈ હતી. 1980માં કંપની સદંતર બંધ કરાઈ, જ્યારે 1997-એપ્રિલે આ કંપની પાસે જહાજી અને જહાજો સંબંધિત કાર્ય રહ્યું નહીં. આમ આ કંપનીનો ભવ્યાતિભવ્ય ઇતિહાસ રહ્યો.

એસ. એસ. લોયલ્ટી સ્ટીમરની દાસ્તાન પણ જાણવા જેવી છે. આ સ્ટીમરનું બાંધકામ ઈ. સ. 1890માં 'નેવલ કન્સ્ટ્રક્શન એન્ડ આર્મમેન્ટ કંપની'એ કર્યું હતું. લોર્ડ હેરિંગટનની બહેન લેડી સ્યૂસ એજર્ટન દ્વારા 30મી ઓગસ્ટ-1890ના દિવસે લોન્ચ કરાઈ હતી. 8મી ફેબ્રુઆરીના દિવસે પ્રથમ પ્રવાસ સુએઝથી આરંભી હોંગકોંગ અને વાનકુંવરનો રહ્યો. એ પછી સતત હોંગકોંગથી શાંઘાઈ, હોંગકોંગથી નાગાસાકી, હોંગકોંગથી


વાલચંદ હીરાચંદ

કોબે, હોંગકોંગથી યોકોમાહ અને વાનકુંવર માર્ગે પ્રવાસ થતો રહ્યો. શ્વેત રંગની લોયલ્ટી સ્ટીમરની ઉપર ચીમનીનો શ્યામ રંગ સુંદર મજાના રંગનું કોમ્બિનેશન રચ્યું હતું. તેની ભારક્ષમતા 5,905 ટનની હતી. 455.7 ફૂટ લાંબી અને 51.2 ફૂટ ઊંચાઈ ધરાવતી સ્ટીમર પ્રતિ કલાકે 16 નોટિકલ માઈલની સરેરાશ ઝડપથી સફર કરતી હતી, બે-બે શક્તિશાળી એન્જિન્સ અને આરંભે જ વાયરલેસ તેમ જ ટેલિગ્રાફની સેવાઓથી સજ્જ હતી.

શરૂઆતમાં 50 પ્રથમ વર્ગના મુસાફરો, 150 દ્વિતીય વર્ગના મુસાફરો અને 400 બાકીના મુસાફરો તથા અન્ય બાકીના લોકો પ્રવાસ કરી શકતા. તેની લોકપ્રિયતા વધ્યા પછી 120 પ્રથમ

શ્રેણીના મુસાફરો, 50 દ્વિતીય શ્રેણીના મુસાફરો અને બાકીના 600 લોકો પછીની શ્રેણીમાં મુસાફરી કરતા, આમ 770 જણની વહન ક્ષમતા રહેતી.

ઈ. સ. 1891થી 1914 સુધી એસ. એસ. લોયલ્ટી 'રોયલ મેલ શિપ' (R.M.S.) એમ્પાયર ઓફ ઇન્ડિયા તરીકે ઓળખાયેલી. તત્ પશ્ચાત્ 1915થી 1923 સુધી 'એસ. એસ. લોયલ્ટી' તરીકે જાણીતી થઈ. 1891થી 1914 સુધી તેના માલિકો પૈકી કેનેડિયન પેસેફિક રેલવે, 1914થી 1919 સુધી મહારાજા ઓફ ગ્વાલિયર તેમ જ 1919થી 1923 સુધી સિંધિયા સ્ટીમ નેવિગેશન જેવા માલિકો હતા.

1891માં કેનેડિયન પેસેફિક રેલવે અને બ્રિટિશ સરકારે બ્રિટન અને હોંગકોંગ વાયા કેનેડા વચ્ચેની મુસાફરીના કરારો કર્યા. ભારતની સમ્રાજ્ઞી (રોયલ મેલ શિપ) અને તેની બે ભગિની શિપ હતી. જે પ્રથમ સમ્રાજ્ઞી ઓફ ચાયના અને બીજી સમ્રાજ્ઞી ઓફ જાપાન હતી. આ સ્ટીમરો પચાસ વર્ષ સુધી સેવાઓ આપતી રહી. હોંગકોંગ, યોકોમાહ અને વાનકુંવર સાથેના વ્યાપારિક ધોરણે આ સમ્રાજ્ઞીઓને પોતાના સફરના માર્ગે પરીક્ષાર્થે મોકલવામાં આવી. 19 ડિસેમ્બર-1914માં વડોદરાની ગાયકવાડ સરકારે ખરીદી, પણ તેની ઓળખ મહારાજા ઓફ ગ્વાલિયર જ રહી. શરૂની સમ્રાજ્ઞીમાં હોસ્પિટલ બનાવવામાં આવી. 19 જાન્યુઆરી-1915માં લોયલ્ટી નામ અપાયું. 1919માં મુંબઈની સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની લિમિટેડે ખરીદી. જ્યારે 1923-ફેબ્રુઆરીમાં ભારતીય સમ્રાજ્ઞીનું પ્રથમ જહાજ 1890માં બરો-ઇંગ્લેન્ડથી શરૂ થયું, 1914માં વેચાયું. 1915માં 'એસ. એસ. લોયલ્ટી' નામે જાણીતું બન્યું. 1919માં તેની સેવાઓ મુંબઈમાં જ પૂરી થઈ.

ભગિની (Sister) શિપ પૈકી પ્રથમ સમ્રાજ્ઞી ઓફ ચાઈના હતી. તેની ભારક્ષમતા 5905 ટનની હતી, એ પણ બરોમાં બનેલું. 1891માં તેની પ્રથમ ખેપ હતી. 1911માં ટોક્યો સુધીની લાંબામાં લાંબી સફર હતી. 1912માં તેની સેવાઓ પૂર્ણ થઈ.

બીજું જહાજ એસ. એસ. ભારતીય સમ્રાજ્ઞી 16,992 ટનનું હતું. જે 1907માં ગેસ્ટમુન્ડે, જર્મનીના એસ. એસ. પ્રિન્સ ફ્રેડ્રીચ વિલ્હેલ્મ દ્વારા કાર્યરત કરાયું હતું. 1921માં કેનેડિયન પેસિફિકે આ જહાજ ખરીદ્યું હતું. તુરંતમાં તેનું નામ ચાઈનાની સમ્રાજ્ઞી તરીકે ઝડપથી જાણીતું થયું. આમ, ચાઈનાની સમ્રાજ્ઞી એવમ્ ભારતીય સમ્રાજ્ઞી નામો લાંબા સમય સુધી રહ્યાં. 1922થી 1925 સુધી એસ. એસ. મોન્ટેલિયનની સેવાઓ રહી, જે 1929માં સમાપ્ત થઈ.

❑❑❑



શરદ જોશી

કેમ સખી ચીંધવો પવનને-૩૮

☐ અનિલ રમાનાથ જોશી

મુંબઈમાં પોતાનું ઘર બનાવવું એ મારા જેવા મધ્યમ વર્ગના નોકરિયાત માટે લગભગ અશક્ય હતું. એ દિવસોમાં મેં એક કવિતા પણ લખી હતી: "ઓનરશિપમાં આભ મળ્યું ને લીઝ ઉપર આ દરિયો રે, સુકલકડી કાયાનો ભાડૂત

કેટલા ઘરમાં ફરિયો રે." મુંબઈના ખાર ઉપનગરમાં હું મ્યુનિસિપલ ઓફિસર્સ ક્વાર્ટરમાં સપરિવાર રહેતો હતો. મારાં નેક્સ્ટ ડોર પાડોશી જાણીતાં લેખિકા પન્ના અધ્વર્યુ હતાં. મારે ઘેર સૂર્યભાનુ ગુપ્ત અને નિદા ફાઝલી જેવા સર્જક મિત્રોનો આવરોજાવરો વિશેષ રહેતો. મારી બેટર હાફ પિયર ગઈ હોય ત્યારે રમેશ પારેખ અમરેલીથી આવી ચડતો. અમે જલસા કરતા હતા. એવામાં એક દિવસ સૂર્યભાનુ એક વ્યક્તિને લઈને મારે ઘેર આવ્યા. પ્રૌઢ ઉંમર, એકદમ પાતળો બાંધો, જાડી ફ્રેમનાં ચશ્માં, બેફિકરી ચાલ, ત્રણ પટ્ટીના ચમકદાર ચંપલ અને ચહેરા ઉપર ઝગમગતું સ્મિત.... ઘરમાં પ્રવેશતાં જ સૂર્યભાનુએ એ વ્યક્તિનો પરિચય કરાવતાં કહ્યું : "આ શરદ જોશીજી, તમારા ઘરની બાજુમાં જ પેઈંગ ગેસ્ટ તરીકે એક રૂમમાં રહેવા આવ્યા છે." હિન્દી ભાષાના વિખ્યાત વ્યંગકાર શરદ જોશી સાથેનો મારો આ પહેલો પરિચય હતો. એ પછી અમારા સંબંધોનો પ્રેમાળ સિલસિલો એવો ચાલ્યો કે જોશીજી અમારા પરિવારના વડીલ સભ્ય બની ગયા. એ દિવસોમાં ઇન્ડિયન એક્સપ્રેસ જૂથે શરદ જોશીને "હિન્દી એક્સપ્રેસ" અઠવાડિકના એડિટર તરીકે ભોપાલથી ખાસ બોલાવ્યા હતા. જોશીજી રોજ સવારે એક્સપ્રેસની ઓફિસે જતા અને સાંજે અમારે ઘેર આવતા. પ્રથમ અંક તૈયાર થઈ રહ્યો હતો એનું પ્લાનિંગ કરતા હતા. સૂર્યભાનુ અને હું એમને મદદ કરતા હતા. "હિન્દી એક્સપ્રેસ " શરૂ કરવા પાછળનો એક્સપ્રેસ જૂથનો આશય "ધર્મયુગ"ને ટાર્ગેટ કરવાનો હતો એ બહુ દેખીતી વાત હતી. મારી એક કવિતા જોશીજીએ સૂર્યભાનુ પાસે હિન્દીમાં અનુવાદ કરાવીને પ્રથમ અંકમાં મૂકી હતી. કામ બરાબર ચાલતું હતું. એક એડિટર તરીકે જોશીજી સતત વ્યસ્ત રહેવા લાગ્યા. રોજ સાંજે તેઓ હળવાશનો સમય અમારે ઘેર ગાળતા. અલકમલકની વાતો થતી હતી. મોડી રાત સુધી ઘરેલુ મહેફિલ જામતી હતી.

એવામાં એક દિવસ જોશીજી એક બહુ મોટા આઘાત સાથે ઘેર આવ્યા. બાજુમાંથી લેખિકા પન્ના અધ્વર્યુ દોડી આવ્યાં. જોશીજીએ સોફા પર બેસતાં કહ્યું: ''એક્સપ્રેસ જૂથે કોઈપણ કારણ આપ્યા વિના 'હિન્દી એક્સપ્રેસ' બંધ કરી દીધું. મને લિફ્ટમાં જ કાગળ પકડાવી દીધો. હવે હું શું કરીશ?" અમને જેવું આવડ્યું એવું આશ્વાસન જોશીજીને આપ્યું. જોશીજી પણ થોડાક સ્વસ્થ થયા પછી કહે : "હવેથી હું રચનાપાઠ માટે કવિસંમેલનોમાં જઈશ. મારી પાસે કોઈ બીજો વિકલ્પ નથી. પૈસા તો જોઈશેને?" એ પછી દિવસો તો સડસડાટ વહેવા લાગ્યા. એવામાં એક સાંજે જોશીજી ઘેર આવ્યા અને

ખુશખુશાલ થઈને કહે: "ઓબેરોય નામના કોઈ નિર્માતા ટેલિવિઝન ઉપર 'યે જો હૈ ઝિંદગી' નામે એક સિરિયલ શરૂ કરવા માગે છે અને એના એપિસોડ મારે લખવાના છે. સારા પૈસા મળશે." આટલું કહીને જોશીજી અસલી મૂડમાં આવી ગયા. સેન્સ ઓફ હ્યુમરના ફુવારા ઊડવા લાગ્યા. એ પછી એક નવો સિલસિલો ચાલુ થયો કે રોજ નવો એપિસોડ લખીને અમારી સાથે શેર કરે. પાત્રલેખન વિષે ચર્ચા કરે. એ પછી 'યે જો હૈ ઝિંદગી' સિરિયલ શરૂ થઈ ગઈ. ઘેર ઘેર એની જ વાતો થવા લાગી. શફી ઈનામદાર અને સ્વરૂપ સંપટ લોકમાનસમાં છવાઈ ગયાં. સિરિયલ ખૂબ લોકપ્રિય થઈ. શરદ જોશીનો આ કરિશ્મા હતો એના અમે સાક્ષી રહ્યા છીએ.

શરદ જોશીનો હાથ બહુ ખર્ચાળ હતો. હાથમાં પૈસો ટકે જ નહિ. એક સાંજે જોશીજીને મેં કહ્યું : "જોશીજી, તમારી જન્મકુંડલી મેં જોઈ છે. તમે બહુ ખર્ચાળ છો એવો યોગ છે. મંગળ નડે છે." આ સાંભળી જોશીજી કહે: "દેખો અનિલ, મેરી કુંડલી મેં ખર્ચીલા યોગ હૈ ઇસકા મતલબ યહ હુઆ કી મેરે પાસ પૈસે આયેંગે હી. પૈસા નહીં આયેગા તો મૈં ખર્ચીલા કૈસે હો સકતા હૂં?" શરદજીની આ દલીલ ખૂબ લોજિકલ હતી. શરદજીને એક જ વાતનું ટેન્શન હતું કે ''મેરા ખુદ કા ફ્લેટ કબ મિલેગા? ઇસ ઉમ્ર મેં મૈં ઇક પેઈંગગેસ્ટ કે રૂપ મેં રહતા હૂં તો જો ભી કહેગા વો કરૂંગા." એ ક્ષણે મારાં એક જ લોબીનાં પાડોશી પન્ના અધ્વર્યુએ જોશીને કહ્યું : "પહેલાં તમે સામેની બેન્કમાં એકાઉન્ટ ઓપન કરો. જે કોઈ ચેક આવે તે અમને આપી દો. પૈસા બચાવો." જોશીજીએ વાત માનીને એકાઉન્ટ ખોલાવ્યું. ચેક આવવા લાગ્યા. એ પછી એક વાર જોશીજીએ પાસબુક જોઈ તો એમાં એક લાખ રૂપિયા જમા થયા હતા. આ રકમ જોઈને જોશીજી ઊછળી પડ્યા, કહે : "ચલો આજ મૈં તુમ સબકો તાજ હોટેલ મેં ડિનર કે લિયે લે જાતા હૂં. એક લાખ રૂપિયા સેલિબ્રેટ કરતે હૈ." અમે જોશીજીને શાંત પાડ્યા અને કહ્યું : "ફ્લેટ ખરીદના હૈ ના? પૈસે બચાઓ." જોશીજી માની ગયા પછી મારા સામું જોઈને કહે : "ચલો, મેરે ફ્લેટ કે લિયે કુંડલી કે હિસાબ સે મુઝે ક્યા કરના ચાહીએ?" મેં ઉપાય બતાવ્યો: "જોશીજી, તમે મંગળવારે સાંજે ગોળ અને ભાખરી ખાવ એટલું જ નહિ પણ સાંજે હાથમાં ગોળ- ભાખરી લઈને રાતી ગાયને ખવડાવો તો મંગળ દેવ પ્રસન્ન થશે. મને અને સૂર્યભાનુને પણ મંગળ નડે છે. અમે પણ તમારી સાથે આ વ્રત કરીશું." જોશીજી કબૂલ થયા. હવે દશ્ય બદલાય છે. મંગળવારની સાંજ છે. મારી બેટરહાફ ભારતી રસોડામાં ભાખરી બનાવે છે. ભાખરીમાં ગોળ

વીંટાળીને અમને આપે છે. અમે ત્રણેય હાથમાં ગોળ-ભાખરી સંતાડીને ખારની શેરીઓમાં લાલ ગાયની શોધમાં નીકળી પડીએ છીએ. અંધારું ઊતરતું જાય છે પણ લાલ ગાય મળતી નથી. એવામાં સૂર્યભાનુએ બૂમ પાડી : "દેખો વહાં લાલ ગાય ખડી હૈ." અમે દોડ્યા. લાલ ગાયના મોઢા પાસે ગોળ-ભાખરી ધરી પણ એ ગાય મોઢું ફેરવી ગઈ. એણે ખાધી જ નહિ. જોશીજી હસતાં હસતાં કહે: ''અબ ઇસ ગોળ-ભાખરી કા ક્યા કરે? ચલો કોઈ ભૂખે બચ્ચે કો ખીલા દે." શરદ જોશીના ભાવજગતમાં સંઘર્ષ ધબકતો હતો. એમના વ્યંગલેખનમાં જબરજસ્ત તાકાત હતી. ઘરની શોધ એમની ચાલુ જ રહી. દિવસો વીતતા ગયા. જોશીજીએ માર્વે રોડ ઉપર એક ફ્લેટ ખરીદ્યો. પોતે જોવા ગયા અને પોતે ક્યાં બેસીને લખશે એ રૂમ પણ પસંદ કરી લીધો. જોશીજી ખૂબ પ્રસન્ન હતા. ગૃહપ્રવેશની તારીખ નક્કી થઈ. દીકરી નેહા અને રિચા પણ આવી ગઈ, પરંતુ જોશીજી પોતાના ઘરમાં પ્રવેશ કરે એ પહેલાં જ એમને ડાયાબિટીસનો હુમલો આવ્યો અને હિન્દુજા હોસ્પિટલમાં એમણે શ્વાસ લેવાના બંધ કરી દીધા. મારી જ કાવ્યપંક્તિ જોશીજી વારંવાર ગણગણતા તે યાદ આવી ગઈ: "ઓનરશિપમાં આભ મળ્યું ને લીઝ ઉપર આ દરિયો રે, સુકલકડી કાયાનો ભાડૂત કેટલા ઘરમાં ફરિયો રે." શરદ જોશી વારંવાર કહેતા તે શબ્દો હજીએ મારા કાનમાં સતત ગુંજ્યા કરે છે: "મને જ્યારે ખૂબ અસલામતી લાગે છે ત્યારે હું લખવા બેસી જાઉં છું.'' શરદ જોશી પોતાના સમયના અનોખા વ્યંગકાર હતા. આપણા સમયની સામાજિક, રાજકીય અને સાંસ્કૃતિક વિસંગતિઓને એમણે તીવ્ર નજરથી જોઈ છે. એક વાર શરદજીએ મને કહ્યું હતું કે મને અને તને ઓલિમ્પિક્સની ટીમમાં કેમ લઈ જતા નથી? હારતાં તો આપણને આવડે છેને? એક વાર મધુભાઈ નામનો એસ્ટેટ એજન્ટ જોશીજી પાસેથી 10000 રૂપિયા લઈ ગયો અને ગાયબ થઈ ગયો. મોઢું જ દેખાડે નહિ. જોશીજી કહે, "ચાલો, એને ઘેર જઈએ અને પકડીએ." એ સાંજે હું અને જોશીજી રાત્રે એનું ઘર શોધતાં શોધતાં છેક ઝૂંપડપટ્ટીમાં પહોંચી ગયા. માંડ માંડ એની ઝૂંપડી શોધી અને બૂમ પાડી, "મધુભાઈ..." મધુભાઈ અત્યંત કંગાળ હાલતમાં બહાર આવ્યા. એને જોઈને જ જોશીજી એકપણ શબ્દ બોલ્યા વિના મને કહે, "ચલો, અનિલ હમ વાપસ ઘર જાતે હૈં." મેં કીધું, "જોશીજી દસ હજાર રૂપિયા પાછા તો લઈ લો!" આ સાંભળી જોશીજી માત્ર એટલું જ બોલ્યા, "હમને ઉનકી ફટી હુઈ બનિયન દેખ લી હૈ, દસ હજાર માગ કે ઉન કો ક્યોં શરમિંદા કરેં?''

[ક્રમશઃ]

વાલ્મીકિ રામાયણ

ઉત્તરકાંડ, સર્ગ - ૧૧૦

[૩૨૭]



यच्च तिर्यग्गतं किंचित्त्वामेवमनुचिन्तयत् ।
प्राणांस्त्यक्ष्यति भक्त्या तत्संतानेषु निवत्स्यति ।।१९।।

सर्वैःब्रह्मगुणैर्युक्ते ब्रह्मलोकादनन्तरे ।

(બ્રહ્માજીએ રામચંદ્રને કહ્યું:-) જે કોઈ પણ યોનિમાં જન્મેલો જીવ ભક્તિપૂર્વક તમારું ચિંતન કરતાં કરતાં પ્રાણત્યાગ કરશે એ જીવ બ્રહ્મલોકની નજીક આવેલા અને બ્રહ્મલોક જેવા જ સઘળા ગુણોવાળા સન્તાનક લોકમાં નિવાસ કરશે.

वानराश्च स्विकां योनिमृक्षाश्चैव तथा ययुः ।।२०।।

येभ्यो विनिःसृताः सर्वे सुरेभ्यः सुरसंभवाः ।
तेषु प्रविविशे चैव सुग्रीवः सूर्यमण्डलम् ।।२१।।

આ વાનરો અને રીંછો પોતાની પશુ યોનિ તજીને જે જે દેવોના અંશમાંથી ઉત્પન્ન થયાં હતાં તે તે દેવોમાં લીન થઈ જશે અને સુગ્રીવ સૂર્યદેવમાં લીન થશે.

पश्यतां सर्वदेवानां स्वान् पितॄन् प्रतिपेदिरे ।

तथा ब्रुवति देवेशे गोप्रतारमुपागताः ।।२२।।
भेजिरे सरयूं सर्वे हर्षपूर्णाश्रुविक्लवाः ।

અન્ય સૌ જીવો સર્વદેવોની નજર સામે જ પોતપોતાના પિતૃઓની પાસે પહોંચી જશે. દેવોના સ્વામી પિતામહ બ્રહ્માએ જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે ગોપ્રતાર તીર્થમાં ઊભેલા સૌ રામભક્તોની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી અને તે સૌ સ્નાન કરવા સરયૂ નદીમાં ઊતર્યા.

अवगाह्याप्सु यो यो वै प्राणांस्त्यक्त्वा प्रहृष्टवत् ।।२३।।
मानुषं देहमुत्सृज्य विमानं सोऽध्यरोहत ।

જળમાં સ્નાન કરીને જે જે મનુષ્ય બહાર આવતો હતો, તે પ્રત્યેક જણ ખૂબ જ પ્રસન્ન થઈને માનવ-શરીરનો ત્યાગ કરીને (દિવ્ય દેહ ધરીને) વિમાનમાં બેસતો હતો.

तिर्यग्योनिगतानां च शतानि सरयूजलम् ।।२४।।
सम्प्राप्य त्रिदिवं जग्मुः प्रभासुरवपूंषि तु ।

दिव्या दिव्येन वपुषा देवा दीप्ता इवाभवन् ।।२५।।

આવી રીતે પશુ-કીટકાદિ યોનિમાં જન્મેલા સેંકડો જીવો દીપ્તિથી ઝળહળતા દૈવી દેહ ધરીને સ્વર્ગે સિધાવ્યા. દિવ્ય શરીરને લીધે દિવ્ય બનેલા તે સૌ દેવોની જેમ ચમકતા હતા.

गत्वा तु सरयूतोयं स्थावराणि चराणि च ।
प्राप्य तत्तोयविक्लेदं देवलोकमुपागमन् ।।२६।।

સ્થાવર-જંગમ (અચર અને ચર) એવા સૌ જીવો સરયૂનદીના જળના સ્પર્શથી દિવ્ય દેહ પ્રાપ્ત કરીને દેવલોકમાં ગયા.

तस्मिन्येऽपि समापन्ना ऋक्षवानरराक्षसाः ।
तेऽपि स्वर्गं प्रविविशुर्देहान्निक्षिप्य चाम्भसि ।।२७।।

સરયૂ નદીના જળમાં પ્રવેશેલાં સૌ રીંછ, વાનર અને રાક્ષસો તે જળમાં પોતપોતાના દેહ તજીને (અને દિવ્ય દેહ ધરીને) સ્વર્ગમાં પ્રવેશ્યાં.

ततः समागतान् सर्वान् स्थाप्य लोकगुरुर्दिवि ।
हृष्टैः प्रमुदितैर्देवैर्जगाम त्रिदिवं महत् ।।२८।।

આમ સર્વે લોકના ગુરુ ભગવાન રામચંદ્રે ત્યાં આવેલા સૌ જીવોને સ્વર્ગમાં વસાવ્યા અને પોતે પણ આનંદિત અને પ્રસન્ન થયેલા સૌ દેવો સાથે મહાન એવા સ્વર્ગલોકમાં ગમન કર્યું.

(સર્ગ - ૧૧૧)

एतावदेतदाख्यानं सोत्तरं ब्रह्मपूजितम् ।
रामायणमिति ख्यातं मुख्यं वाल्मीकिना कृतम् ।।१।।

બ્રહ્મદેવ દ્વારા પૂજિત અને વાલ્મીકિમુનિ દ્વારા રચિત એવું ઉત્તરકાંડ સહિત આ રામાયણ નામથી પ્રસિદ્ધ એવું મુખ્ય આખ્યાન (કાવ્ય) અહીં પૂરું થાય છે.

ततः प्रतिष्ठितो विष्णुः स्वर्गलोके यथा पुरा ।
येन व्याप्तमिदं सर्वं त्रैलोक्यं सचराचरम् ।।२।।

જેમણે સચરાચર ત્રણે લોકોને વ્યાપી લીધા છે એવા ભગવાન વિષ્ણુ પણ (રામાવતારની લીલા પૂરી થયા બાદ) પહેલાં જેમ સ્વર્ગલોકમાં જઈને વસ્યા.

ततो देवाः सगन्धर्वाः सिद्धाश्च परमर्षयः ।
नित्यं शृण्वन्ति संहृष्टाः काव्यं रामायणं दिवि ।।३।।

ત્યારથી સ્વર્ગમાં રહેલા સૌ દેવો, ગંધર્વો, સિદ્ધો અને મહર્ષિઓ ખૂબ પ્રસન્ન થઈને આ રામાયણ કાવ્યનું નિત્ય શ્રવણ કરે છે.

इदमाख्यानमायुष्यं सौभाग्यं पापनाशनम् ।
रामायणं वेदसमं श्राद्धेषु श्रावयेद्बुधः ।।४।।

આ રામાયણનું આખ્યાન આયુષ્યવર્ધક, સૌભાગ્યકારક અને પાપવિનાશક છે અને વેદતુલ્ય છે. વિદ્વાને શ્રાદ્ધપ્રસંગે એ કાવ્ય (લોકોને) સંભળાવવું જોઈએ.

अपुत्रो लभते पुत्रमधनो लभते धनम् ।
सर्वपापैः प्रमुच्येत पादमप्यस्य यः पठेत् ।।५।।

આ રામાયણના પઠન કે શ્રવણથી સંતતિ-રહિત વ્યક્તિને પુત્રલાભ થાય છે, નિર્ધનને ધન મળે છે અને આ કાવ્યના એક શ્લોકના એક ચરણના પાઠથી પણ પાઠ કરનાર સર્વ પાપોથી મુક્ત થાય છે.

पापान्यपि च यः कुर्यादहन्यहनि मानवः ।
पठत्येकमपि श्लोकं पापात्स परिमुच्यते ।।६।।

જે મનુષ્યના હાથે દરરોજ પાપ થતાં હોય તે મનુષ્ય પણ જો આ કાવ્યનો એક શ્લોક પણ ભણે તો તે પાપોથી મુક્ત થાય છે.



[સ્ટાન્ડર્ડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ, ૫૯, આર્કેડ બિલ્ડિંગ, વર્લ્ડ ટ્રેડ સેન્ટર, કફ પરેડ, મુંબઈ-૫ના સૌજન્યથી]

તમારી દૃષ્ટિએ

'નવનીત સમર્પણ' (જાન્યુઆરી 2020)માં 'શબ્દમૂળની શોધ' દર અંકે નવા નવા શબ્દોને વાંચવાની મઝા પડે છે. લેખક હેમંત દવે શબ્દોની સૃષ્ટિમાં વિહાર કરાવે છે, ધન્યવાદ. જ્યારે 'શબ્દમૂળની શોધ' પુસ્તકરૂપે આવશે ત્યારે તે વિશિષ્ટ કેડી જરૂર કંડારશે એવી શુભેચ્છા.

હિમાંશી શેલતની વાર્તાઃ 'શબદ' તથા બિપિન પટેલની વાર્તાઃ 'આશિયાના' ખૂબ ગમી. એ ઉપરાંત ડો. ગુણવંત શાહની હરેશ ધોળકિયાની મુલાકાત અને નૌશિલ મહેતાનો 'ઉત્પલ' - લેખો પણ ધ્યાનાર્હ રહ્યા.

તેમ જ ભારતના ચૂંટણી-સુધારક ટી. એન. શેષન વિશેનો અશોક પટેલનો લેખ પણ અવનવી વાતો - વિગતો અંગેની લહાણી કરી ગયો.

સૌ સર્જકોને અભિનંદન.

મુંબઈ - ઉપેન્દ્ર દવે

* * *

મુખપૃષ્ઠ (નવનીત સમર્પણ, ફેબ્રુઆરી 20) જોતાં જ લાગે 'યે તો ટ્રેલર હૈ... પિક્ચર તો અભી બાકી હૈ મેરે વાચક...'' જયેશ જોશીને પીઠથાબડ. શરીફાજીની ગમી ગયેલી વાર્તા 'અપરાજિતા' (સમરસેટ મોમ) જાણે 'રીડર્સ ચોઈસ'ની ઇનામી વાર્તા લાગે.

વાચન શા માટે (વિરાફ કાપડિયા)ના અનુસંધાનનું સમરસેટ મોમનું વિધાન 'વાચનની ટેવ પાડવી એ જીવનની લગભગ બધી જ યાતનાઓ સામે આશ્રયસ્થાન રચવા બરાબર છે.' આ ઉપરાંત ટોની મોરિસનની 'ધ બ્લુએસ્ટ આઈ'નો રસાસ્વાદ નોબેલ પારિતોષિક લેખિકાની ગરિમાનો દસ્તાવેજી પુરાવો બની જાય છે. સમગ્ર અંક કવિ અશરફ ડબાવાલાની પંક્તિ ''આખી યે રાજધાની આપી દીધી મને...'' વાચકરાજા અનુભવે છે.

અમદાવાદ - રસીલા દિલીપ શાહ

* * *

'નવનીત સમર્પણ' ફેબ્રુઆરી 2020ના અંકમાં (પાના. 68 પર) અપાયેલ માહિતી અનુસાર, 'નવનીત સમર્પણ'ના શુભેચ્છક શ્રી પ્રમોદરાય ભીમજીભાઈ પારેખ તરફથી દર મહિને એક શ્રેષ્ઠ કૃતિને પાંચ હજાર રૂપિયાનો પુરસ્કાર અપાશે.

શ્રી પ્રમોદરાયને ખૂબ ખૂબ ધન્યવાદ! માતૃભાષાની આ પ્રકારે સેવા કરવાનો નિર્ણય લેવા બદલ તેઓને અભિનંદન.

'નવનીત સમર્પણ' ફેબ્રુઆરી 2020ના અંકમાં જણાવ્યા મુજબ, પહેલા પુરસ્કાર (શ્રી પ્ર. ભી. પારેખ) માટે હિમાંશી શેલતની કૃતિ 'શબદ' (જાન્યુ '20)ની પસંદગી થઈ છે. કૃતિકારને અભિનંદન. કદાચ 2020

આખા વર્ષની શ્રેષ્ઠ કૃતિ માટે પણ 'શબદ' જ યોગ્ય ઠરશે!!!

'નવનીત સમર્પણ'માં પ્રગટ થયેલ વિરાફ કાપડિયાની કૃતિ 'વાચન શા માટે' માટે સંપાદકીય ટીમને ધન્યવાદ.

કોઈક કારણસર કદાચ આ કૃતિ પસંદગી ન પામી હોત તો મારા જેવા વાચક મોટા લાભથી વંચિત રહી જાત. સરસ કૃતિ 'વાચન શા માટે' (વિરાફ કાપડિયા)નું સમાપન (પાનું 118) સમરસેટ મોમથી થયું છે તો વળી આના પછી તરત જ રજૂ થયેલ કૃતિ 'ગમી ગયેલી વાર્તા...' (શરીફા વીજળીવાળા) નો આરંભ પણ સમરસેટ મોમથી જ થાય છે. કેવો યોગાનુયોગ!

મુંબઈ - અશોક ન. શાહ

* * *

કિન્નરની અગ્નિપરીક્ષા કદાચ અગાઉ થતી હશે પણ આજેય આ પ્રકારની વિધિ થતી હોવાનું સંદેહાત્મક જણાય છે. પરીક્ષાની આ વિધિ સાંભળતાંય ધ્રૂજી જવાય છે! મા બહુચરવાળી તમારાં રખોપાં કરે અને રખડતાં કુટાતાં હું શંખલપુર (બહુચરાજી) આવી ગઈ. છુટ્ટા પડતી વેળાએ જય માતાજી જ કેમ કહેવાય છે? કહેવાનો અર્થ શું? અનેક પૂજનીય દેવીઓ છતાં આ જાતિ-પરિવારમાં માત્ર ને માત્ર બહુચર મા-બહુચરાજીનું વિશેષ મહત્ત્વ હોવાનું જણાય છે જે અંગે લેખમાં ક્યાંય વધુ જાણકારી મળતી નથી ત્યારે એ સંબંધે ઉત્કંઠા જાગવી સ્વાભાવિક છે!

'એક દેવતાઈ જીવડાની નાનકડી વાત' ઈશા કુન્દનિકા, પ્રેઈંગ મેન્ટિસ કથામાં બુશમેન નામની જાતિની દુર્લભ માહિતી પ્રાપ્ત થાય છે.

જેતપુર - કિશોર જે. હિંગુ

* * *

'નવનીત સમર્પણ' ફેબ્રુઆરી 2020નો અંક ખૂબ ગમ્યો. 'મારા ડાયેટિંગના પ્રયોગો'એ મરક મરક હસાવ્યા. તો 'લોકમિલાપની વિદાય' દ્વારા પુસ્તકયુગ આથમી ગયાની લાગણી થઈ. અરધી સદીની વાચનયાત્રાના 4 ભાગ 75 રૂપિયાની કિંમતવાળા, 'લોકમિલાપ'માંથી પોસ્ટ દ્વારા મંગાવેલા. આજે પણ મારા ઘરની શોભા વધારે છે.

'કિન્નર કી કહાની કૌન જાને?' લેખ એક નવી જ દુનિયામાં લઈ ગયો. કિન્નરો વિશે આપણો સમાજ જાણે એ માટે લેખકે કરેલ પ્રયાસને અભિનંદન.

મારા મિત્રો અને પરિચિતો 'નવનીત સમર્પણ' વાંચે તે માટે હું મારા મોબાઈલના સ્ટેટસમાં 'નવનીત સમર્પણ'નું મુખપૃષ્ઠ રાખીને એ વાંચવાની ભલામણ કરું છું. આ રીતે ખિસકોલી કર્મ બજાવ્યાનો આનંદ લઉં છું.

જામનગર - નૌશાદ ઉકાણી

* * *



ભવન્સ-વૃત્ત



સાહિત્ય કલા સંપદા દ્વારા ભારતીય વિદ્યા ભવન કલા કેન્દ્રને સથવારે રવિવાર 16 ફેબ્રુઆરીના સવારે ભવન-ચોપાટીમાં 'મહામાનવ શ્રી કૃષ્ણ' કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ઉપર્યુક્ત વિષય પર શ્રી નગીનદાસ સંઘવીનો વાર્તાલાપ તથા શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય દ્વારા કૃષ્ણ વિષયક ગીતો રજૂ કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમનું સંયોજન ઉદયન ઠક્કર, કમલેશ મોતા તથા નિરંજન મહેતાએ કર્યું હતું.

ભારતીય વિદ્યાભવન, અમદાવાદ અને ઇન્ફોસીસ ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે ભારતમાં કલ્ચરલઆઉટરીચ પ્રોગ્રામ શ્રેણી અંતર્ગત ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી ગાંધીનગરના સહયોગથી 18, ફેબ્રુઆરી, મંગળવારના રોજ ભવન્સ જે. એ. હોલ ૧૮/૨/૨૦૨૦ના રોજ સાંજે ૭-૦૦ વાગ્યે નૃત્યમ નર્તન અકાદમી સુરત દ્વારા પ્રસ્તુત નૃત્ય નાટિકા “સૈરન્ધ્રી” રજૂ કરવામાં આવી હતી.

કવિ શ્રી વિનોદ જોશી રચિત પ્રબંધકાવ્યનું નૃત્યાંકન સુરતના પ્રસિદ્ધ નૃત્યમ નર્તન અકાદમીનાં નિયામક શ્રીમતી ઊર્જિતાબેન કિનારીવાલા તથા તેમની



ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમગ્ર નૃત્યનાટિકાનું સ્વરાંકન શ્રી દર્શન ઝવેરી દ્વારા કરવામાં આવ્યું છે. તેમજ સ્વર શ્રી દ્રવિતા ચોક્સી ઓબરોય દ્વારા આપવામાં આવ્યો છે. પાર્શ્વસંગીત શ્રી વૈભવ મુકેશ દેસાઈએ આપેલું છે.

ભારતીય વિદ્યા ભવનના અનુસ્નાતક વિભાગના સંશોધન અધિકારી ડો. શ્રી મિલિંદ પરાડકરના મરાઠી પુસ્તક 'દુર્ગ-વિધાનમ'નું શિવરી કિલ્લા ખાતે તા. 19-2-2020ના રોજ જાહેરમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પુસ્તકમાં કિલ્લાઓ અને કિલ્લાવિધાન વિશેના 26 લેખો સમાવિષ્ટ છે. ઉદ્‌ઘાટન પ્રસંગે જાણીતાં ફિલ્મ અને સિરિયલ અભિનેત્રી, દિગ્દર્શક મૃણાલ કુલકર્ણી, ડેક્કન કોલેજ, પુણેના ચાન્સેલર અને ઇન્ડિયન કાઉન્સિલ ફોર હિસ્ટોરિકલ રિસર્ચના અધ્યક્ષ ડો. એ. પી. જામખેડેકર, મહારાષ્ટ્ર રાજ્યના સ્થાપત્ય અને વસ્તુસંગ્રહાલયના નિયામક ડો. તેજસ ગાર્ગે, વસંત લિમયે ઉપસ્થિત હતાં. મુગ્ધા ફડકેએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું અને નીલાક્ષી પાટીલ દ્વારા આભારવિધિ થયો હતો.



ભારતીય વિદ્યા ભવને 8 ફેબ્રુઆરી 2020ને શનિવારે ભવનના સ્થાપક-પ્રમુખ કુલપતિ ડો. ક. મા. મુનશીજીને તેમની 49મી પુણ્યતિથિ નિમિત્તે શ્રદ્ધાંજલિ અર્પી હતી.

અનુ-સ્નાતક અને સંશોધન વિભાગના અતિરિક્ત નિદેશક ડો. ગિરિશ બી. જાની, સંસ્કૃત પરીક્ષા વિભાગના સહાયક સંચાલક શ્રી કૃષ્ણકુમાર ઝાએ ભગવદ્ગીતા અને વિષ્ણુ સહસ્રનામ સ્તોત્રનું પઠન કર્યું હતું.

ભવનના સ્ટાફ અને મુનશીજીના પરિવારે ઉપસ્થિત રહી કુલપતિ મુનશીજીને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

ભારતીય વિદ્યા ભવને ભૂતપૂર્વ એક્ઝિક્યુટિવ સેક્રેટરી સ્વ. શ્રી એસ. રામકૃષ્ણનને 17મી પુણ્યતિથિ નિમિત્તે 14 ફેબ્રુઆરી 2020ના શ્રદ્ધાંજલિ અર્પી હતી.

સર્વશ્રી ગિરિશ જાની, કૃષ્ણકુમાર ઝા, શિવગોપાલ મિશ્રા અને હિતેશ ત્રિવેદી સાથે ભવનના સ્ટાફે લલિતા સહસ્રનામ સ્તોત્ર, લલિતા ત્રિષ્ટી સ્તોત્ર અને ખડ્ગમાલા સ્તોત્રનું પઠન કર્યું હતું.

શ્રીકૃષ્ણકુમાર ઝા અને શિવગોપાલ મિશ્રાએ એસ. રામકૃષ્ણન્‌જીની ભવનના વિકાસ અને સંવર્ધન માટેની દીર્ઘકાલીન સેવા અને મહત્ત્વની ઘટનાઓ જણાવી હતી. ભવનના સ્ટાફે કાર્યક્રમમાં હાજર રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી.

બેંગાલુર કેન્દ્ર : ચિત્રકળા સન્માન


એચ. એન. સુરેશ

ખ્યાતનામ કલાઅનુરાગી અને સમાજસેવક સ્વ. એચ. કે. કેજરીવાલની સ્મૃતિમાં અર્ધસરકારી સંસ્થા કર્ણાટક ચિત્રકળા પરિષદ દ્વારા બેંગાલુરુ કેન્દ્રના નિદેશક શ્રી એચ. એન. સુરેશને દશ્યકળા અંતર્ગત તેમના પ્રદાન બદલ પ્રતિષ્ઠિત 'ચિત્રકળા સન્માન' પુરસ્કાર આપવામાં આવ્યો હતો. કર્ણાટક સરકારના ઉપમુખ્યમંત્રી ડો. સી. એન. અશ્વથ નારાયણે કાર્યક્રમની અધ્યક્ષતા એમના શુભહસ્તે એચ. એન. સુરેશને પુરસ્કારથી સન્માનિત કરાયા. જેમાં સ્મૃતિચિહ્ન, પ્રશસ્તિપત્ર અને રૂપિયા 50 હજારની ધનરાશિનો સમાવેશ થાય છે. ચિત્રકળા પરિષદના પ્રમુખ ડો. બી. એલ. શંકર કાર્યક્રમના મુખ્ય અતિથિ હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં કળાવિવેચકો, કળાપ્રેમીઓ અને સામાન્ય જનતા ઉપસ્થિત હતાં.

ચેન્નાઈ કેન્દ્રઃ 80મી જન્મજયંતીની ઉજવણી

ભવનના ઉપપ્રમુખ અને તામિલનાડુના રાજ્યપાલ શ્રી બનવારીલાલ પુરોહિતે ચેન્નાઈ કેન્દ્રના નિદેશક શ્રી કે. એન. રામસ્વામીના તેમના 80મા જન્મદિને સન્માનિત કર્યા હતા.







આર. કે. વિદ્યામંદિર, રાયપુર શાળાના નવમા ધોરણના બે વિદ્યાર્થીઓ હર્ષ અગ્રવાલ અને અનમોલ રાઠીએ સખત પ્રયાસ અને વાલીઓ તેમ જ શાળાના સહયોગ સાથે સ્વાદુપિંડના કેન્સરનું શીઘ્રનિદાન કરી શકે એવી પટ્ટી નિર્માણ કરી છે. આ ઉપલબ્ધિ માટે તેઓ આ વર્ષના પ્રધાનમંત્રી બાળશક્તિ પુરસ્કારના વિજેતા બન્યા છે. પુરસ્કારરૂપે તેઓને મેડલ, ટેબ્લેટ અને રૂ. 1 લાખની ધનરાશિ આપવામાં આવ્યાં છે. આ પુરસ્કાર 22 જાન્યુઆરી 2020ના દિવસે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદના હસ્તે રાષ્ટ્રપતિ ભવન ન્યુ દિલ્હી ખાતે ભારત સરકારે આપેલ છે. બીજા દિવસે તેમને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાથે વાર્તાલાપ કરવાનો મોકો મળ્યો અને 26 જાન્યુઆરીએ તેઓએ પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભાગ લીધો હતો.



આ અંકના લેખકો

સુભાષ ભટ્ટ: 'સરાય' સી 1105/6, રામનગર, કાળવીબીડ, ભાવનગર-364 002.
હેમન્ત દવે: રામગિરિ, પિજ માર્ગ, નડિયાદ-387002. email: nasatya@gmail.com
પ્રવીણ દરજી: વાગીશા, ફુવારા પાસે, રાજમહેલ રોડ, લુણાવાડા-389230. મો. 9825356551
ભરત મહેતા: બી/97, યોગીનગર ડુપ્લેક્સ ટાઉનશીપ, રામાકાકા મંદિર પાસે, છાણી, વડોદરા-391740.
ભરત વી. ખેની: બંગલા નંબર-06, વૃંદાવન સોસાયટી, ચિરાયુ હોસ્પિટલની સામે, ગોવિંદનગર, માર્કેટ રોડ, દાહોદ-389151. (ગુજરાત) મો. 99256 60646.
પ્રતિષ્ઠા પંડ્યા: પાર્વતી, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-380 015.
સેજલ શાહ: 702/બી, અલિકા નગર, લોખંડવાલા કોમ્પ્લેક્સ, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ-400 101.
ફિલિપ ક્લાર્ક: પ્લોટ નં. 342/2, સેક્ટર-2 (બી), ગાંધીનગર-382007. ગુજરાત
અંકિત ત્રિવેદી: 'અમૃતમ', 701, સાંઈ સંનિધિ, જી. બી. શાહ કોલેજની સામે, વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-380007.
ભાવિન ગોપાણી: 20, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ સ્કૂલની સામે, મણિનગર, અમદાવાદ-380008. મો. 9825698628
પ્રદીપ સંઘવી: એ/43-44, પ્રભુ નિવાસ, વર્તક નગર, બોરીવલી (વેસ્ટ). ફોન-28986452.
ધીરુબહેન પટેલ: ગંગોત્રી બંગલો, સી/8, રાજહંસ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-380006.
ભાણદેવ: સરસ્વતી નિકેતન આશ્રમ, કડવા પાટીદાર વિદ્યાર્થી ભુવન, પો. જોધપુર રીવર, મોરબી-363 642.
હિમાંશી શેલત: સખ્ય, 18 મણિબાગ, ધરમપુર રોડ, અબ્રામા, વલસાડ-396007. મો. 9375824957.
આશિષ મહેતા: સી-404, સારાંશ એપાર્ટમેન્ટ્સ, 34, આઈપી એક્સ્ટેન્શન, પતપરગંજ, ન્યુ દિલ્હી-110 092. મો. 98994 25998
ચન્દ્રકાન્ત ટોપીવાળા: ડી/6, પૂર્ણેશ્વર ફ્લેટ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-380015
હોમી દસ્તુર: ફોન: 23631261, 23634462
આરાધના ભટ્ટ: aradhanabhatt@yahoo.com.au
અમિતાભ મડિયા: 23, કમલેશ્વર ટ્વીમ, શ્યામલ ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ-380 015.
મીરા જોશી: બી-3, 502, સ્ટાર ગેલેક્સી, વાત્સલ્ય વિલા, પટેલ પાર્કની બાજુમાં, છાપરાભાઠા રોડ, અમરોલી, સુરત-394 107. મો. 740531 3095.
પન્ના ત્રિવેદી: આસિ. પ્રોફેસર, ગુજ. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. ઉધના, મગદલ્લા રોડ, સુરત-395 007.
હેમંત સોલંકી: જીએસઈએન્ડસી મુંબઈ પ્રાઈવેટ લિ, મેકેનિકલ સ્ટેટિક ડિપાર્ટ. બીજો માળ, ડી-વિંગ, જોલી બોર્ડ ટાવર આય-થિંક ટેક્નો. કેમ્પસ, કાંજુર માર્ગ (ઈસ્ટ), મુંબઈ-42.
ઉષા શેઠ: દેવ-ઈન, 7મો માળ, 511, એડનવાલા રોડ, મુંબઈ-400 019. ફોન. 24168105
પ્રવીણસિંહ ચાવડા: 212, વૃંદાવન-2, ડી-માર્ટની સામે, સેટેલાઈટ રિંગ રોડ, અમદાવાદ-380 015.
શરીફા વીજળીવાળા: બી/402, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, કોઝ વે રોડ, તાડવાડી, રાંદેલ, સુરત-395009.
જય વસાવડા : 302, ઉજાસ ફ્લેટ્સ, નાલંદા પાર્ક-4, માતૃમંદિર સ્કૂલની સામે, અમીન માર્ગની બાજુમાં, (ગંગા હોલ), રાજકોટ-360 005. ફોન. 02812573573.
ગિરિમા ઘારેખાન: ૧૦, ઇશાન બંગલોઝ, સૂરધારા-સતાધાર રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪.
હસમુખ અબોટી 'ચંદન': શ્રીહરિનગર-1, ફોરેસ્ટ ઓફિસ સામે, નલિયા રોડ, માંડવી-કચ્છ, 370 465.
અનિલ જોશી: joshi.r.anil@gmail.com

વોટ્સએપ

☐ સં. શરીફા વીજળીવાળા

શિક્ષક : ગટુ, વસંતે મને મુક્કો માર્યો એનું અંગ્રેજી કર.

ગટુ : વસંતપંચમી! સર આજે છેને!

☺ ☺ ☺

એક કીટી પાર્ટીમાં બધાએ પોતાનાં નામ અને અટકનો પહેલો અક્ષર બોલવાનો હતો. રમત શરૂ કરતા પહેલાં યજમાને દૃષ્ટાંત આપ્યું દા.ત. નરેન્દ્ર મોદી = નમો. એ સાથે જ એક બહેને ચાલકી પકડી. મારે નથી રમવું. કેમ એ તો પછી સમજાયું બધાને. એમનું નામ હતું ડોલી બિજલાની.

☺ ☺ ☺

એક જ્યોતિષીએ વર્ષો પહેલાં કુમારીને કહેલું કે તને એટલા બધા મળશે કે છલકાઈ જશે, ક્યાં રાખવા એ તને નહીં સમજાય... ત્યારે કુમારીને નો'તી ખબર કે એ અભાગિયો વોટ્સએપની વાત કરતો હતો.

☺ ☺ ☺

રમેશભાઈ : કાલે અમે એક હોટેલમાં જમવા ગયા'તાં... શું જલસો પડ્યો છે? શું સ્વાદ... શું કઢી પીધી છે કાંઈ...

પડોશી : એમ? શું નામ હોટેલનું? અમેય જઈ આવીએ.

રમેશભાઈ માથું ખંજવાળતાં : ઓલ્યું ઝાડવે ને માંડવે ચડે ને ધોળાં ફૂલ આવેને બઉ સુગંધી હોય ઈ શું?

પડોશી : જૂઈ!!

રમેશભાઈ રાડ પાડીને : એ જૂઈ! આપણે કાલે ક્યાં જમવા ગ્યા'તાં? આ ભાઈ પૂછે છે તે...

હાસ્યેન સમાપયેત

સ્ટુડન્ટ : ''મિસ તમે મને કોલ કર્યો હતો!''

મિસ : ''ના કેમ?''

સ્ટુડન્ટ : ''મારા ફોનમાં લખેલું 'મિસ કોલ.''

☺ ☺ ☺

પત્ની : ''કાલે મેં પેલા ભિખારીને ખાવાનું આપ્યું હતું એ સાવ નાલાયક છે.''

પતિ : ''કેમ શું થયું?''

પત્ની : ''આજે મને એ 'સ્વાદિષ્ટ ખાવાનું કઈ રીતે બનાવવું' એનું પુસ્તક આપી ગયો છે.''

☺ ☺ ☺

પત્નીઃ ''સવારે ઊઠીને હું દરરોજ ભગવાનને પ્રાર્થના કરું છું કે બધી સ્ત્રીઓને તમારા જેવો પતિ મળે.''

પતિ : ''સાચે જ!''

પત્ની : ''હા, હું એકલી જ શા માટે દુઃખી થાઉં?''

☺ ☺ ☺

પપ્પુ : ''પપ્પા આજે ટીચરે મને માર્યું!''

પપ્પા : ''જરૂર તે કંઈ તોફાન કર્યું હશે!''

પપ્પુ : ''ના, પપ્પા, હું તો શાંતિથી સૂતો હતો!''

☺ ☺ ☺


''ચૂંટણી બે ચરણમાં થશે. પહેલા એ તમારાં ચરણોમાં હશે. પછી તમે એનાં ચરણોમાં હશો.''


Printed and Published by P.V. Sankarankutty on behalf of Bharatiya Vidya Bhavan, printed at Siddhi Printers, 13/14 Bhabha Bldg, Khetwadi 13th Lane, Mumbai-400 004 and published for Bharatiya Vidya Bhavan, K. M. Munshi Marg, Chowpatty, Mumbai-400 007.


Editor : Deepak Doshi


BHAVAN'S DIGITAL BOOKS


Now available at all Amazon stores across the world






























BHAVAN'S DIGITAL BOOKS

Now available at all Amazon stores across the world

Total Pages 140
Date of Publication : 23rd of every previous month
R.N.I. 35887/80 Registered No. MCW / 110 / 2015-2017 Posted on Mumbai Patrika
Channel Sorting Office Mumbai-400 001 on 27th & 28th of every previous month

